# "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર ૧૩૫

## ભૌગોલિક કોશ - ભાગ ૧

: દ્રવ્ય સહાયક :

પૂજ્ય આચાર્ય શ્રી પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાયના
દીક્ષા દાનેશ્વરી પ.પૂ.આ.શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ના
આજ્ઞાવર્તિની પૂજ્ય પ્રવર્તિની પૂણ્યરેખાશ્રીજી મ.સા.ની સુશિષ્યા
પૂજ્ય સાધ્વિજી શ્રી હર્ષિતરેખાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી ધાણાધાર જૈન સંઘ, પાલનપુરના
આરાધક શ્રાવિકાઓની જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-380005
(મો.) 9426585904 (ઓ.) 22132543

સંવત ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૨

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર


**સંયોજક – શાહ બાબુલાલ સરેમલ**

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com


## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૫ (ઈ. ૨૦૦૯) – સેટ નં-૧

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |

| | | | |
|---|---|---|---|
| 026 | **तत्त्वोपप्लवसिंहः** | **श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य** | 188 |
| 027 | **शक्तिवादादर्शः** | **श्री सुदर्शनाचार्य शास्त्री** | 214 |
| 028 | **क्षीरार्णव** | **श्री प्रभाशंकर ओघडभाई** | 414 |
| 029 | **वेधवास्तु प्रभाकर** | **श्री प्रभाशंकर ओघडभाई** | 192 |
| 030 | **शिल्परत्नाकर** | **श्री नर्मदाशंकर शास्त्री** | 824 |
| 031 | **प्रासाद मंडन** | **पं. भगवानदास जैन** | 288 |
| 032 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१** | **पू. लावण्यसूरिजी म.सा.** | 520 |
| 033 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२** | **पू. लावण्यसूरिजी म.सा.** | 578 |
| 034 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१)** | **पू. लावण्यसूरिजी म.सा.** | 278 |
| 035 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-3 (२) (३)** | **पू. लावण्यसूरिजी म.सा.** | 252 |
| 036 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५** | **पू. लावण्यसूरिजी म.सा.** | 324 |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

સંયોજક – શાહ બાબુલાલ સરેમલ
શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com

## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦) – સેટ નં-૨

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્ત્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६ | सं | पू. लावण्यसूरिजी म.सा. | 296 |
| 056 | विविध तीर्थ कल्प | सं | पू. जिनविजयजी म.सा. | 160 |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | पू. पूण्यविजयजी म.सा. | 164 |
| 058 | सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः | सं | श्री धर्मदत्तसूरि | 202 |
| 059 | व्याप्ति पञ्चक विवृत्ति टीका | सं | श्री धर्मदत्तसूरि | 48 |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | श्री मांगरोळ जैन संगीत मंडळी | 306 |
| 061 | चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश) | सं | श्री रसिकलाल एच. कापडीआ | 322 |
| 062 | व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय | सं | श्री सुदर्शनाचार्य | 668 |
| 063 | चन्द्रप्रभा हेमकौमुदी | सं | पू. मेघविजयजी गणि | 516 |
| 064 | विवेक विलास | सं/ગુ. | श्री दामोदर गोविंदाचार्य | 268 |
| 065 | पञ्चशती प्रबोध प्रबंध | सं | पू. मृगेन्द्रविजयजी म.सा. | 456 |
| 066 | सन्मतितत्त्वसोपानम् | सं | पू. लब्धिसूरिजी म.सा. | 420 |
| 067 | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | पू. हेमसागरसूरिजी म.सा. | 638 |
| 068 | मोहराजापराजयम् | सं | पू. चतुरविजयजी म.सा. | 192 |
| 069 | क्रियाकोश | सं/हिं | श्री मोहनलाल बांठिया | 428 |
| 070 | कालिकाचार्यकथासंग्रह | सं/ગુ. | श्री अंबालाल प्रेमचंद | 406 |
| 071 | सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका | सं. | श्री वामाचरण भट्टाचार्य | 308 |
| 072 | जन्मसमुद्रजातक | सं/हिं | श्री भगवानदास जैन | 128 |
| 073 | मेघमहोदय वर्षप्रबोध | सं/हिं | श्री भगवानदास जैन | 532 |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | श्री हिम्मतराम महाशंकर जानी | 376 |

| | | | | |
|---|---|---|---|---|
| 075 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | **श्री साराभाई नवाब** | **374** |
| 076 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | **श्री साराभाई नवाब** | **238** |
| 077 | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | **श्री विद्या साराभाई नवाब** | **194** |
| 078 | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | **श्री साराभाई नवाब** | **192** |
| 079 | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | **श्री मनसुखलाल भुदरमल** | **254** |
| 080 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | **260** |
| 081 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | **238** |
| 082 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૩ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | **260** |
| 083 | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | **पू. कान्तिसागरजी** | **114** |
| 084 | કલ્યાણ કારક | ગુજ. | **श्री वर्धमान पार्श्वनाथ शास्त्री** | **910** |
| 085 | **विश्वलोचन कोश** | **सं./हिं** | **श्री नंदलाल शर्मा** | **436** |
| 086 | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | **श्री बेचरदास जीवराज दोशी** | **336** |
| 087 | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | **श्री बेचरदास जीवराज दोशी** | **230** |
| 088 | હસ્તસઞ્જીવનમ્ | સં. | **पू. मेघविजयजीगणि** | **322** |
| 089 | ઐન્દ્રચતુર્વિંશતિકા | સં. | **पू.यशोविजयजी, पू. पुण्यविजयजी** | **114** |
| 090 | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | **आचार्य श्री विजयदर्शनसूरिजी** | **560** |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल** - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com
**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**
हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६७ (ई. 2011) सेट नं.-३

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची।** *यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।*

| क्रम | पुस्तक नाम | कर्त्ता / टीकाकार | भाषा | संपादक / प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 91 | स्याद्वाद रत्नाकर भाग-१ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 272 |
| 92 | स्याद्वाद रत्नाकर भाग-२ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 240 |
| 93 | स्याद्वाद रत्नाकर भाग-३ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 254 |
| 94 | स्याद्वाद रत्नाकर भाग-४ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 282 |
| 95 | स्याद्वाद रत्नाकर भाग-५ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 118 |
| 96 | पवित्र कल्पसूत्र | पुण्यविजयजी | सं./अं | साराभाई नवाब | 466 |
| 97 | समराङ्गण सूत्रधार भाग-१ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 342 |
| 98 | समराङ्गण सूत्रधार भाग-२ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 362 |
| 99 | भुवनदीपक | पद्मप्रभसूरिजी | सं. | वेंकटेश प्रेस | 134 |
| 100 | गाथासहस्त्री | समयसुंदरजी | सं. | सुखलालजी | 70 |
| 101 | भारतीय प्राचीन लिपीमाला | गौरीशंकर ओझा | हिन्दी | मुन्शीराम मनोहरराम | 316 |
| 102 | शब्दरत्नाकर | साधुसुन्दरजी | सं. | हरगोविन्ददास बेचरदास | 224 |
| 103 | सुबोधवाणी प्रकाश | न्यायविजयजी | सं./गु | हेमचंद्राचार्य जैन सभा | 612 |
| 104 | लघु प्रबंध संग्रह | जयंत पी. ठाकर | सं. | ओरीएन्ट इन्स्टीट्युट बरोडा | 307 |
| 105 | जैन स्तोत्र संचय-१-२-३ | माणिक्यसागरसूरिजी | सं, | आगमोद्धारक सभा | 250 |
| 106 | सन्मति तर्क प्रकरण भाग-१,२,३ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 514 |
| 107 | सन्मति तर्क प्रकरण भाग-४,५ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 454 |
| 108 | न्यायसार – न्यायतात्पर्यदीपिका | सतिषचंद्र विद्याभूषण | सं. | एसियाटीक सोसायटी | 354 |
| 109 | जैन लेख संग्रह भाग-१ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 337 |
| 110 | जैन लेख संग्रह भाग-२ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 354 |
| 111 | जैन लेख संग्रह भाग-३ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 372 |
| 112 | जैन धातु प्रतिमा लेख भाग-१ | कांतिविजयजी | सं./हि | जिनदत्तसूरि ज्ञानभंडार | 142 |
| 113 | जैन प्रतिमा लेख संग्रह | दौलतसिंह लोढा | सं./हि | अरविन्द धामणिया | 336 |
| 114 | राधनपुर प्रतिमा लेख संदोह | विशालविजयजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 364 |
| 115 | प्राचिन लेख संग्रह-१ | विजयधर्मसूरिजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 218 |
| 116 | बीकानेर जैन लेख संग्रह | अगरचंद नाहटा | सं./हि | नाहटा ब्रधर्स | 656 |
| 117 | प्राचीन जैन लेख संग्रह भाग-१ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 122 |
| 118 | प्राचिन जैन लेख संग्रह भाग-२ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 764 |
| 119 | गुजरातना ऐतिहासिक लेखो-१ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 120 | गुजरातना ऐतिहासिक लेखो-२ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 121 | गुजरातना ऐतिहासिक लेखो-३ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 540 |
| 122 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-१ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 274 |
| 123 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-४ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 414 |
| 124 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-५ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 400 |
| 125 | कलेक्शन ऑफ प्राकृत एन्ड संस्कृत इन्स्क्रीप्शन्स | पी. पीटरसन | अं. | भावनगर आर्चीऑलॉजीकल डिपा. | 320 |
| 126 | विजयदेव माहात्म्यम् | जिनविजयजी | सं. | जैन सत्य संशोधक | 148 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल** - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com

**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६८ (ई. 2012) सेट नं.-४

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची ।** *यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।*

| क्रम | पुस्तक नाम | कर्त्ता / संपादक | भाषा | प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 127 | महाप्रभाविक नवस्मरण | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 754 |
| 128 | जैन चित्र कल्पलता | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 84 |
| 129 | जैन धर्मनो प्राचीन इतिहास भाग-२ | हीरालाल हंसराज | गुज. | हीरालाल हंसराज | 194 |
| 130 | ओपरेशन इन सर्च ओफ सं. मेन्यु. भाग-६ | पी. पीटरसन | अंग्रेजी | एशियाटीक सोसायटी | 171 |
| 131 | जैन गणित विचार | कुंवरजी आणंदजी | गुज. | जैन धर्म प्रसारक सभा | 90 |
| 132 | दैवज्ञ कामधेनु (प्राचिन ज्योतिष ग्रंथ) | शील खंड | सं. | ब्रज. बी. दास बनारस | 310 |
| 133 | करण प्रकाश | ब्रह्मदेव | सं./अं. | सुधाकर द्विवेदि | 276 |
| 134 | न्यायविशारद महो. यशोविजयजी स्वहस्तलिखित कृति संग्रह | यशोदेवसूरिजी | गुज. | यशोभारती प्रकाशन | 69 |
| 135 | भौगोलिक कोश-१ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 100 |
| 136 | भौगोलिक कोश-२ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 136 |
| 137 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 266 |
| 138 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 244 |
| 139 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 274 |
| 140 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 168 |
| 141 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 282 |
| 142 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 182 |
| 143 | नवपदोनी आनुपूर्वी भाग-१ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 384 |
| 144 | नवपदोनी आनुपूर्वी भाग-२ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 376 |
| 145 | नवपदोनी आनुपूर्वी भाग-३ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 387 |
| 146 | भास्वति | शतानंद मारछता | सं./हि | एच.बी. गुप्ता एन्ड सन्स बनारस | 174 |
| 147 | जैन सिद्धांत कौमुदी (अर्धमागधी व्याकरण) | रत्नचंद्र स्वामी | प्रा./सं. | भैरोदान सेठीया | 320 |
| 148 | मंत्रराज गुणकल्प महोदधि | जयदयाल शर्मा | हिन्दी | जयदयाल शर्मा | 286 |
| 149 | फक्कीका रत्नमंजूषा-१, २ | कनकलाल ठाकूर | सं. | हरिकृष्ण निबंध | 272 |
| 150 | अनुभूत सिद्ध विशायंत्र (छ कल्प संग्रह) | मेघविजयजी | सं./गुज | महावीर ग्रंथमाळा | 142 |
| 151 | सारावलि | कल्याण वर्धन | सं. | पांडुरंग जीवाजी | 260 |
| 152 | ज्योतिष सिद्धांत संग्रह | विश्वेश्वरप्रसाद द्विवेदी | सं. | ब्रीजभूषणदास बनारस | 232 |
| 153 | ज्ञान प्रदीपिका तथा सामुद्रिक शास्त्रम् | रामव्यास पान्डेय | सं. | जैन सिद्धांत भवन | 160 |
| | **नूतन संकलन** | | | | |
| १ | आ. चंद्रसागरसूरिजी ज्ञानभंडार – उज्जैन | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |
| २ | श्री गुजराती श्वे.मू. जैन संघ-हस्तप्रत भंडार – कलकत्ता | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૧૬

# ભૌગોલિક કોષ

( પ્રાચીન અને મધ્યકાલીન )

લેખક

કાલ્યાભાઇ પીતામ્બરદાસ દેરાસરી,

બૅરીસ્ટર-ઍટ-લૉ;

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી—અમદાવાદ

કિંમત બાર આના

Aho ! Shrutgyanam

# નિવેદન

ભૌગોલિક કોષ પ્રાચીન અને મધ્યકાલીન—નો પ્રથમ ખંડ આ વર્ષે બહાર પાડવામાં આવે છે. અને તે સાહિત્ય ઇતિહાસ રસિકોને મદદગાર થઈ પડશે.

શ્રીયુત નંદલાલ ડેના મૂળ અંગ્રેજી પુસ્તક પરથી એની વસ્તુ લેવામાં આવેલી છે. અને તેમાં ઘટતે સ્થળે યોગ્ય સુધારાવધારા દાખલ કરી લેખકે તેની ઉપયોગિતામાં ઉમેરો કર્યો છે.

ગુ. વ. સોસાઇટી,
અમદાવાદ.
તા. ૨૪–૯–૧૯૩૫

હીરાલાલ ત્રિ. પારેખ
આસિ. સેક્રેટરી.

Aho ! Shrutgyanam

# ભૌગોલિક કોષ

## અ

**अग्रोनोस.** પંજાબના પેશાવર પરગણામાં આવેલા ઓહિંડથી વાયવ્યમાં સોળ મૈલ ઉપર આવેલ રનીગત તે જ. (કનિંગહેમની એન્શ્યંટ જ્યોગ્રાફી પા૦ ૫૮). પરન્તુ કેપ્ટન જેમ્સ એબટના કહેવા પ્રમાણે મહાબન પર્વત પર આવેલું શાહકોટ; એ પેશાવરથી ઇશાનમાં સીત્તેર મૈલ પર સિંધુના પશ્ચિમ કિનારાપર આવેલું છે. વર્તમાન શોધખોળ ઉપરથી એબટનું કહેવું ખરૂં જણાય છે. (સ્મીથની અર્લિ હિસ્ટ્રી ઑફ ઈંડિયા પા૦ ૬૮). વખતે પાણિનિએ કહેલા 'વારણ' નામ ઉપરથી થએલું રુપયે હોય. અટકની સામે સિંધુના પશ્ચિમ કિનારા ઉપર 'બરણ' નામની જગા અદ્યાપિ પણ છે. (ઈ૦ એણ્ટિ ૧-૧૨).

**अक्षलिनगर.** અનુમકુંડપુરા શબ્દ જુઓ.

**अखंड.** ધાઝીપુરથી દક્ષિણે બાર મૈલ પર આવેલું દિલદાર નગર તે જ.

**अगलासिया.** અંગલૌકિક તે જ.

**अगलवर्चोतिय.** સુગનમાં સાંકાસ્યની ઉત્તરે ખલસીની પાસે કોઇ સ્થળે આવેલી જગા. ખલસીમાં બુદ્ધે પોતાનું સોળમું વર્ષ ગાળ્યું હતું. આલવક યખ્ખ આ સ્થળે રહેતો હતો. (ફાહ્યાનની મુસાફરી ૧૭; રો. એ. સો. જ. પા. ૩૩૮-૩૩૯) આલવી શબ્દ જુઓ.

**अगस्त्याश्रम.** નાસિકથી આગ્નેયમાં ચોવીસ મૈલ પર આવેલી હાલ અગસ્તિપુરી કહેવાય છે તે સ્થળ અહીં અગસ્ત્યનો આશ્રમ હતો.

**अगस्त्याश्रम.** (૨) નાસિકની પૂર્વમાં આવેલું અકોલા. અહીં પણ અગસ્ત્યનો આશ્રમ હતો. (રામાયણ અરણ્યકાંડ અ૦ ૧૧)

**अगस्त्याश्रम.** (૩) મુંબાઇ ઇલાકાનું કોલ્હાપુર.

**अगस्त्याश्रम.** (૪) સંયુક્ત પ્રાન્તમાં ઇટાથી નૈઋત્યમાં ચાળીસ મૈલ અને સંકીસાથી વાયવ્યમાં આસરે એક મૈલ પર આવેલું સરાઇ અઘત તે જ. (ફ્યૂરરનું મોન્યુમેંટલ એંટિક્વિટીઝ એન્ડ ઇન્સ્ક્રિપ્સન)

**अगस्त्याश्रम.** (૫) અગસ્ત્ય ઋષિ હજુ પણ હયાત હોઇ તીનેવિલીમાં આવેલા અગસ્ત્યકૂટ નામના પર્વત પર રહેતા કહેવાય છે. આ પર્વતમાંથી તામ્રપર્ણી નામની નદી નીકળે છે. (કાલ્ડવેલનું દ્રાવિડિયન વ્યાકરણ ઉપોદ્ઘાત પા૦ ૧૧૮; ભાસનું અત્રિમાર્ક. અંક ૪, તામ્રપર્ણી-મલયગિરિ અને કારા શબ્દો જુઓ).

**अगस्त्याश्रम.** (૬) ગારવાલમાં રુદ્રપ્રયાગથી બાર મૈલ પર અગસ્ત્ય મુનિ નામનું ગામડું છે. ત્યાં પણ અગસ્ત્યનો આશ્રમ હતો એમ કહેવાય છે.

**अगस्त्याश्रम.** (૭) વૈદૂર્ય પર્વત અગર સાતપુડા પર્વત ઉપર પણ અગસ્ત્યનો આશ્રમ કહેવાય છે. (મહાભારત વનપર્વ અ૦ ૮૮).

**अगस्त्याश्रम.** (૮) વેદારણ્ય શબ્દ જુઓ. દક્ષિણમાં આર્ય આચાર-શિષ્ટતાનો પ્રથમ પરિચય અગસ્ત્યે કરાવ્યો હતો. અગત્સ્યસંહિતા, અગસ્ત્ય-ગીતા અને સકલાધિકાર એ અગસ્ત્યના લખેલા જાણીતા ગ્રન્થો છે. (રામરાજાનું "આર્કિટેક્સ ઑફ હિંદુ"; ઓ. સી ગંગોલીનું "ઇણ્ડિયન બ્રોંઝીસ").

**अग्रवन.** અગ્ર, વૃજમંડળનું એક વન. વૃજમંડળની પ્રદક્ષિણા કરનાર અહીંથી પ્રારંભ કરે છે.

Aho ! Shrutgyanam

સબબ એનું નામ અગ્રવન પડયું છે. વૃજ-મંડળમાં શ્રીકૃષ્ણે કેલી અને ચમત્કારો કર્યા હતા. વૈષ્ણવ સાંપ્રદાયિક ગ્રન્થો ઉપરથી જણાય છે કે ચૈતન્યના પ્રખ્યાત ધર્માવલંબીઓ રુપા અને સનાતને વૃજમંડળની શોધખોળ કરી તેની પૂર્વે આ ભાગ ઘણાં સૈકાંઓથી અરણ્યોથી છવાએલો હતો. બહલોલ લોદીએ આગ્રા વસાવ્યું હતું. પંદરમા સૈકાના અંતની લગભગ બહલોલ લોદીના પુત્ર ઇબ્રાહિમ લોદીએ રાજગાદી દિલ્હીથી આગ્રામાં આણી હતી. મોગલ વંશની સ્થાપના કરનાર બાબરે પણ પોતાની રાજગાદી આગ્રામાં સ્થાપી. હાલના આગ્રા શહેરની સામી બાજુએ જમનાના સામા તટ ઉપર પોતાનો મહેલ બનાવરાવ્યો હતો. (**કલકત્તા રીવ્યુ પુ. ૭૯ પા૦ ૭૧;કીનનું મધ્યકાલીન હિંદુસ્થાન**). બાબરનું મૃત્યુ ઇ. સ. ૧૫૩૦ માં થયું હતું. ચારબાગ નામના સ્થળમાં એને દફનાવવામાં આવ્યો હતો. પાછળથી અકબરના દરબારીઓ આ ચારબાગને રામબાગ કહેતા હતા. પાછળથી બાબરના મૃત શરીરને કાબુલ લઈ જઇ ત્યાં દાટવામાં આવ્યું હતું. અહીં અકબરે કિલ્લો બાંધ્યો હતો. આ કિલ્લામાં હિંદુસ્થાનનાં સુંદર સ્થળો પૈકી ઘણો સુંદર મહેલ બાંધ્યો હતો. શાહજહાંએ બંધાવેલો સામન બૂર્જ જેને જુઇબૂર્જ પણ કહે છે, તે સર્વોત્કૃષ્ટ છે.

**अंगलौकिस.** સિકંદરના ઇતિહાસ લખનારાઓએ અગ્આસિયન નામ આપ્યું છે, તે જ ઘણું કરીને અંગલૌકિક હશે. (મે કિંડલના "**ઇન્વેઝન્સ ઓફ ઇન્ડિયા.**" **પા. ૨૮૫**). એમના કહેવા મુજબ ક્ષિત્રિસની પાસે આ સ્થળ આવેલું હતું. હિડાસ્પીસ અને એકિસની નદીઓના સંગમની નીચલાણમાં આ સ્થળ આવેલું હતું.

**अचिन्त.** મધ્ય હિંદુસ્થાનમાં આવેલા ઇલોરાથી ઇશાનમાં પંચાવન મૈલ પર આવેલ અજંટા તેજ. બૌદ્ધના "યોગાચાર્ય" દર્શનનો સ્થાપક આર્ય સંઘ (? આસંગ) આ ગુફામાં રહેતો હતો. (**દાસનું "હિમાચ્છાદિપ પ્રદેશના હિંદુસ્થાનના પંડિતો"**) અજંટા ત્યાંની ગુફાઓ અને વિહારોને લઇને પ્રખ્યાત છે. એ વિહારો અને ગુફાઓ ઇસુ ખ્રિસ્તની પાંચમી અને છઠ્ઠી સદીમાં બનાવાયાં છે, અચળ નામના સ્થવિરે એ વિહારો અને ગુફાઓ બનાવરાવી, એવા ઉલ્લેખ વાળો એક શિલાલેખ ત્યાં છે.

**अचिनतो.** અયોધ્યામાં આવેલી રાપ્તી નદી તે. શ્રાવસ્તી નામનું નગર એના તટ ઉપર આવ્યું હતું. ( **વારાહપુરાણ અ૦ ૨૧૪; સેક્રેડ-બુક્સ ઓફ ધ ઇસ્ટના ૧૧ મા પુસ્તકમાં છપાયલું "તેવિજ્જસુત્ત."**) એને અજિરાવતી અને વિકૃતરુપ ઐરાવતી પણ કહેતા. આ નદી સરયૂને મળે છે.

**अच्छोद सरोवर**. બાણભટ્ટે કાદમ્બરીમાં વર્ણવેલું કાશ્મિરનું અચ્છાવત્ સરોવર તે જ. **બિલ્હણનું વિક્રમાંક ચરિત૧૮-૫૩**)એ માર્તંડથી છ મૈલ ઉપર આવેલું છે. આ સરોવરના તટ ઉપર સિદ્ધાશ્રમ આવેલો હતો. (**બહુત નારદીય પુરાણ અ૦ ૧**).

**अजमती**. બંગાળાની અજયા નદી તે જ. **મેગા**સ્થિનીસે એનું નામ એમિસ્ટિસ એવું લખ્યું છે. કતવા આગળ આ નદી ગંગા નદી સાથે સંગમ કરે છે. "એરિઅને" પણ આ નદી ગણાવી છે. ગાલવતંત્રમાં એનું નામ અજયા આપ્યું છે. પ્રસિદ્ધ કવિ જયદેવ બંગાળાના બીરભૂમ પરગણામાં અજયા તટપર આવેલા કેંદુલિમાં જન્મ્યો હતો.

**अजितवती**. કુશિનગર (કેસીઆ)ની ઉત્તરે આવેલી નાની ગંડક નદી તે જ. બુદ્ધ ભગવાન અહીં મૃત્યુ પામ્યા હતા. આ નદીનું બીજું નામ હિરણ્યવતી પણ છે.

**अजिरवती**. અચિરવતી તે જ. (**અવદાન કલ્પલતા અ૦ ૭૬**).

**अट्टहास**. બંગાળાના બીરભૂમ પરગણામાં લાભપુરના પૂર્વ ભાગમાં એ એક પીઠસ્થાન છે.

Aho ! Shrutgyanam

(કુજિનકા તંત્ર અ૦ ૭; પદ્મપુરાણુ, સૃષ્ટિખંડ અ૦ ૧૧). આ સ્થાનમાં સતીના ઓઠ કપાઇ પડયા હતા. અહીંની દેવીનું નામ. ફુલ્લરા છે. ઇ. આઇ. રેલ્વેના આમોદપુર સ્ટેશનથી આ સ્થાન સાત મૈલ દૂર આવેલું છે.

**अणहिलपट्टन.** પટ્ટણ અથવા અણહિલવાડ એ વડોદરા રાજ્યના ઉત્તર વિભાગમાં આવેલું છે. વલ્લભીના નાશ પછી વનરાજે (વંશરાજે?) વિ. સં. ૮૦૨ એટલે ઇ. સ. ૭૪૬માં વસાવ્યું હતું. એ સ્થળ બતાવનાર ભરવાડના નામ ઉપરથી આ શહેરનું નામ અણુહિલપટ્ટણ પાડવામાં આવ્યું હતું.(**મેરુતુંગચાર્યની "પ્રબંધ ચિન્તામણિ" અ૦ ૧ મેરુતુંગની થેરાવલિ. ડા૦ ભાઉદાજીએ પ્રસિદ્ધ કરેલી**). પ્રસિદ્ધ જૈન વૈયાકરણ અને કોષકાર હેમચન્દ્ર અહીંના રાજા કુમારપાળના દરબારમાં ઇ. સ. ૧૧૪૨–૧૧૭૩ સુધી હોઇ, કુમારપાળના ગુરુ હતા. ઇ. સ. ૧૧૭૨ માં હેમચન્દ્ર પોતાની ચોર્યાસી વર્ષની ઉમ્મરે મૃત્યુ પામ્યા. ઇ. સ. ૧૧૭૨માં કુમારપાળે જૈન ધર્મ અંગિકાર કર્યો હતો. (ડા૦ ભાઉ દાજી–હેમચન્દ્ર) પરન્તુ પ્રબંધચિન્તામણિના ઉપોદ્ઘાતમાં ત્રીજે પાને ટોનીના કહેવા પ્રમાણે કુમારપાળે ઇ. સ. ૧૧૫૯માં જૈન ધર્મ સ્વીકાર્યો હતો. આઠમા સૈકામાં વલ્લભીના નાશ પછીથી છેક પંદરમી સદી પર્યંત અણુહિલપટ્ટન પશ્ચિમ હિંદુસ્થાનમાં અને ગુજરાતમાં મુખ્ય શહેર હતું. અણુહિલપટ્ટનના રાજાઓની હકીકત સારુ,આર. સી. ઘોષનું " લિટરરી રીમેઇન્સ ઓફ ડા. ભાઉ દાજી પા. ૧૩૮–૧૪૦. જુઓ. તેમ જ રોયલ એસિયાટિક સોસાઇટીના જનરલ પુ. ૧૩. પા. ૧૫૮ જુઓ. અણુહિલપટ્ટણ અણુહિલપુર પણ કહેવાતું.

**अघिछ्त्र.** અહિચ્છત્ર તે જ. ( **એપિગ્રાફિકા ઇંડિકા ૨, પા૦ ૨૪૩ ટીકા** ).

**अधिराज.** રેવાના રાજ્યમાં આવેલ કરુષ તે જ. શ્રીકૃષ્ણે મથુરામાં મારી નાંખેલો દન્તવક્ત્ર અહીં રાજ કરતો હતો. (**પદ્મપુરાણ પાતાળ અ૦ ૩૫**). પાંડવ સહદેવે આ દેશ જીત્યો હતો. (**મહાભારત સભાપર્વ અ૦ ૩૦**).

**अनन्तनाग.** ઝેહલમ નદીના દક્ષિણ તટ પર આવેલું કાશ્મિરની જુની રાજધાનીનું શહેર ઇસ્લામાબાદ.

**अनन्तपद्मनाभ.** ત્રાવણકોરના મુખ્ય શહેર ત્રિવેન્દ્રમાં આવેલું અનન્તપુર પદ્મનાભનું પ્રખ્યાત દેવળ અહીં આવેલું છે. ચૈતન્ય યાત્રા નિમિત્તે અહીં આવેલા હતા. (ચૈતન્ય ભાગવત). એને પદ્મનાભપુર પણ કહે છે. **પ્રો૦ એચ૦ એચ૦ વિલ્સન–'મેકેન્જીનો સંગ્રહ' નામે ગ્રન્થના પા. ૧૨૯**) અનન્તશયન શબ્દ જુઓ.

**अनन्तशयन.** ત્રાવણકોરમાં આવેલું પદ્મનાભપુર તે જ. અહીં શેષશાયી ભગવાનનું દેવળ છે. ( **પદ્મ પુ૦ ઉત્તર અ૦ ૭૪; પ્રો૦ વિલ્સનનો 'મેકેન્જીનો સંગ્રહ' પા૦ ૧૨૯**) અનન્તપદ્મનાભ શબ્દ જુઓ.

**अनमळ.** અનોમ તે જ.

**अनवतप्त.** અનોતત્ત તે જ.

**अनूपदेश.** દક્ષિણ માળવા. નર્મદા પર આવેલા નિમારની આજુબાજુનો મુલ્ક. હૈહય, મહીશ અને માહીશ એનાં બીજાં નામ છે. (**શિવપુરાણ ધર્મસંહિતા અ૦ ૫૬; હરિવંશ, અ–૫–૩૩–૧૧૨–૧૧૫**) એની રાજધાની માહીષ્મતીમાં હતી. ( **રઘુવંશ સ૦ ૪ શ્લો૦ ૪૩**).

**अनूपकुंडपट्टन.** અનૂમકુંડપૂર તે જ.

**अनूमकुंडपुर.** તેલિંગણુની જૂની રાજધાની વરંગુળ તે જ. (**રુદ્રદેવનો શિલાલેખ બં. એ. સો. જ. ૧૮૩૮, પા૦ ૯૦૩; પણ પ્રો૦ વિલ્સનનું " મેકેંઝીનો સંગ્રહ" પા. ૭૦ જુઓ**). એ રુદ્રદેવ રાજાની રાજધાની હોઇ સુરાંગ અગર ચોરગંગા તે જ. આ શહેરને અનૂમકુંડપટ્ટન પણ કહેતા. ( **બં. એ. સો. જ. પા૦ ૯૦૧**). **અહીં સન ૧૧૧૦ થી ૧૩૨૩**

Aho ! Shrutgyanam

સુધી કાકતીઓએ રાજ્ય કર્યું હતું. જનરલ કન્નિંગહેમના મત પ્રમાણે ટોલેમીના ભૂગોળના ગ્રન્થમાં કોરુંકોલ કહ્યું છે તે જ વરંગુળ. એ જ વિદ્વાનના કહેવા મુજબ અક્ષલિનગર તે જ વરંગુળ. મી. કયુઝેન અક્ષલિનગર અને ચેક્ષિલનગર તે એક જ એમ કહે છે. ( **જુઓ "નિઝામના રાજ્યનાં જુનાં સ્થળો."**). જુઓ એનાકટક શબ્દ.

**अनुराधापुर.** લંકાની જુની રાજધાની. લંકામાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા પોતાના પિતા અશોકનાં પ્રેર્યાં અહીં આવીને મહિન્દ્ર અને એની બહેન સંઘમિત્તાએ બુદ્ધ ગયાના પવિત્ર પિંપળાના ઝાડની ડાળી વાવી હતી. લંકાના મહાવિહારમાં આ વૃક્ષ અદ્યાપિ મોજુદ છે. બુદ્ધ ભગવાનનો ડાબો કુતરીઓ દાંત દંતપુર (પુરી) માંથી ચોથી સદીમાં અનુરાધાપૂરમાં આણ્યો હતો. એ દાંતને થુપરમયે (થુપારામ) ડેગોડાના એક ખૂણા ઉપર એક મકાન બાંધી ત્યાં રાખવામાં આવ્યો હતો. દેવાનામપિયતિસે ઇ. સ. પૂર્વે આસરે ૨૫૦ વર્ષ ઉપર બુદ્ધ ભગવાનનું જમણું જડબું અગર જમણું ગ્રીવાસ્થિ અહીં આણી એક ડેગોબા (ધાતુ-ગર્ભનું વિકૃત રુપ) ચણાવી યાત્રાના સ્થળ તરીકે ત્યાં રાખ્યું હતું. દન્તપુર શબ્દ જુઓ. આ શહેરમાં "લોય મહાપય" એટલે કાંસાનો વિહાર આવેલો છે. વળી અહીં મહાવંશમાં વર્ણવેલું રૌઉનવેલ્લિ નામનું ડેગોબા પણ આવેલું છે. રૌઉનવેલ્લિ ખ્રિસ્તની બીજી સદીમાં દથ્થગામિની નામના રાજાએ બંધાવ્યું છે. મહિન્દની ચિતા જ્યાં ખડકી હતી તે સ્થળને ઇસિભુમનગનાન કહે છે. ઘંટાકાર વિહારમાં બુદ્ધઘોષે સિંગાલીમાંથી પાલીભાષામાં કરેલો "અથ્થકથા" નામનો ગ્રન્થ છે. આ ત્રિપિટિકા ઉપર વાર્તિકનો ગ્રન્થ છે. આ બુદ્ધઘોષ "મહાનામ" અગર 'મહામુની' ના રાજ્યમાં બુદ્ધ ગયાની પાસેના ઘોષ નામના ગામમાંથી અહીં આવ્યો હતો. (જુઓ ટર્નરનો 'બુદ્ધ ઘોષુત્પત્તિ;) રેવતના બોધથી એણે બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યો હતો. ( **જુઓ ટર્નરનો 'મહાવંશ' અ૦ ૩૭**).

**अनोमा.** ગોરખપુર પરગણામાં આવેલી ઔમી નદી તે જ. ( **કન્નિંગહેમની હિંદુસ્થાનની એન્શ્યંટ ભૂગોળ.** પા૦ ૪૨૩ ). પોતાના પિતાનું રાજગૃહ ત્યાગીને જતાં બુદ્ધ ભગવાન આ નદી ઉતર્યા હતા. એઓ જ્યાંથી આ નદી ઉતર્યા હતા તે સ્થળને હાલ ચંડૌલી કહે છે અને એ નદીને પૂર્વ કાંઠે આવેલું છે. આ સ્થળ આગળથી છંડક બુદ્ધ ભગવાનના કંથક નામના અશ્વને લઈને કપિલ-વસ્તુ પાછો ગયો હતો. ( **જુઓ અશ્વઘોષનું બુદ્ધ ચરિત–પ્ર. ૫.** ) પરન્તુ કાર્લાઇલ અયોધ્યાના બસ્તી પરગણામાં આવેલી કુડવા નદીને અનોમા ધારે છે. ( **આર્કિ૦ સો૦ રીપોર્ટ પુ૦ ૨૨ પા૦ ૨૨૪. ફ્યુરરનું " મો એ ઇ "** ). તામેશ્વર અગર માનેયથી ઇશાનમાં ચાર મૈલ પર આવેલું ' મહાથાન દિહ ' તે છંડક પાછો વળ્યો તે સ્થાનનો સ્તૂપ; અને ગોરખપુર પરગણામાં આવેલી અનોમા નદીના પૂર્વ કિનારા પર આવેલો ડુંગર તે સિરસરાઓનો સ્તૂપ એમ કહે છે. ( **આર્કિ૦ સો૦ રીપોર્ટ પુ૦ ૨૨. પા૦ ૧૧, ૧૫** ).

**अनोतत्त.** સામાન્યતઃ એમ મનાય છે કે અનોતત્ર અગર અન્વતમ સરોવર એ રાવણહૃદ અથવા લંગ સરોવરનાં જ બીજાં નામાન્તર છે. પરન્તુ સ્પેન્સ હાર્ડીનું કહેવું એમ છે કે એ માત્ર કાલ્પનીક સરોવર જ છે. ( **બીલનું " બૌદ્ધ આખ્યાયિકાઓ અને કલ્પ-નાઓ. ", પા૦ ૧૨૯** ).

**अंजनगिरि.** પંજાબમાં આવેલો સુલેમાન પર્વત તે જ. ( **વારાહપુરાણ. અ૦ ૮૦**).

**अन्तर्गिरि.** બંગાળા પ્રાન્તમાં સાંતાલ પરગણા-માં આવેલા રાજમહાલના ડુંગરો તે જ. **(મત્સ્યપુરાણ, ૧૧૩, શ્લો૦ ૪૪; પાર્ગિ-**

Aho ! Shrutgyanam

ટરનું માર્કંડપુરાણ, પા૦ ૩૨૫, ની નીચે આપેલી ટીપ ).

**अन्तर्वेद.** ગંગા અને યમુનાની વચ્ચે આવેલો દોઆબ પ્રદેશ. (**હેમકોષ; ભવિષ્યપુરાણ, ૩. અ૦ ૨; એ. પી. ઈંડિયા. પા૦ ૧૯૭**).

**अंध.** અંધિલા અગર ચાંદન નદી તે. એરિયને એને "એંડોમેટિસ" કહી છે. ચંદ્રાવતી શબ્દ જુઓ. ( **દેવી ભાગવત. સ્કં૦ ૮, અ૦ ૧૧** ).

**अंध्र.** ક્રિસ્તના પરગણા સહિત કૃષ્ણા અને ગોદાવરી નદીઓની વચ્ચે આવેલો પ્રદેશ. કૃષ્ણાના મુખ પાસે આવેલું ધનકટક અગર અમરાવતી એ પ્રદેશની રાજધાની હતી, હ્યુન્શ્યાંગના કહેવા મુજબ એલુરની ઉત્તરે પાંચ મૈલ પર આવેલું વેંગી આ પ્રદેશની જુની રાજધાની હતી. ( **ગરુડપુરાણ. અ૦ ૫૫**).

**अंध्र.** (૨). હૈદ્રાબાદની દક્ષિણે આવેલી તૈલિંગણ તે અનર્ઘરાઘવ ( **અ૦ ૭. પા૦ ૧૦૩**)**માં** કહ્યા મુજબ સપ્તગોદાવરી આ પ્રદેશમાં થઇને વહે છે અને ત્યાંના મુખ્ય દેવ તે ભીમેશ્વર મહાદેવ છે.

કલ્યાણપુરના ચાલુક્ય રાજાઓ વેંગીના પલ્લવ રાજાઓને પદચ્યુત કર્યા હતા. તેમની પછી ચોળ રાજાઓ થયા હતા. જેમને ધરણી-કોટાના જૈન રાજાઓએ જીત્યા હતા, અંધ્ર રાજ્યવંશને સાતવાહન અગર સાતકર્ણીવંશ પણ કહે છે. એમની જુની રાજધાની કાકુલમમાં હતી. આ શહેર કૃષ્ણા નદીએ તાણી નાંખ્યું છે.

**अंधनद.** બ્રહ્મપુત્રા નદી તે જ. ( **ભાગવત પુરાણ, અ૦ ૫. શ્લો૦ ૯**).

**अपग.** અફઘાનીસ્તાન. ( **બ્રહ્માંડ પુ૦ અ૦ ૪૯** ).

**अपगा.** પંજાબની રાવી નદીની પશ્ચિમે આવેલી અમુક નદી તે.

**अपगा.** (૨). કુરુક્ષેત્રની નદી વિશેષ. (**વામનપુ૦ અ૦ ૩૬; પદ્મપુ૦; સ્વર્ગ૦ અ૦ ૧૨** ) ઓઘાવતી શબ્દ જુઓ. અદ્યાપિ એનું જુનું નામ પ્રચલિત છે. ઋગ્વેદમાં ( **મં૦ ૩-૨૩-૪** ) કહેલી આપયા નદી તે જ આ, એ ઉઘાડું છે. ઋગ્વેદમાં સરસ્વતી અને દૃશદ્વતીનાં નામ જોડે આ નામ દષ્ટિગોચર થાય છે.

**अपरनंदा.** અલકનંદા તે જ. જુઓ નંદા- ( **મહાભા૦ વન૦ અ૦ ૧૦૯; બ્રહ્માંડપુરાણ, અ૦ ૪૩** ).

**अपरविदेह.** રઙ્ગપુર અને દિનાજપુર. ( **ડા૦ મિત્રનું લલિતવિસ્તારનું ભાષાન્તર. પા૦ નીચેની ટીપણી**).

**अपरान्त.** અપરાન્તક તે જ.

**अपरान्तका.** કોંકણ અને મલબાર. (**માર્કંડેય પુ૦ અ૦ ૫૮**). ટાલેમીએ આનું નામ એરિયાક કહ્યું છે. નર્મદા નદીથી દક્ષિણનો પ્રદેશ તે આ એમ, ટાલેમી કહે છે. અપરાન્તક મુરલાની દક્ષિણે છે ( **રઘુવંશ સર્ગ૦ ૪. શ્લો૦ ૫૩** ). ખંભાતના અખાતની દક્ષિણેથી તે આભીરની ઉત્તર સુધી અરિયાકની સીમા હતી. ( " ઈરીથ્રિઅન સમુદ્રની યાત્રા " ). ટાલેમીએ અપરાન્તકને અને " સમુદ્રની યાત્રા "માં આરણ્યકને એરિયાક કહ્યો છે. સર રામકૃષ્ણ ગો. ભાણ્ડારકરના કહેવા મુજબ અપરાન્ત તે ઉત્તર કોંકણ હોઇ સુર્પારક ( હાલનું વસાઇ પાસેનું સોપારા ) એની રાજધાની હતી. અશોકે ઇ. સ. પૂ. ૨૪૫ માં યોનધમ્મારખ્ખિત નામે બૌદ્ધ ઉપદેશકને અહીં મોકલ્યો હતો. પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીત કહે છે કે હિંદુસ્થાનના પશ્ચિમ સમુદ્ર કિનારાને અપરાન્તિક અગર અપરાન્તક કહેતા. ( **ઇં૦ એ૦ પુ૦ ૭, પા૦ ૨૫૯-૨૬૩** ). કૌટિલ્યના અર્થશાસ્ત્ર ઉપરની પોતાની ટીકામાં ભટ્ટસ્વામી આ નામ કોંકણનું છે એમ કહે છે. ( **કોષાધ્યક્ષ પુ૦ ૨** ). બ્રહ્માંડપુરાણમાં ( **અ૦ ૨૭,**

પુ. ૫૮ )માં સુપારિક અપરાન્ત દેશમાં આવ્યું છે એમ કહ્યું છે. સહ્યાદ્રિ અને સમુદ્રની વચ્ચે આ પ્રદેશ આવેલો છે એમ કાલીદાસે કહ્યું છે. ( રઘુવંશ ). આ દેશનો વિસ્તાર મહી નદીથી તે ગોવા સુધી હતો. ( **મુંબઇનું ગેઝેટિયર પુ૦ ૧, ભાગ ૧. પા૦ ૩૬ ની નીચે આપેલી ટિપ્પણી.**

**अपापपुरी**. પાપા તે જ. ( **શબ્દકલ્પદ્રુમ-તીર્થંકર; પ્રો. વિલ્સનનું "હિંદુરીલિજ્યન "–મહાવીરનું જન્મ ચરિત્ર** ). પાપા શબ્દ જુઓ.

**अश्वनेत्रवन.** અયોધ્યાના બ્હેરાઇચ પરગણામાં ઇકૌનની પાસે આવેલાં ખણ્ડેર, તે જ એ, એમ મનાય છે. ( **ફયુરરનું. એમ. એ. આઈ.** ) હ્યુન્‌સ્યાંગ પોતાની મુસાફરી દરમ્યાન અહીં આવ્યો હતો.

**अभिसारा.** અભિસારી તે જ. ( **પદ્મપુરાણ–આદિખંડ અ૦ ૬** ).

**अभिसारी**. હઝારાનો મુલ્ક. ગ્રીક લોકો આ પ્રદેશને અભિસારીસ કહેતા. પેશાવર પ્રાન્તનો વાયવ્ય ભાગ. આ દેશ અર્જુને જીત્યો હતો. (**મહાભારત સભાપર્વ અ૦ ૨૭; અને જ. એ. સો. લં. (૧૮૫૨) પા૦ ૨૩૪** ). પણ ડા. સ્ટીન વિતસ્તા (ઝેલમનદી) અને ચન્દ્રભાગા ( ચીનાબનદી )ની વચ્ચે આવેલા ડુંગરોના પાદપ્રદેશ અને મધ્યપ્રદેશને અને કાશ્મિરના રાજપુરી ( રાજૌરી )ના રાજ્યના પ્રદેશને અભિસારી કહે છે.

**अमरकंटक.** નાગપુરના રાજ્યમાં ગોંડવાનના મિકુલ (મેક) નામના ડુંગરોનો ભાગ વિશેષ. નર્મદા અને શોણ નદીઓ અહીંથી નીકળે છે, તેથી નર્મદાનું એક નામ મેકલકન્યકા એવું અમરકોષમાં છે. ( **પદ્મપુરાણ, સ્વર્ગખંડ ( આદિ ) અ૦ ૬; વિલ્સનનુ મેઘદૂત ૧–૧૭** ). સ્કંદપુરાણના રેવાખંડમાં અ૦ ૨૧ માં આનું મહાત્મ્ય વર્ણવ્યું છે. અમરકંટક પર્વતમાંથી નિકળ્યા પછી નર્મદાના પ્રથમ આવતા ધોધને સ્કંદપુરાણમાં કપિલધારા નામ આપ્યું છે. કપિલ એ નર્મદાને મળતી એક નાની નદીનું નામ છે. (**સ્કંદપુરાણ અ૦ ૨૧**). અમરકંટક અને બીજી કેટલીક જગાઓ શ્રાદ્ધ કરવાને સારુ ઉત્તમ સ્થળો છે એવું વિષ્ણુસંહિતા (**અ૦ ૭૫**)માં કહ્યું છે.

**अमरनाथ**. કાશ્મિરની જુની રાજધાની ઇસ્લામાબાદથી આસરે સાઠ મૈલ ઉપર હિમાલયની ભૈરવઘાટી નામની પર્વતમાળામાં સ્વાભાવિક ગવ્હરમાં આવેલું શિવનું તીર્થ વિશેષ. હિમાચ્છાદિત શિખરવાળી ટેકરીની પશ્ચિમ બાજુમાં ઘણી ઉંચાઇએ આ તીર્થ આવેલું છે. આ ટેકરી ૧૭૩૦૭ ફીટ ઉંચી છે અને સ્થાનિક લોકો એને કૈલાસ કહે છે. સિંધુ નદીમાં ઠલવાતું અમરગંગા નામનું નાનું વહેળીયું આ ગવ્હરની ડાબી બાજુએ ધવલ જમીનમાં વહે છે. યાત્રાળુઓ આ ધોળી માટી પોતાનાં પાપ પ્રક્ષાલનાર્થે પોતાના શરીર પર ચોપડે છે. આ વડે ત્યાં પડતી ટહાડથી એમનું રક્ષણ થાય છે એ તો સિદ્ધ છે. આ ગવ્હર કુદરતી મહેરાવદાર છે. ગવ્હર ઉંબરા આગળ પચાસ ફીટ પહોળી અને પચ્ચીસ ફીટ ઉંચી છે. ગવ્હરના ઉંબરાથી માંહી જતાં વીસ પચ્ચીસ ફીટ છેટે છેક માંહલ્યે છેડે શિવનું લિંગ આવેલું છે.

બર્નિયરે પોતાના પ્રવાસમાં કહ્યું છે તેમ બરેખાત આ ગવ્હરમાં પ્રવાહીનું ઘનમાં રુપાન્તર થવાનો આશ્ચર્યજનક દેખાવ મોજુદ છે. (**બર્નિયરનો પ્રવાસ પા. ૪૧૮ની નીચેની ટિપ્પણી**). ડા૦ સ્ટીનના કહેવા મુજબ ભગવાન્ અમરેશ્વરનું લિંગ ગવ્હરની ફાટમાંથી આવતું પાણી ઠરી જઇને બનેલો પારદર્શક હિમસમુહ જ છે. (ડા૦ **સ્ટીનની 'રાજતરંગિણી' પુ. ૨. પા. ૪૦૯** ). આ લિંગ ડોલોમાઇટ નામના પદાર્થનું બનેલું હોય એમ સાફ જણાય છે. પરંતુ આ

Aho ! Shrutgyanam

લિંગની બનાવટમાં ચમત્કારી અને આશ્ચર્ય-જનક એવું કાંક છે. લિંગ જેના ઉપર છે એ વેદી જેવો ભાગ બે ફીટ ઉંચો અને સાત આઠ ફીટ વ્યાસનો છે. ખુદ લિંગ ત્રણ ફીટ ઉંચુ છે. નાગર્થી વિંટલાયલું આ લિંગ વેદીના મધ્યમાં આવેલું છે. શુદ પ્રતિપદાથી પાણી ઠરીને ઉપર વર્ણવેલા આકારનું લિંગ બનવા માંડે છે, તે પુનેમને દિવસે સંપૂર્ણ ઉંચામાં ઉંચુ બની રહે છે. પુનમ પછીની પ્રતિપદાથી આ લિંગ પીગળવાનું શરૂ કરે છે. તે પિગળતાં પિગળતાં અમાસને દિવસે તો તદ્દન અદ્રશ્ય થઇ જાય છે. અને લિંગની નીશાની યે જણાતી નથી. લિંગની બન્ને બાજુએએ હિમના બે સ્તંભો બનેલા છે, જેને દેવીઓ કહે છે.

પ્રતિવર્ષે શ્રાવણ મહિનામાં માર્ત્તંડ (**માતાન અગર ભવાન**)થી યાત્રાળુઓ અમરનાથ જવાને નિકળે છે. કાશ્મિરના મહારાજાના અમલદારો એમને અમરનાથ લઇ જાય છે, (**જ. એ. સો. બં. ૧૮૮૬ પા. ૨૧૯**). એમ કહેવાય છે કે યાત્રાને છેલ્લે દિવસે એક, બે અગર ચાર કબુતરો આવીને અમરનાથના દેવાલય ઉપર ફડફડ કરતાં ગોળ ચક્કર ચક્કર ઉડે છે. એ કબુતરો હર અને પાર્વતી હોય છે, એમ માન્યતા ધરાવતા યાત્રાળુઓ તેમને નિરખી રહે છે.

**अमरकूट पर्वत.** અમરકંટક તે જ. ( **મેઘદૂત મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીનું મેઘદૂત વ્યાખ્યા૦ પા. ૩** ).

**अमरावती.** જલાલાબાદની પશ્ચિમે મૈલ ઉપર આવેલું નગરાર તે. અદ્યાપિ એની પાસેના એક ગામડાને નગારક કહે છે. ફાહ્યાને પોતાના પ્રવાસમાં આને ના–કી એવું નામ કહ્યું છે.

**अमरेश्वर.** ખંડવાથી વાયવ્યમાં બત્રિશ મૈલ અને મોરટોક નામના રેલ્વે સ્ટેશનથી પૂર્વે અગિઆર મૈલ ઉપર નર્મદા નદીના દક્ષિણ કિનારાપર ઓંકારનાથને સામે કિનારે આવેલું શિવલિંગ વિશેષ. ( **શિવપુરાણ ખં. ૧. અ૦ ૩૮; સ્કંદપુરાણ–રેવાખંડ; કેઇનનું "પિક્ચરસ્ક ઇંડિયા" પા૦ ૩૯૭** ). અમરેશ્વર ઓંકાર વા ઓંકારક્ષેત્રમાં આવેલા છે એમ બૃહત્ શિવપુરાણમાં ( **ખં. ૨ અ૦ ૩–૪** ) કહ્યું છે.—સૌરાષ્ટ્રમાં સોમનાથ ૧ હિમાલયમાં કેદાર, ૨ દક્ષિણમાં ભીમાશંકર, ૩ શ્રી શૈલમાં મલિકાર્જુન, ૪ ઉજ્જયનમાં મહાકાળ ૫ અમરેશ્વરમાં ઓંકાર, ૬ બનારસ (કાશી) માં વિશ્વેશ્વર, ૭ નાસિકની પાસે ગોમતિમાં ત્ર્યંબકેશ્વર, ૮ ચિતાભૂમિમાં વૈદ્યનાથ, ૯ દ્વારકામાં નાગેશ, ૧૦ સેતુબંધમાં રામેશ્વર ૧૧ અને શિવાલયમાં ઘુશ્રીનેશ ૧૨ **શિવપુરાણ સ્કં૦ ૧, અ૦ ૩૮**).

**अमलकग्राम.** આમલિતસા શબ્દ જુઓ.

**अमलितला.** તિનાવેલીમાં તામ્રપર્ણી નદીના કિનારા પર આવેલું ક્ષેત્ર વિશેષ. ચૈતન્ય પ્રભુ અહીં યાત્રાર્થે આવ્યા હતા. બ્રહ્માંડપુરાણમાં એને વર્ણવ્યું છે. નૃસિંહપુરાણમાં કહેલું અમલગ્રામ તે જ આ હોય એમ જણાય છે. ત્યાં એનું મહાત્મ્ય ઘણું વખાણ્યું છે. ( **નૃસિંહપુરાણ અ૦ ૬૬** ). પશ્ચિમ ઘાટ ઉપર આવેલું હોવાથી એને સહ્યઅલકગ્રામ પણ કહેવાય છે.

**अमि.** શક્તિની બાવન પીઠોમાંની એક. અહીં શક્તિના શરીરનો ભાગ કપાઇને પડયો હતો. છાપરાની પૂર્વમાં અગિયાર મૈલ ઉપર ભવાનીનું આ દેવળ આવેલું છે. **તંત્રચૂડામણિ**માં કહ્યું છે કે જે જે જગાએ પાર્વતીનું શરીર કપાઈ કપાઇને કડકા પડયા એ જગાને "પીઠ" કહે છે. આવી પીઠ બાવન છે. શિવ ચરિત્રમાં પીઠની સંખ્યા એકાવન કહી છે. અન્ય ગ્રંથોમાં વળી પીઠની સંખ્યા એકસો

Aho ! Shrutgyanam

અને આઠની ગણાવી છે. (**દેવી ભાગવત સ્કંo ૪ અo ૩૦**). આ સિવાયની ઓછા મહાત્મ્યની પીઠને **ઉપપીઠ** કહે છે. એની સંખ્યા વીસની છે. **કાલિકા પુરાણ, અo ૧૮, ૫૦ અને ૫૧**).

**अम्बर.** જુની રાજધાનીના શહેરના નામ ઉપરથી પડેલું જયપુર (જેપુર)ના પ્રદેશનું નામ. હાલ એ શહેરને આમેર કહે છે. માંધાતાના પુત્ર અમ્બરીષે આ શહેર વસાવ્યું કહેવાય છે; એટલે આમેર એ અમ્બરીશ નગરનું વિકૃતરુપ છે. (**આo સo રીપોર્ટ પુo ૨**).

આમેરના મહેલ અગર કિલ્લાના પાદ-પ્રદેશમાં આવેલા તાલકૌતર નામના સરોવરને કાંઠે અકબરના સમયમાં રાજા માનસિંહે દિલારામ નામનો બગીચો બનાવ્યો હતો. આ કિલ્લામાં જશરેશ્વરી કાલિકાનું મંદિર છે. રાજા ક્રમાનસિંહે પ્રતાપાદિત્યને જીતીને જેસોરથી આ મૂર્તિ આણી હતી.

**अम्बलत्थिका.** રાજગૃહ અને નાલંદની વચગાળે આવેલું મૃગયાવન વિશેષ. (**દીર્ઘનિકાયઃ બ્રહ્મજાલસુત્ત**).

**अम्बलत्थिका** (૨). મગધમાં ખાનુમત નામના ગામમાં આવેલું બીજું એ નામનું ઉપવન-વિહાર સ્થાન. (કુટ્દન્ત સુત્ત).

**अम्बसंड.** બહુધા આ ગામ હાલના ગિરિયેકની જગાએ હતું. ઇન્દ્રશિલાગુહા અને ગિરિયેક શબ્દો જુઓ. (**મેન્યુઅલ-બુદ્ધિઝમ**)

**अम्बष्ठ.** ટાલેમીએ વર્ણવેલી અમ્બુતલ જાતિના લોકનો પ્રદેશ. મહાન સિકંદરની ચઢાઇના સમયમાં આ જાતિ સિંધના ઉત્તર ભાગમાં અને એકિસનીના નિચાણ પ્રદેશમાં રહેતી હતી. (**મેકક્રિંડલ-"અલેકઝાંડર ધી ગ્રેટની હિંદુસ્થાન પર ચઢાઇ પા. ૧૫૫**).

**अयोध्या.** શ્રી રામચન્દ્રની રાજધાની, અયો-ધ્યા તેજ. રામાયણના સમયમાં ગુમતી અને ગંગાની વચ્ચે આવેલી સ્યંદિકા અગર સઇ નદી એ કોશળદેશની દક્ષિણ સીમા હતી (**રામાયણ કાંડ ૧, અo ૪૯-૫૦**). બૌદ્ધ સમયમાં કોશળ દેશના ઉત્તર કોશળ અને દક્ષિણ કોશળ, એમ બે વિભાગ હતા. સરયૂ નદી વડે આ બે વિભાગ જુદા પડ્યા હતા. રાપ્તિ નદી ઉપર આવેલું શ્રાવસ્તી તે ઉત્તર કોશળની રાજધાની હતી. સરયૂ ઉપર આવેલી અયોધ્યા નગરી તે દક્ષિણ કોશળની રાજધાની હતી. બુદ્ધના સમયમાં પ્રસેનજિતના પિતાના વખતમાં મહાકોશળનો વિસ્તાર હિમાલયથી ગંગા અને રામગંગાથી ગંડકી સુધી હતો. જુની રાજધાનીને પણ અયોધ્યા કહેતા અને ત્યાં શ્રી રામચન્દ્રનો જન્મ થયો હતો. નગરમાં આવેલા જે સ્થળે એમનો જન્મ થયો હતો તેને જન્મસ્થાન કહેતા. ચિર-સાગર અગર ચિરોદક આગળ દસરથ રાજાએ પુત્ર પ્રાપ્તિ સારૂ ઋષ્યશૃંગઋષિની સાહ્યતા વડે યજ્ઞ કર્યો હતો. ત્રેતાકી ઠાકુર નામની જગાએ શ્રી રામચન્દ્રે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. સીતાની ગેરહાજરીમાં આ યજ્ઞ વખતે સીતાની મૂર્તિ જોડે બેસાડી હતી. રત્નમંડપ નામના સ્થળે શ્રી રામચન્દ્રનું સભાસ્થાન હતું. (**મુક્તિકોપનિષત્ અo ૧**) હાલના ફૈઝાબાદમાં સ્વર્ગદ્વાર નામની જગાએ શ્રી રામચન્દ્રને અગ્નિદાહ કર્યો હતો. જૈન તીર્થંકરનો જન્મ અયોધ્યામાં થયો હતો. (**ફ્યુરરનું એમ. એ. આઇ.**) કાલકારામ અથવા મહાવંશમાં કહેલું પૂર્વારામ તે જ સુગ્રીવ પર્વત, જ્યાં અશોકનો સ્તૂપ આવેલો છે, એમ હ્યાંગસ્યાંગે વર્ણવ્યું છે, અને મણિપર્વત; અને બુદ્ધના વાળ અને નખ જેમાં રાખેલા છે તે સ્તૂપ જ્યાં આવ્યો છે, એ કુબેરપર્વત; એમ કનિંગ્હેમનું કહેવું છે. (**આર્કેo સોo રિo પુo ૧**) મણિપર્વત તે હનુમાન પોતાને માથે મુકીને લંકા લઇ ગયા હતા તે ગંદમાદન પર્વતનો જ એક ભાગ છે. ૪. સ. ની બીજી, અગર કેટલાકના મત પ્રમાણે

Aho ! Shrutgyanam

પાંચમી, સદીમાં ગુપ્ત વંશના વિક્રમાદિત્યે અયોધ્યાનાં જુનાં પવિત્ર સ્થળોનો સારોદ્ધાર કરાવ્યો હતો. આ રાજા બ્રાહ્મણ ધર્મનો અનુયાયી હતો. ઈ. સ. ના સોળમા સૈકામાં રૂપ અને સનાતને વૃંદાવનનાં પવિત્ર સ્થળોનો આમ જ સારોદ્ધાર કરાવ્યો હતો. બૌધ્ધ ગ્રન્થકારોએ અયોધ્યાને સાકેત અને ટોલેમિયે સગડ એવું નામ આપ્યું છે. ( સાકેત શબ્દ જુઓ )

**अरण्य.** નવ અરણ્ય પવિત્ર ગણાય છે. તેમનાં નામઃ સૈંધવ, દંડકારણ્ય, નૈમિશારણ્ય, કુરુજાંગાળ, ઉપલાવૃત્ત, ( ઉત્પલાવૃત્ત ) અરણ્ય, જંબુમાર્ગ, પુષ્કર અને હિમાલય, ( દેવીપુરાણ અ૦ ૭૪ ) આરણ્યક શબ્દ જુઓ. વન શબ્દ પણ એ જ અર્થ-વાચક છે.

**अरवालो.** કાશ્મિરમાં આવેલું વુલુર અગર વોલુર સરોવર. ( ટર્નરનો મહાવંશ, પા૦ ૭૨) મહાજ્જાંતિકને (મધ્યાન્તિકે) અરવાલોના નાગ રાજાને બૌધ્ધ મતમાં લીધો હતો, અશોકે આ મહાજ્જાંતિકને ધર્મપ્રચાર કરવા કાશ્મિર અને ગાંધારમાં મોકલ્યો હતો. કાશ્મિરની ખીણમાં આ સરોવર મોટામાં મોટું છે. આ સરોવરમાં શિંગોડાં પુષ્કળ થાય છે. વસ્તીનો મોટો ભાગ એના ઉપર પોતાનો નિર્વાહ કરે છે. વનસ્પતિશાસ્ત્રમાં પાણીમાં થતી આ વનસ્પતિને ટ્રાપા બિસ્પિનોસા કહે છે. ( થોર્નટનનું ગેઝેટિયર )

**अरिष्टपुर.** શિવિ દેશની રાજધાનીના નામ અરીકપુરનું સંસ્કૃત રૂપ. એ કયાં હતું તે અદ્યાપિ નક્કી થયું નથી. વખતે ટોલેમીએ પંજાબની ઉત્તરે આવેલા એરિસ્ટોબોથાને માટે કહ્યું છે તે આ જ સ્થળ હશે.

**अरिस्थळ.** કુશસ્થળ અને પાણીપ્રસ્થ તે જ.

**अरूण.** સાત કોસિસમાંનું એક ( મહાભા૦ વન૦ અ૦ ૮૪ ). મહાકૌશિક શબ્દ જુઓ.

૨

**अरूणागिरि.** મદ્રાસ ઇલાકામાં દક્ષિણ આર્કટમાં આવેલું તિરુવન્નમલઈ અથવા ત્રિનોમાલી તે ( એપી૦ ઈંડ૦ પુ૦ ૩, પા. ૨૪૦ ) સ્કંદ પુરાણમાં એને અરુણાચલ કહેલ છે. ( અરુણ, મહાત્મ્ય, ઉત્તર અ૦ ૧ ) અહીં અરૂણાચળેશ્વર અને અર્ધનારીશ્વર મહાદેવનાં દેવળ છે. ( વિલ્સનનો મેકેંઝીનો સંગ્રહ પા૦ ૧૯૧ )

**अरूणा.** કુરુક્ષેત્રમાં આવેલી સરસ્વતીની શાખા ( મહાભારત, શલ્ય, અ૦ ૪૪ ). માર્કંડા તે જ આ, એમ જનરલ કન્નિંગહેમનું કહેવું છે, પેહોઆ (પૃથુદક) ની ઇશાને ત્રણ મૈલ ઉપર જ્યાં આ નદી સરસ્વતીને મળે છે એ સ્થળને અરૂણાસંગમ કહે છે. ( આર્ક૦ સો૦ રિપોર્ટ ધુ૦ ૧૪, પા૦ ૧૦૨ )

**अरुणाचळ.** અરુણગિરિ તે જ. ચિદાંબરમ્ શબ્દ જુઓ. અહીં મહાદેવની અગ્નિ વા તેજમય મૂર્તિ છે.

**अरुणाचळ.** કૈલાસની પર્વતમાળાની પશ્ચિમે આવેલો પર્વત વિશેષ. ( બ્રહ્માંડપુરાણ અ૦ ૫૧ ).

**अरूणोद.** અલકનંદા જેમાં થઇને વહે છે તે ગરવાળનો પ્રદેશ. ( સ્કંદપુરાણ, અવની ખંડ, ચતુરાસાતલિંગ, અ૦ ૪૨ ) એની રાજધાની શ્રીનગર.

**अर्कक्षेत्र.** પદ્મક્ષેત્ર તે જ. કોનારક અથવા કાળું પેગોડા. પુરીથી ૧૯ માઈલ દૂર વાયવ્યમાં ઓરીસામાં આ સ્થળ આવેલું છે. અહીં “ કોણાદિત્ય ” નામે સૂર્યનું દેવળ છે. એને સૂર્યક્ષેત્ર પણ કહે છે. (બ્રહ્માંડપુરાણ અ૦ ૨૭ ) કોનાર્ક શબ્દ જુઓ.

**अर्जिक्रिय.** બિયાસ ( વિપાશા ) નદીનું નામ, ( ઋગ્વેદ ).

**अर्जुनी.** બાહુદા ( ધબલા ) નદીનું નામાન્તર, ( હેમકોષ )

**अर्धगंगा.** કાવેરી નદીનું નામાન્તર. ( હેમકોષ હરિવંશ, ખંડ ૧ અ૦ ૨૭ )

Aho ! Shrutgyanam

**अर्बुद.** રજપુતસ્થાનના સિરોહીના રાજ્યમાં આવેલી આરાવળી પર્વતમાળાનો આબુપર્વત તે જ. અહીં વશિષ્ઠઋષિનો આશ્રમ હતો. ( **મહા-ભા૦ વન૦ અ૦ ૮૨; પદ્મપુરાણ, સ્વર્ગ અ૦ ૨**). જે વખતે વિશ્વામિત્ર વશિષ્ટઋષિની નામાંકત કામધેનુનું હરણ કરી જતો હતો તે વખત એની સાથે લઢવા સારુ અને કામધેનુનું રક્ષણ કરવા સારુ વશિષ્ટે પોતાના અગ્નિકુંડમાંથી એક પરમાર નામનો પુરુષ ઉત્પન્ન કર્યો હતો. આ પુરુષ તે રજપુતોની પરમાર શાખાનો મૂળ પુરુષ. (**એપી. ઇંડિ. પુ. ૧. પા. ૧૨૪** ). આબુને સંલગ્ન પર્વત આરાસુર ઉપર અમ્બા ભવાનીનું સ્થાન છે. ત્યાં જ જૈનોનાં ઋષભદેવ અને નેમિનાથનાં દહેરાં છે. આબુ એ જૈનોએ માનેલા પાંચ પવિત્ર પર્વતો પૈકી એક છે, શત્રુંજય, સમેતશિખર, અર્બુદ, ગિરનાર અને ચન્દ્રગિરિ એ પવિત્ર પર્વતોના નામ છે. ( **ઈં. એ. પુ. ૨. પા. ૩૫૪**) જૈનોના ૨૪ તીર્થંકરોનાં નામ સારુ શ્રાસ્વતી શબ્દ જુઓ.

**अलसंड.** અલેક્ષાંડ્રિયા તે જ. એલેક્ષાંડ્રિયા અને હુપીઅન શબ્દો જુઓ. એ યોનદેશની રાજધાની હતી એમ કહ્યું છે. ( **જ. એ. સો. બં. ૧૮૩૮. પા. ૧૬૬** ).

**अलिमद्र.** મર્દન હોતી–મર્દનીનો દેશ. પેશાવરની ઇશાનમાં આવેલો યુસફઝાઇનો મુલક તે. આ પ્રદેશમાં બૌદ્ધ અને યૂનાન–બેક્ટ્રિયાનાં સમયનાં જુનાં ખંડેરો આવેલાં છે. ( **બ્રહ્માંડપુરાણ અ૦ ૪૯** ).

**अलक.** અસ્મક શબ્દ જુઓ.

**अलकनंदा.** ગંગાનદીને મળતી એક નદી. વિષ્ણુગંગા અને સરસ્વતી એ બન્ને નદીઓના પ્રવાહ એકઠા થઇને અલકનંદા બની છે. વિષ્ણુગંગાને ધવળગંગા અથવા ધૌળી પણ કહે છે. ગંગાને મળે છે તેની ઉપરવાસના ભાગને બિશેનગંગા પણ કહે છે. કેપ્ટન રેપરે આ નદી બદ્રિનાથની પેલી તરફ થોડે છેટે નાના ધોધરુપે નિકળે છે એ પ્રસિદ્ધ કર્યું છે. ( **એ. રિસર્ચ ૧૧**), જે નાના ધોધવામાંથી આ નદી ઉદ્‌ભવ થાય છે તેને વસુંધારા કહે છે. ( **સ્કંદપુરાણ વિષ્ણુખંડ. ૩–૬**). ગઢવાળની રાજધાની શ્રીનગર આ નદીને કિનારે આવેલ છે.

**अवंती.** ઉજ્જન તે જ. (**પાણિનિ ૪–૧૭૬; સ્કંદપુરાણ અવંતીખંડ અ૦ ૪૦**): એ માળવાની રાજધાની હતું. ( **બ્રહ્મપુરાણ અ૦ ૪૩** ).

**अवंती.** (૨). ઉજ્જન જેની રાજધાની હતું તે પ્રદેશ. ( **અનર્ઘરાઘવ અં૦ ૭–૧૦૯**) એ વિક્રમાદિત્યની રાજ્યધાની હતું. ગોવિંદસુત્તમાં એની રાજ્યધાની માહિષ્મતી હતી એમ કહ્યું છે. ( **દિઘનિકાય ૧૯, ૩૬** ). વિક્રમની સાતમી અગર આઠમી સદી પછી અવંતીને માળવા કહેવામાં આવે છે. ( **રીસડેવિસનું બુદ્ધિસ્ટ ઈંડિયા પા૦ ૨૮** ).

**अवंतीनदी.** ક્ષિપ્રા નદી તે જ જેને કિનારે ઉજ્જન આવેલું છે.

**अवांतिका क्षेत्र.** મ્હૈસોરમાં કોલાર પરગણામાં આવેલું અવનિ નામનું પવિત્ર સ્થળ. લંકાથી અયોદ્ધા પાછા ફરતાં શ્રી રામચન્દ્રજી અહીં થોભ્યા હતા.

**अविमुक्त.** બનારસનું એક નામ. ( **શિવપુરાણ સનત્કુમાર સંહિતા અ૦ ૪૧; મત્સ્યપુરાણ. અ૦ ૧૮૨–૧૮૪** ).

**अष्टपाद.** કૈલાસ શબ્દ જુઓ.

**अष्टविनायक.** વિનાયક–ગણપતિનાં–પ્રખ્યાત મંદિરો તે. ભીમા અને મૂળામૂઠા નદીના સંગમ ઉપર રંજમગામ[૧], પુના જીલ્લામાં મોરગાંવ[૨], થિયુર[૩], લેનાદ્રિ[૪] અને ઓઝર[૫], પત સચિવના પ્રદેશમાં પાલી[૬], થાણાજીલ્લામાં મ્હાડ[૭], અને મુંબઇ પ્રાન્તના અહમદનગર જીલ્લામાં સિદ્ધટેક[૮].

Aho ! Shrutgyanam

(મુંબાઇ ઇલાકાનાં એંટિકવેરિયન રીમેઇન્સ પુ. ૩). વિનાયકતીર્થ શબ્દ જુઓ.

**अष्टावक्राश्रम.** હરદ્વારથી આસરે ચારેક મૈલ પર આવેલ રાહુગ્રામ તે. હાલ એને રાઇલા કહે છે. આ સ્થળની પાસે અષ્ટવક્રા નદી વહે છે. ઘણું કરીને અષ્ટવક્રા તે જુની સમંગા નદી જ.

**अष्टावक्राश्रम.** (૨) ગરવાળમાં શ્રીનગરની પાસે પૌરી આગળ પણ એક આશ્રમ અષ્ટાવક્રાશ્રમ કહેવાય છે. એની પાસેના પર્વત વિશેષને અષ્ટાવક્રપર્વત કહે છે.

**अश्मक.** અશ્મક એક દક્ષિણાત્ય દેશ છે (**બ્રહ્માંડપુરાણ પૂર્વ અ૦ ૪૮**). કૂર્મપુરાણમાં અસ્મકનું નામ પંજાબને લગતા પ્રદેશોમાં ગણાવ્યું છે. અશ્મક વાયવ્યમાં આવેલ છે. (**બૃહત્ સંહિતા અ૦ ૧૪**). સમુદ્રથી પચ્ચીસેક મૈલને અંતરે અને સરસ્વતીથી સહજ પૂર્વમાં આવેલ ઓક્ષોઆમીસ તે સુમી એમ સેંટમાર્ટિને સૂચવ્યું છે. (**મેકક્રિંડળનું "ટાલેમી"**). આ સુમી તે જ જુનું અશ્મક હશે. બૌદ્ધ સમયમાં અસ્સક નામે ઓળખાતું અને અવંતીની તરફ, જોડે વાયવ્યમાં આવેલું સ્થળ તે જ અશ્મક એમ પ્રો. રીસડેવિસનું કહેવું છે. બૌદ્ધસમયમાં અશ્મક ગોદાવરી તટે આવેલું હોઈ પોતન એની રાજ્યધાની હતું. (**દીઘનિકાય, ગોવિંદસુત્ત ૧૯, ૩૦**). નર્મદા તટે આવેલી માહિષ્મતી અને ગોદાવરીની વચ્ચે અશ્મક અગર અસ્સક આવ્યું હતું એમ "બાવરીના ઇતિહાસ" માં સ્પેન્સ હાર્ડીના બૌદ્ધધર્મના પુસ્તકમાં આવેલા સુત્તનિપાત અને પારાયણવગ્ગમાં કહ્યું છે. (**સે. બુ. ઈ. પુ. ૧૦, ૧૮૮**). અશ્મકને અલક વા મુલક કહેતા અને પ્રતિષ્ઠાન એની રાજધાની હતી. મહાભારતમાં કહેલું પૌદન્ય તે જ પ્રતિષ્ઠાન હશે. એને બૌદ્ધલોકોએ (**કેમ્બ્રિજમાં છપાયલાં જાતકો પુ૦ ૩, ૨**), પોતલી અથવા પોતન કહ્યું છે. અશોકના સમયમાં એ મહારાષ્ટ્રમાં ગણાયું. દણ્ડીએ છઠ્ઠી સદીમાં લખેલા "દસ કુમાર ચરિત"માં એને વિદર્ભના તાબાનો મુલક એમ વર્ણવ્યું છે. હર્ષચરિતમાં પણ એનું નામ આવે છે. અશ્મકના એક રાજાના પુત્રનું નામ મુલક હતું એમ પુરાણોમાં કહ્યું છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રના ટિકાકાર ભટ્ટ સ્વામી અશ્મક તે મહારાષ્ટ્ર એમ પ્રતિપાદન કરે છે. મહાભારતમાં કહેલું અશ્વક તે જ અશ્મક એમ **ભીષ્મ પુ૦ અ૦ ૯** માં લખ્યું છે.

**अश्वक.** અશ્મક તે જ.

**अश्वकच्छ.** કચ્છ તે જ. (**રુદ્રદામાનો શિલાલેખ**).

**अश्वतीर्थ.** કનોજ પ્રાન્તમાં આવેલું ગંગાનદી અને કાલીનદીનું સંગમસ્થળ. (**મહાભારત, અનુશાસન પર્વ, અ૦ ૪, વનપર્વ અ૦ ૧૧૪; વામનપુરાણ અ૦ ૮૩**).

**अश्वतीर्थ.** (૨). આસામમાં ગોહટ્ટિની પાસે કામખ્યામાં આવેલ અશ્વકાન્તા પર્વત તે જ. (**યોગિનીતંત્ર, ઉત્તરખંડ, અ૦ ૩**).

**असिक्नी.** ચિનાબ (ચન્દ્રભાગા) નદીનું બીજું નામ (**ઋગ્વેદ મં. ૧૦, ૭૫**).

**असी.** બનારસમાંની નાની નદી વિશેષ. વારાણસી શબ્દ જુઓ (**મહાભારત ભીષ્મ પર્વ અ૦ ૯**).

**असिवदुर्ग.** જૂનાગઢ. (**ટોડ રાજસ્થાન**).

**असेर.** મધ્યપ્રાન્તમાં બુરાનપુરની ઉત્તરે અગિયાર મૈલ પર આવેલું આસિરગઢ તે જ. (પૃથિરાજ રાસો). અસેર અશ્વત્થામાગિર ઉપરથી થએલું વિકૃત રુપ છે. (**આર્કિ. સો. રી. પુ. ૯**).

**असेसिनीस.** પંજાબમાં આવેલી ચિનાબ નદીનું નામ. અસિક્ની નામ ઉપરથી થએલું વિકૃત રુપ. (**ઋગ્વેદ મં૦ ૧૦૦૭૫**).

**अष्टकंप्र.** હસ્તકવપ્ર તે જ. પણ સ્તંભપુર શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**अष्टकप्र.** અષ્ટકપ્ર તે જ.

**अस्मनवती.** ઓક્ષસ નદીનું નામાન્તર. (**ઋગ્વેદ મં. ૧૦, ૫૩-૮**).

**अस्सक.** અશ્મક તે જ. (**દીઘનિકાય; ૧૯,૩૬**).

**अहिच्छत्र.** રોહિલખંડમાં બરેલીની પશ્ચિમે વીસ મૈલ પર આવેલું રામનગર તે જ. હાલ તો આલમપુર કોટ અને નસરતગંજના પ્રદેશમાં આવેલા મોટા કિલ્લાને અહિચ્છત્ર કહે છે. એ રોહિલખડ અથવા ઉત્તર પાંચાલની રાજધાની હતી (ડા. ફ્યૂરર **એમ. એ. આઇ, અને કાન્નિંગહેમની એ. ભૂ પા ૩૫૯**), મહાભારતમાં એનું નામ છત્રવતી કહ્યું છે. (**મહાભારત આદીપર્વ અ૦ ૧૭૮**). શિલાલેખોમાં એને અધિછત્ર કહ્યું છે. ( **એ. ઇણ્ડિકા. પુ. ૨, પા૦ ૪૩૨ નીચે આપેલી ટિપ્પણી** ડા. ફ્યૂરર). એને અહિકક્ષેત્ર એવે નામે પણ વરણવ્યું છે. (**મહાભારત વનપર્વ અ૦ ૨૫૨**). જૈન ગ્રન્થોમાં એને જાંગલ નામે દેશનું મુખ્ય શહેર કહ્યું છે. જાંગલ એ ઉત્તર પાંચાલનું બીજું નામ હોવું જોઇએ. (**જુઓ, વેબરનું ઇંડિ-સ્ટડિ. પુ. ૧૭, પા. ૩૯૮**).

**अहिछत्र.** અહિચ્છત્ર તે જ.

**अहिक्षेत्र.** અહિચ્છત્ર તે જ.

**अहोवळनृसिंह.** મદ્રાસઇલાકાના કર્નુલ પરગણામાં સિરવેળ તાલુકામાં કડાપાની પૂર્વ દિશામાં પાસે જ આવેલું પ્રખ્યાત યાત્રાનું સ્થળ વિશેષ. અહીં ગહરાદ્રિ નામે ડુંગરની એક ગુફામાં નૃસિંહની મુર્તિ છે. શ્રીમચ્છંકરાચાર્ય તેમજ ચૈતન્ય પ્રભુ અહીં યાત્રાર્થે આવી ગયા છે. ડુંગર ઉપર એના પાદપ્રદેશમાં એક, મધ્યમાં એક અને શિખર ઉપર એક એમ ત્રણ દેવળો ઘણાં પવિત્ર ગણાય છે. (**શંકરવિજય; ચૈતન્યચરિત્રામૃત, માધ્ય અ૦ ૯; એંટિ. ઇંડિ. પુ. ૧ પા. ૩૬૮; અને પુ. ૩. પા૦ ૨૪૦**).

**आरशविलि.** આરાવાળ પર્વત તે જ. (**કુન્તે-વિસીસીટડયૂસ ઓફ આર્યન સીવિલિઝેશન પા. ૮૦**). આર્યાવર્ત્ત શબ્દ જુઓ.

**आदिकोट.** અહિચ્છત્રનું નામાન્તર.

**आनर्त्त.** ગુજરાત અને માળવાના અમુક પ્રદેશ વડે બનેલો મુલ્ક; કુશસ્થળી-હાલનું દ્વારકા એની રાજધાની હતું. ( **ભાગવ૦ સ્કં૦ ૧૦ અ૦ ૬૭** ).

**आनर्त्त.** (૨). આનર્ત્તપુર જેની રાજધાની હતું એ, ઉત્તર ગુજરાત. (**સ્કંદ૦પુ૦નગર ખંડ. અ૦ ૬૫**) પાછળથી આનર્ત્તપુરનું આનન્દપુર અને હાલ વડનગર નામ પડયું છે. (**મુંબઈ ગેઝેટિયર પુ. ૧ ભા. ૧ પા. ૬ ટિપ્પણિ ૨**).

**आनर्त्तपुर.** આનન્દપુર તે જ. આનર્ત (૨) જુઓ.

**आपगा.** પંજાબમાં રાવિ નદીની પશ્ચિમે વહેતી અમુક નદી તે.

**आपगा** (૨). કુરુક્ષેત્રમાં વહેતી એ નામની નદી વિશેષ. (**વામનપુરાણ અ૦ ૩૬; પદ્મપુરાણ સ્વર્ગ. અ૦૧૨**). ઓઘવતી શબ્દ જુઓ. એનું જુનું નામ અદ્યાપિ ચાલે છે; ઋગ્વેદના મં. ૩-૨૩-૪ માં સરસ્વતી અને દશદ્વતીની સાથે સાથે કહેલી આપગા એજ આ એમ જણાય છે.

**आपया.** આપગા તે જ. ( ? ).

**आभीर.** આગ્નેય ગુજરાતના નર્મદા નદીના મુખની આસપાસ આવેલા પ્રદેશને આભીર કહેતા. ગ્રીક લોકોએ એને એબેરિયા કહ્યો છે. જ્યાં આગળથી સિન્ધુ નદી પોતાના મુખ આગળનો ત્રિકોણાકાર પ્રદેશ બનાવવાને બે ફાંટામાં વહેંચાઇ વહન કરે છે તેની પૂર્વ તરફના પ્રદેશને આભીર કહેતા એમ મેકક્રિન્ડલના 'ટોલેમી'' પા. ૧૪૦ માં અને વિષ્ણુપુરાણ અ૦ ૫ માં કહ્યું છે. સિન્ધુ નદી આભીરના પ્રદેશમાં થઈને વહે છે એવું બ્રહ્માંડપુરાણમાં અ૦૬ માં લખ્યું છે. આભીરો

Aho ! Shrutgyanam

સમુદ્ર તટની પાસે અને ગુજરાતમાં સોમનાથ પાસે આવેલી સરસ્વતીને તીરે રહેતા એમ મહાભારતમાં સભાપર્વમાં અ૦ ૩૧ માં લખ્યું છે. હિંદુસ્થાનના પશ્ચિમ કિનારા પરના તાપી નદીથી દેવગઢ પર્યંતના મુલ્કને આભીર કહેતા એમ ઇલિયટનું કથન છે. (**ઇલિયટની વધારાની પૂરવણી પુ. ૧ પા૦ ૨-૩**). મી. ડબલ્યુ એચ. સ્કોફના મત પ્રમાણે દક્ષિણ ગુજરાતનો પ્રદેશ જેમાં સુરત આવેલું છે તે આભીર. (**ઇરિથ્રિયન સમુદ્રનું પેરિપ્લસ પા૦૩૯-૧૭૫**). લાસેનના અભિપ્રાય પ્રમાણે બૈબલમાં કહેલું "ઓફિર" તે જ આભીર. કોંકણથી દક્ષિણ તરફથી તે તાપી નદીના પશ્ચિમ કિનારા સુધીનો પ્રદેશ તે જ આભીર એમ તારાતંત્રમાં લખ્યું છે. (**વાર્ડનો હિંદુસ્થાનનો ઇતિહાસ સાહિત્ય અને ધર્મ નામના ગ્રન્થનું પુ. ૧ પા. ૫૫૯ જુઓ.**)

**आमलीतला**. તિનેવિદ્દત્રીમાં તામ્રપર્ણીના ઉત્તર કિનારા પર આવેલું સ્થળ વિશેષ. ચૈતન્ય પ્રભુ અહીં યાત્રા નિમિત્તે આવ્યા હતા. બ્રહ્માંડપુરાણમાં એનું નામ આવે છે. નૃસિંહ પુરાણમાં કહેલું આમલક ગ્રામ તે આ એમ જણાય છે. એ પુરાણમાં ૬૬ મા અધ્યાયમાં એનાં બહુ વખાણ કર્યાં છે. પશ્ચિમ ઘાટ ઉપર હોવાથી એને સહ્યઆમલક ગ્રામ પણ કહે છે.

**आम्बविग्राम**. અલાહાબાદની સામે યમુના કિનારે આવેલું અરૈઇલ નામે ગામ છે તે. (**ચૈતન્ય ચરિત્રામૃત. ભા૦ ૨; બૌદ્ધટેક્સ્ટ સોસાઇટીનું જર્નલ પુ૦ ૫, પા૦ ૬૫**).

**आयुधा**. વિતસ્તા (**જેલમ**) અને સિંધુ નદીની વચ્ચે આવેલો દોઆબ પ્રદેશ.

**आरब**. અરબસ્તાન. બનાયુ શબ્દ જુઓ.

**आरण्यका**. ઉજ્જન અને વિદર્ભની દક્ષિણે આવેલું રાજ્ય વિશેષ. (**મહાભારત સભાપર્વ અ૦ ૩૧**). એને અરણ્ય પણ કહ્યું છે. (**દેવી પુ૦ અ૦ ૪૬**). પેરિપ્લસમાં એને "એરિઅકે" કહ્યું છે. ઔરંગાબાદ અને દક્ષિણ કોંકણ વડે બનેલા પ્રદેશને એરિઅક (આર્યક્ષેત્ર) કહેતા એમ ડા૦ કુન્હાનું કહેવું છે. તગર-હાલનું દૌલતાબાદ એ એનું મુખ્ય શહેર હતું. (**ડા૦ કુન્હાનો-ચૌલ અને બેસીન (વસાઇ) નો ઇતિહાસ પા ૧૨૭**).

**आरट्ट**. જેમાં પાંચ નદીઓ વહે છે તે પંજાબ પ્રાન્ત. (**મહાભાર૦ દ્રોણપર્વ અ૦ ૪૦-૪૫, કર્ણપર્વ અ૦ ૪૫; કૌટિલ્ય અર્થ-શાસ્ત્ર, ભા. ૨, અ૦ ૩૦**). ઉંચા પ્રકારના ઘોડાને લીધે પ્રખ્યાત છે. અરાષ્ટ્ર એવું સંસ્કૃત નામ પણ એને અપાય છે.

**आरामनगर**. શાહબાદ જીલ્લામાં આવેલું આરા તે જ. પરન્તુ આનું જુનું નામ અરાડ હોઈ બુદ્ધનો શિક્ષક અરાડકાલામ અહીંનો વતની હતો એમ ડા૦ હોયનું ધારવું છે. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૬૯, પા ૭૭**). **આર્કિ૦ સો૦ ના રિપોર્ટ, પુ. ૮ પા૦ ૭૦**) જુઓ.

**आर्यक**. ટાલેમિયે ઇ. સ. ૧૪૦ ના સુમારમાં લખેલા ભૂગોળના ગ્રન્થમાં એરિઅક નામે વર્ણવેલું સ્થળ વિશેષ તે જ. (**બૃહત્સંહિતા. અ૦ ૧૪**) અપરાન્તક અને આરણ્યક શબ્દ જુઓ.

**आर्यपुर**. વિજાપુર જીલ્લામાં બદામી તાલુકામાં સાતમી આઠમી શતાબ્દિમાં ચાલુકયોની પશ્ચિમ રાજ્યધાની એહિઓળ હતી તે જ. જુના શિલાલેખોમાં એને અય્યાઓળ કહ્યું છે. **આ-કિં૦ સો. રિ૦ ૧૯૦૭-૮, પા૦ ૧૮૯**)

**आलवी**. ઇટિવાની ઇશાનમાં સતાવીસ મૈલ પર આવેલું ઐરવા નામનું બૌદ્ધ લોકોનું જુનું શહેર તે. ચીની મુસાફર ફાહ્યાંગ જે ઇ. સ. ૩૯૯ થી ૭૧૩ સુધી હિંદુસ્થાનમાં પ્રવાસાર્થે આવ્યો હતો એણે આ સ્થળનું નામ એ-લે એવું કહ્યું છે. જનરલ કનિંગહેમ અને ડા૦ હોર્નલે "નેવલ" અથવા "નવલ" તે આલવી છે એમ કહે છે. આ 'નેવલ'નું ચીની મુસાફર હ્યાંન્શ્યાંગ "નવદેવકુલ" નામ આપે

Aho ! Shrutgyanam

છે. (**આર્કિ૦ સો૦ રિ૦ ૧ પા૦ ૨૯૩; પુ૦ ૧૧ પા૦ ૪૯; ઉવાસગદસાઓની પૂરવણી પા૦ ૬૩**). એ ગંગા નદીના કિનારા ઉપર આવ્યું હતું. ડા૦ કેર્ન કહે છે કે આલવી કોશલ અને મગધની વચ્ચે આવ્યું હતું; એમાં અગળવચૈત્ય નામે મઠ હતો. (**એમ. આઈ બી, પા૦ ૩૭ ટિપ્પણી**). જૈનો એને આલભિ નામે જણાવે છે, અને કહે છે કે આ મઠમાંથી મહાવીર ધર્મ પ્રસારણા સારુ વિચર્યા હતા. (**પ્રો૦ રીસડેવિડનું વિનય-ગ્રન્થો ચુલ્લવગ, વંગીસ અથવા નિગ્રોધ કપ્પ સુત્ત, ભા૦ ૬, પા૦ ૧૭, સેક્રેડ બુકસ ઓફ ધી ઇસ્ટ, ગ્રુ ૧૦ સુત્તનિપાત, આલવકસુત્ત**). એને **કલ્પસૂત્રમાં** આલંભિક કહ્યું છે. (**સ્ટીવન્સનનું કલ્પસૂત્ર પા૦ ૯૧**). પોતાના ધર્મપ્રચારક પરિભ્રમણના સોળમા વર્ષમાં બુદ્ધ આ સ્થળે રહ્યા હતા. પોતાના ધર્મપ્રચારક પરિભ્રમણમાં બુદ્ધ કીયા વર્ષમાં કયાં કયાં રહ્યા હતા તે જાણવા સારુ **જ૦ એ૦ સો૦ બ૦ ૧૮૩૮ પા૦ ૭૨૦** જુઓ.

**आलम्भिका**. આલવી એ જ.

**आवगाण**. અફગાનીસ્તાન તે જ. (**બૃહત્સંહિતા અ૦ ૧૬**). કંબોજ શબ્દ જુઓ.

**आशापल्लि**. અમદાવાદ તે. અલ્બરૂનીએ પોતાના ગ્રન્થમાં એને યેસબળ અથવા અસાવળ કહ્યું છે તે જ. (**અલ્બરુનીનું હિંદુસ્થાન પા૦ ૧૦૨**).

**आस्तिग्राम**. મથુરા જીલ્લામાં આવેલું રાવલ તે જ. આ સ્થળે સુરભાનુ નામના પોતાના આજાના ઘરમાં રાધાનો જન્મ થયો હતો. રાધા એક વર્ષની થતાં એના પિતા વૃષભાન, જે એની જોડે જ અહીં રહ્યા હતા તે, એને લઇને વરસાણે રહેવા ગયા હતા. (**આદિપુરાણ અ૦ ૧૨; ગ્રાઉઝનું "વૃજમંડળ" નામનો લેખ, જ. એ. સો. બં. ૧૮૭૧ અને ૧૮૭૪, પા૦ ૩૫૨**). વરસાણા શબ્દ જુઓ.

## इ

**इक्षु**. ઓક્ષસ નદી તે જ. શાકદ્વીપમાં થઇને વહેતી હતી. (**વિષ્ણુપુરાણ સ્કં. ૨ અ૦ ૪૨ જ. એ. સો. બં. (૧૯૦૨) પા૦ ૧૫૪.**)

**इक्षु**. (૨). નર્મદા નદીને મળનારી નાની નદી વિશેષ. (**કૂર્મપુરાણ સ્કં. ૨, ૨, અ. ૩૯**).

**इक्षुमती**. કાળી નદી (પૂર્વ). આ નદી કયૂમાઉન, રોહિલાખંડ અને કનોજના જીલ્લામાં થઇને વહે છે. (**રામાયણ અયો૦ અ૦ ૬૮**).

**इन्द्रप्रस्थ**. જુનું શહેર તે જ. એને **મહાભારત**માં બૃહસ્થળ પણ કહ્યું છે. એ શહેર હાલના દિલ્હીથી દક્ષિણ દિશામાં આસરે બે મૈલ દૂર હુમાયુનો રોજો અને ફિરોઝશાહના કોટિલાની વચ્ચે જમનાના કિનારા ઉપર વસાવાયું હતું. હાલ જમના નદી પોતાનું એ પાત્ર બદલીને પૂર્વ તરફ આસરે એક મૈલ આઘી ગઇ છે. સલીમગઢના કિલ્લાથી બહાર તરત જ પાસે આવેલ દિલ્લીના શાહજહાંનના નિગમબોધ દરવાજા આગળનો જમનાનો નિગમબોધ ઘાટ અને યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ વખતે કરાવેલ નીલચત્રીનું દેવળ, આ જુના ઇન્દ્રપ્રસ્થની હદમાં આવ્યું હતું. ખાંડવવનનો કેટલોક પ્રદેશ એમાં આવેલો હોવાથી એને ખાંડવપ્રસ્થ પણ કહેતા. યુધિષ્ઠિર અને એમના ભાઇઓના—વર્તમાન કાળમાં પુરાણો કિલ્લો નામથી ઓળખાતા—કિલ્લાના ખંડેરના એક ભાગને હાલ પણ સામાન્ય લોકો ઇન્દ્રપ્રસ્થ શબ્દનું વિકૃત કરીને ઇન્દ્રપત કહે છે. આ કિલ્લો મૂળ જુના હિંદુ કિલ્લાના પાયા ઉપર હુમાયુએ બાંધ્યો હતો. એને "દિનપાના" નામ આપ્યું હતું. (**આર્કિ. સો. રિ. પુ. ૪**). કીલાકોની નામની મસીદ અહીં આવેલી છે. આ મકાન બાંધવાનો આરંભ હુમાયુએ કર્યો હતો અને શેરશાહના સમયમાં તે પૂરી થઇ હતી, શેરશાહનો

Aho ! Shrutgyanam

"શેરમંજીલ" નામે મહેલ પણ અહીં આવેલો છે. હુમાયુ ફરી ગાદી પર આવ્યો તે સમયે આ મકાનમાં પોતાનું પુસ્તકાલય નિરમાણ કર્યું હતું. આ મકાનમાં જ અકસ્માતથી પડી જવાથી હુમાયુનું મરણ નિપજ્યું હતું યુધિષ્ઠિર કલિયુગના ૬૫૩ મા વર્ષમાં રાજ્યારુઢ થયા હતા. આ શકને યુધિષ્ઠિર સંવત પણ કહે છે. વારાહમિશ્ર અને વાગ્ભટ્ટના મત પ્રમાણે કળિયુગનો પ્રારંભ ઇ. સ. પૂર્વે ૩૧૦૧ ના વર્ષમાં થયો હતો. શાહજહાનના કાળના એટલે હાલના દિલ્હીના અજમેર દરવાજાથી તે જુના દિલ્હીની વચ્ચે આવેલા આશરે સોળ મૈલના પ્રદેશનું તે તે સમયના રાજકર્ત્તાના મનના તરંગ અને લ્હેરને લઇને જુદે જુદે સમયે જુદા જુદા સ્થળમાં દિલ્લીની વસવાટ બદલાઇ છે. દિલ્લી દરવાજાની બહાર નીકળ્યા કે તરત જ ફીરૌઝશાહનો કોટિલા આવે છે. આ કોટિલામાં અશોકનો સ્થંભ આવેલો છે. આ સ્થંભના ઉપરના લેખ વગેરે હકીકત જાણવા સારૂ (જ. એ. સો. બં. (૧૮૩૭) પા ૫૭૭.) જુઓ. ફીરોઝશાહના ફીરોઝાબાદનો માત્ર આ સ્થંભ જ અવશેષ રૂપે રહ્યો છે. દિલ્હી પાસે ધાર (ridge) ઉપર અશોકનો બીજો સ્થંભ છે પણ તે ભાંગીતુટી અને બિસમાર હાલતમાં છે. અહીંથી અગાઊ જતાં ઇંદ્રપત અગર યુધીષ્ઠિરનું ઇન્દ્રપ્રસ્થ આવે છે. આ કીલ્લાની બહાર નીકળતાં તરત લાલદરવાજો આવે છે. આ દરવાજાને શેરશાહના વખતમાં કાબુલી દરવાજો કહેતા એ દરવાજામાં થઇને એક જુની મસ્જીદમાં જવાય છે. ત્યાંથી થોડે છેટે અકબરે બંધાવેલો હૂમાયુનો રોજો આવે છે. આ રોજામાં હૂમાયુની, હમીદા બાનુ બેગમની, જહાંદારશાહની, ફરુકસિયરની, બીજા આલમગીરની, રફિઉદ્દૌલાની, રફિઉદ્દિઝારતની અને દારાની વગેરે કબરો છે. ત્યાંથી આગળ નિઝામુદ્દીન ઓલિયાના નામથી ઓળખાતું ગામ આવે છે. આ ઓલિયો ગ્યાસુદ્દીન તઘલખના સમયમાં થઇ ગયો છે. આ ગામમાં એક સુંદર વાવ, નિઝામુદ્દીન ઓલિયાની, મહમદશાહની, જહાનારા બેગમની, કવિ ખશરૂનિ અને અકબર બીજાના પુત્ર શાહઝાદા મિરઝાં જહાંગીરની કબરો આવેલી છે. આ કબરોની આજુબાજુ આરસપહાણની કોતરણીવાળી ઘણી જ સુંદર જાળીઓ આવી રહી છે. આવી એક સુંદર જાળીમાં આરસપહાણનું બારણું છે. આ જ ગામમાં અલાઉદ્દીન પાદશાહે બંધાવેલી બીજી મસ્જીદ છે. એ મસ્જીદ જમાતખાનાને નામે પ્રસિદ્ધ છે. નિઝામુદ્દીન ઓલિયા મુકીને આગળ જતાં ચૌસઠખંભા કરીને જગા આવે છે. આ જગાએ અકબરના દુધભાઇ અને અઝિઝખાન બિરુદધારી સેનાધિપતિ મોબારકની કબર છે. અયોધ્યાના નવાબ અને અહમદશાહના વઝીર શાદતખાનના પુત્ર સફરજંગનો, એના દિકરા સુજાઉદ્દૌલાએ બંધાવેલો રોજો અહીં આવેલો છે. ત્યાંથી આગળ તઘલખાબાદ આવે છે. એમાં ગ્યાસુદ્દીન તઘલખે બંધાવેલા વિશાળ દૂર્ગનાં ખંડેર છે. ગ્યાસુદ્દીન તઘલખની કબર એના દીકરા ચસ્કેલ મહમદે અહીંથી ફેરવીને શહેર બહાર દક્ષિણ તરફના કોટની પાસે આણી હતી. આ શીવાય કુતુબમિનાર વિજયસ્થંભ પણ અહીં જ આવેલો છે. એની પાસે જ પૃથ્વિરાજની યજ્ઞશાળા આવેલી છે. આ યજ્ઞશાળાને મસ્જીદના રુપમાં ફેરવી નાંખી છે. આ યજ્ઞશાળા-મસ્જીદની-વચ્ચેની ખુલ્લી જમીનમાં પ્રસિદ્ધ લોહસ્થંભ આવ્યો છે. આ જગા તેમ જ યોગમાયાના મન્દિરવાળો લાલકોટ, ભૂતખાનું, અને અલ્તમશની કબર એ બધું પૃથ્વિરાજના સમયની દિલ્લીની જગ્યાએ આવેલું છે, કુતુબમિનારની પાસે જ અલ્લાઉદ્દીને બંધાવેલો 'અલાઇ દરવાજો' છે. આ દરવાજો વખતે અલાઉદ્દીનના પાટનગરનો

Aho ! Shrutgyanam

હશે. એની પાસે જ ઇમામ ઝેમીનની આરસ-પહાણુની કબર છે. આ ઇમામ હુમાયુનો ગુરુ હતો. અજમેરી દરવાજાની પાસે "યંતર મંતર" નામથી ઓળખાતી જયપુરના મહારાજા જયસિંહની ગ્રહવેધશાળા આવી છે. પ્રસિદ્ધ દિવાન-ઇ-આમ, રંગમહાલય, મુમતાઝમહાલ, શાહપુર મહેલ અને મોતી મસ્જીદ એ બધું હાલના એટલે શાહજહાનના દિલ્હીમાં આવેલું છે. જુમ્મામશીદ શાહજહાંને બંધાવી હતી. રોશન ઉદ્-દૌલાની સોનારી મસ્જીદ કોટવાલીની પશ્ચિમે લગોલગ આવેલી છે. અહીંથી નાદીરશાહે દિલ્હીમાં કત્લેઆમ ચલાવવાનો હુકમ આપ્યો હતો. વિશેષ વર્ણન સારુ બીજા ભાગમાં દિલ્હી શબ્દ જુઓ.

**इन्द्रपुर.** સંયુક્ત પ્રાંતમાં બુલંદશહર જીલ્લાના ઉપવિભાગ અનુપશહરમાં ડભાઇથી વાયવ્યમાં પાંચ મૈલ ઉપર આવેલું ઈંદોર તે. સ્કંદગુપ્તના સમયના ઇ. સ. ૪૬૫ની સાલના એક શિલાલેખમાં આ સ્થળનું નામ આવેલું છે. ( **હિં૦ તામ્રપ પુ૦ ૩ પા૦ ૭૦** ). વખતે આનંદગિરિના શંકર દિગ્વિજયમાં પણ આ સ્થળનું નામ ઇન્દ્રપ્રસ્થપુર એવું આપેલું છે.

**इन्द्रशिलागुहा.** રાજગિરથી છ મૈલ પર આવેલ ગિરિયક ડુંગરી તે જ આ સ્થળ એમ મી. લેઇડએનું કહેવું છે. આ નામ "ગૈરક"નું વિકૃતરૂપ છે એ સ્પષ્ટ છે. આ ડુંગરના ઘણા પત્થરો (ગૈરક) લાલ રંગના છે. આ ડુંગર વિપુલ પર્વતમાળાનો એક ફાંટો છે. આ પર્વતાવળીઓમાં છેક પૂર્વમાં આવેલી પર્વતાવળી ઉપર રાજગિર આવેલું હતું. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭ પા. ૫૦૦** ). પંચાન અથવા પંચાનન નદી આ ડુંગરની બાજુએ વહે છે. આ નદીને સામે તીરે બૌદ્ધોનું ગિરિયેક નામનું જુનું ગામ આવેલું છે. આ ડુંગરને બે શિખરો છે, નીચા શિખર ઉપર ઈંટોનો બનેલો પ્રખ્યાત બુગડો આવેલો છે. બૌધો આ બુગડાને હંસસ્તૂપ કહેતા. સામાન્ય લોકો એને "જરાસંધકા બેઠક" નામે ઓળખે છે. આ બુગડામાં કેટલીક જગાએ ગોખલાઓમાં રેતી અને ચુનાવડે કરેલી કોરણી બહુ જળવાઇ રહી છે. આખા હિંદુસ્થાનમાં અશોકના સમયની પૂર્વે બંધાયેલું આ એક જ મકાન ગણાય છે. (**ફરગ્યુસન-કેવટેમ્પલ પા૦ ૩૨**). આ બુગડાની આગળ એક સંઘારામનું ખંડેર છે. વળી ત્યાં એક સૂકાઇ ગએલો કુવો, બે તળાવો અને એક બગીચો પણ આવેલો છે. પશ્ચિમ તરફના શિખર અને હંસસ્તૂપની વચ્ચે ફરસબંધીની પગથી પર થઇને જવાય છે. આ શિખર ઉપર કહેલા શિખર કરતાં ઉંચું છે. ખરું જોતાં આ ઉંચા શિખરનું નામ ગિરિયક છે. એના ઉપર એક વિહારના અવશેષ આવેલા છે. ચીની મુસાફર ફાહ્યાન આ ડુંગરને એક 'ઓતાડા આવેલા પત્થરોનો ડુંગર' કહીને વર્ણવે છે. બુદ્ધભગવાનની પાસે ઈન્દ્ર પંચશિખા નામના સ્વર્ગીય ગાયકને તેમની પાસે તેની વીણા વગાડવા સારુ આ પર્વત ઉપર જ લાવ્યો હતો. ઇન્દ્રે બુદ્ધ ભગવાનને તે વખત બેતાળીસ બાબતો વિષે પ્રશ્નો પુછ્યા હતા. એણે દરેક પ્રશ્ન પુછી પુછીને જમીનપર પોતાની આંગળી વડે લિંટા દોર્યા હતા. ( **લેગનું ફાહ્યાન**, પા૦ ૮૦), બૌદ્ધ ગ્રન્થોમાં કહ્યું છે કે આ ગુહા, રાજગૃહની પૂર્વે આવેલા અમ્બસંડ નામના બ્રાહ્મણી ગામની ઉત્તરે 'વેદી' નામની શિલામાં આવેલી હતી. (**સ્પેન્સ હાર્ડીનું મેન્યુઅલ બુદ્ધિઝમ પા૦ ૨૯૮**).

**इन्द्राणी.** બંગાળાના બર્દવાન જીલ્લામાં અજયા નદી ઉપર કટવાની પાસે આવેલું સ્થળ વિશેષ. ( ક. ચ. ૧૯૫)

**इरण.** કચ્છનું રણ તે જ ખારવાળી જમીનને **इरणम्** કહેવાય છે. તે શબ્દ ઉપરથી આ

રણ વિકૃત શબ્દ બન્યો હશે એમ શ્રીમાન્ નંદનું માનવું છે. ઇરિથ્રિયન સમુદ્રમાં પ્રયાણના પુસ્તકમાં ઇરિનોન કહ્યું તે આ જ હશે.

**ईरान.** હાલના પારસીઓના પૂર્વજોએ પંજાબમાંથી જઇને વસવાટ કરેલો દેશ. હાલનો ઇરાન તે જ. એ નામ પારસીઓએ આપેલું છે. એરિયાના શબ્દ જુઓ. (જ. એ. સો. બં. ૧૮૩૮ પા૦ ૪૨૦).

**ईरावती.** ગ્રીક–યુનાની લોકો જેને હૈડ્રોઓટેસ કહેતા હતા તે નદી. હાલની રાવિ તે જ.

**ईरावती.** (૨) અયોધ્યા પ્રાન્તમાં આવેલી રાપ્તિ નદી. (ગુરુડપુરાણ) રાપ્તિ નામ રેવતી ઉપરથી પડ્યું હશે એમ કહેવાય છે.

**ईल्वलपुर.** નિઝામના રાજ્યમાં દૌલતાબાદથી સાત મૈલ અને જી. આઇ. પી. રેલ્વેના નંદગાંવ સ્ટેશનથી ૪૪ મૈલ દૂર આવેલ ઇલોરા તે જ. દક્ષિણમાં જતાં વાતાપિપુર આગળ અગસ્ત્ય ઋષિયે મારેલા વાતાપિ નામના દૈત્યનો ભાઈ ઇલ્વલ અહીં રહેતો હતો એમ કહેવાય છે. એ સેલાપુર પણ કહેવાય છે જે ઇલ્વિલરનું વિકૃત રુપ હોય એમ ખુલ્લું જણાય છે. અલાપુર શબ્દ જુઓ. ઇલોરા ગુફાઓ–ચૈત્ય અને એને લગતા વિહારો ઈ. સ. ૬૦ થી ૭૫૦ સુધીમાં બંધાયા હશે એમ ફર્ગ્યુસનનું ધારવું છે. એ સમયે પશ્ચિમ હિંદમાંથી બૌદ્ધ ધર્મનું છેલ્લામાં છેલ્લું ચિહ્ન અસ્તંગત થયું હતું. ઇલોરાની આ ગુફામાં આવેલાં મંદિરો વગેરેમાં સૌથી સુંદર કૈલાસમંદિર ઇ. સ. ની આઠમી સદીમાં બાદામીવંશના રાજા પહેલા કૃષ્ણે પોતે મેળવેલા વિજયોની યાદગીરી તરીકે પત્તાદકળના વિરુપાક્ષના મંદિરને નમુને નમુને બંધાવેલું હતું. (હાવેલની એન્શ્યંટ એંડ મિડેવલ આર્કિટેકચર પા૦ ૧૯૩) એને દેવપર્વત યાને દેવગિરિ પણ કહે છે. શિવપુરાણમાં ( સ્કંધ૦ ૧. અધ્યાય ૫૮) એને "શિવાલય" કહ્યું છે. એની પવિત્રતાની ખ્યાતિ માટે શિવાલય શબ્દ જુઓ.

**ईसलिया.** ચંપારણ્ય જીલ્લામાં આવેલું કેસરીઆ તે. આ જગાએ બુદ્ધ ભગવાન એમના એક પૂર્વ જન્મમાં ચક્રવર્તી રાજા હતા. લિચ્છિવિયોને ત્યાંથી વિદાયગીરી લેતાં બુદ્ધ ભગવાને તેમને પોતાનું ભિક્ષાપાત્ર પ્રસાદી તરીકે આપ્યું હતું. આ બનાવની યાદગીરી તરીકે ત્યાં બંધાવેલો એક સ્તૂપ અહીં છે. (ફાહીાન અને આર્કિ૦ સો૦ રિ૦ પુ૦ ૧૬, પા૦ ૧૬). જુના કાળમાં વેન રાજા ચક્રવર્તી થઇ ગયો છે. હાલના લોકો આ સ્તૂપના ખંડેરને વેન રાજાનું દહેરું કહે છે.

## उ

**उखलक्षेत्र.** શુક્રક્ષેત્રનું બીજું નામ. ઉખલ શુક ઉપરથી વિકૃત થએલું નામ છે એવો મી. ડેનો અભિપ્રાય છે. એને ઉકલક્ષેત્ર પણ કહ્યું છે. ( કનિંગ્હેમ આર્કિ૦ સો૦ રીપોર્ટ પુ૦ ૧. પા૦ ૨૬૬ ).

**उग्र.** કેરલ. ( દેવીપુરાણ અ૦ ૯૩; હેમચન્દ્ર).

**उग्र.** (૨). મહાસ્થાનનું બીજું નામ. (પદ્મપુરાણ, સ્વ૦ ૧, અ૦ ૪૨ ).

**उच्चनगर.** બુલંદશહર તે જ. બરના શબ્દ જુઓ. (એથી૦ ઇન્ડિ૦ પુ૦ ૧. પા૦ ૩૫૬–૩૭૯).

**उज्जैनी.** ઉજ્જણ પ્રાચીન માળવા અગર અવંતીની રાજધાની. એ શહેર ક્ષિપ્રા નદીની તીરે આવેલું છે. ઉજ્જયિની પણ એનું જ નામ છે. ઇ. સ. પૂર્વે ૨૬૩ માં અહીં અશોક એના પિતા બિંદુસારના પ્રતિનિધી અને સુબા તરીકે રહ્યો હતો. (ટરનરનો મહાવંશ, પ્ર૦ ૫). અશોકનો પુત્ર મહેંદ્ર અહીં જન્મ્યો હતો. ઉજ્જયનીમાં ગર્દભિલ્લવંશના રાજાઓનું રાજ્ય થઇ ગયું છે. આ જ વંશનું આ નામ એ વંશના ઘણા પરાક્રમી રાજાના નામ ઉપરથી પડ્યું છે. કાલિકાચાર્યની બહેન સરસ્વતી ઉપર ગર્દભિલ્લે કરેલા બળાત્કારના



Aho ! Shrutgyanam

વેરને લઇને કાલિકાચાર્યે ગર્દભભિલ્લવંશનો ઉચ્છેદ કરી ત્યાં શક રાજ્ય સ્થાપ્યું. ગર્દભભિલ્લના પુત્ર વિક્રમાદિત્યે શકોને મારી કાઢી પોતાનો શક વરતાવ્યો, જે વિક્રમ સંવત્ કહેવાય છે. (**જૈનોનું કાલિકાચાર્ય કથા નામનું પુસ્તક જુઓ**). જૈનોના પ્રસિદ્ધ ગ્રન્થ કલ્પસૂત્ર ઉપરના વાર્તિકમાં કાલિકાચાર્યની વાત મોજુદ છે. આ કાલિકાચાર્યે પર્યુશણુ પર્વ (પજુસણુ) ચોથે દિવસે ઠરાવ્યું હતું. (**મેરુતુંગની થેરાવળી; સમયસુંદરની કાલિકાચાર્યકથા સંસ્કૃત લિખિત પુસ્તક સંસ્કૃત કોલેજ પુસ્તકશાળાના સૂચીપત્રમાં પા૦ ૨૭**). પરન્તુ વિક્રમાદિત્ય તે સંવત સ્થાપનાર કે બીજો એ સંબંધે ઘણા જુદા જુદા મત છે. ચન્દ્રગુપ્ત બીજો તે સંવત્ સ્થાપનાર હતો એમ ડા૦ ભાણ્ડારકર, ફર્ગ્યુસન, વિંશેંટ સ્મિથ અને બીજાઓનો અભિપ્રાય છે. આ ચન્દ્રગુપ્ત બીજો વિક્રમાદિત કહેવાતો. એ પોતે સમુદ્રગુપ્તનો પુત્ર હતો અને એની માતાનું નામ દત્તાદેવી હતું. ઇ. સ. ૩૭૫ માં ચન્દ્રગુપ્ત બીજો અયોધ્યાની ગાદીએ આવ્યો હતો. આ વંશની રાજ્યધાની પાટલીપુત્રમાં હતી. પાટલીપુત્ર રાજકાજમાં રાજધાની મનાતી છતાં, ચન્દ્રગુપ્ત બીજાના પિતાએ પોતાની રાજધાની અયોધ્યામાં આણી હતી. ચન્દ્રગુપ્તે (વિક્રમાદિત્ય) શક રાજા સત્યસિંહના પુત્ર રુદ્રસિંહને હરાવ્યો અને રાજધાની ઉજ્જયિની લઇ ગયો. આ બનાવ ઇ. સ. ૩૯૫ માં બન્યો. (**રો૦ એ૦ સો૦ ટાં૦ પુ૦ ૧ પા૦ ૨૧૧, અને એ પુસ્તકમાં પાને ૪૧૩ મે જેમાંથી અવતરણ લીધું તે જૈન ગ્રન્થ બુદ્ધ વિલાસ**). તે કાળે શકનું રાજ્ય સૌરાષ્ટ્ર, માળવા, કચ્છ, સિંધ અને કોંકણમાં હોઇ ઉજ્જયિની એની રાજધાની હતી. એ રાજા પોતે હિંદુ ધર્માવલંબી હોવા છતાં બૌદ્ધધર્મીઓ અને જૈનોને આશ્રય આપતો. કોઇ કહે છે કે એ પોતે શૈવ હતો. અને કેટલાકના મત પ્રમાણે એ વૈષ્ણવ હતો, એના સિક્કા ઉપર સવળી બાજુએ "સિંહને તીર મારતો રાજા" અને "મહારાજાધિરાજ શ્રી" એવો અને બીજી પાછલી બાજુએ "સિંહવાહની દેવી" અને "શ્રી સિંહ વિક્રમ" એવો લેખ છે. (**ડા૦ ભાણ્ડારકરની 'પીપ ઈનટુ ધી અર્લી હિસ્ટ્રી ઓફ ઇંડિઆ પા૦ ૩૯૦. મી. વિ૦ સ્મિથની અર્લી હિસ્ટ્રી ઓફ ઇંડિયા, પા૦ ૨૫૬**). કરુરાના યુદ્ધમાં મિહિરકુળને હરાવ્યા બાદ ગુપ્ત સમ્રાટોના સેનાપતિ યશોધર્મે ઇ. સ. ૫૩૩માં 'વિક્રમાદિત્ય' નું બિરુદ ધારણ કર્યું હતું. એવો ડા૦ હોર્નલેનો અભિપ્રાય છે. પરન્તુ મિહિરકુળ શક નહોતો પણ હૂણ હતો. રઘુવંશ અને શાકુન્તલનો લખનાર કાલિદાસ, અમરકોષનો લખનાર અમરનાથ, બૃહત્જાતકનો રચનાર વરાહમિહિર, જે ઇ. સ. ૫૮૭ માં મરણ પામ્યો હતો તે. (**ડા૦ ભાઉદાજીના વાંગસંગ્રહ પા૦ ૧૦૮**). વાર્તિકા અને પ્રાકૃત પ્રકાશના લખનાર વરરુચી ઉર્ફે કાત્યાયન, યમકકાવ્યનો લખનાર ઘટકર્પર, વૃદ્ધશુશ્રુત સંહિતાનો રચનાર ધન્વંતરી ઉર્ફે દિંગનાગાચાર્ય જે બૌદ્ધ વસુબંધુનો શિષ્ય (**મેઘદૂતના શ્લો૦ ૧૪. પૂ૦ મે૦ ઉપરની મલ્લિનાથની ટીકા જુઓ**) અને ન્યાયપ્રવેશનો લખનાર હતો તે, શંકુ વેતાળ ભટ્ટ એ સઘળા વિક્રમાદિત્યના રાજ્યકાળમાં થઇ ગયા એમ કહેવાય છે. આ વિદ્વાનો વિક્રમાદિત્યના દરબારના નવરત્ન કહેવાતા. (**આર. ઘોષની પુસ્તક શાળાઓનો ડા૦ ભાઉદાજીનો "સંસ્કૃત કવિયો" નો લેખ; જ્યોતિર્વિદાભરણ, પ્રક૦ ૨૨, શ્લો૦ ૧૦**). આ કવિયો જુદે જુદે કાળે થઇ ગયા છે. કાળિદાસ કુમારગુપ્તના રાજ્યના છેલ્લા દસકામાં (આશરે ઇ. સ. ૪૪૫) થયો હતો. એ સ્કંદગુપ્તના મરણ પછી થોડે વરસે મૃત્યુ

Aho ! Shrutgyanam

પામ્યો હતો. (**જ૦ રો૦ એ૦ સો૦ ૧૯૦૯, પા૦ ૭૩૧-૩૯**). ચસ્તનથી માંડીને રુદ્રશાહ સુધીના શાહરાજાઓના ઇતિહાસ સારૂ ડા૦ ભાઉદાજીના લેખ સંગ્રહનાં પા૦ ૧૧૧, ૧૧૨ જુઓ. ઇ. સ. ની સાતમી સદીમાં શંકરાચાર્યના સમયમાં ઉજ્જયિનીમાં સુધન્વા રાજ કરતો હતો. એ રાજાએ બૌદ્ધો ઉપર જુલમ ગુજાર્યો હતો અને એમને હિંદુસ્થાનની મર્યાદાની પેલીપાર હાંકી કાઢ્યા હતા (**માધવાચાર્યનો શંકરદિગ્વિજય અ૦ ૧ અને ૫ જુવો**). ઉજ્જયિનીમાં શહેરના મધ્યભાગમાં પૌરાણિક ખ્યાતિવાળા મહાદેવ **મહાકાળ**નું દેવળ આવેલું છે. તેમજ નાટકોમાં વર્ણવેલા **કાલિપ્રિયનાથ મહાદેવ**નું દેવળ પણ ત્યાંજ છે. **શિવપુરાણ સ્કં૦ ૧ અ૦ ૩૮, ૪૬** કહ્યા પ્રમાણે મહાકાળેશ્વર એ બાર પવિત્ર જ્યોતિર્લિંગમાંનું એક છે. ચોતરફ કોટવાળા વિશાળ મેદાનના મધ્યભાગમાં મહાકાળનું દેવળ આવેલું છે. જૈનો આ દેવળ અવંતિકુમારના પુત્રનું બંધાવેલું હોવાનો દાવો કરે છે. (**સ્થવિરાવળિ અ૦ ૧૧. શ્લો૦ ૧૭૭**). કાલિદાસે પોતાના કાવ્યમાં મહાકાળના મહિમાનું વર્ણન કર્યું છે. (**મે૦ દૂ૦ શ્લો૦ ૩૭-૩૮**). મહાકાળની મૂર્તિ ભોંયરામાં આવેલી છે અને સણુંગ જેવા રસ્તાથી તેમાં જવાય છે. ભોંયરા ઉપર એક બીજો ખંડ આવેલો છે. ઉપરના ખંડમાં ભોંયરામાં આવેલી મૂર્તિની બરોબર ઉપર પરેશનાથ મહાદેવનું લિંગ સ્થાપવામાં આવ્યું છે. વંડાના આગલા ભાગમાં એક રંગમંડપ કાઢવામાં આવેલો છે. આ રંગમંડપના સ્તંભો ઘણા પુરાતન હોય એમ જણાય છે. દેવળ જાતે પાછળથી થએલું, એટલે જુનું નથી. વંડામાં એક નાનો હોજ આવેલો છે, એને "કોટિતિર્થ" કહે છે. (**સ્થવિરાવળિ ચરિત, પ્ર૦ ૨૨**). મહાકાળના નામ ઉપરથી ઉજ્જયિની મહાકાળવન કહેવામાં આવતું. મહાકાળના દેવળ શિવાય સિદ્ધનાથ અને મંગળેશ્વરનાં દેવળો પણ પ્રસિદ્ધ છે. કાળા પથ્થરના અને સુંદર કોરણીવાળા ચોવીસ સ્તંભોવાળું ઘણું પ્રાચીન ચોવીસખંભા મકાન એ પૂર્વે દરવાજો હશે. શહેરની ઉત્તરની બાજુએ "કાળિયાદહ" યાને સ્કંદ પુરાણમાં વર્ણવેલો પુરાતન બ્રહ્મકુંડ, અને ભૈરવગઢ નામને સ્થળે કાળભૈરવનું દેવળ આવેલું છે. દશાશ્વમેધના ઘાટથી થોડે છેટે પ્રસિદ્ધ એકપદ નામની જગા આવી છે. હાલ એને એકપાટ કહે છે. એ સ્થળ સંદીપની ઋષિનો આશ્રમ હતો. શ્રી કૃષ્ણ અને એમના ભાઈ બળરામ આ ઋષિની પાસે આ સ્થળે ભણ્યા હતા. ત્યાં આવેલા દામોદરકુંડમાં એઓ પોતાની પાટીઓ ધોતા. શહેરથી ઉત્તરે ક્ષિપ્રાના તીર ઉપર આશરે બે મૈલ દૂર ભર્તૃહરિની ગુફા આવેલી છે. આ સ્થળ જુના શહેરનો અવશેષ હોય એમ જણાય છે. નીચા દરવાજામાં થઈને સણુંગમાં થઈને ભોંયરાના ઓરડાઓમાં જવાય છે. આ ઓરડા કોરણીવાળા કાળા પથ્થરના સ્તંભોને આધારે રહેલા છે. આ સ્તંભો ઉપર શિલાલેખો કોતર્યા છે. (**ચરણાદ્રિ શબ્દ જુઓ**). હરસિદ્ધિ દેવીના મંદિરમાં વિક્રમાદિત્ય દરરોજ પોતાના મસ્તકની કમળપુજા કરતો કહેવાય છે. એણે કાપીને દેવીને ચઢાવેલાં મસ્તક રોજ નવાં ફૂટતાં. (**વૈતાળ પચ્ચીશી**) ગોગશેહિંડ નામની આગ્નેયમાં આવેલી છુટી ટેકરી ઉપર વિક્રમાદિત્યનું પ્રખ્યાત સિંહાસન હતું. આ સિંહાસન ધારાનગરીના ભોજ રાજાએ ખોદી કાઢયું હતું. (**દ્વત્રિંશત પુત્તલિકા**). આ ટેકરી ઉપરથી વિહગાવલોકનની પેઠે શહેરનો દેખાવ નજરે પડે છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭, પા૦ ૮૧૩, લેફ્ટેનન્ટ એડવર્ડ કોનોલીનું પ્રાચીન**

Aho ! Shrutgyanam

**અને અર્વાચીન** ઉજ્જયિનીને અંગે કરેલું **નિરીક્ષણ; સ્કંદપુરાણ અવંતિખંડ, અવંતિક્ષેત્ર મહાત્મ્ય**). જયપુરના રાજા જયસિંહે બંધાવેલી ગ્રહવેધશાળા શહેરની નૈઋર્ત્યમાં આવેલી છે. હાલ એ બિસ્માર હાલતમાં છે. ગ્રહવેધશાળાના વર્ણન સારૂ જુઓ (એ૦ રિસર્ચ પુ૦ ૫). હિંદુ જ્યોતિષીઓ આ ગ્રહવેધશાળાની પ્રથમ રેખાંશ ગણે છે.

**उज्जानक.** આ નામ ઉદ્યાન ઉપરથી પડયું હોય એમ સાફ જણાય છે. એને ઉદ્યાનક કહ્યું પણ છે. ( **પદ્મપુરા, સ્વર્ગ અ૦ ૧૯** ). ઉદ્યાન શબ્દ જુઓ. કેટલાકનો અભિપ્રાય એવો છે કે હાલ જ્યાં બકરાનાં ચામડાં પહેરનારા શિયાપોશ કહેવાતા લોકો રહે છે તે સિંધુને કાંઠે આવેલા કાફ્રીસ્તાનનો સમાવેશ આ દેશમાં થાય છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૫૯ પા૦ ૩૧૭** ). મહાભારતના અનુસાસન પર્વના અ૦ ૨૫ માં પણ આ દેશનું નામ આવેલું છે. શૃંગસુને ઉજ્જાનકને જ ઓચેંગ કહ્યું છે એ દેખીતું છે.

**उज्जनी. બૃહત્ધર્મ પુરાણ, પૂર્વ૦ અ૦ ૧૪માં** વર્ણવેલું બંગાળાના બર્દવાન જીલ્લામાં કટવા તાલુકામાં વર્ત્તમાન કોગ્રામ તે. તે એક પીઠસ્થાન છે અને મંગળકોટ (**મંગલકોષ્ટ**)અને આરાલ ગામોની જગાએ આવેલું છે. કવિ કંકણે પોતાના ચંડી નામના ગ્રન્થમાં એનું નામ આપેલું છે. (**સાહિત્ય પરિષદ પત્રિકા, ૧૩૨૦, પા૦ ૧૬૧; ત્રિકાંડકોષ અને મનશારભાશન**). 'ચૈતન્ય મંગળ' ના લખનાર વેપારી લોચનદાસનું એ જન્મસ્થાન હોઈ એ અહીં વસતા હતા. મંગળકોટમાં રાજાનો મહેલ હતો. ઉજ્જનીથી પૂર્વે બે મૈલ ઉપર અજયા નદીને કિનારે છછાની આવેલું છે.

**उज्जयिनि.** ઉજ્જૈનિ તે જ.

**उज्जयिनि** (૨). મોંગીર જીલ્લાની કિયૂલની પાસે આવેલું લૂરેન તે. આ સ્થળે બૌદ્ધ ખંડેરો ઘણાં છે. વખતે આ નામ ઉડ્ડિયાનનું વિકૃત રુપ હોય. ( **દેવીપુરાણ અ૦ ૪૨** ).

**उज्जीनि** (૩). ઉજ્જની તે જ. (**કાં૦ અ૦ પા૦ ૧૩૨**).

**उज्जिहान.** ઉડ્ડિયાન તે જ. ( **બૃહત્સંહિતા અ૦ ૧૪**).

**उज्जयंत.** કાઠીઆવાડમાં જૂનાગઢ પાસેનો ગિરનાર પર્વત તે જ. જૈનોના બાવીસમા તિર્થંકર નેમીનાથના સ્થાનને લઇને પવિત્ર મનાય છે ( **મહાભારત, વનપર્વ અ૦ ૮૮, હેમચન્દ્ર** ). અણહિલપટ્ટન પાટણના સિદ્ધરાજના સમયમાં સજ્જને નેમીનાથના દહેરાનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (**ટૅાનીની પ્રબંધ ચિન્તામણિની આવૃત્તિ પા૦ ૯૬**). એ પુસ્તકમાં ઉજ્જયંતનું બીજું નામ રૈવતક આપ્યું છે. ( **ગિરિનાર શબ્દ જુઓ**). ગિરનાર ઉપરના રુદ્રદામાના શિલાલેખમાં એ પર્વતનું નામ ઉર્જયન આપેલું છે, (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮ પા૦ ૩૪૦** ).

**उड्डिप.** દક્ષિણ કેનેરામાં કારાવાર જીલ્લામાં પાપનાશિની નદીને કિનારે વેદો ઉપર ઘણાં વાર્તિક લખનાર માધવાચાર્યે "પૂર્ણપ્રજ્ઞ" નામે મઠ સ્થાપ્યો હતો તે સ્થળ. (**તુલુવ શબ્દ જુઓ**). અહીંઆંની કૃષ્ણની મૂર્તિનું ઉડુપકૃષ્ણ નામ કહ્યું છે. (**ચૈતન્ય ચરિતામૃત ૨, ૯**). ચૈતન્ય પ્રભુ અહીં યાત્રાર્થે આવ્યા હતા આ મૂર્ત્તિ તુલુવને કિનારે જોખમાયલા વાહણમાંથી માધવાચાર્યે બચાવીને આણી હતી. માધવાચાર્યે પોતાના ઘણા ગ્રન્થો આ સ્થળે રહીને લખ્યા હતા. ( **એ૦ કે૦ દત્તનું "હિંદુઓનાધર્મ પંથો" ચૈતન્ય ચરિતામૃત**). માધવાચાર્ય ઇ. સ. ૧૧૯૯માં જન્મ્યો હતો. એણે અનન્તેશ્વરમાં અભ્યાસ કર્યો હતો ( **ગોલ્ડસ્ટકરનાં લખાણો પુ૦**

Aho ! Shrutgyanam

१, પા૦ ૨૪૮). ઉડિપ એ નામ ઉડુપ ઉપરથી વિકૃત થયું હોય એમ જણાય છે. (ભવિષ્ય પુરાણ; પ્રતિસર્ગ પુરાણ, ભા૦ ૩, અ૦ ૩ પા૦ ૩૫).

**उड्डयन.** ઉદ્યાન તે જ.

**उड्र.** ઓરિસા તે જ.

**उडुप.** ઉડિપ તે જ.

**उद्यान.** આ સ્થળ પેશાવરની ઉત્તરે સ્વાટ નદીને કિનારે આવેલું હતું. વખતે આ નામ હિંદુકુશની દક્ષિણે ચિત્રાળથી તે સિંધુ સુધી અને દર્દીસ્તાન, સ્વાટનો અમુક ભાગ, યૂસફઝાઈ મુલક જેને હાલ સ્વાટની ખીણ કહીએ છીએ, એ બધા પ્રદેશને લગાડાતું હોય એ સંભાવ્ય છે. ટુંકામાં કાશ્મિરની વાયવ્યમાં આવેલો ગીઝનીની આસપાસનો બધો પ્રદેશ આ નામ ધરાવતો. (હેન્રી યૂલનો માર્કોપોલો, પુ૦ ૧, પા૦ ૧૫૫). ઉદ્યાનની રાજધાની મંગળમાં હતી. ચીની પ્રવાસીઓએ એને મેંગ-હો-લિ એવું નામ આપ્યું છે. ઉદ્યાન પ્રાચીન ગાંધર્વદેશ યાને ગાંધારની જોડે સંબંધ ધરાવતું. (ઉજ્જાનક શબ્દ જુઓ).

**उद्यंतपर्वत.** ગયા પાસેની બ્રહ્મયોનિ ડુંગરી તે જ. (મહાભારત વનપર્વ અ૦ ૮૪).

**उत्कल.** ઓરિસા તે જ (બ્રહ્મપુરાણ અ૦ ૪૩). એ નામ પરથી ઉત્કળ નામ વિકૃત થયું છે. ઉત્ ઉત્તર, કલિંગનો ઉત્તર ભાગ, ઉત્કલિંગ. મગધરાજાઓના સમયમાં કટકની સામી બાજુએ નદી કિનારે આવેલું ચૌદુસાર પ્રાચીન ઓરિસાની રાજધાની હતું. ઈ. સ. ૪૭૪ થી ૧૧૩૨ સુધી ઓરિસામાં યયાતિ કેસરીથી કેસરીવંશના રાજાઓનું અને ત્યાર પછી ચારે ગંગાથી માંડીને પ્રતાપરુદ્રદેવના પુત્ર સુધી, ઈ. સ. ૧૧૩૨ થી ૧૫૩૨ સુધી, ગંગાવંશના રાજાઓનું રાજ્ય હતું. પ્રતાપરુદ્રદેવ ઈ. સ. ૧૫૦૩ થી ૧૫૨૩ સુધી ગાદી પર હતો. એના સમયમાં ચૈતન્ય મહાપ્રભુ જગન્નાથપુરીમાં યાત્રાર્થે આવ્યા હતા. કેસરી વંશના રાજાઓની રાજધાની જાજપુર અને ભુવનેશ્વરમાં હતી, અને ગંગાવંશીઓની કટક, ચૌદુસાર અને બરબારીમાં હતી. કેસરી રાજાઓના સમયમાં ઓરિસામાંથી બૌદ્ધધર્મ લુપ્ત થઇને શૈવધર્મ પ્રવર્ત્યો હતો. બારમી સદીમાં ગંગાવંશી રાજાઓના કાળમાં શૈવધર્મ ગૌણ થઇને વૈષ્ણવધર્મ પ્રબળ થયો હતો. (ઓઢ્ર શબ્દ જુઓ). મહાભારતના સમયમાં ઉત્કળ કલિંગદેશનો એક ભાગ હતો (મહાભારત, વનપર્વ અ૦ ૧૧૪). અને વૈતરણી નદી એની ઉત્તર સીમારુપ હતી. પણ કાળિદાસના સમયમાં ઉત્કલ એ સ્વતંત્ર રાજ્ય હતું (રઘુવંશ, સર્ગ ૪. શ્લો૦ ૩૮). જગન્નાથપુરી એ ઉત્કલની દક્ષિણ સીમા હતી (તારાતંત્ર). બ્રહ્મપુરાણના સમયમાં ઉત્કલ અને કલિંગ એ જુદાં રાજ્યો હતાં (બ્રહ્મપુરાણ અ૦ ૪૭ શ્લો૦ ૭).

**उत्पलारण्य.** કાનપુરથી ચૌદ મૈલ પર આવેલું બિથુર તે. અહીં વાલ્મિકિનો આશ્રમ હતો. આ જગાએ જ સીતાને લવ અને કુશ બે પુત્ર પ્રસવ્યા હતા. આ જગાએ પૂર્વે પ્રસિદ્ધ પ્રતિષ્ઠાનમાં ધ્રૂવનો પિતા ઉત્તાનપાદ રાજ કરતો હતો. અહીં બ્રહ્માવર્ત્ત ઘાટ નામે ઘાટ હતો. સરસ્વતી અને દૃશદ્વતી નદીઓની વચ્ચે આવેલા પ્રદેશને બ્રહ્માવર્ત્ત કહેતા. ઉત્તાનપાદને બ્રહ્માવર્ત્તનો રાજા પણ કહ્યો છે. અહીં ગંગા કિનારે આવેલાં ખંડેર ઉત્તાનપાદના કિલ્લાનાં ખંડેર છે, એમ કહેવાય છે. ઉત્પલવન પાંચાળમાં આવ્યું હતું. (મહાભારત, વનપર્વ, અ૦ ૮૭).

**उत्पलावन-कानन.** ઉત્પલારણ્ય તે જ (માર્કંડપુરાણ અ૦ ૬૯-૭૦).

**उत्पलावती.** તિનેવલીમાં આવેલી વિપર નદી તેજ (મહાભારત, ભીષ્મપર્વ, અ૦ ૯;

Aho ! Shrutgyanam

ગ્રિફીથનુ રામાયણ નોટ; વામનપુરાણ અ૦ ૧૩ ).

**उत्पलेश्वर.** પિરિ અગર પૈરિ નદીની જોડે સંગમ કરે છે તેની પહેલાંનો મધ્યપ્રાન્તમાં આવેલો મહાનદીનો ભાગ તે ( **એસિયાટિક રીસર્ચિઝ પુ૦ ૧૫** ).

**उत्सवसंकेत.** પુષ્કર શબ્દ જુઓ. ( **મહાભારત, ભીષ્મપર્વ અ૦ ૯** ).

**उत्तरगा.** અયોધ્યા પ્રાન્તમાં આવેલી રામગંગા નદી તે (**લાસેનનું ઇંડિસ એલ્થરથુમસ** કાણ્ડ ૨. **પા૦ ૫૨૪; રામાયણ બીજો સ્કં૦ અ૦ ૭૧**). આ નદી કયુમાઉનમાંથી નીકળી કનોજ પાસે ગંગાને મળે છે.

**उत्तरगंगा.** કાશ્મિરમાં આવેલી સીંધ નદી તે.

**उत्तरगंगा. (૨).** કાશ્મિરમાં હરમુક પર્વતના પાદપ્રદેશમાં આવેલું ગંગાબળ સરોવર. કાશ્મિરની સીંધ નદી આ સરોવરમાંથી નીકળે છે એમ મનાય છે (ડા૦ **સ્ટીનની 'રાજતરંગિણી' પુ૦ ૨**).

**उत्तरकुरु.** ગરવાળ અને હૂન દેશનો ઉત્તરનો ભાગ જેમાં મંદાકિની નદી અને ચૈત્રરથકાનન આવેલાં છે તે ( **ઐતરેય બ્રાહ્મણ, ૮, ૧૪, ૪; મહાભારત, વનપર્વ અ૦ ૧૪૫** ). પૂર્વે એમાં હિમાલયની પારના દેશોનો સમાવેશ થતો. ટાલેમિયે એનું નામ ઓટોરીકોરા એવું આપ્યું છે. એ કાશગરની પૂર્વે આવેલો છે એમ લાસેનનું કહેવું છે. ટીબેટ ( **મહાભારત, ભીષ્મ૦ અ૦ ૭** ). અને પૂર્વ તુર્કસ્તાન ઉત્તરકુરૂમાં આવેલાં હતાં, એમ **રામાયણના** કિષ્કિંદા**કાંડમાં સર્ગ ૪૩ માં** કહ્યું છે. એ હિમાલયમાં આવેલો છે એમ **કેમ્બ્રિજની જાતકની આવૃત્તિમાં પુ૦ ૫ પા૦ ૧૬૭** માં કહ્યું છે. મી. એનસન કહે છે કે મધ્ય એશિયામાં પામીરના ઉચ્ચ પ્રદેશમાં આવેલી 'બેલુરટગ' નામની પર્વતમાળા જેમાંથી એ પ્રદેશની મોટી નદીઓ નીકળે છે તેના ઢાળોનો પ્રદેશ તે જ, આર્યોનો ઉત્તરકુરૂ. બેલુરટગનું બીજું નામ કિયુન્લુન છે. એ પશ્ચિમ ટિબેટની ઉત્તર સીમા રુપ છે, અને ત્યાં સદાકાળ બરફ રહે છે. એને વળી મસટગ, કારાકોરમ, હિન્દૂકુશ અને સુનલુંગ પણ કહે છે (**બાલ્ફરની સાઇકલોપિડિયા ઓફ ઇંડિયામાં બેલુરટગ શબ્દ જુઓ**). ઉત્તરકુરૂને હરિવર્ષ પણ કહેતા. એ હિન્દુસ્થાનની ઉત્તરે આવેલ છે અને તેની ઉત્તરે મહાસાગર આવ્યો છે એમ **બ્રહ્માંડપુરાણમાં અ૦ ૪૮ શ્લો૦ ૫૩ માં** કહ્યું છે. કોરિયા ઉત્તરકુરૂદીપમાં ગણાતો એટલે વખતે કોરિયા નામ એનોજ અવશેષ હશે.

**उत्तरमद्र.** ઇરાનમાં આવેલ મિડિયા તે, પુરાણોમાં કહેલ ઉત્તરમદ્ર નામ વિકૃત થઇ તેમાંથી મદ્દ કે માદ થઇ, તેમાંથી મિડિયા નામ થયું હશે. અઝરબિજન નામનો મુલક મિડિયામાં આવ્યો હતો(**અવસ્તામાં કહેલું ઐરિયાનન-વેજો**) **એરિયાન શબ્દ જુઓ**.

**उत्तरमानस.** કાશ્મિરના હરમુખ શિખરના પાદપ્રદેશમાં નન્દિક્ષેત્રની પાસે આવેલું ગંગા સરોવર તે ( ડા૦ **સ્ટીનની રાજતરંગિણી, પુ૦ ૧, પા૦ ૧૧ ઉપરની ટિપ્પણી**).

**उत्तरमानस.** (૨). ગયામાં આવેલું એક પવિત્ર સ્થળ. ફલ્ગુ શબ્દ જુઓ. ( **વાયુપુરાણ અ૦ ૩ શ્લોક ૬** ).

**उत्तरापथ.** કાશ્મિર અને કાબુલનો પ્રદેશ. ગુસેરવાના શિલાલેખમાં આ નામ કહ્યું છે. **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૭ પા૦ ૪૯૨-૪૯૮** ).

**उत्तरविदेह.** જેમાં ગંધવતિ નામનું શહેર આવેલું તે. નેપાળનો દક્ષિણ પ્રદેશ. (**સ્વયંભુપુરાણ, અ૦ ૩-૪; સુગત અવદાન-૨૦ મિત્રનું નેપાલનું સંસ્કૃત બોધિષ્ટ સાહિત્ય.**)

Aho ! Shrutgyanam

**उत्तानिका.** ઉત્તરગા નદીનું બીજું નામ અયોધ્યામાં આવેલી રામગંગા તે.

**उदयनी.** ઉજ્જયન્ત તે જ. ( **સ્કંદપુરાણ–પ્રભાસખંડ-વસ્ત્રાપથ ક્ષેત્ર માહાત્મ્ય અ૦ ૧-૫-૧૬** ).

**उद्पुर.** ઉદંડપુર તે જ. ( **આનંદભટનું બલ્લાલચરિતમ્ અ૦ ૨**).

**उदंडपुर.** પટણા જીલ્લામાં આવેલું બિહારનું એક શહેર દંડપુર, ઓદંતપુરી અને ઉંદડપુર એ એનાં બીજાં નામો હતાં. બિહારનાં નગરોનાં નામ દ્વાત્રિંશ અવદાનમાં આપ્યાં છે. (**ડા૦ આર૦ મિત્રનું નેપાળનું સંસ્કૃત સાહિત્ય પા૦ ૯૮**). આ શહેર કેટલોક કાળ બંગાળાના પાળરાજાઓનું પાટનગર હતું. ( **આ૦ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૮ પા૦ ૭૫**). આ સ્થળમાં પાળરાજાઓના મહેલનાં ખંડેર અદ્યાપિ છે. એને ગઢ કહે છે. અહીંના નવરતન નામે મકાનમાં મુસલમાન આમિલ રહેતા હતા. પાળવંશ પ્રવર્ત્તક ગોપાળે પોતાની રાજધાની ઉદંડપુરમાં વિશાળ બુદ્ધવિહાર બંધાવ્યો હતો. (M. V. A.Smith; ઈ. સ. ૮૧૫-૮૬૦.) પાટલીપુત્ર એ કાળે પડી ભાગ્યું હતું. બિહાર પ્રાન્તમાં ગંગા નદીને જમણે કિનારે આવેલા ડુંગરના શિખર ઉપર પ્રસિદ્ધ વિક્રમશિલા–વિહાર ગોપાળના પુત્ર ધર્મપાળે આઠમી શતાબ્દિના મધ્યમાં બંધાવ્યો હતો. (**જુઓ બી. ડેનું "વિક્રમશિલાવિહાર" જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૯, પ૦ ૧**). બિહાર નગરની તરત પાસે વાયવ્યમાં આવેલા નિર્જન ડુંગર પર એક પ્રસિદ્ધ વિહાર આવેલો છે. આ વિહારમાં બોધિસત્વ અવિલોકિતેશ્વરની સુખડની મૂર્તિ છે. સાતમી શતાબ્દિમાં ચીનાઇ પ્રવાસી હ્યુંનસ્યાંગ આ વિહારની યાત્રાએ આવ્યો હતો. ઐશ્વરિક ઉત્તરબુદ્ધ સંપ્રદાય આદબુદ્ધને સર્વોપરિ માને છે. તેઓની માન્યતા છે કે આદબુદ્ધે પોતાના ધ્યાન વડે (**શ્વેત રંગના**) વૈરોચન, (**આસમાનીરંગના**) અક્ષોભ્ય, (**પીળા રંગના**) રત્નસંભવ, (**લાલ રંગના**) આમિતાભ અને (**લીલા રંગના**) અમોઘસિદ્ધ એમ પાંચ ધ્યાની બુદ્ધને ઉત્પન્ન કર્યા. આ પાંચમાંના દરેકે એકેકો પુત્ર ઉત્પન્ન કર્યો. એ પુત્ર બોધિસત્વ કહેવાયા. અમિતાભ બુદ્ધે ધ્યાન વડે અવલોકિતેશ્વર બોધિસત્વ અથવા સિંહનાથ લોકેશ્વરને ઉત્પન્ન કર્યા સિંહનાથ લોકેશ્વરની મૂર્ત્તિ મહાદેવની મૂર્તિ હોય એમ ભૂલથી મનાય છે. એનું પદ્મપાણિ એવું નામ પણ છે. અવલોકિતેશ્વર બોધિસત્વને સરજવાની, પાળવાની અને સંહારવાની શક્તિ આપવામાં આવી હતી (**હોગસનનું બુદ્ધ ધર્મ અને સાહિત્ય પા૦ ૬૦, ૬૧**). નેપાળ અને ઉર્વિલ્વ શબ્દો જુઓ. બિહારથી સાત મૈલ ઉપર આગ્નેયમાં આવેલ તિતરવામાં પણ બૌદ્ધિવિહારનું ખંડેર અદ્યાપિ મોજુદ છે. ઇ. સ. ૧૪૫૧ સુધી બિહારમાં રાજધાની હતી. તે સાલમાં શેરશાહે પટણામાં પોતાની રાજધાની ફેરવી. રાજધાની જવાથી બિહારની પડતી થઇ અને એ બિસ્માર હાલતમાં આવી પડયું, (**ઇલિયટની હિસ્ટરી ઓફ ઇંડિયા પુ૦ ૪ પા૦ ૪૭૭**). ઇદદરઘા અને મખદૂમશાહની કબર ઈ. સ. ૧૫૬૯ માં બાંધવામાં આવી હતી. મખદૂમશાહને શેરીફઉદ્દીન અહમદીફિયા પણ કહેતા હતા. એમનું મૃત્યુ ઈ. સ. ૧૩૮૦ માં થયું હતું. આ હકીકત એક શિલાલેખ ઉપરથી માલમ પડે છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૩૯ પા૦ ૩૫૦**).

**उदंवर.** ઔધુંવર તે જ. ટોલેમિયે એનું નામ ઓરડેવરી એવું કહ્યું છે.

**उदूखंड.** પંજાબના પેશાવર વિભાગમાં સિંધુને દક્ષિણ કિનારે આવેલું ચિંદ અગર ઉંડ તે જ. (**કન્નિંગહેમની એંશ્યંટ ભૂગોળ**

પા૦ પર). એ અટકથી ઇશાનમાં પંદર મૈલ પર આવેલું છે અને સાહિયરાજાઓની ગાંધારની રાજધાની હતી. (ડા૦ સ્ટીનની રાજતરંગિણી ૨. પા૦ ૩૩૭).

**उद्‌भांड.** ઉદ્દખંડનું જ બીજું નામ.

**उदयगिरि.** ઓરિસામાં ભુવનેશ્વરીથી પૂર્વમાં પાંચ મૈલ પર આવેલો એક પર્વત ત્રિશેષ આસિયા પર્વતમાળાનો એક ફાંટો, આસિયા પર્વતમાળાનું જુનું નામ ચતુષ્પીઠ છે. એના ઉપર ઘણી પ્રાચીન બૌદ્ધ સમયની કોરણીના નમુના આવેલા છે. (જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૩૯). આ પર્વત અને ખંડગિરિની વચ્ચે આવેલી સાંકડી ખીણ વડે એ પર્વતથી જુદો પડે છે. ઇ. સ પૂર્વે ૫૦૯ થી ઇ. સ. ૫૦૦ સુધીમાં અસ્તિત્વમાં આવેલી ઘણી જુની ગુફાઓ ઉદયગિરિ પર આવેલી છે. વ્યાઘ્રગુફા અને હસ્તિગુફા પ્રખ્યાત છે. રાણી નુર ઘણી કારીગરીવાળી કોરણીવાળો એ માળનો કોતરી કાઢેલો ઘણો જ પ્રખ્યાત વિહાર છે. રાજા લલાટચંદ્રકેશરીની રાણીના નામ ઉપરથી એ નામ પડયું છે (એસિયાટિક રીસર્ચના પુ૦ ૧૫ માં પ્રસિદ્ધ થએલું સ્ટલિંગનું ઓરિસા) હુંનસાંગે વર્ણવેલો પુષ્પગિરિ સઘારામ વખતે આ પર્વત ઉપર હશે.

**उदिच्य.** સરાવદી નદીમાં વાયવ્યમાં આવેલો પ્રદેશ. (અમરકોષ, બી. ૫.)

**उड्डीयान.** વખતે ઉરેઈન નામ આનું જ વિકૃત નામ હશે. ઉજ્જયિની (૨) જુઓ.

**उपवंग.** ગંગા નદીના મુખ પાસેના પૂર્વ તરફના ત્રિકોણ પ્રદેશનો મધ્ય ભાગ. (બૃહિત્સંહિતા, અ૦ ૧૪; કલકત્તાના રિવ્યુમાંનું બુશાનન રેકર્ડસ. ૧૮૯૪. પા. ૨. )

**उपवंग.** (૨) જેમાં જેસોર આવેલું છે તે ભાગીરથીની પૂર્વનો પ્રદેશ (દિગ્ગવિજય પ્રકાશ.)

**उपहलक.** કુન્તળનું બીજું નામ (હેમકોષ.)

**उपमल्लक.** મલાકા તે જ.

**उप्पलव्य.** વિરાટનું ભાષાન્તર. ( મહાભારત, ઉદ્યોગપર્વ, અ૦ ૧૪૫ ).

**उमावन.** શોણિતપુરનું બીજું નામ. (હેમકોષ; ત્રિકાણ્ડશેષ; જૈમિનીભારત, અ૦ ૨૧ ).

**उमावन.** (૨). કયુમાઉનમાં લોહલમાં આવેલો હેસ્ટિંગનો કિલ્લો અથવા કોટલગઢ તે જ. હિમાલય પુત્રી ઉમાએ મહાદેવને વરવા સારુ આ સ્થળે તપ કર્યું હતું. અને એણે આ સ્થળે જ તેમને વર્યા હતા (બ્રહ્માંડપુરાણ,અ૦૪૧).

**उरग.** ઉરસ તેજ. (મહાભારત, ભીષ્મપર્વ, અ૦ ૯ અને સભાપર્વ, અ૦ ૨૬).

**उरगपुर.** ઉરાઇયુર અથવા ત્રિચિનોપોલિ. છઠ્ઠી સતાબ્ધિમાં એ પાંડય રાજાઓની રાજધાની હતું. (રઘુવંશ. ૬. સ૦ શ્લો૦ ૫૯-૬૦). નાગપુર, કાન્યકુબ્જ નદી પર આવેલું નાગપટ્ટમ તે જ ઉરગપુર, એમ પ્રસિદ્ધ મલ્લિનાથનું કહેવું છે. પણ મલ્લિનાથનું નાગપુર તે ઉરગપુરનું પર્યાય માત્ર છે. પેરિપ્લસમાં કહેલું અર્ગર, તે જ ઉરગપુર ( મી. સ્કોફની પેરિપ્લસની આવૃત્તિ, પા. ૪૬). આ નામનું તામીલ ભાષાનુંરુપ ઉરાઇયુર છે. ઉરાઇયુર જેને કોરી પણ કહેલ છે તે હાલનું ત્રિચિનોપલી એમ ડા૦ કાલ્ડનેલનું કહેવું છે; અગિયારમી શતાબ્ધિમાં આખા તામિલ પ્રદેશમાં ચોલોની સત્તા હતી. દક્ષિણ ત્રાવણકોરનો પાંડયનો પ્રદેશ પણ એ સત્તાને આધીન હતો, તે વખતે આ શહેર—હાલનું ત્રિચિનોપલી—રાજધાની હતી. (દ્રાવીડિયન-કામ વ્યાકરણ. પા. ૧૩–૧૪). આ શહેર તામ્રપર્ણીને કિનારે આવ્યું હતું એમ પવનદૂતમાં શ્લો. ૮મામાં લખેલું છે. એ જ કાવ્યમાં એને ભુજનગર પણ કહ્યું છે. ( શ્લો. ૧૦ )

**उराइउर.** ઉરગપુર તે જ. હાલ એ ત્રિચિનોપલ્લિનું એક પરું છે. ( આર્કિ. સ. રિપોર્ટ. ૧૯૦૭. ૮, પા. ૨૩૨; કેલ્ડવેલનું દ્રાવિડિ. કોમ. વ્યાકરણ. પા. ૧૩).

Aho ! Shrutgyanam

**उरंजीरा.** વિપાસા. હાલની બિયાસ નદી તે જ. એરિયને કહેલી સરંજ્સ તે આ જ હોય.

**उरसा.** કાશ્મિરની પશ્ચિમનો વિદાસ્પીસ (**હાલની જેલમ નદી**) અને સિંધુ નદીની વચ્ચેનો હઝારાનો મુલ્ક; ટોલેમીએ એને અર્સા અને હ્યુંન્સ્યાંગે વુ–લા–શિ એ નામે કહ્યો છે ( **ડા૦ સ્ટીનની રાજતરંગિણી ૧, પા. ૧૮૦.**) કાશ્મિરથી ત્રણ દિવસની મજલ પર આવેલી ગુરૈસ અગર ગુરેઝની ખીણ તે આ, એમ પ્રો૦ વિલસનનું કહેવું છે. પણ ડા૦ સ્ટીન ગુરેઝ તે દરદની રાજધાની દરતપુરી છે, એમ કહે છે. દરદ શબ્દ જુઓ. **મત્સ્યપુરાણ અ૦ ૧૨૦ શ્લો. ૪૬** માં દરદ અને ઉરસ બન્ને જુદા પ્રદેશો છે એમ લખ્યું છે. કાશ્મિરની ઇશાને આવેલા મોઝફરાબાદની પશ્ચિમે રાશ જીલ્લો તે ઉરસા એમ જનરલ કનિંગ્હેમ કહે છે. ( **જ. એ. સો. બ, ૧૭, પા. ૪૮૫** ).

**उरविल्व.** ગયાથી દક્ષિણે છ મૈલ પર આવેલું બુદ્ધ-ગયા. બિંબીસાર રાજાના રાજ્યના સોળમા વર્ષમાં,ઇ.સ.પૂર્વે પાંચસેં બાવીસમાં,તેમની પોતાની છત્રીસ વર્ષની ઉમ્મરે આ સ્થળે આવેલા પ્રસિદ્ધ પિંપળાના ઝાડ નીચે બેસીને ગૌતમે બુદ્ધનું પદ-પ્રાપ્ત કર્યું હતું. આ પિંપળાને બોધીવૃક્ષ કહ્યું છે. **અગ્નિપુરાણ અ. ૧૧૫ શ્લો. ૩૭** માં એને મહાબોધવૃક્ષ એવું નામ આપ્યું છે. આ વૃક્ષ વિશાળ દેવળની પશ્ચિમમાં તેની જોડે જ આવેલું છે. ફર્ગ્યુસન ધારે છે કે આ વિશાળ દેવળ અમરકોષના લખનાર અમરદેવે છઠ્ઠી શતાબ્દિમાં બંધાવ્યું હતું. આ અમરદેવ વિક્રમાદિત્યના દરબારના નવરત્નમાંનો એક હતો. વિક્રમાદિત્યે માળવામાં ઇ. સ. ૫૧૫ થી ૫૫૦ સુધી રાજ્ય કર્યું હતું. ( **હિંદુસ્તાનનો ઈતિહાસ અને પૂર્વનું સ્થાત્ય. પા૦ ૬૯**). પરન્તુ ડા૦ રાજેન્દ્રલાલ મિત્ર કહે છે કે છઠ્ઠી શતાબ્દિમાં અમરદેવે આ દેવળ બંધાવ્યાની માન્યતા મી. વિલ્મોટના શિલાલેખના આધારે ઉદ્ભવી હતી. (**એસિ. રિસર્ચ. પુ. ૧** ). પણ એ શિલાલેખનું અસ્તિત્વ કોઇ કાળે યે નહોતું; એ વાત માત્ર કાલ્પનિક છે. ડા૦ રાજેન્દ્રલાલ મિત્રના માનવા મુજબ આ દેવળ પૂર્વે અશોકનો વિહાર હતો તે સ્થળે, ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં શંકર અને મુદ્દરબાભી નામના બે બ્રાહ્મણ ભાઇઓએ બંધાવ્યું હતું. આ બે ભાઇઓ નાલન્દના પ્રખ્યાત વિહારના સ્થાપકો હતા. (**બુદ્ધગયા, પા. ૨૩૮–૨૪૨**) મુચિલિન્દ નામનું તળાવ જે હાલ બુદ્ધકુંડ કહેવાય છે, તે દેવળની દક્ષિણે આવેલું છે. પરન્તુ ડા૦ રાજેન્દ્રલાલ મિત્રની માન્યતા પ્રમાણે દેવળની નૈઋત્યમાં આવેલ મુચિલિન્દ તે બુદ્ધકુંડ છે. બુદ્ધપણું પ્રાપ્ત થયા પછી બુદ્ધ ભગવાને જે જગાએ આંટા માર્યા હતા, એ જગાએ ચુનાગચ્છીવાળી ભિંત કરી છે. એ ભિંતને હાલ જગમોહન કહેવામાં આવે છે. પ્રાચીન કાળમાં એને ચૌંક્રમ કહેતા. (**ટેકા-કુસુ કૃત ઇત્સિંગ પા. ૧૧૪ જુઓ.**). આ જગા દેવળની ઉત્તરની બાજુએ તરત જ જોડે આવેલી છે. વિશાળ દેવળની દક્ષિણ તરફનો કઠેરો અશોકના સમયમાં બંધાયેલો હોવાથી હિંદુસ્થાનના–કોતરકામવાળા શિલ્પિકોતર-કામનો એક જૂનામાં જૂનો નાદર નમુનો છે. મુખ્ય દેવળ એક હિંદુ મહન્તના કબ-જામાં છે. આ મહન્ત વિશાળ દેવળની પાસે આવેલા એક મઠમાં રહે છે. મહાદેવ નામના એક મહન્તે અઢારમી શતાબ્દિની શરુવાતમાં એ મઠ બંધાવ્યો હતો. વાગીશ્વરીના મંદિરના ઓરડાની આગળ રાખેલા કલોરાઇટના ગોળ પાટલા ઉપર ગૂઢ આકૃતિયોની કોતરણી છે. મૂળ એ વજ્રપાણીની મૂર્તિ હતી. એમ કલ્પના થાય છે કે એ મૂળ વજ્રાસન હશે. બોધી-વૃક્ષની નીચે એના ઉપર બેસીને બુદ્ધદેવ પોતે ધ્યાનમગ્ન થતા. મળ ધ્યાનીબુદ્ધ આમતાભના પુત્ર પદ્મપાણીની મૂર્તિ તે તારાદેવીની મૂર્તિ મનાય છે, અને તે વિશાળ દેવળની જોડે જ



Aho ! Shrutgyanam

આવેલી છે. ( ડા૦ મિત્રનું 'બુદ્ધગયા') સીલોનના બૌદ્ધ રાજા મેઘવરણે બુદ્ધગયાના બોધીવૃક્ષની પાસે ચોથી શતાબ્દિના મધ્યમાં એક વિહાર બાંધ્યો હતો. (સ્મિથની અર્લી હિસ્ટ્રી ઓફ ઇંડિયા. પા. ૨૮૭).

**उर्जगुंड.** ઉર્જગુંડો જેઓ દરદની પાસેના પ્રદેશમાં રહેતા હતા, તેમનો દેશ, ઉર્જગુંડ, કાશ્મિરની કીશનગંગા ખીણમાં આવેલો હતો. એ પ્રદેશની રાજધાની ગુરેઝમાં હતી એમ જણાય છે. આટલાસમાં જેને ગેરીસ કહ્યું છે તે સ્થળ ઉર્જગુંડ ઉપરથી વિકૃત થએલું રુપ જણાય છે. ( મત્સ્યપુરાણ. અ૦ ૧૨૦ ).

**उर्जगुंड.** (૨). આ નામ ઉર્ગેડી અગર ખીવના ઉપરથી વિકૃત થએલું લાગે છે. (વેમ્બ્રિની એશિયાની મુસાફરી. પા. ૩૩૯).

**उर्मुंडा पर्वत.** કંકાલીટીલા-ઉપગુપ્તના ગુરુ અને બૌદ્ધ ધર્મગુરુ સાનવાસી રહેતો હતો એ બનાવટી ડુંગરો, મથુરા જીલ્લામાં આવેલો છે. (ગ્રાઉઝનું 'મથુરા' પ્ર૦ ૬ ). અશોકના કહેવાથી પાટલિપુત્રમાં આવ્યા પહેલાં ઉપગુપ્ત પણ આ પર્વત પર રહેતો હતો. ડા૦ મિત્રના નેપાલના સંસ્કૃત બૌધિક સાહિત્યમાં આવેલું, બોધિસત્ત્વાદાન-કલ્પલતા પા. ૬૭. આવદાન કલ્પલતા પ્ર. ૭૧૭૨; રોકચિલનું બુદ્ધ. પા. ૧૬૪-૧૭૦. મથુરા શબ્દ જુઓ.

**उसरा.** નવ ઉસરક્ષેત્ર અગર એના ઉપરથી પડેલા વિકૃત નામ ઉખલ સારુ રેણુકાતીર્થ શબ્દ જુઓ.

**उशिनारगिरि.** શિવાલિક પર્વતની હારમાંના જે પર્વતને ભેદીને હરદ્વાર આગળ ગંગાનદી બહાર પડે છે તે પર્વત. (કથા સારિત્સાગર. ભા. ૧-૫-૩ અને પદ્મનાભ ઘોશાળનો ગાઇડ ટુ ટ્રાવેલર્સ ઇન ઇંડિયા ). શિવાલય શબ્દ જુઓ.

**एकचक्रा.** ઇટવાથી નૈઋત્યમાં સોળ મૈલ ઉપર આવેલું ચક્રનગર તે આ, એમ ડા૦ હુલ્ટઝ કહે છે. ( મો. એ. ઇ. અને મહાભારત-આદિપર્વ અ૦ ૧૫૮). જનરલ કનિંગહેમ આરા તે જ એકચક્રા એમ કહે છે, તે ખરૂં નથી. (આર્કિ. સ. રિપોર્ટ પુ૦ ૩. ૧૮૭૧-૭૨).

**एकाम्रकातन.** ઓરિસામાં કટકથી વીસ મૈલ ઉપર ગંધવતી નદી ઉપર આવેલ ભુવનેશ્વર તે જ. ( બ્રહ્મપુરાણ અ૦ ૪૦ ).કેશરીવંશ પ્રવર્ત્તક યયાતિ કેસરી જે ઇ. સ. ૪૭૩ માં યવનો અગર બૌદ્ધોને હાંકી કાઢીને ઓરિસાના સિંહાસનારુઢ થયો હતો, તેણે ભુવનેશ્વરનું દેવળ બંધાવવા માંડયું હતું. ત્યાર પછી લગભગ એક સૈકા બાદ લલાટેન્દુ કેશરીના રાજ્યમાં એ પુરૂં થયું હતું. ઇ. સ. પૂર્વે છઠ્ઠા સૈકાથી તે ઇ. સ. ની પાંચમી સદીના મધ્યમાં યયાતિ કેશરીના રાજ્યકાળ સુધી ભુવનેશ્વર ઓરિસાની રાજધાની હતું. તે વખતે એનું નામ કલિંગનગરી હતું. ( ડા૦ મિત્રનું ઓરિસાની એન્ટિકિવટિઝ, પુ૦ ૨. પા૦ ૬૨). એને હરક્ષેત્ર પણ કહેતા. યયાતિ કેશરીએ પોતાના રાજ્યના અંતકાળ લગભગ ભુવનેશ્વરનું દેવાલય બંધાવવા માંડયું તે પૂર્વે એ સ્થળ ઉપર જંગલ હતું. યયાતિ કેસરી ઇ. સ. ૫૨૬માં મરણ પામ્યો. લલાટેન્દુ કેશરી (રાજ્યકાળ ઇ. સ. ૬૨૩-૬૭૭) ના વખતમાં પાછું એ રાજ્યધાની બન્યું. એ શહેરને સાત પરાં અને બેંતાળીશ શેરીઓ હતી. ભુવનેશ્વર, મુક્તેશ્વર, ગૌરી અને પરરામનાં દેવળો અદ્યાપિ અસ્તિત્વમાં છે. એ દેવળો સ્થાપત્યના ઘણા જ ઉંચા પ્રકારના નમુના રુપ છે. દેવીપાદહરા નામનો કુંડ જે જગાએ આવેલો છે તે જગાએ ભગવતીએ કીર્તિ અને વાસ નામના બે દૈત્યોને પોતાના પગવડે છુંદી નાંખ્યા હતા એમ કહેવાય છે. આ કુંડની આજુબાજુ યોગિનીઓનાં એકસો

Aho ! Shrutgyanam

અને આઠ નાનાં દેવળો છે ( ભુવનેશ્વર મહાત્મ્ય). લલાટેન્દુ કેશરીની રાણીએ ખોદાવેલું 'બિન્દુ સરોવર' સૌથી પવિત્ર સ્થળ મનાય છે. રામેશ્વરના દેવળની પાસેના રેલ્વે સ્ટેશનના રસ્તા ઉપર યયાતિ કેશરીના જુના રાજમહેલનું ખંડેર અદ્યાપિ મોજુદ છે. ભુવનેશ્વરના દેવળની દક્ષિણ લલાટેન્દુ કેશરીએ એક મહેલ ચણાવ્યો હતો એમ કહેવાય છે. (**ડા૦ આર મિત્રનું એન્ટિકિવટિઝ ઓફ઼ ઓરિસા, પુ૦ ૨. પા૦ ૮૪; જ૦ એ૦ સો૦ બં૦ માં, ૧૮૩૭, પા૦ ૭૫૬; મે સ્ટોલંગનો 'ઓરિસા' નામે લેખ**).

**एरंपल**. ખાનદેશ. સમુદ્રગુપ્તે આ દેશ સર કર્યો હતો.

**एरंडी**. વડોદરા રાજ્યમાં નર્મદાને ચાણોદ આગળ મળનારી નાની નદી, "ઉદી" અગર "ઓર" તે જ. (**પદ્મપુરાણ; સ્વર્ગ (આદિ), અ૦ ૯**). ઓરસંગમ ઉપર "કરનાળી" ગામ આવેલું છે. ઓરસંગમ એ યાત્રાનું પવિત્ર સ્થળ ગણાય છે.

**एवोलियल**. અઝકથી ઉપરવાસે સાઠ મૈલ પર સિંધુ કાંઠાના દારબંધની સામે અને બાલિમાની પાસે આવેલો અંમનો કિલ્લો. મહાન સિકંદરે આ કિલ્લો સર કર્યો હતો.

**एलापुर**. એલુર યાને ઇલોરા તે જ. ડુંગરી પર આવેલી "કૈલાસ" નામની ગુફા બાદામીના રાષ્ટ્રકુટવંશના કૃષ્ણરાજે કોરાવી હતી. કૃષ્ણરાજે ઇ. સ. ૭૫૩–૭૭૫ સુધી રાજ્ય કર્યું હતું. ( **ડા૦ ભાણ્ડારકરની અર્લિહિસ્ટ્રી ઓફ઼ ધી ડેકન**). જનરલ કાંનગહેમ સેલાપુર તે ગુજરાતના કાઠીઆવાડમાં આવેલું વેરાવળ એમ કહે છે, પણ આ કહેવું ખરું નથી જણાતું. ઇબિલાપુર નામ ઉપરથી વિકૃત નામ સેલાપુર હોય એમ જણાય છે. ઇબ્બિલાપુર શબ્દ જુઓ.

**ओघवती**. ચિતાંગ નદીની એક શાખા અપગા તે. એ થાણેશ્વરથી દક્ષિણમાં પાસેમાં પાસે ત્રણ મૈલ ઉપર આવેલી છે (**મહાભારત, શલ્યપર્વ અ૦ ૫૮**). આ નદીના કિનારા ઉપર કુરુરાજાએ યજ્ઞ કર્યો હતો. પણ **વામનપુરાણ, અ૦ ૫૮** માં લખ્યા મુજબ પૃથૂદક ઓઘવતી ઉપર આવેલું છે. (**પૃથૂદક શબ્દ જુઓ**), એને પેહોઆ (**જુનુ પૃથૂદક**) માર્કંડા અને સરસ્વતીના સંગમ ઉપર આવેલું છે. (**પંજાબ ગેઝેટિયર–અંબાલા ડિસ્ટ્રિક્ટ ૧૮૮૪ પા૦ ૫**) એટલે ઓઘવતી તે અપગા એમ કહેવાય નહિ. આ નામ માર્કંડા નદીનું હોવું જોઇએ.

**आदन्तपुरी**. ઉદંડપુરી તે જ.

**ओद्र**. ઉદ્રા એ જ. ઓરિસા ( **બ્રહ્માંડપુરાણ, અ૦ ૨૭**). ઉત્કલ અને શ્રીક્ષેત્ર શબ્દો જુઓ. હિંદુ ધર્મનો પુનરોદ્ધાર થતાં પાંચમી અને છઠ્ઠી સદીમાં બૌદ્ધ લોકોનાં પવિત્ર સ્થળો હિંદુઓ પચાવી પડયા હતા. શૈવો ભુવનેશ્વર બથાવી પડયા હતા. વૈષ્ણવો પુરી લેઇ પડયા હતા. શાક્ત લોકોએ યાજપુર બંધાવ્યું હતું. શૌર અને દર્પણોએ કોણાર્ક કબજે કર્યું હતું. ( **આસીયા ડુંગરો પર આવેલુ "જુનુ" વિનાયક ક્ષેત્ર ગાણપત્યોએ લઇ લીધું હતું. ડા૦ મિત્રનું ઓન્ટકિવટિઝ ઓફ઼ ઓરિસા પુ૦ ૨. પા૦ ૧૮૪**). હિંદુઓએ બૌદ્ધોને આપેલી હેરાનગતિના વર્ણન સારુ એશિયાટક રિસર્ચ, પુ. ૧૫, પા. ૨૬૪; હંટરનું ઓરિસા પુ. ૧ પ્રકરણ ૫, ડા૦ મિત્રનું ઓરિસા પુ. ૨ ૨ પા૦ ૫૮. માધવાચાર્યનો શંકરવિજય અ. ૧ શ્લો. ૯૩; બૃહદ્ધર્મ પુરાણ, ઉત્તરખંડ અ૦ ૧૯ જુઓ. શાકલમાં બૌદ્ધ શ્રમણના માથા દીઠ પુષ્યમિત્ર સો દિનાર ઇનામમાં આપતો. (**આર્કિ સો૦ સ૦ રિપોર્ટ, ૧૮૬૩, પુ૦ ૨. પા૦ ૬૧, અને પુ૦ ૨. પા૦ ૧૦૩**). પરન્તુ ડા૦ રીસડેવિસ અને ડા૦ બ્યૂલરનો અભિપ્રાય એવો છે કે બૌદ્ધ લોકો ઉપર જુલમ ગુજારવામાં આવ્યો નહોતો.

Aho ! Shrutgyanam

(બુદ્ધિસ્ટ ઇંડિયા, પા૦ ૩૧૯). બ્રહ્મપુરાણ, અ૦ ૨૮, ૨૯, ૪૨ માં જણાવ્યા પ્રમાણે ઓદ્રની હદ ઉત્તરમાં વૃજમંડળ અને જયપુર સુધી હતી અને પુરુષોત્તમ અગર શ્રીક્ષેત્ર, સવિતૃ અગર અર્કક્ષેત્ર અને વૃજક્ષેત્ર જેમાં થઇને વૈતરણી નદી વહે છે એ ત્રણ ક્ષેત્રો એમાં આવેલાં છે.

**ओफिर**. સૌવીર, આભીર અને શુર્પારક શબ્દો જુઓ. ( બાઇબલ, ૧ કિંગ્સ, ૯, ૧૦). પણ કેટલાક લખનારાઓ માને છે કે આ સ્થળ હિંદુસ્થાનમાં નહિ પણ દક્ષિણ અરબસ્તાનમાં આવ્યું છે.

**ओरुकलु**. મધ્ય પ્રાન્તમાં આવેલું વરંગળ તે જ. (ડા૦ બર્નેલનું સાઉથ ઇન્ડિયન પેલિયોગ્રાફી, પા૦ ૫૫ ટિપ્પણી).

**ओरोबेरिस**. ગ્રીક લોકો જેને ઓરોબેટિસ કહેતા તે નવશેરાની પાસે લેંડાઇને ડાબે કિનારે આવેલું આર્બૂદ તે જ. આ સ્થળ પુષ્કલાવતીની પશ્ચિમે આવેલું છે. હિફાઇશન આમાં થઇને સિંધુ તરફ ગયો હતો. (મેકક્રિંડલનું ઇન્વેઝન ઓફ ઇંડિયા બાય અલેક્ષાંડર, પા૦ ૭૨),

**ओल्ला**. લાટનું બીજું નામ. (રાજશેખરની વિદ્ધશાલભંજિકા, અંક ૨ અને ૪). ઓલ્લા એ વલ્લભી અગર વલભીનું વિકૃત રુપ છે. એનું વર્ત્તમાન રુપ વળે અગર વળા છે. વલભી શબ્દ જુઓ.

**औंकार**. ઓંકારનાથ એ જ. (બૃહત્શિવપુરાણ, ૨ અ૦ ૩).

**औंकारक्षेत्र**. ઓંકરનાથ. ( બૃહત્શિવપુરાણ, ૨ અ૦ ૪).

**औंकारनाथ**. માંધાના નામનો નર્મદાનો બેટ જેમાં ઓંકારનાથનું દેવળ આવ્યું છે. મોરટકાના રેલ્વે સ્ટેશનથી ઇશાનમાં સાત મૈલ ઉપર, ખંડવાની વાયવ્યમાં બત્રીસ મૈલ ઉપર અને બરવાનીથી પૂર્વે છ મૈલ ઉપર આ સ્થળ આવેલું છે. મહાદેવનાં બાર જ્યોતિર્લિંગમાંનું આ એક ગણાય છે, (શિવપુરાણ ખં૦ ૧ અ૦ ૩૮). આ ટાપુના પૂર્વ છેડા ઉપર વીરખલ નામની ટેકરી ઉપર કાળભૈરવનું દેવળ આવેલું છે. પૂર્વે અહીં મનુષ્યનો ભોગ અપાતો. (ઇમ્પિરિયલ-ગેઝેટિયર). મહાદેવનાં દેવળો પૈકી આ દેવળ જુનામાં જુનું છે. (કેઇનનું પિક્ચરસ્ક ઇંડિયા, પા૦ ૩૯૭). આનું બીજું નામ માહિષ્મતી છે.

## क

**ककौथा**. કાસીઆથી નીચલે વાંસે આઠ મૈલ ઉપર છોટા ગંડકને મળનાર વહેળીઉં. ( કન્નિંગ્હામ એં૦ જ્યોગ્રાફી, પા૦ ૪૩૫). ગોરખપુર જીલ્લામાં ચિટિયોંથી દોઢ મૈલ પર પશ્ચિમે આવેલી ધાધી નદી તે આ, એમ કર્લાઇલનું કહેવું છે. કાકુસ્ટા શબ્દ જુઓ. (મહાપરિનિબ્બાન, સુત્ત, અ૦ ૪, અને આર્કિ૦ રિપોર્ટ, પુ૦ ૨૨). એરિયને કહેલું કકૌથિસ તે નેપાળમાં આવેલ વાઘમતી એમ લેસેનનુ માનવું છે. (મેકક્રિંડલ-"મેગેસ્થિનિસ અને એરિયન." પા.૧૮૦ ટીપ્પણ).

**कच्छ**. કચ્છ દેશ તે જ; એને કૌશિકી કચ્છથી ભિન્ન જણાવવા સારુ મરુકચ્છ કહેતા. બૃહત્સંહિતા, અ૦ ૧૪).

**कच्छ** (૨). ગુજરાતમાં અમદાવાદ અને ખંભાતની વચ્ચે આવેલું ખેડા, વેત્રવતી જેનું આધુનિક નામ વાત્રક છે, એ નદીને કાંઠે આ ગામ આવેલું છે.

**कच्छ** (૩). વખતે ઉચને પણ આ નામે ઓળખતા. શુદ્રક શબ્દ જુઓ.

**कच्छ** (૪). આસામમાં આવેલું કાચાર તે.

**कर्जांगर**. કજુઘીરા તે.

**कजुघीरा** ચંપાથી બાણુ મૈલ પર આવેલ કજરી તે. (બીલનો રિપોર્ટ-વેસ્ટર્ન કંટ્રી પુ૦ ૨, પા૦ ૧૯૩ ટિપ્પણી). કન્નિંગ્હેમ ચંપાથી ચાર, અગર ભાવલપુરથી સડસઠ મૈલ પૂર્વમાં

Aho ! Shrutgyanam

આવેલ કંકજોળ તે કજુધીરા એમ કહે છે. કજુધીરા તે કુબ્જાગ્રહનું વિકૃત્ર રૂપ છે. મોંગીર જીલ્લામાં આવેલું ઇસ્ટ ઇંડિયા રેલ્વેનું 'કજરા' સ્ટેશન તે યે વખતે કજુધીરા હોય. ત્યાંથી દક્ષિણ તરફ ત્રણ મૈલ ઉપર બૌદ્ધ સમયનાં ઘણાં ખંડિયેરો આવેલાં છે. તેમ જ ત્યાં ઉન્હા પાણીના પુષ્કળ ઝરા છે.

**कण्टद्वीप.** બંગાળાના બર્દવાન જીલ્લામાં આવેલું "કાટવા" તે જ (**મેકક્રિણ્ડનું મેગેસ્થેનીસ અને એરિયને વર્ણવેલું એન્શ્યંટ ઇંડિયા પા૦ ૧૮૭; વિલ્ફર્ડ "ઇન એરિયા, રેવ૦ ૫, પા૦ ૨૭૮**). એ વૈષ્ણવોનું પવિત્ર ધામ ગણાય છે. આ જગાએ ચાળીસ વર્ષની ઉમ્મરે ચૈતન્યે પોતાના પિતાના ઘરનો ત્યાગ કરીને દંડ ધારણ કર્યો હતો. કેશવ ભારતી નામના ગોસાંઇએ એમને સન્યસ્ત આપ્યું હતું. અહીં એક જુના દેવળમાં ચૈતન્યના સન્યસ્ત લેતી વેળા વપન કરેલા વાળ સાચવી રાખવામાં આવ્યા છે. મુર્શિદાબાદના નવાબ મુર્શિદકુલી-ખાનના નામ ઉપરથી કાટવાને મુર્શિદતાજ કહેતા. આજાઇ અને ભગીરથની વચ્ચે આવેલી ભૂમિ ઉપર કાટવાનો જૂનો કિલ્લો આવેલો હતો. અહીં અલીવર્દીખાને મરાઠાઓને હરાવ્યા હતા. **ભોળાનાથ ચુંડરનુ ટ્રાવેલ્સ ઓફ એ હિંદુ પુ૦ ૧; ચૈતન્ય ભાગવત મધ્યખંડ**). કાટવાથી દક્ષિણે ચૌદ મૈલ પર આવેલા દાદુર નામના ગામમાં ચૈતન્યના અક્ષરો સાચવી રાખ્યા છે. આ જ જગાનાં નામ કંટકદ્વીપ અને કંટકનગર હતાં. નામોમાં વિકૃતિયો થઇ કટદ્વીપ, કંટાદીઆ, અને કાટવા બન્યું છે. ચૈતન્ય ચરિતામૃતના લખનાર કૃષ્ણદાસ કવિરાજ કાટવાથી ઉત્તરે ચાર મૈલ પર આવેલા ઝામતપુરમાં રહેતા હતા. કાટવાથી નૈર્ઋત્યમાં સોળ મૈલ ઉપર વીરભોમ જીલ્લામાં આવેલા નાન્નુરમાં કવિ ચંડીદાસ જન્મ્યા હતા.

**कंटकद्वीप.** કટદ્વીપ શબ્દ જુઓ.

**कंटकनगर.** બંગાળામાં બર્દવાન જીલ્લામાં આવેલું કટવા તે. ચૈતન્ય ત્યાં પધાર્યા હતા. (**ચૈતન્ય ભાગવત મધ્ય૦ અ૦ ૨૦**) કટદ્વીપ શબ્દ જુઓ.

**कन्यातीर्थ.** કુરુક્ષેત્રમાં આવેલું તીર્થ વિશેષ.

**कन्यातीर्थ.** (૨). કાવેરી નદીના કાંઠા પર આવેલું તીર્થ વિશેષ.

**कन्यातीर्थ** (૩). કુમારી તીર્થ તે જ.

**कण्वाश्रम.** માલિની ( **હાલની ચુકા નદી** ) જે સહરાનપુર અને અયોધ્યાના પ્રગણાંઓમાં વહે છે તેને કિનારે આ આશ્રમ હતો. જે કણ્વ ઋષિએ શકુન્તલાને ઉછેરીને મોટી કરી હતી તેમનો આ આશ્રમ હતો. (**કાલિદાસ-શાકુન્તલ નાટક** ). કણ્વમુનિનો આશ્રમ હરદ્વારથી પશ્ચિમે ત્રીસ મૈલ પર આવેલી નાડપીઠ નામની જગા પર હતો. (**શતપથ-બ્રાહ્મણ૦ ૧૩, ૫-૪-૧૩. સેક્રેડ બુક ઓફ ધી ઇસ્ટ પુ૦ ૨૪ પા૦ ૩૯૯**).

**कण्वाश्रम** (૨). રજપુતસ્થાનમાં કોટાથી આગ્નેય કોણમાં ચાર મૈલ ઉપર ચંબલ નદીના કિનારા પર આવેલો આશ્રમ વિશેષ. (**મ૦ ભા૦ વનપર્વ, અ૦ ૮૨**); અગ્નિપુરાણ અ૦ ૧૦૯. આ કણ્વાશ્રમને ધર્મારણ્ય પણ કહેતા.

**कण्वाश्रम** (૩). નર્મદા નદીના કિનારા પર આવેલો આશ્રમ વિશેષ. (**પદ્મપુરાણ ઉત્તર અ૦ ૯૪**).

**कर्णकी.** નર્મદા કિનારે આવેલું નગર વિશેષ. (**બૃહત્ શિવપુરાણ**).

**कर्णकुब्ज.** કાઠીઆવાડમાં આવેલું જૂનાગઢ તે જ. સ્કંદપુરાણમાં, પ્રભાસખંડમાં કહ્યું છે કે એ અન્તરક્ષેત્રમાં આવ્યું છે.

**कर्णगंगा.** ગરવાલ પ્રગણામાં અલકનંદા નદીને મળનારી પેંડર નદી તે જ.

Aho ! Shrutgyanam

**कर्णपुर.** વર્ત્તમાન સમયમાં ભાગલપુરની પાસે આવેલું કર્ણગઢ તે જ. ( **ચંપાપુરી શબ્દ જુઓ**). ટાલેમીએ જેને કરતીનગર કહ્યું છે તે જ કર્ણગઢ એમ યૂલ કહે છે. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૮ પા૦ ૩૯૫**).

**कर्णसुवर्ण.** બંગાળામાં મુર્શિદાબાદ જીલ્લામાં બરહામપુરની દક્ષિણે છ મૈલ ઉપર ભાગીરથીના જમણા કિનારે આવેલું રાંગામાતી તે. " કાનસોના " ( **કુબ્જિકા તંત્ર, અ૦ ૭; જ૦ એ૦ સો૦ બં, ૪૨ પા૦ ૨૮૧**). પૂર્વે આદિસૂરના સમયમાં તે બંગાળાની રાજ્યધાની હતું. આદિસૂરની વિનતિ ઉપરથી કનોજના રાજા વીરસિંહે ભટ્ટ નારાયણ, દક્ષ, નૈષધ-ચરિતના લખનાર શ્રીહર્ષ, છાંદડ અને વેદગર્ભ નામના પાંચ વિદ્વાન બ્રાહ્મણોને વેદ વિધિ પ્રમાણે યજ્ઞ કરવા બંગાળામાં મોકલ્યા હતા.

વેણિસંહારનો લખનાર ભટ્ટ, નારાયણ પાલવંશના ધર્મપાલ રાજાના દરબારમાં હતો એમ કેટલાકનું મંતવ્ય છે. "કાનસોના" નામ પણ જૂનું થઇ ઘસાઇ ગયું છે. એ શહેર હાલ રાંગામાતી કહેવાય છે. કેપ્ટન લેયર્ડ કહે છે કે રાંગામાતી પૂર્વે કાંનસોનાપુરી કહેવાતું, અને એના મહેલના ઘણા ભાગનાં, તેમજ દરવાજાનાં અને કોઠાઓનાં ખંડેરો હાલ પણ જણાઈ આવે છે. જો કે હાલ એ જગ્યાએ વાવેતર થાય છે ( **જ૦ એ૦ સો૦ બં, પુ૦ ૨૨, ૧૮૫૩, પા૦ ૨૮૧**). કર્ણસુવર્ણ સશાંક કિંવા નરેન્દ્ર નામના છેલ્લા ગુપ્ત રાજાની રાજધાની હતું. આ રાજા છઠ્ઠી શતાબ્દિના પાછલા ભાગમાં બંગાળામાં રાજ કરતો હતો. એણે બૌદ્ધ લોકો ઉપર ઘણો જુલ્મ કર્યો હતો. એણે જ હર્ષચરિત્રમાં વર્ણવ્યા પ્રમાણે કનોજના રાજા હર્ષદેવ યાને શિલાદિત્ય બીજાના મોટાભાઇ રાજ્યવર્દ્ધનને દગાથી માર્યો હતો. કર્ણસુવર્ણનું રાજ ભાગીરથીની પશ્ચિમે આવેલું હતું અને હુગલી, બર્દ્ધવાન, બાંકરા અને મુર્શિદાબાદનો સમાવેશ એમાં થતો હતો. રાંગામાતીની ભોંયનો રંગ લાલ છે. એવી આખ્યાયિકા ચાલે છે કે રાવણના ભાઇ વિભિષણને એક ગરીબ બ્રાહ્મણે રાંગામાતીમાં જમવાને નિમંત્રણ આપ્યું હતું. એ સભ્યતાના ઉપકારમાં વિભીષણે ત્યાં સોનાનો વર્ષાદ વરસાવ્યો હતો. તેને લીધે એ જમીનનો રંગ લાલ છે.

(**રેવરંડ જે૦ લોંગના કલકત્તા રિવ્યુ પુસ્તક ૬ માં છપાયેલા " ભાગીરથીના કિનારા ઉપર " નામનો વિષય**) લંકાની જોડે મોતી અને કિંમતી જવાહિરોના વેપાર કરવાથી બંગાળાને ઘણો લાભ થયો હતો એ બતાવવાને આલંકારિક ભાષામાં કહેલી આ આખ્યાયિકા છે (**ક૦ અ, વા૦ ૧૮૯-૨૨૩**). ડાકટર વેડેલ ( **કાનસોન નગર**), કૅાસન નગર જે બંગાળામાં વર્ધમાનની પાસે આવેલું છે તે જ કર્ણસુવર્ણ એમ કહે છે. ( **ડા૦ વેડેલની અશોકની પ્રાચીન રાજધાની પાટલીપુત્રની બરોબર શોધ વા૦ ૨૭**).

**कर्णाट.** રામનદ અને શ્રીરંગપટ્ટણની વચ્ચે આવેલો કર્ણાટકનો ભાગ. એનું બીજું નામ કુંતલ દેશ છે, અને એની રાજધાની કલ્યાણપુરા છે. કુંતલદેશ શબ્દ જુઓ. તારાતંત્રમાં લખ્યા પ્રમાણે મહારાષ્ટ્ર તે એ જ. એની સીમા રામનાથથી શ્રીરંગમ સુધી હતી. કર્ણાટની રાજધાની દ્વારાસમુદ્રમાં હતી. વિજયનગરના રાજ્યને પણ કર્ણાટ કહેતા. ( **ઇમ્પિરિયલ ગેઝેટિયર આૅફ ઇંડિયા પુ૦ ૪**). પરન્તુ ઇમ્પિરિયલ ગેઝેટીઅરના સાતમા પુસ્તકમાં પા૦ ૩૭૭ ( ૧૮૮૦ ) માં મ્હૈસુર, કુર્ગ, કાનડા, અને હસ્તગત કરેલા જીલ્લાઓ એ બધાને કર્ણાટ દેશ કહ્યો છે. મ્હૈસુરનું રાજ્ય કર્નાટક કહેવાતું ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૧૨ પા૦ ૪૮૨**).

Aho ! Shrutgyanam

**कर्णावती**. બુંદેલખંડની કને નદી તે જ. (આર્કિ૦ સો૦ રિપોર્ટ પુ૦ ૨ અને ૨૧). પણ આ નામ કોઇ પણ પુરાણમાં ઉપલબ્ધ થતું નથી. "શ્યેની" અને "સુક્તિમતી" શબ્દો જુઓ.

**कर्णावती** (૨). ગુજરાત પ્રાન્તમાં આવેલું અમદાવાદ તે જ. અણહિલપટ્ટન અગર પાટણના સોળંકી રાજા કર્ણદેવે અગિઆરમા સૈકામાં વસાવ્યું હતું. (**ટૉનીના મેરુતુંગના પ્રબંધચિન્તામણિ** પા૦ ૮૦, ૯૭ ટિપ્પણી).

**कर्णिका**. કાવેરી નદીનો એક ફાંટો—કોલેરુન તે જ. આ બન્ને નદીઓ શ્રીરંગપટ્ટમની આસપાસ ફરી વળી છે. (**પદ્મપુરાણ**–ઉત્ત૦ વિ૦ અ૦ ૬૨).

**कर्त्रिपुर**. એ નામનું રાજ્ય. કયુમાઉન, આલ્મોરા, ગરવાલ અને કાંગ્રાનો એમાં સમાવેશ થતો. સમુદ્રગુપ્તે એ રાજ્ય જીત્યું હતું. ત્રિપુર અગર ટિપ્પેરા એ જ કર્ત્રિપુર, એવો મી૦ પ્રિન્સેપનો અભિપ્રાય છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭ પા૦ ૯૭૩) એનું બીજું નામ કત્રિપુર પણ હતું.

**कनक**. ત્રાવણકોર. મુષિક એ જ. ( **પદ્મપુરાણ** આદિ સ્વર્ગ અ૦ ૩; ગેરેટની **કલાસિકલ ડિક્શનેરી** ).

**कनकावती**. જમના નદી પૈશુની નદીની સાથે સંગમ કરે છે, ત્યાં એના દક્ષિણ તટ ઉપર આવેલા કોરુમ આગળથી સોળ માઇલ ઉપર આવેલું કંકોટા અથવા કનકકોટ એ જ. (ડા૦ **હોવનો 'કુશીનાર'ને અંગે લખેલો લેખ**. જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૦ પા૦ ૮૫; **ક્ષેમેન્દ્રનું બોધિસત્વાવદાન કલ્પલતા**. )

**कनखल**. હરદ્વારની પૂર્વે ગંગા અને નીલધારાના સંગમ આગળ બે મૈલ પર આવેલું નાનું ગામડું. પુરાણોમાં જેને દક્ષયજ્ઞ કહ્યું છે તે જ. ( **કૂર્મપુરાણ**–ઉ૦ ભા૦ અ૦ ૩૬; **વામનપુરાણ** અ૦ ૪ અને ૩૪). મહાભારતમાં આ સ્થળને એક તીર્થ તરીકે વર્ણવ્યું છે, અને યજ્ઞ હરિદ્વાર આગળ કર્યો હતો એમ કહ્યું છે. ( **મહાભારત**, વન૦ અ૦ ૮૪; શલ્ય અ૦ ૨૮૧). લિંગપુરાણમાં કનખલ ગંગાદ્વાર આગળ આવ્યું છે, અને દક્ષે ત્યાં યજ્ઞ કર્યો હતો એમ કહ્યું છે. **લિંગપુ૦** ભા૦ ૧ અ૦ ૧૦૦).

**कन्हगिरि**. મુંબઇ ઇલાકામાં આવેલું કેનેરી તે જ. કેનેરીના શિલાલેખમાં જણાવેલો કૃષ્ણ શૈલ તે એ. ( **રેપ્સનના આંધ્રવંશના શિલાલેખનું સૂચીપત્ર**. ઉપોદ્ઘાત પા૦ ૩૮ ).

**कनिष्कपुर**. શ્રીનગરની દક્ષિણે દસ મૈલ પર આવેલું કનિષ્કપુર અગર કામપુર તે. આ નગર કનિષ્કે વસાવ્યું હતું. કનિષ્કે ઇ. સ. ૭૮ માં બૌદ્ધોની મહાયાન મેળવી હતી. એનો શક ત્યારથી ચાલ્યો હતો.

**कपालमोचन तीर्थ**. વારાણસી, બનારસમાં આવેલું તીર્થ વિશેષ. ( **શિવપુરાણ** ભા૦ ૧. અ૦ ૪૯ ).

**कपालमोचन तीर्थ** (૨). માયાપુરમાં આવેલું તીર્થ વિશેષ. (**પદ્મપુરાણ**, ઉત્ત૦ અ૦ ૫૧).

**कपालमोचन तीर्थ** (૩). તામ્રલિપ્તા અગર તામલકમાંનું તીર્થ વિશેષ.

**कपालमोचन तीर्थ** (૪). ગુજરાતમાં સાબરમતીના તટ ઉપર આવેલું તીર્થ વિશેષ. (**પદ્મપુરાણ** ઉત્તર અ૦ ૫૩ ).

**कपालमोचन तीर्थ** (૫). સરસ્વતીને તીરે આવેલું તીર્થ વિશેષ. એને કુરુક્ષેત્રમાં આવેલું ઔસાનસ તીર્થ પણ કહ્યું છે. (**મહાભારત** શલ્યપર્વ અ૦ ૪૦ ) જનરલ કનિંગહેમ આ કપાલમોચન નામનું પવિત્ર સરોવર સરસ્વતીના પૂર્વ તટ ઉપર આધોરાથી અગ્નિ યમાં દસ મૈલ દૂર આવેલું છે એમ

Aho ! Shrutgyanam

છે. ( આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૧૪ પા૦ ૭૫-૭૭).

**कपिथ.** જનરલ કનિંગ્હેમે હ્યુએન્સ્યાંગે કરેલા વર્ણન ઉપરથી નક્કી કરેલું સંકિસ અગર સાંકાસ્ય તે. આ સ્થળ કનૌજના વાયવ્યમાં પચાસ અને અત્રાંગીથી આગ્નેયમાં ચાલીસ મૈલ પર આવેલું છે. (એન્શ્યંટ-જયોગ્રોફી પા૦ ૩૬૯ ).

**कपिलधारा.** નાસિકથી નૈઋતમાં ચોવીસ મૈલ ઉપર આવેલું સ્થળ વિશેષ. ત્યાં કપિલનો આશ્રમ હતો.

**कपिलधारा** (૨). અમરકંટકના પર્વતમાંથી નિકળ્યા બાદ નર્મદા નદીનો પહેલો ધોધ. નર્મદા નદીને દક્ષિણ તટે અમરેશ્વરના તીર્થ આગળ કપિલાસંગમ થાય છે. કપિલા શબ્દ જુઓ.

**कपिलवस्तु.** બુદ્ધ ભગવાનની જન્મભૂમિ. બસ્તી જીલ્લાના વાયવ્ય ભાગમાં ફૈઝાબાદથી ઈશાનમાં આસરે વીશેક મૈલ ઉપર આવેલું ભુલ તે જ આ, એમ કાર્લાઇલનું કહેવું છે. કપિલવસ્તુ ફૈઝાબાદથી ઘાઘરા અને ગંડકના સંગમ સુધી આ બન્ને નદીઓની વચ્ચે હતું એમ એ કહે છે. (આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૧૨, પા૦ ૧૦૮).

ઘાઘરા નદીની પેલી મેર અયોધ્યાના ઉત્તર વિભાગમાં રાપ્તી નદીની મોટી શાખા કોહાનની નજીક આવેલા ચાડો સરોવરના પૂર્વ કિનારા પર નગરખાસ તે જ કપિલવસ્તુ એમ જનરલ કનિંગ્હેમનું માનવું છે. ત્યાં આવેલું મોકશાન નામનું સ્થળ તે જ લુમ્બિની બાગ, અને ત્યાં બુદ્ધ ભગવાનનો જન્મ થયો હતો.

પણ ડા૦ વાડેલના સૂચવ્યા મુજબ, નેપાળની તિરાઇમાં ગોરખપુરની ઉત્તરે આવેલું નીગ્લીવા નામનું નેપાલી ગામડું છે ત્યાંજ કપિલ વસ્તુ આવેલું હતું એમ ડા૦ ફ્યૂરરનું કહેવું છે. આ સ્થળ બેંગાળ અને વેસ્ટર્ન રેલ્વેના ઉસ્કા નામના સ્ટેશનથી નૈઋત્યમાં આડત્રીસ મૈલ છેટે આવેલું છે. ભાગબનપુરથી બે મૈલ ઉતરે આવેલું પડેરીઆ નામે ગામ તે જ લુમ્બિનીવન એમ એમનું મન્તવ્ય છે. એમનાં-બુદ્ધ ભગવાનનાં માતૃશ્રી માયાદેવી તે કાળે કપિલવસ્તુથી કોલી જતાં હતાં, ત્યારે બુદ્ધ ભગવાનનો જન્મ લુમ્બિની બાગમાં સાલના ઝાડ નીચે થયો હતો.

પોતાના 'હિસ્ટ્રી ઓફ પ્રાચીન સંસ્કૃત લિટરેચર' નામના પુસ્તકમાં ૨૯૮ મે પાને પ્રો૦ મેક્ષમ્યૂલર કહે છે કે બુદ્ધ ભગવાનનો જન્મ મગધના શિશુનાગ વંશના બિંબિસાર રાજાના રાજ્યકાળમાં ઇ. સ. પૂર્વે ૫૫૭ માં થયો હતો; પરન્તુ પ્રો૦ લેસેનના મત પ્રમાણે અને લંકામાં જે સાલવારી અહેવાલ છે તે મુજબ બુદ્ધભગવાનનો જન્મ ઇ. સ. પૂર્વે ૬૨૩ માં અને મૃત્યુ ઇ. સ. પૂર્વે ૫૪૩ માં થયું હતું. ડા૦ફ્યુરરના મત પ્રમાણે કપિલવસ્તુનું ખંડેર પડેરીઆથી આઠ મૈલ દૂર આવેલું છે. પી. સી. મુકરજી એમણે એ પ્રદેશમાં શોધખોળ કરીને કપિલવસ્તુનું ખંડેર શોધી કાઢયું છે. નિગ્લીવાથી સાડાત્રણ મૈલ ઉપર આવેલા તિરાઇના પ્રાંતિક રાજકાર્યના તૌલવા નામના સ્થળથી ઉત્તરે બે મૈલ ઉપર આવેલું તિલૌરા નામનું સ્થળ છે તે જગાએ કપિલવસ્તુ હતું, એમ મુકરજી પ્રભુતીનું માનવું છે. વર્તમાન સમયમાં ચિત્રદેઇ, રામઘાટ, સંડવા અને તિલૌરા નામનાં ગામો આવેલાં છે, તે સઘળા વિસ્તારમાં કપિલવસ્તુ શહેર હતું. હાલના તિલૌરાની જગાએ કપિલવસ્તુનો કિલ્લો અને તેમાં આવેલો રાજમહેલ હતો. એ કિલ્લો બાણગંગાના પૂર્વ કિનારા ઉપર હતો. ભાગીરથી એ જ બાણગંગા. કેટલાક આધારભૂત લખનારાઓનો મત છે કે કપિલવસ્તુ ભાગીરથીના કિનારા પર આવેલું હતું.

Aho ! Shrutgyanam

રૂમ્મિન એ લુમ્બિનનું વિકૃત રૂપ હોઈ રુમ્મિનદેઇ તે જ લુમ્બિનીવન એમ કહે છે. આ રુમ્મિનદેઇ કપિલવસ્તુની પૂર્વે દસ મૈલ, ભાગલપુરથી બે મૈલ અને પડેરીઆથી એક મૈલ પર આવેલું છે. ત્યાં આગળથી મળેલા અશોકના સ્તંભો ઉપરના શિલા લેખ ઉપરથી આ બાબત બિલકુલ શંકાસ્પદ રહેતો નથી. એ શિલાલેખમાં " લુમ્મિની ગ્રામ " એવા સ્પષ્ટ શબ્દો મોજુદ છે. ત્યાં માયાદેવીનું દેવાલય છે. હાલનું વિપ્રરવા તે "શરકૂપ" એમ એમનું કહેવું છે. વિપ્રરવામાં એક સ્તૂપ છે. બુદ્ધભગવાનના મરણ પછી તેમના સ્મરણચિન્હ તરીકે વ્હેંચાયલા પદાર્થોમાંથી કપિલવસ્તુના શાકયોના ભાગ તરીકે એક અષ્ટમાંશ ભાગ મળ્યો હતો. પોતાને મળેલો આ હિસ્સો કપિલવસ્તુના શાકયોએ આ સ્તૂપમાં રાખ્યો હતો. એ જ ગૃહસ્થ કહે છે કે તિલૌરાથી પૂર્વમાં એક જોજન પર આવેલું અરૌરા એ જ કનકમુનિ–અગર કનગમન–બુદ્ધનું જન્મસ્થાનક શોભાવતી નગર; અને તિલૌરાથી દક્ષિણમાં ચાર મૈલ પર આવેલું ગુતિવા તે કકુચન્દની જન્મભૂમિ ક્ષેમવલિ-નગર, અને ગુતિવાથી પૂર્વે એક માઇલ ઉપર લોરીકુંડનની દક્ષિણે આવેલો મ્હોટો ડુંગરો સકુચી તે ન્યેગ્રોધનો વિહાર. કહેવાય છે કે આ જગ્યાએથી વિરધકે શાકયોની કત્લ કરી હતી. એ જગ્યાને સગરવા પણ કહે છે, જે તિલૌરા કોટથી ઉત્તરે બે મૈલ પર આવેલું છે. **(મુકરજીનું એન્ટિકિવિટિઝ ઇન ધી રિપોર્ટ નેપાળ પ્રકરણ ૬).**

બુદ્ધના પિતા શુદ્ધોદને ઉદાઈ ઉર્ફે કલુદને બુદ્ધને કાપલવસ્તુમાં આવવાની વિનતિ કરવા મોકલ્યો હતો. તે વખતે બુદ્ધ જ્યારે કપિલ વસ્તુમાં આવ્યા ત્યારે એઓ શ્રી ન્યગ્રોધ વાટિકામાં ઉતર્યા હતા. આ વખતે એમણે પોતાના પુત્ર રાહુલ અને પોતાના ઓરમાન ભાઇ નન્દને પોતાના ધર્મમાં લીધા હતા. આ ન્યગ્રોધાશ્રમ વિહારમાં જ એમણે પોતાનાં ઓરમાન મા પ્રજાપતિ અને બીજી રાજકુમારીઓને સાધ્વી થવાની ના કહી હતી. પાછળથી વૈશાલિમાં એમના શિષ્ય આનંદની વિનતિ ઉપરથી એ બધાંને સાધ્વી તરીકે સ્વીકાર્યાં હતાં. ગૌતમ બુદ્ધની પૂર્વે થઇ ગએલા ચોવીસ બુદ્ધોનાં નામ ટરનરે પ્રસિદ્ધ કરેલા મહાવંશની પ્રસ્તાવનામાં આપેલાં છે. શાકયજાતિમાં કોલિયનોની પેઠે જ, વજીઅનો અને વૈશાલિના વિચ્છિઓ, કુશિનારના માલાઓ અને પવના જેવું પ્રજા સત્તાક રાજ્યબંધારણ હતું. તેમનામાં એકને આગેવાન તરીકે ચૂંટી તેને રાજા કહેતા અને એ રાજ્ય ચલાવતો. તેઓ સંથાગાર નામે વિશાળ નગરગૃહમાં પોતાનું કામકાજ કરતા. બુદ્ધનો પિતા શુદ્ધોદન આવો જ પસંદ કરાયલો રાજા હતો. **(ડા૦ રીસ-ડેવિસ–બુધ્ધિસ્ટ ઇણ્ડિયા પા૦ ૧૯).** જેરુસલમમાં પયગંબર એઝિકિલ અને રાજા જોસિયા, લિડિયામાં એપિમોનિડિસ, ડ્રેકો, સોલન, ઇસોપ, પિથાગોરસ, એને ક્ષિપિંડર, પિસિસ્ટ્રેટસ; ઇજીપ્તમાં સેમિસ્કિસ, અને રોમમાં સર્વિઅસ ટૂલિઅસ એ હિંદુસ્થાનની બહારના દેશોમાંના બુદ્ધના સમકાલિનો હતા. અહાસેઇરસે બુદ્ધના નિર્વાણ પછીનાં ત્રીસ વર્ષ સુધી પોતાના દેશમાં રાજ્ય કર્યું હતું. **(સ્પેન્સ હાર્ડિની બુદ્ધની લિજંડ્સ અને થીઅરીઝ પ્રસ્તાવના પા૦ ૩૦).**

**कपिला.** પવિત્ર કુંડના પશ્ચિમ ભાગમાંથી નીકળીને નર્મદા નદીને બે મૈલ સુધી વહીને સીત્તેર ફીટની ઉંચાઇથી કપીલધારા નામે ધોધ રુપે પડે છે; મુળથી તે ત્યાં સુધીના ભાગનું નામ **આર્કિયોલોજીકલ સર્વેનું ટિપ્પણ પા૦ ૫૯; પદ્મપુરાણ અ૦ ૨૨).**



Aho ! Shrutgyanam

**कपिला (૨).** મ્હેસુર રાજ્યમાં આવેલી નદી વિશેષ. (**મત્સ્યપુરાણ અ૦ ૨૨ શ્લો૦ ૨૭**).

**कपिलाश्रम.** ગંગા નદીના મુખ આગળ સાગર-દ્વીપમાં આવેલો કપિલનો આશ્રમ. (**બૃહત્ ધર્મપુરાણ, મધ્યખંડ અ૦ ૨૨**). સાગર-દ્વીપમાં ઘણી ખાડીઓ અને ઘણા નાના બેટ આવેલા છે. તેમાંના એકમાં તેની આગ્નેય દિશાની તરફ કપિલમુનિના દેવળનું ખંડેર આવેલું છે. સાગરસંગમ જુઓ.

**कपिलाश्रम (૨).** ગુજરાતમાં આવેલું સિદ્ધપુર નામે નાનું શહેર.

**कपिशा.** હિંદુકુશના ઢળતા પ્રદેશ ઉપર ઓપિ-યનથી પશ્ચિમે દસ મૈલ પર આવેલું કુશન તે. વસ્તુતઃ કાબુલ નદીની ઉત્તરનો પ્રદેશ તે કપિશા કહેવાતો. ચીનાઇ મુસાફરોએ એને કિપિન કહ્યો છે. કાફિરસ્તાનની ઉત્તર સીમા ઉપર પંઝશીર અને તાગાઓની ખિણોમાંનો પ્રદેશ તે કપિશા એવો જુલિયનનો અભિપ્રાય છે. **બીલ આર. ડબલ્યુ. સી. પા૦ ૫૫ એન**).

પાણિનીએ "કાપિશા" કહ્યો છે તેજ આ પ્રદેશ છે. ટાલેમી કબુરા નદી અગર કાબુલ નદીની ઉત્તરે અઢી અંશ (**૧૫૦ મૈલ**) પર આવેલો પ્રદેશ તે કપિશા એમ કહે છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૦ પા૦ ૪૮૪**).

કાબુલ નદીની ઉત્તરે આવેલો ઉત્તર અફ-ઘાનીસ્તાનનો પ્રદેશ તે કપિશા એમ સર રામકૃષ્ણ ગોપાળ ભાણ્ડારકરનું કહેવું છે. **ઇં૦ એંટિ૦ પુ૦ ૧, પા૦ ૧૩૬**).

કપિશા નગરી એક કાળે ગાંધારની રાજ્ય-ધાની હતી. (**રેપ્સન એંટિકિવ-ઈંડિયા પા૦ ૧૪૧**).

અફઘાનિસ્તાન એજ કપિશા એમ નિર્ણિત થયું છે. (ઇં૦ એંટિ૦ પુ૦ ૧૮૭૨, પા૦ ૨૨).

**कपिशा (૨).** ઓરિસામાં આવેલી નદી સુવર્ણ-રેખા એ કપિશા એમ રઘુવંશ સર્ગ ૫ શ્લો. ૩૯ માં છે. લાસેનની ઇંડિ. એન્ટિ. માં આપેલા નકશામાં એમ જણાવ્યુંછે; પરન્તુ મી. પર્જીટર બંગાળના મિદનાપુર જિલ્લામાં વહેતી કાશાઇ નદી તે જ કાપિશા એમ જણાવે છે, એ ખરું છે. (**એંશન્ટ કંટ્રીઝ ઈન ઇસ્ટિર્ન ઈંડિયા, જ૦ એ૦ સો૦ બંગાળ પુ૦ ૬૬, ભા–૧, ૧૮૯૭ પા. ૮૫; મુકુન્દ-રામ ચક્રવર્તીની કવિ કંકણ ચંડી**).

**कपिवति.** રામગંગા નદીની ભાઇગુ નામની શાખા તે. (**લેસેનની ઇણ્ડિ Ale 2 પા૦ ૫૪૪; રામાયણ અયો૦ સર્ગ ૭૧**).

**कपिस्थळ.** કાપિસ્થળ તેજ. કાપિસ્થળ શબ્દ જુઓ.

**कबंध.** સારિકયુલનો પ્રદેશ અને તેની પામીરમાં તગ્દુમ્બાશમાં આવેલી રાજ્યધાની તશખુરઘાન. હ્યુન્શ્યાંગે એને "કી–પો–તો" એ નામે વર્ણવી છે. (**સર હેન્રી યુલને માર્કોપોલો પુ૦ ૧, પા૦ ૧૫૪, ૧૬૩, ૧૬૬, ડા૦ સ્ટીનનું "ખોળાનનાં રેતીમાં દટાયલાં ખંડિયેરો"** પા૦ ૭૨). કુપથ શબ્દ જુઓ.

**कर्कोटकनगर.** આલાહાબાદથી એકતાળીશ મૈલ ઉપર વાયવ્યમાં આવેલું તે જ. એ જગાએ શક્તિનો–પાર્વતીનો હાથ કપાઇ ગયો હતો તેથી એ શકિતપીઠ ગણાય છે. (**ફેયુરરનું એન્શ્યંટ મોન્યુમેંટ**).

**कर्कोटकनगर (૨).** પૂર્વ સમુદ્રને પેલે કાંઠે તામ્ર-લિપિની સામે આવેલું (**રકિયા**) આરા-કાનનું નામ હોય. પૂર્વ સમુદ્ર એટલે બંગાળાનો ઉપસાગર. (**કથાસરિત્સાગર ભા૦૧ અ૦ ૧૮૩ ટોનીકૃત ભાષાન્તર પુ. ૧ પા૦૧૩૬**).

**करतोया.** રંગપુર, દિનાજપુર અને લોહરા જીલ્લાઓમાં થઇને વહેતી પવિત્ર નદી વિશેષ. મહાભારતના સમયમાં એ નદી કામરુપ અને બંગાળાની સીમા ગણાતી. (**મહા૦ ભાર૦ વનપર્વ અ૦ ૮૫**). એના વહેણના પ્રદેશને પહેલાં પું કહેતા. (**સ્કંદપુરાણ**) અને કુરતી પણ કહે છે.

Aho ! Shrutgyanam

**करतोया (२).** ગંદમાદન પર્વતની પાસે આવેલી નદી વિશેષ. (મહા૦ ભા૦ અનુશા૦ અ૦ ૨૫).

**कर्दमाश्रम.** ગુજરાતમાંનું સિદ્ધપુર તે જ. ત્યાં પુર્વે કર્દમ ઋષિનો આશ્રમ હોઇ, ત્યાં તેમના પુત્ર કપિલમુનીનો જન્મ થયો હતો. વિષ્ણુભગવાનના અશ્રુજળ વડે ઉત્પન્ન થયેલા બિંદુ સરોવરના તટ ઉપર આ આશ્રમ આવેલો છે. (ભાગવત પુ૦ ત્રિજો સ્કંધ અ૦ ૨૧). અમદાવાદથી ચોસઠ મૈલ ઉપર વડોદરા રાજ્યના કડી પ્રાન્તમાં વહેતી સરસ્વતી નદીના ઉત્તર તટ ઉપર સિદ્ધપુર વસેલું છે.

**कमास्वती.** બંગાળામાં આવેલી 'કસાઇ' નદી તે. પરન્તુ "કપિશા" નદી શબ્દ જુઓ. મહાભારતમાં ભીષ્મપર્વ અ૦ ૯માં કહેલી "કોશા" યે હોય. કમશાવતી અને કસાઈ બે નામ જુદાં જુદાં આપેલાં છે. (કવિ કંકણ ચંડી પા૦ ૧૯૭).

**कर्मनाशा.** હિંદુઓનાં મંતવ્ય પ્રમાણે વિશ્વામિત્ર ઋષિના કૃપાપાત્ર ત્રિશંકુના પાપના સંસર્ગથી જેનું જળ પતિત બનેલું છે એવી નદી વિશેષ. (વાયુ પુ૦ અ૦ ૮૮ શ્લો. ૧૧૩) આ નદી પૂર્વે જેને બંગાળા પ્રાન્ત કહેતા હતા તેમાંના શાહબાદ જીલ્લાની પશ્ચિમ સીમારુપ છે. હાલ એ બિહાર અને સંયુકત પ્રાન્તની સીમા ગણાય છે, સરોદ નામના ગામના એક ઝરામાંથી નીકળે છે. (માર્ટિનનું ઇસ્ટર્ન ઇણ્ડિયા પુ૦ ૧, પા૦ ૪૦૦).

**कर्मनाशा (२).** વૈદ્યનાથમાં આવેલું એક નાનું વહેળીયું વિશેષ. ચિતાભૂમિ શબ્દ જુઓ.

**कम्बरीखोन.** ટાલેમીના લખાણ પ્રમાણે આ ગંગા નદીના ત્રીજા મુખનું નામ છે. આ નામ કુંભીરખાનમ ઉપરથી વિકૃત થયું છે. એનો અર્થ મગરોની ખાડી એવો થાય છે. બંગાળાના ખૂલના જીલ્લામાં આવેલી બંગરાની ખાડી તેજ. (નંદપાળ ડે કૃત "ગંગા નદીનાં જુનાં વહેણો" ઇણ્ડિયન એન્ટિકા ૧૯૨૧).

**कम्बीसन.** ટોલેમીના કહ્યા મુજબ ગંગા નદીનું છેક પશ્ચિમમાં આવેલું મુખ. આ નામ કપિલાશ્રમ ઉપરથી વિકૃત થયેલું જણાય છે. (નંદલાલ ડેનુ "ગંગા નદીનાં જુનાં મુખ" ઇં. એ. ૧૯૨૧).

**कममन्त.** બંગાળામાં ટીપરી જીલ્લામાં આવેલું કોમિલાની પાસેનું કમતા તે જ. ખડગના રાજાઓના કાળમાં એ સમતટની રાજ્યધાની હતું. (જ૦એ૦સો૦ બં૦ ૧૯૧૪ પા૦ ૮૭).

**कमलींक.** કોમિલ્લા. છઠ્ઠી સદીમાં અહીં ટિપરાની રાજધાની હતી. (વાયુપુ૦ ૨ ખંડ. અ૦ ૩૭ શ્લો૦ ૩૬૯). ચીનાઇ મુસાફર હ્યુન્સ્યાંગે ક્રિયાંમોલોકિયા કહ્યું છે તે પણ આજ હશે.

**करकल्ला.** સિંધમાં આવેલું કરાંચી તે જ. મેગેસ્થેનિસે એને કોકલ કહ્યું છે.

**करुरा.** કારુરા શબ્દ જુઓ.

**करुष.** એક પૂર્વમાં અને એક પશ્ચિમમાં એમ આ નામના બે દેશ ગણાવેલા છે. દંતવક્ત્રના રાજ્યને કરુષ કહેતા. (હરિવંશ અ૦ ૧૦૬). એ દેશ વિંધ્યાચળની પાછળ આવ્યો એમ પુરાણોમાં કહેલું છે. મહાભારતમાં કહ્યું છે કે આ દેશ મત્સ્ય અને ભોજ દેશની વચ્ચે આવ્યો છે. (ભીષ્મપર્વ અ૦ ૯). મી. પાર્જીટર એ દેશ કાશી અને વત્સાની દક્ષિણે પશ્ચિમે ચેદી અને પૂર્વે મગધની વચ્ચે આવ્યો હતો એમ કહે છે. તેમના મતાનુસાર કૈમુરની ડુંગરીઓ આ દેશમાં આવી હતી, એટલે સામાન્ય રીતે હાલનું રેવાનું રાજ્ય જ. (જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૯૪ પા૦ ૨૫૫, જ૦ એ૦ સો૦ ૧૯૧૪ પા૦ ૨૭૧, પાણિની સૂત્ર ૪-૧-૧૭૯). એને કારુષા પણ કહેતા.

**करुष (२)** બિહારમાં આવેલા શાહબાદ જીલ્લાનો શોણગંગા અને કર્મનાશા નદીઓની વચ્ચે

Aho ! Shrutgyanam

આવેલો દક્ષિણ ભાગ કરૂખ દેશ અગર કરુષ દેશ કહેવાતો. (**માર્ટિનનું ઇસ્ટર્ન ઇણ્ડિયા પુ. ૧ પા. ૪૦૫**). વેદગર્ભપુરી એટલે અર્વાચીન બક્ષાર કરુષમાં આવેલું છે. (**બ્રહ્માંડ-પુરાણ પૂર્વખંડ અ૦ ૫**).

**करुष** (૩). પુંડ્રને પણ કરુષ કહેતા. (**ભાગ૦ સ્કં૦ ૧૦ અ૦ ૬૬**).

**करवीरपुर**. મુંબાઈ ઇલાકામાં આવેલું કોલાપુર તેજ કરવીરપુર એમ મધુર કવિ શર્માના "અર્ચાવતાર સ્થળવૈભવદર્પણ" નામના ગ્રંથમાં કહ્યું છે; (**પદ્મપુરાણ ઉતરખંડ અ૦ ૭૪, રામદાસ સેનના 'ઐતિહાસિક રહસ્ય' આવૃ૦ ૩. ભા૦ ૨-પા૦ ૨૭૬**). **એ** સ્થાનના લોકો એને કર્વિર કહે છે. આ સ્થળે કૃષ્ણ પરશુરામને મળ્યા હતા, અને અહીંના શૃંગાળ નામના રાજાનો વધ કર્યો હતો. કૃષ્ણા નદીની શાખા વેણ્વ ઉપર આવેલું પદ્માવતી તે કરવીર એમ હરિવંશ અ૦ ૯ માં છે. આ સ્થળે મહાલક્ષ્મીનું દેવળ આવેલું છે. (**દેવી ભા૦ ૭, અ૦ ૩૦, ૩૮, મત્સ્ય પુ૦ અ૦ ૧૩**). અગિયારમા સૈકામાં એ સિલહાર રાજાઓની રાજ્યધાની હતું. (**સિલહાર રાજાઓના વંશની હકીકત સારૂ જુઓ એપિ૦ ઈન્ડિ૦ પુ૦ ૩, પા૦ ૨૦૮, ૨૧૧, ૨૧૩**). કોલાપુરનુ બીજું નામ ક્ષુલ્લકપુર હોય એમ એક શિલાલેખ ઉપરથી જણાય છે. **એપિ૦ ઇંડિ૦ પુ૦ ૩, પા૦ ૨૦૯**).

**करवीरपुर** (૨). બ્રહ્માવર્તની રાજ્યધાની. એ દૃશદ્વતી નદી ઉપર આવેલું હતું. (**કાળિકા-પુરાણ સ૦ ૪૮-૪૯**).

**करस्कर**. કારસ્કરનો પ્રદેશ દક્ષિણ હિંદુસ્થાનમાં આવેલો છે. (**મહા૦ ભાર૦ કર્ણપર્વ૦ અ૦ ૪૪, બૌધાયન ૧-૧-૨; મત્સ્ય પુ૦ ૧૧૩**). વખતે એ દક્ષિણ કાનડામાં આવેલ કારકળ પણ હોય. કારકળ મદ્રાસ પ્રાન્તમાં, દક્ષિણ કાનડામાં આવેલ છે. ત્યાં જૈન અને બૌદ્ધ યાત્રાસ્થળ બહુ હોવાથી યાત્રા-સ્થળ તરીકે એનો નિર્દેશ કર્યો હશે.

**कल्कि**. તીનાવેલીમાં તામ્રપર્ણી નદીના મુખ પાસે આવેલું ટયૂરિકોરિન તે જ. ટોલેમીએ એને સોસિકૌરાઇ કહ્યું છે. (**મેક-કિં. ટોલેમી પા૦ ૫૭**). એ પૂર્વે પાંડય રાજ્યની રાજ્યધાની હતું.

**कलडी**. કલડી અગર કલટી કેરલમાં આવેલ છે. શંકરવિજયમાં કહ્યું છે કે આ સ્થળે ખ્રિસ્તની સાતમી શતાબ્દિમાં શ્રી શંકરાચાર્યનો જન્મ થયો હતો. (**કેરલ શબ્દ જુઓ**). એમના પિતાનું નામ શિવગુરુ હતું. શ્રીમત્ શંકરા-ચાર્યને ગુરુ ગોવિંદ ગૌડપાદાચાર્ય નામના વેદાન્તીએ નર્મદા નદીને કિનારે સન્યસ્ત આપ્યું હતું. ગોવિંદનાથ પોતે ગૌડપાદા-ચાર્યના શિષ્ય હતા. (**શંકરવિજય અ૦ ૫૦ શ્લો૦ ૧૦૫**).

**कलकुण्ड**. પૂર્વે એમાં આવેલી હીરાની ખાણોને લીધે સુપ્રસિદ્ધ નિઝામના રાજ્યમાં આવેલું ગોલકંડા તે આ જગા; 'સર્વ દર્શન સારસગ્રહ' નામના ગ્રન્થના કર્તા માધવાચાર્યની જન્મ-ભૂમિ છે. માધવાચાર્યે બીજા બે ગ્રન્થો લખ્યા છે.

**कलहग्राम**. બંગાળાના ભાગલપુર પરગણામાં આવેલું કહલગાંવ અગર કોલગોંગ તે. આની પાસે આવેલા 'કહલી પહાડ' નામના પહાડ ઉપર પૂર્વે દુર્વાસા ઋષિ રહેતા હતા. એમના ઉગ્ર સ્વભાવને લઇને આ ગામનું આવું નામ પાડયું છે, એમ કહેવાય છે.

**कलापग्राम**. વિષ્ણુ ભગવાનના દસમા અવતાર કલ્કિયે મ્લેચ્છ રાજનો નાશ કર્યા પછી, પોતાને અનુક્રમે અયોધ્યા અને હસ્તિનાપુરનાં રાજ્ય મળે એ માટે સૂર્યવંશી રાજા મરુ અને ચન્દ્રવંશી રાજા દેવાપિયે જે સ્થળમાં તપ કર્યું હતું તે ગામ. (**કલ્કિ પુ૦ સ્કં૦ ૩, અ૦ ૫**). મહાભારતના મૌસલ પર્વ

Aho ! Shrutgyanam

અ૦ ૭, ભાગવત સ્કં૦ ૧૦, અ૦ ૫ શ્લો૦ ૭ અને બૃહન્નારદીય પુરાણ–ઉત્તરખંડ અ૦ ૬૬ પ્રમાણે કલાપગ્રામ બદ્રિકાશ્રમની પાસે હિમાલય ઉપર આવેલું હતું. વાયુપુરાણ અ૦ ૯૧ માં કહ્યા મુજબ કલાપગ્રામ હિમાલયના પ્રદેશમાં આવેલું હતું અને એ સ્થળે અપ્સરા ઉર્વશી પુરુરવા સાથે કેટલોક કાળ રહી હતી. ગરવાળમાં આવેલા બદ્રિનાથની પાસે અલકનંદાને મળતી સરસ્વતીના મૂળ પાસે કલાપગ્રામ આવેલું છે એમ કપ્તાન રેપરનું કહેવું છે. (એશિ૦ રી૦ પુ૦ ૧૧, પા૦ ૫૨૪).

**कलिंग**. ઓરિસાની દક્ષિણે અને દ્રાવિડની ઉત્તરે આવેલો સમુદ્ર કિનારાનો પ્રદેશ ઉત્તરસરકાર તે. જનરલ કન્નિંગહેમને મતે નૈઋત્યમાં ગોદાવરી નદી અને વાયવ્યમાં ઇન્દ્રાવતીની શાખા ગઓલિયાની વચ્ચે આવેલો પ્રદેશ તે. ((કન્નિ૦ પ્રા૦ ભૂ૦ પા૦ ૫૧૬). રેપ્સનના એન્સ્યંટ ઈંડિયા પા૦ ૧૬૪, મુજબ આ પ્રદેશ મહાનદી અને ગોદાવરી નદીની વચ્ચે આવેલો હતો. મણિપૂર, રાજપુર, અગર રાજમેન્દ્રી એ એમાં મુખ્ય શહેરો હતાં. (મહા૦ ભા૦ આ૦ અ૦ ૨૧૫, મહાત્મા૦ શા૦ અ૦ ૪). મહાભારતના સમયમાં ઓરિસાનો મોટો ભાગ કલિંગમાં ગણાતો. એની ઉત્તર હદ વૈતરણી નદી સુધી ગણાતી. મહા૦ ભા૦ વ૦ અ૦ ૧૧૩). કાલિદાસના સમયમાં ઉત્કલ (ઓરિસા) અને કલિંગ એ દેશો જૂદા ગણાતા. (રઘુવંશ અ૦ ૪). ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં અશોકના મરણ પછી થોડા જ સમય પછી એ દેશ મગધથી સ્વતંત્ર થયો હતો, તે ક્રમમાં ક્રમ કનિષ્કના સમય સુધી સ્વતંત્ર રહ્યો હતો.

**कलिंग नगर**. ઓરિસામાં આવેલા ભુવનેશ્વરનું પ્રાચીન નામ. સાતમા સૈકામાં લલાટેન્દુ-કેસરીના સમયમાં આ નામ ફેરવીને ભુવનેશ્વર નામ રાખવામાં આવ્યું હતું. ઇ. સ. પૂર્વે છઠ્ઠા સૈકાથી તે પાંચમા સૈકાના મધ્ય સુધી આ નગર ઓરિસાની રાજ્યધાની હતું. (મિત્ર એંટિક્વી–ઓરિસા પુ૦ ૨, પા૦ ૬૨ અને દશકુમાર ચરિત્ર પ્ર૦ ૭). હાલ જેને મુખલિંગમ્ કહે છે તે જ. એ યાત્રાનું સ્થળ છે. ગંજમ પ્રગણામાં પરલ-ખિમેદીથી વીસ મૈલ ઉપર આવેલું છે. (એપિ૦ ઇંડિ૦ પુ૦ ૩, પા૦ ૨૨૦). આ જગામાં ઘણાં બૌદ્ધ અને હિંદુ ખંડેરો છે. મધુકેશ્વર મહાદેવનું દેવળ જુનામાં જુનું છે, અને સોમેશ્વર મહાદેવનું દેવળ સુંદરમાં સુંદર છે. આ બન્ને જુનાં દેવળોમાં હાલ પણ કોરણી બહુ ઉત્તમ પ્રકારની છે; તેમજ એમાં ઘણા શિલાલેખો મોજુદ છે. જોડે આવેલા નગર કટાકમમાં પણ કેટલાંક મનો-રંજક ખંડેરો અને બુદ્ધ ભગવાનનું પૂતળું છે. પણ કલિંગના રાજા ઇન્દ્રવર્માના પાર-લખિમેદીના શિલાલેખો ઉપરથી જણાય છે કે કલિંગ નગરનું નામ કલિંગપટ્ટમ હતું. અને એ ગંજામમાં આવેલી વંશધારા નદીના મુખ પાસે આવેલું હતું. કંસા નદી તે કસાઇ નદીથી જુદી; પણ જણાય છે કે સામાન્યતઃ કલિંગની રાજ્યધાનીનાં નગર તે કલિંગનગર, મણિપુર, રાજપુર, ભુવનેશ્વર, પિષ્ટપુર, જયન્તપુર, સિંહપુર અને મુખલિંગ વગેરે શહેરોમાં જુદે જુદે સમયે રાજ્યધાની હતી.

**कलिन्द देश**. હિમાલય પર્વતની "વાંદરપુચ્છ ગિરિમાળા"માં આવેલો પહાડી મુલ્ક. જમના નદીનું મૂળ અહીં આગળ છે. એ ઉપરથી જમનાનું કાલિંદી નામ પડયું છે. એને કુલિંદ દેશ પણ કહેતા. કાલિંદગિરિને યામુન પર્વત પણ કહે છે. (રામાયણ કિષ્કિ૦સ૦ ૪૦).

**कल्याणपुर**. નિઝામના રાજ્યમાં બિડરથી પશ્ચિમે છત્રીસ મૈલ પર આવેલ કલ્યાણ અગર કલ્યાણી તેજ. એ કુંતળ દેશની રાજ્યધાની

Aho ! Shrutgyanam

હતું. (કુંતળદેશ શબ્દ જુઓ). ઇ. સ. સાતમા સૈકાના આરંભમાં ચાલુકય રાજાઓની બે મુખ્ય શાખાઓ હતી. પશ્ચિમ દખ્ખણમાંના તે પાશ્ચમાત્ય ચાલુક્યો અને પલ્લવના કૃષ્ણા અને ગોદાવરીની વચમાં આવેલા પૂર્વ ભાગના તે પૌર્વાત્ય ચાલુકયો. (**રેપસનના ઇંડિ૦ કોઇન. પા૦ ૩૭**). અગિયારમા સૈકામાં દક્ષણના પછવાડેના થઇ ગએલા એક ચાલુકય રાજાએ આ અહવમલ્લ અગર સોમેશ્વર શહેર વસાવ્યું હતું. એ રાજાએ પોતાની રાજ્યધાની માન્યખેત (**માલખેત**)થી અહીં આણી હતી. ડા. ભાણ્ડારકરનો દક્ષિણનો ઇતિહાસ અં૦ ૧૨; પણ ઇણ્ડિયન એન્ટિ૦ પુ૦ ૧, પા૦ ૨૦૯ જુઓ. મિતાક્ષરાના લખનાર વિજ્ઞાનેશ્વર પહેલા સોમેશ્વરના બીજા દિકરા બીજા ત્રિભુવનમલ્લ વિક્રમાદિત્યના દરબારમાં હતા. આ રાજાએ ઇ. સ. ૧૦૭૬ થી ૧૧૨૬ સુધી રાજ્ય કર્યું છે; અને એ ચાલુકય વંશનો પ્રતાપીમાં પ્રતાપી રાજા હતો. (ડા૦ **બર્નેળની સાઉથ ઇણ્ડિયા પેલીઓગ્રાફી. પા૦ ૫૬**). અગિયારમા સૈકામાં આ જ રાજાના દરબારમાં બિલ્હણ પણ હતો. બિલ્હણે ઇ. સ. ૧૦૮૫ ના અરસામાં વિક્રમાંક દેવચરિત્ર લખેલું હતું. (ડા૦ **બ્યુલરની વિક્રમાંક દેવચરિતની પ્રસ્તાવના પા૦ ૨૩**). કલ્યાણના રાજા કર્ણાટના રાજા કહેવાતા. વરાહપુરાણમાં કહ્યા મુજબ કલ્યાણનો છેલ્લો રાજા બીજલરાય જૈન મતાવલંબી હતો. શૈવમતના લિંગાયત અથવા જંગમપંથનો સ્થાપનાર વાસવ આ રાજાનો મંત્રી હતો. આ રાજાએ લિંગાયતોની બહુ સતામણી કરી હતી. વાસવની સૂચના ઉપરથી જગદેવ નામના લિંગાયતે એના મહેલમાં જ બીજલને મારી નાંખ્યો હતો. રાજાના મૃત્યુ પછી માંહોમાંહના ઝઘડાને લઇને કલ્યાણનો અસ્ત થયો હતો. (જુઓ **ગેરેટની ક્લાસિકલ ડિકસ્નેરી ઓફ ઇણ્ડિઆ, વાસવપુરાણ, વિલ્સનનું મેકેન્ઝીનું કલેકશન પા૦ ૩૧૧-૩૧૨**). કામચુરીઓની પડતી પછી કલ્યાણમાંથી રાજ્યધાની ગઇ હોય એમ જણાય છે.

**काकनाद**. એમાં આવેલા બુદ્ધના (topes) સ્તૂપોને લીધે સુપ્રસિદ્ધ સાંચી તે જ. એ ભોપાળના રાજ્યમાં આવેલું છે. સ્વ૦ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીતે પ્રથમ ખોળી કાઢયું હતું કે કાકનદ એ સાંચીનું જુનું નામ છે. (**કોર્પસ ઇન્સ્કિપ્સનમ ઇંડિકેરમપુ૦ ૩. પા૦ ૩૧**).

**कान्तिपुरी**. ગ્વાલિયરની ઉત્તરે વીસ મૈલ ઉપર આવેલું તે જ કાન્તિપુરી એમ કનિંગ્હેમનું કહેવું છે. (**સ્કં૦ પુ૦ નાગર ખં૦ અ૦ ૪૭; આર્કિ૦ સર્વે૦ રીપોર્ટ પુ૦ ૨. પા૦ ૩૦૮**).

**कान्तिपुरी** (२). નેપાળના ખટમંડુનું જુનું નામ કાન્તિપુર અગર કાન્તિપુરી હતું એમ રાઇટનું કહેવું છે. (**નેપાળનો ઇતિહાસ પા૦ ૯ અને ૧૫૪**).

**कान्तिपुरी** (३). વિષ્ણુપુરાણ (**ખં૦ ૪. અ૦ ૨૪**) માં પ્રયાગની પાસે ગંગા નદી ઉપર કાન્તિપુરી હતું એમ લખ્યું છે.

**कान्यकुब्ज**. મધ્ય પ્રાન્તના ફરૂખાબાદ જીલ્લામાં કાલી નદી અને ગંગાના સંગમની ઉપવાસે ૭ મૈલ ઉપર કાલી નદીને કિનારે આવેલું કનૌજ તે. બૌદ્ધના કાળમાં બીજા અગર દક્ષિણ પાંચાલની રાજ્યધાની હતું. (ડા૦ **રિસડેવિડસનું બુદ્ધિસ્ટ ઇંડિયા પા૦ ૨૭**). દશમી સદીમાં પણ ત્યાં રાજ્યધાની હતી. (**રાજશેખરની કર્પુરમંજરી, અં-૩**) એ ગાધી રજાની રાજ્યધાની હતું. ત્યાં વિશ્વામિત્ર જનમ્યા હતા. (**રામા૦ બાળ૦ કાંડ.**) આ જગાએ બુદ્ધભગવાને મનુષ્યજીવનના અશાશ્વતપણા સંબંધી બોધ કર્યો હતો. પાંચમી સદીના આરંભમાં અને સાતમી

Aho ! Shrutgyanam

સદીના મધ્યમાં ચીનાઇ મુસાફરો ફાહ્યાન અને હ્યુંગ્સ્યાંગ અનુક્રમે અહીં આવી ગયા છે. ઈ. સ. ૬૩૬ માં જ્યારે હ્યુંગ્સ્યાંગ આવ્યો ત્યારે અહીં હર્ષવર્ધન યાને બીજો શિલાદિત્ય રાજ્ય કરતો હતો. આ રાજા પયગમ્બર મહમદનો સમકાલિન હતો. એણે ઇ. સ. ૬૦૬ માં વર્ષ સંવત્ ચલાવ્યો હતો. પરંતુ પ્રો૦ મેક્ષમુલર કહે છે કે હર્ષવર્ધને ઇ સ. ૬૧૦ થી ૬૫૦ સુધી રાજ્ય કર્યું હતું. હઝરત પયગમ્બર ઇ. સ. ૬૨૨ માં મદિનાથી નાશી ગયા હતા. તે વખતથી હિઝરી સન ચાલુ થયો છે. આ રાજાના દરબારમાં 'હર્ષચરિત' અને 'કાદમ્બરીનો' કર્ત્તા બાણભટ્ટ, 'નાગાનન્દનો' ખરો કર્ત્તા ધાવક અને વેસ્સાન્તર જાતકની પદ્યરચના કરનાર ચન્દ્રાદિત્ય થઇ ગયા છે. કનૌજના રાજા યશોવર્માના દરબારમાં સુપ્રસિદ્ધ ભવભૂતિ થઇ ગયો છે. (સ્ટીનની 'રાજતરંગણી' ૧. પા૦ ૧૩૪); લલિતાદિત્યે કનૌજ જીત્યા પછી એની સાથે ભવભૂતિ કાશ્મિર ગયો હતો. લલિતાદિત્યનો સમય ૬૭૨ થી ૭૨૮ સુધીનો છે. જયચન્દ્રની વિનંતિ ઉપરથી શ્રીહર્ષે નૈષધચરિત લખ્યું હતું. જયચન્દ્રના પૂર્વજોને અંગે બંગાળાની એસિયાટિક સોસાટીના જરનલમાં ૧૮૪૧ માં ૯૮ માં પાને છપાયલો તામ્રપત્રનો લેખ જુઓ. પૂર્વે કનૌજમાં મૌખરી રાજાઓની રાજ્યધાની હતી. હર્ષવર્ધને પોતાની રાજ્યધાની થાણેશ્વરથી અહીં આણી હતી. શહેરના નૈઋત્યમાં હાલ જે ભાગને લાલામિસરતોલા કહે છે તે ભાગમાં પૂર્વે સાધુઓના ત્રણ મોટા વિહારો હતા. આમાંના એક વિહારમાં બુદ્ધભગવાનનો દાંત રાખવામાં આવ્યો હતો. (કનિંગહેમ આર્કિ૦ સર્વે રિપોર્ટ ૧. પા૦ ૨૯૨) કાન્યકુબ્જમાં વામન ભગવાનનું સુપ્રસિદ્ધ દેવળ આવેલું હતું. (પદ્મપુ૦ સૃષ્ટિ અ૦ ૩૫; ઉત્તર અ૦ ૫૬). નૈઋત્યમાંના કિલ્લાના ત્રિકોણાકાર ખૂણામાં પુરાતન હિંદુ મહેલનો રંગમહાલ આવેલો છે. કિલ્લાના અવશેષો અદ્યાપિ કાયમ છે. આ મહેલ અજયપાળે બંધાવ્યો કહેવાય છે. અજયપાલને ઇ. સ. ૧૦૨૧ માં મારી નાંખવામાં આવ્યો હતો. પૃથ્વિરાજે વખતે આ જ મહેલમાંથી સંયુક્તાનું હરણ કર્યું હોય. (ભવિષ્યપુ૦ પ્રતિસર્ગ ૫, ભાગ ૩ અ૦ ૬).

**कान्यकुब्ज (२).** કાવેરી નદીના કિનારા ઉપર પાણ્ડયની રાજ્યધાની ઉરગપૂર (ચુરાઇપુર) આવેલું છે. એ પ્રદેશમાં આવેલી કાવેરી નદીનું નામ કાન્યકુબ્જ નદી હતું. (મલ્લિનાથની રઘુવંશ કાવ્ય ઉપરની ટીકા. સર્ગ ૬. શ્લોક ૫૯).

**कापीस्थल.** આને કપીસ્થળ પણ કહેતા. અલ્બરુનીએ આને કવિસ્થળ કહ્યું છે. (અલ્બરુનીનું ઇણ્ડિયા પુ૦ ૧. પા૦ ૨૦૬). વિકૃત થઇને આ નામ કૈથળ બન્યું છે. પંજાબના કરનાલ જીલ્લામાં આવેલું કૈથળ તે. બૃહત્સં૦ અ૦ ૧૪ શ્લો૦ ૪ માં આને કાપીસ્થળ કહ્યું છે. એરિયાને તેને "કામ્બિસ્થોલોઇ" કહ્યું છે તે જ. યુધિષ્ઠિરે આની વસાહત કરી હતી એમ કહેવાય છે. આ ગામની વચ્ચોવચ્ચ મોટું સરોવર આવેલું છે.

**कामाश्रम.** બલિયા જીલ્લામાં કોરંટેડિથી ઉત્તરે આઠ મૈલ પર આવેલું કારોન તે. પોતાના ત્રીજા નયનમાંથી અગ્નિની જ્વાળા કાઢીને શ્રી મહાદેવે આ સ્થળે મદન–કામદેવને બાળી નાંખ્યો હતો. (રામા૦ બાળ૦ સર્ગ. ૨૩). પૂર્વે એ સરયૂ અને ગંગાના સંગમ ઉપર આવેલું હતું, પરંતુ હાલ સરયૂ પોતાનું પાત્ર બદલીને પૂર્વ તરફ ઘણી દૂર ગઇ છે. હાલ સરયૂ નદી સરનમાં આવેલા ચપરાની પૂર્વમાં આઠ મૈલ પર આવેલા સિંઘીની પાસે ગંગા નદીનો સંગમ કરે છે. આ સ્થળે કામેશ્વર-

Aho ! Shrutgyanam

નાથ મહાદેવનું દેવળ છે. એ મહાદેવને કૌલેશ્વરનાથ મહાદેવ પણ કહે છે. રઘુવંશમાં વર્ણવેલું મદનતપોવન તે આ. (રઘુવ૦ સ૦ ૨. શ્લો૦ ૧૩ ). પરંતુ સ્કંદપૂરાણના અવંતીખંડમાંના અવંતીક્ષેત્ર મહાત્મ્યના. ૩૪ અધ્યાયમાં આ કામદહનનો પ્રસંગ હિમાલયના દેવદારુવનમાં બન્યો એમ કહ્યું છે.

**कामकोष्टी.** મદ્રાસ પ્રાન્તમાં આવેલું કુમ્ભકોનમ તે જ. એ પૂરાતન ચૌલ રાજ્યની રાજ્યધાની હતું. ( ભાગ૦ દશમ૦ અ૦ ૭૯; ચૈતન્ય ચરિતામૃત મધ્ય૦ અ૦ ૯; બુદ્ધિસ્ટ ટેક્ષ સોસાઇટી જરનલ ચૈતન્ય ચરિત્ર પા૦ ૪૩ ). પરંતુ આ નિર્ણય શંકાસ્પદ છે.

**कामकोस्टी.** કામાખ્યાનું બીજું નામ. (બૃહત્ધર્મપુરાણ પૂર્વ૦ અ૦ ૧૪ ).

**कामकोस्टी** (૨). કામકોષ્ટી તે જ.

**कामकोष्टी.** કામાખ્યા તે જ. ( બૃહત્ધર્મપુરાણ પૂર્વ૦ અ૦ ૧૪ ).

**कामकोरणी.** કામકોસ્ટી તે જ.

**कामगिरि.** કામાખ્યા શબ્દ જુઓ. ( દેવી ભા૦ અ૦ ૮ શ્લો૦ ૧૧ ).

**काम्बोज.** અફઘાનીસ્તાન. અફઘાનીસ્તાનના ઉત્તર વિભાગનું તો આ નામ હતું જ. ( માર્કં૦ પુ૦ અ૦ ૫૭ અને મનુ૦ અ૦ ૯૦ ). અફઘાનીસ્તાનના પૂર્વ ભાગને કામ્બોજ કહેતા એમ ડા૦ સ્ટીનનો મત છે. (રાજતરં૦ પુ૦ ૧. પા૦ ૧૩૬ ). અફઘાનીસ્તાન તે "અશ્વકાન"નું વિકૃત રુપ છે. એને એરિયન "આસ્સાકેનોઇ" કહે છે. ( મેકક્રિણ્ડલનું મેગસ્થેનિસ અને એરિયન પા૦ ૧૮૦ ). એ ત્યાંના ઘોડાઓને માટે પ્રખ્યાત હતું. (મહાભા૦ સભાપર્વ અ૦ ૨૬ અને ૫૧). એની રાજ્યધાની દ્વારકા હતું. આ દ્વારકા તે કાઠીઆવાડના દ્વારકાથી અલગ. ( ડા૦ રિસ ડેવિડનું બુધિસ્ટ ઇણ્ડિયા પા૦ ૨૮ ). "લોહા" શબ્દ જુઓ. હાલ હિંદુકુશ ઉપર વસતી શિયાપોશ જાતિ પ્રથમ કામ્બોજથી ઉતરેલી છે. ગિરનાર અને ધૌલીના શિલાલેખોમાં કામ્બોજનું નામ કમ્બોય આપેલું છે, અને વિલ્ફર્ડના અભિપ્રાય મુજબ કમ્બોજની ગણત્રી ગજનીના પર્વતમાં થતી. (જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮ પા૦ ૨૫૨ અને ૨૬૭).

**कामरुप.** આસામ. ઉત્તરે આવેલું ભૂતાન એમાં ગણાતું, દક્ષિણે એની હદ બ્રહ્મપુત્ર, લાખ્યા અને બંગના સંગમ સુધી હોઇ મણિપુર, જયંતિ, કાચાર તેમ જ મૈમનસિંધ અને સિલ્હેરના કેટલાક ભાગ એમાં આવેલા છે. ( બુશાનનું એકાઉંટ ઓફ રંગપુર. જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮ પા૦ ૧ ) કામરુપના રાજાનો પરગણાનો મહેલ રંગપુરમાં આવેલો હતો. એ રંગપુર પણ આસામમાં આવ્યું હતું. (એકાઉંટ ઓફ રંગપુર પા ૨). હાલનું કામરુપ પ્રગણું ગોવાળપારાથી ગૌહટી સુધી આવેલું છે. એની રાજ્યધાનીને પુરાણોમાં પ્રાગ્જ્યોતિષ કહેલી છે. ( કાલીકાપુરાણ અ૦ ૩૮ ). કામાખ્યા અગર ગૌહટી તે જ પ્રાગ્જ્યોતિષ એમ જ૦ રો૦ એ. સ. ૧૯૦૦ પા૦ ૨૫ મે કહ્યું છે. નીલકૂટ પર્વત અગર નીલટેકરી ઉપર કામાખ્યા દેવીનું પ્રસિદ્ધ દેવાલય આવેલું છે. કામાખ્યા એક દેવીપીઠ ગણાય છે. ( કાલિકાપુરાણ અ૦ ૬૨ ). એ ગૌહટીથી બે મૈલને અંતરે આવેલું છે. નીલધ્વજ રાજાએ કોમાટાપુર નામે બીજી રાજ્યધાની સ્થાપી હતી. કુચબિહારમાં આવેલું હાલનું કમતપુર તે જ આ કોમાટાપુર. (ઇમ્પરિયલ-ગેઝેટ રંગપુર પ્રગણાનું વર્ણન ). અહીં બ્રહ્મપુત્રને સામે કાંઠે બ્રહ્મપુત્રની ઉત્તરે અશ્વકાન્તા પર્વત નામે ટેકરી આવેલી છે, આ સ્થળે શ્રી કૃષ્ણે નરકાસુરની સાથે યુદ્ધ કર્યું હતું કહેવાય છે. બૃહત્ ધર્મપુરાણ મધ્યખંડ

Aho ! Shrutgyanam

અ૦ ૧૦; અને બ્રહ્મપુરાણ અ૦ ૫૧; જ. રે. એ સો. ૧૯૦૦ પ ૨૫). નરકાસુરને પુત્ર ભગદત્ત દુર્યોધનના પક્ષનો હતો. (મહભા૦ ઉદ્યોગ૦ અ૦ ૪). નરકાસુરના અનુયાયીઓને લગતી કેટલીક દંતકથાઓ યોગીનીતંત્રના પૂર્વખંડના અ૦ ૧૨ માં જળવાઇ રહી છે. મયણાવતીના પુત્ર ગોપીચન્દ્ર અને તેમના પુત્ર ગવચન્દ્રની વાતો, જ. એ. સો. બં. ૧૮૩૮ ના પા૦ ૫ માં આપેલી છે તે જોવી. તેરમા સૈકાના આરંભમાં પૂર્વમાંથી અહોમ રાજાઓ આસામમાં આવ્યા હતા. કારણ કે મોગલોએ ચીની પાદશાહતનો ધ્વંશ કર્યો હતો. જે સમયે ચુકાફાએ આવીને આસામમાં રાજ્ય સ્થાપ્યું તેની સહેજ પહેલાં કુબ્લાઇ-ઓએ ચીનમાં તરત જ રાજ્ય જમાવ્યું હતું. (જ. એ. સો. બં. ૧૮૩૭ પા૦ ૧૭). "અહોમ" નામ વખતે નરકાસુરના વંશજો "ભૌમ"નું વિકૃત રુપ યે હોય. (કાલિકાપુરાણ અ૦ ૩૯). મુસલમાની રાજ્યકાળના કામરુપના ઇતિહાસ સારૂ એસિયાટિક રીચર્સ પુ. ૨ જુવો. તામ્રેશ્વરી દેવી જેને બુશાન પૌર્વાત્ય કામાખ્યા કહે છે તેનું દેવળ જુના કામરુપની ઇશાનની હદની પાસે દલ્પની નદીને તીરે આવેલું છે. આ દેવળને તામ્ર–તાંબાનું–દેવળ પણ કહે છે. (જ. એ. સો. બં. પુ. ૧૭ પા૦ ૪૬૨).

**काम्यकवन.** મહાભારતમાં કહેલું કામ્યકવન સરસ્વતીને તીરે આવેલું હતું. (મહાભા૦ વન૦ અ૦ ૫; વામનપુરાણ અ૦ ૩૪). એ કામ્યકવન મથુરા પ્રાન્તમાં આવેલા કામ્યકવનથી જુદું છે. પૂર્વે કુરુક્ષેત્રમાં આવેલું કામ્યકવન સૃષ્ટિસૌન્દર્યથી ભરપુર હતું. (વામનપુરાણ અ૦ ૩૪ શ્લો. ૩૪). યુધિષ્ઠિરે જુગારમાં રાજગાદી ગુમાવ્યા પછી પાંડવો જ્યારે આ વનમાં રહેતા હતા ત્યારે તેમની પત્ની દ્રૌપદી જે સ્થળે પોતાના પતિયોને સારૂ પાક નિપજાવતી તે સ્થળને હાલ "દ્રૌપદી કા ભંડાર" નામે ઓળખાવાય છે. હાલ થાણેશ્વરથી આગ્નેયમાં ૭ મૈલ ઉપર આવેલ એ સ્થળ કામોદ કહેવાય છે. (આર્કો. સો. રીપોર્ટ પુ. ૧૪).

**कामाख्या.** આસામમાં આવેલું સ્થળ વિશેષ. કામરુપ શબ્દ જુઓ (બૃહત્ ધર્મપુરાણ૦ અ૦ ૧ શ્લો. ૧૪).

**कामाख्या.** (૨) પંજાબમાં દેવીકા નદીને તીરે આવેલું તીર્થ વિશેષ. (પદ્મપુ. સ્વર્ગ અ. ૧૧).

**कामाख्या.** (૩) માયાપુરી તે જ. (બૃહ્. શિવ. પુરાણ અ. ૧ લો. ૧૬).

**काम्पिल्यं.** સંયુક્ત પ્રાંતના ફરુકાબાદ જીલ્લામાં ફતેગઢની ઇશાનમાં અઠ્ઠાવીશ મૈલ ઉપર આવેલું તે જ. એ ફરુકાબાદ અને બદાયોની વચ્ચે જુની ગંગાને કિનારે આવેલું છે. એ દક્ષિણ પંચાળના રાજા દ્રુપદની રાજધાની હતું. આ જગાએ દ્રૌપદી સ્વયંવર થયેલો, (મહાભા૦ આદિ૦ અ૦ ૧૩૮; રામાયણ આાદ૦ અ૦ ૨૩). બડાગંગા–મોટીગંગાને કિનારે છેક પૂર્વમાં એકલવાયા આવેલા ડુંગરા ઉપર દ્રુપદનો મહેલ આવ્યો હતો એમ કહે છે. જનરલ કનિંગહેમ અને ફ્યુરર એમણે અનુક્રમે (આર્કો. સર્વે. રીપોર્ટ ૧ પા. ૨૫૫ અને મોન્યુમેંટલ એન્ટિકિવટીઝ અને ઇન્સ્ક્રિપ્સનમાં). આ સ્થળનો નિર્ણય વાસ્તવિક અને ખરો કર્યો જણાય છે.

**काम्बिसोन.** ટોલેમીના અભિપ્રાય પ્રમાણે આ ગંગાના છેક પશ્ચિમમાં આવેલા મુખનું નામ છે. કપિલાશ્રમ ઉપરથી આ નામ વિકૃત થયું હોય એમ સાફ જણાય છે. (૧૯૨૧ ના ઇં. એ. માં નંદોલાલ દે એમણે લખેલાં ગંગાનાં જુનાં પાત્ર નામનો વિષય જુઓ).

**कायवराहण.** કારાવત તે જ. (સ્કં. પુરાણ પ્રભાસખંડ અ૦ ૭૯).

**कर्णाट.** રામનદ અને શ્રીરંગપટમની વચ્ચે આવેલો



Aho ! Shrutgyanam

કર્ણાટકનો પ્રદેશ. કુંતલદેશનું એ બીજું નામ છે. કલ્યાણપુર એની રાજધાની હતું. (**કુંતલદેશ શબ્દ જુઓ**). તારાતંત્રાનુંસાર એજ મહારાષ્ટ્ર. અને એનો વિસ્તાર બામનાથથી શ્રીરંગપટ્ટમ્ સુધી હતો. કર્ણાટની રાજધાની દ્વારસમુદ્ર હતું. વિજયનગરનું રાજ્ય પણ કર્ણાટ કહેવાતું. (**ઇમ્પિરિયલ ગેઝેટિયર ઓફ ઇણ્ડિયા પુ૦ ૪**). પરંતુ ઇમ્પિરિયલ ગેઝેટિયર ઓફ ઇણ્ડિયા પુ૦ ૭ પા૦ ૩૭૭, ૧૮૮૬ જુઓ. એમાં મ્હૈસુર, કુર્ગ અને હસ્તગત કરેલાં પ્રગણાંના કેટલાક ભાગ સહિત કાનરાને કર્ણાટદેશ કહ્યો છે. મ્હૈસુરનું રાજ્ય કર્ણાટક કહેવાતું. (**જ. રો. એ. સો. ૧૯૧૨. પા૦ ૪૮૨**).

**कार्तिकेयपुर.** આલમોરાથી એંશી મૈલ પર કયુમાઉન જીલ્લામાં આવેલું વૈજનાથ અગર **વૈદ્યનાથ** તે. એને કાર્તિકપુર પણ કહે છે. (**દેવી**પુરાણ **અ૦ ૯; ડા. ફ્યુહરનું મોન્યુમેંટલ એન્ટિકિવિટિઝ એન્ડ ઇન્સ્ક્રિપ્સન**).

**कार्तिकस्वामी.** કુમારસ્વામી શબ્દ જુઓ.

**कारा.** અગસ્ત્ય ઋષિનો આશ્રમ એ દક્ષિણ ઉપર આવ્યો હતો એમ કહેવાય છે. વખતે તીનેવેલી પ્રાન્તમાં તામ્રપર્ણી નદીના મુખ આગળ આવેલ કોલાઇ તે આ કારા હોય. એ સ્થળનું માર્કોપોલોએ કોસલ નામે વર્ણન કર્યું છે. (**સ્પેયરનું "જાતકમાલા"-અગસ્ત્યની હકીકત**).

**कारापथ.** બાનુ પ્રગણામાં નીલી ડુંગર નામે મીઠાના ડુંગરના પાદપ્રદેશમાં સિંધુ નદીને જમણે કિનારે આવેલું કારાબાગ અગર કાળાબાગ જેને હાલ બાઘાન કહે છે તે. રામચન્દ્રજીએ પોતાના અવસાન પૂર્વે પોતાના રાજ્યની વહેંચણી કરતાં પોતાના ભત્રિજા લક્ષ્મણપુત્ર અંગદને આ સ્થળે રાજા નિર્માણ કર્યો હતો, એમ રઘુવંશમાં વર્ણવ્યું છે. (**રઘુવંશ સર્ગ ૧૫ શ્લો. ૯૦**). ડ્રાવેરનિયરે એને "કરબત" કહ્યું છે પરંતુ એણે આ જગાનું કંદહારથી છેટું કહ્યું છે તે મળતું આવતું નથી. (**ડ્રાવેરનિયરનો પ્રવાસ બોલની આવૃત્તિ, પુ. ૧ પા૦ ૧**). પરંતુ ગીઝનીથી ૩૫ મૈલ ઉપર નૈઋત્યમાં ગીઝનીથી કંદહાર જવાના રસ્તામાં "કારાબાગ" નામનું શહેર આવે છે તેની આજુબાજુના પ્રદેશને પણ કારાબાગ કહે છે. આ પ્રદેશ ઘણોજ ફળદ્રુપ છે. (**"થોર્નટન કૃત.. ઇંડિયાના એડ્જેશંટ દેશો"**). રામાયણમાં આને કારુપથ કહ્યું છે. (**રામા૦ ઉત્તરકાંડ અ૦ ૧૧૫**). પણ પદ્મપુરાણમાં એમ કહ્યું છે કે લક્ષ્મણના છોકરાઓને મદ્રદેશમાં રાજ્ય આપ્યું હતું. પરંતુ રામાયણમાં કહેલા "મલ્લ" ને બદલે "મદ્ર" સમજવાથી આ ભૂલ થયેલી હોય એમ સાફ જણાય છે. (**રામા૦ ઉતર૦ ૧૧૫**). આ સ્થળ તે બૃહત્સંહિતામાં કહેલું કૈલાવત હોય. (**બૃહત્સંહિતા૦ અ૦ ૧૪**) (**કાલાબાગ અગર બાઘાનનું વર્ણન જ. એ. સો. બં. ના ૧૮૧૮ પા૦ ૨૫ મે આપ્યું છે તે જુઓ**).

**काराहाटक.** મુંબાઇ ઇલાકાના સતારા જીલ્લામાં કૃષ્ણા અને કોઇના નદીના સંગમ પર આવેલું કરાડ તે જ. એ કોલ્હાપુરથી ઉત્તરે ચાળીસ મૈલ ઉપર આવેલું છે. પાંડવોમાંના સહદેવે આ સ્થળ જીત્યું હતું, (**મહાભા૦ સભા૦ અ૦ ૩૧; એપિકા ઇણ્ડિયા પુ. ૩ પા૦ ૨૩૨, ભાણ્ડારકરનો દક્ષિણનો પ્રાચીન ઇતિહાસખંડ ૩**). એ સિલહાર રાજાઓની રાજધાની હતું. સિંદ રાજકુળ અહીં રહેતું. વાસુકીના વંશજો હોવાથી એઓ પોતાને નાગવંશના કહેવરાવતા. (**એપિ. ઇણ્ડિ. પુ. ૩ ના પાને ૨૩૧ એમનો ઇતિહાસ છે તે જુઓ.**) કલ્યાણનો રાજા વિક્રમાદિત્ય બીજો કરહાટકના સિલહાર રાજાની દિકરી ચંદ્રલેખાને પરણ્યો હતો. (**વિક્રમાંકદેવ**

Aho ! Shrutgyanam

ચરિત ૭). કરહાટક એ મહારાષ્ટ્ર દેશની રાજ્યધાની હતું.(સ્કં.પુરાણ. સહ્યાદ્રી ખંડ).

**कारावन.** વડોદરાથી દક્ષિણે ૧૫ મૈલ અને મિયાંગામના રેલ્વે સ્ટેશનથી ઇશાને આઠ મૈલ પર ગાયકવાડી રાજ્યમાં આવેલું કારવાન તે જ. શૈવમતના પાશુપત સંપ્રદાયનો સ્થાપનાર નકુલીશ ઇ૦ સ૦ ના બીજા અને પાંચમા સૈકાની વચ્ચે થઇ ગયો છે. એનું મુખ્ય ધામ નકુલીશ કિંવા નકુલેશ્વર કારવાણમાં હતું. આ ધામ નર્મદાની સમિપ આવેલું હોવાથી, અને નર્મદાની પવિત્રતા અને "એના કંકર એટલા શંકર" એવી માન્યતાને લઇને આ ધામનું મહત્વ મનાતું હોય,(ભગવાનલાલ ઈંદ્રજીનો ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ પા૦ ૮૩-૮૪) આ સ્થળનું બીજું નામ કાયવરોહણ પણ હતું.

**कारूषा.** કરુષા તે જ.

**कालकवन.** બિહારમાં આવેલા રાજમહાલના ડુંગરો. (પાતંજલી મહાભાષ્ય ૨-૪૧૦ બૌધાયન, ૧ ૧-૨, કુન્તેનું ચિરિસિસિટ્યુડસ ઓફ આર્યન સિવી. લી. ૧. પા૦ ૩૮૦). આર્યાવત્ શબ્દ જુઓ.

**कालचंपा** ચંપાપુરી તે જ. (મહાજનક જાતક-જાતકો પુ. ૬-૨૦-૨૮-૧૨૭).

**कालहस्ती.** આ સ્થળ ઉત્તર આર્કટ જીલ્લામાં રેનુગુતા રેલ્વે સ્ટેશનથી એક મૈલ દુર આવેલું છે. (એપિ૦ એંડિ૦ પુ૦ ૧ પા૦ ૩૬૮, પુ૦ ૩ પા૦ ૧૧૬ અને ૨૪૦) સુવર્ણમુખરી નદી ઉપર આ યાત્રાનું સ્થળ આવેલું છે. (શંકરવિજય અ૦ ૧૪) મોટા દેવળમાં મહાદેવના વાયુસ્વરૂપની મૂર્તિ આવેલી છે. આ મુર્તિ ભૌતિકસ્વયંભુ છે. આ લિંગનું નામ ઊર્ણનાભ મહાદેવ છે લિંગ ઉપર એક દીવો ટાંગેલો છે. નીચેથી વાયુ--પવન આવવાથી આ દીવો સતત હાલ્યા કરે છે. દેવળની અંદરના બીજા ટાંગેલા દીવા આમ બિલકુલ હાલતા નથી. (ચિદાંબરમ્ શબ્દ જુઓ).

**कालि.** (**पश्चिम**). કાલી હિંડનને મળનારી એક નદી છે. સંયુક્ત પ્રાન્તમાં સહરાનપુર અને મુઝાફરનગરના જીલ્લાઓમાં વહે છે. (મત્સ્યપુરાણ અ૦ ૫૨ ).

**कालिघाट.** કલકત્તાની પાસે આવેલ છે. સતીના જમણા પગની ચાર આંગળીઓ આ સ્થળે કપાઇને ખરી પડેલી હોવાથી આ સ્થળ તે એક પીઠ કહેવાય છે. કાલિઘાટ ઉપરથી કલકત્તાનું નામ પડેલું છે. આ ગામની ઉપજ દેવી કાલિકાની પૂજામાં વપરાતી હોવાથી એને કાલિકર્ત કહે છે. મહાલિંગાચ નતંત્રમાં "કાલિઘાટનું" વર્ણન છે. યાત્રાળુઓ એ ઘાટમાં સ્નાન કર્યા પછી દેવી કાલિની પૂજા કરે છે. તેથી આ ઘાટ કાલિઘાટને નામે સુવિદિત છે. પુરાણોમાં કહેલા કિલકિલા ઉપરથી કલકત્તા નામ પડયું એમ પણ કેટલાકનું કહેવું છે. કિલકિલા શબ્દ જુઓ.

**कालिन्दी.** યમુના નદીનું બીજુ નામ. કલિંદદેશ શબ્દ જુઓ.

**कालिंजर.** બુંદેલખંડમાં આવેલું કલિંજર તે જ. કિરાતબ્રહ્મ નામે ચંડેલ રાજાએ આ કિલ્લા બંધાવ્યો હતો. અહીં નીલકંઠ મહાદેવનું ધામ છે. આ તીર્થને કોટતીર્થ કહે છે. (મત્સ્યપુ૦ અ૦ ૧૮૦, લેફ્ટનંટ મેઇસીઝનું લખેલું કલિંજરનાં પ્રાચીન સ્થળોનું વર્ણન. જ. એ. સો. બં. ના પુ૦ ૧૭ મામાં પા૦ ૧૭૧ મે આપેલું છે, કાલાંજર શબ્દ જુઓ).

**कालिनदी** (**पूर्व**) કયૂમાઉનમાં નીકળી ગંગાને મળનારી નદી વિશેષ (વામન પુ૦ અ૦ ૧૩) સાંકાસ્ય આ નદીના પૂર્વ તટ ઉપર આવેલું હતું આને કાલિનિ અગર કાલિન્દી પણ કહે છે. પૂર્વ કાલિનદી ગંગાની સાથે સંગમ કરે છે ત્યાંથી ત્રણ ચાર મૈલને છેટે એના પશ્ચિમ તટ ઉપર કનોજ આવેલું છે. એના

Aho ! Shrutgyanam

મૂળથી તે સંગમ સુધીમાં ધવલગંગા, ગૌરી ચંદ્રભાગા અને કાલિગંગા એવાં નામ છે. નીચલે વાંસે એને કાલિનદી કહે છે.

**कालिपीठ.** કાલિઘાટ એ જ. (**તંત્રચૂડામણિ**).

**कालंजर.** બુંદેલખંડના બંદાજીલ્લાના પેટા જીલ્લા બદૌસામાં આવેલું કાલિંજર તે. ( **પદ્મ પુ૦ સ્વર્ગ, અ૦ ૧૯. શ્લો ૧૩૦; શિવ પુ૦ ભા૦ ૪. અ૦ ૧૬** ). યશોવર્માએ જીત્યા પછી ચંડેલા રાજાઓના સમયમાં કાલંજર બુંદેલખંડની–જેજુક્તિની—રાજધાની હતું. ( **એપિ૦ ઈંડિ૦ પુ૦ ૧. પા૦ ૨૧૮** ) એમાં નીલકંઠ મહાદેવનું દેવળ આવ્યું હતું. ( **વામનપુ૦ અ૦ ૮૪** ). ત્યાંના કિલ્લામાં સુપ્રસિદ્ધ યાત્રાનું ધામ કોટતીર્થ આવેલું હતું. લોકોક્તિ પ્રમાણે ચંડોલા વંશના મૂળ સ્થાપક જો કે શિલાલેખમાં એ વંશ સ્થાપનારનું નામ નાન્નાક એવું આપેલું છે, ચંદ્રબર્માએ એ કિલ્લો ચણાવરાવ્યો હતો.મહોત્સવનગર શબ્દ જુઓ. કિલ્લામાં મુંડમાળાઓ અને સર્પાભૂષણ ધારણ કરેલી કાળભૈરવની મોટી અને અષ્ટાદશભુજાવાળી મુર્તિ પણ છે. ( **આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ, પુ૦ ૨૧.** ) અહીંઆં હિરણ્યબિંદ નામે તીર્થ પણ આવેલું છે. ( **મહાભારત, વન૦ અ૦ ૮૭.** ) કાલિંજરના ડુંગરને રવિચિત્ર પણ કહે છે. ( **જ. એ. સો. બં. પુ૦ ૧૭ (૧૮૪૮) પા૦ ૧૭૧.**) એ પુસ્તકમાં ૩૧૩ મે પાને કાલિંજરમાં ઉપલબ્ધ થતા શિલાલેખ છપાયા છે.

**कावेरी.** કૂર્ગમાં આવેલા બ્રહ્મગિરિના ઝરણા રુપે નિકળતી દક્ષિણ હિંદુસ્થાનની કાવેરી નામની નદી વિશેષ. એ ઝરાને કૂર્મપુરાણમાં ચન્દ્ર તીર્થ કહ્યું છે. ( **કૂર્મપુ૦ ખં૦ ૨ અ૦ ૩૭** અને **સ્કં૦ પુ૦ કાવેરી મહાત્મ્ય અ૦ ૧૧–૧૪**) **રાઇસનું " મ્હૈસૂર અને કૂર્ગ " પુ૦ ૩ પા૦ ૮, ૮૫** ). કાવેરીનો શિવમુદ્રા આગળ પડતો ધોધ એ દક્ષિણ હિંદુસ્થાનમાં ઘણો જ સૃષ્ટિસૌંદર્ય વાળો છે.

**कावेरी** (૨). માન્ધાતા ( **ઓંકારનાથ** ) આગળનો નર્મદાનો ઉત્તર તરફનો ફાંટો, ( **પદ્મપુ૦ સ્વર્ગખંડ, અ૦ ૮ મત્સ્યપુ૦ અ૦ ૧૮૮**). નર્મદા અને કાવેરીનો સંગમ ઘણું પવિત્ર તીર્થ મનાય છે.

**काष्टमंडप.** નેપાળની રાજધાની ખટમંડુ તે જ. વાઘ્રમતી અને વિષ્ણુમતી નદીઓના સંગમ ઉપર આ નગર રાજા ગુણકામદેવે **ઈ. સ.** ૭૨૩ માં વસાવ્યું હતું. પ્રથમ એને મંજુશ્રીએ વસાવ્યાનું કહેવાતું અને એના નામ ઉપરથી એને મંજુપટણ કહેતા હતા. ( **મંજુપટણ** શબ્દ જુઓ. ) આ શહેરના બૌદ્ધો મંજુશ્રીને વિશ્વકર્મા માનતા. ( **હોગસનના બૌદ્ધોનો ધર્મ અને સાહિત્ય પા૦ ૬૨**) સ્વયંભુપુરાણ અનુસાર મંજુશ્રી એક ઐતિહાસીક વ્યકિત હોય, એણે નેપાળમાં પ્રથમ બુદ્ધ ધર્મ દાખલ કર્યો હતો. ખટમંડુનું બીજું નામ કાંતેપુર પણ છે. (**રાઇટનો નેપાળનો ઈતિહાસ પા૦ ૯** )

**काश्यपपुर.** કશ્મીર એટલે " કશ્યપ ઋષિનું પુર–કાશ્યપુર" જેને હીરોડોટસે 'કસપાપિરોસ' નામે કહ્યું છે, આ નામ તે ઉપરથી પડયું છે, એમ મી. વિલ્સન ધારે છે. પણ ડા૦ સ્ટીનનો અભિપ્રાય છે કે કાશ્મીર કદી યે કશ્યપપુર કહેવાતું નહોતું. ( **ડા. સ્ટીનની પ્રાચીન ભુગોળ પા૦ ૬૧–૬૨** ) ટોલેમીએ મુલ્તાનને " કસ્પેઇરીઆ " કહ્યું છે એમ મનાય છે. સનીસર નામનું સરોવર, સુકવી નાખીને કાશ્યપે ત્યાં કાશ્મીર કેવી રીતે વસાવ્યું, એ હકીકત સારૂ રાજતરંગિણી જોવી. ( ડા૦ **સ્ટીનની રાજતરંગિણી પુ૦ ૧ પા૦ ૫**)

**काश्यपपुर** (૨) શ્રીનગરથી ત્રણ મૈલ ઉપર આવેલા હરિપર્વત ઉપર કશ્યપ ઋષિનો આશ્રમ હતો તે.

**काश्यपपुर** (૩) ટોલેમીએ મુલતાનને કસ્પેઇરીઆ કહ્યું છે. એ હિરણ્યકશિપુના પિતા

Aho ! Shrutgyanam

કશ્યપે વસાવ્યું હતું (અલ્બરુનીનું હિંદુસ્તાન પુ૦ ૧ પા૦ ૨૯૮ )

**काश्यपी गंगा.** ગુજરાતમાં આવેલી સાબરમતી નદી તેજ (પદ્મપુ૦ ઉત્તરખંડ અ૦ ૫૨)

**काश्मीर.** બ્રહ્મપુરાણના ૫૪ અધ્યાયમાં કાશ્મીરની હકીકત છે. એ પૂર્વે કશ્યપ ઋષિએ વસાવ્યાનું કહેવાય છે. ત્યાંના હરિપર્વત ઉપર કશ્યપ ઋષિનો આશ્રમ અહીં આગળ હતો એમ યાત્રાળુ અગર મુસાફરોને બતાવાય છે. આ સ્થળ શ્રીનગરની નજીક આવેલું છે. ( કશ્યપપુર શબ્દ જુઓ ). એ ઋષિના નામ ઉપરથી કાગસર અને કાશ્મીર નામ પડયાં કહેવાય છે. ત્યાંના લોકો જેમને કાસા અગર કાસ્સિયા કહેતા તેમનું નામ પણ કાશ્મીર પડયું છે. શ્રી વિષ્ણુ ભગવાનનો મત્સ્યાવતાર કાશ્મીરમાં થયો કહેવાય છે. મહાપ્રલય કાળે લોકોને બચાવવાને દુર્ગાએ પોતે નૌકાનું સ્વરુપ ધારણ કર્યું હતું. પશ્ચિમે પીરપંતસલ પર્વતમાળાના બનહળખીણ માર્ગ પર તેની પૂર્વમાં આવેલાં ત્રણ હિમાચ્છાદિત ઉંચામાં ઉંચાં શિખર ઉપર આ નૌકા બાંધવામાં આવી હતી. આ શૃંગને એ ઉપરથી નૌબંધન તીર્થ કહે છે. અથર્વવેદમાં આ સ્થળને "નાવ પ્રભ્રંશણુ" કહ્યું છે. શતપથ બ્રાહ્મણમાં એને મનોરવસર્પણ નામ આપ્યું છે ( મેકડોનલનો સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ પા૦ ૧૪૪). આ શૃંગોના પાદ પ્રદેશમાં કર્મસર તળાવ આવ્યું છે. હાલ એને 'કોંસરનાગ' કહે છે. ત્યાં શ્રી વિષ્ણુ ભગવાનનાં પદાંક-પગલાં આવેલાં છે. ( સેક્રેડ ઈસ્ટ સીરિઝનું શતપથ બ્રાહ્મણ-૧૨; મહાભા૦ વન૦ અ૦ ૧૮૬; ડા૦ સ્ટીનની રાજતરંગિણી ૨-પા૦ ૩૯૨). શ્રી નગરથી બત્રીશ મૈલ ઉપર વિતસ્તા નદીને જમણે કિનારે બારમુળામાં વરાહાવતાર થયો કહેવાય છે. (શૂકરક્ષેત્ર શબ્દ જુઓ). અશોકે ઇ. સ. પૂર્વે ૨૪૫ માં અહીં મજ્જહંતિક નામના બૌદ્ધ ઉપદેશકને મોકલ્યો હતો. કાશ્મીરના ઇતિહાસ સારૂ કલ્હણની રાજતરંગિણી જુઓ. કાશ્મીર ગાંધાર રાજ્યનો એક વિભાગ હતું, એમ જાતકની વાતો ઉપરથી જણાય છે. ( જાતક કેંબ્રિજ આવૃત્તિ પુ. ૩. પા૦ ૨૨૨-૨૨૬)

**काशी.** હાલનું બનારસ તે. ખરું જોતાં બનારસ રાજધાનીવાળા પ્રદેશનું નામ કાશી છે.(ફાહ્યાંનો; આપન્નક જાતક-ફાઉસ્બોલડનાં જાતકની આવૃત્તિ, પા૦ ૯૮; મહાભા૦ ભીષ્મ૦ અ૦ ૯, રામાયણ ઉત્તરકાંડ૦ સ૦ ૪૮)- બુદ્ધના સમયમાં કાશીનું રાજ્ય કોશળના રાજ્ય જોડે ભેળવી દીધેલું હતું. (લોહીચ્ચ સુત્ત-બુદ્ધનાં વચનામૃતમાં પા૦ ૨૯૧-૨૯૨). વારાણસી શબ્દ જુઓ.

**किकट.** મગધ તેજ ( વાયુપુરા૦ અ૦ ૧૦૫; ઋગ્વેદ ૩-૫૩, ૧૪ ). તારામંત્રના મતે વર્ણપર્વતથી ગૃધ્રકુટ સુધીના મગધના દક્ષિણ વિભાગને કિકટ કહેતા ( વૉર્ડનો "હિંદુઓનો ઇતિહાસ " પુ૦ ૧ પા૦ ૫૫૮).

**किंपुरुष देश** નેપાળ.

**किम्रित्य.** શોણ અને તોણ નદીની વચ્ચે આવેલી કૈમુર પર્વતમાળા. એ પર્વતમાળા વિંધ્યાચળનો ભાગ છે. (હૂકરનું હિમાલય જર્નલ પુ૦ ૧ પા૦ ૨૮). આ પર્વતમાળા જબલપુર પ્રાન્તમાં કટાંગીમાં શરૂ થઈ રેવા અને બિહારના શાહબાદ જીલ્લામાં ગયેલી છે. એને "કૈરામાલી" પણ કહે છે. કિમ્રિત્ય અને કૈમુર નામો કુમાર રાજ્ય ઉપરથી યે પડયાં હોય. કુમાર રાજ્ય ચેદીની લગોલગ આવેલું રાજ્ય હતું. (મહાભાર૦ સભા૦ અ૦ ૩૦).

**कियान.** બુદેલખંડમાં આવેલી કેન અગર કેએન નદી તે. (લાસેન), એ નદી ચંડેલ રાજાઓના પ્રદેશમાં ઉત્તર દક્ષિણ વહે છે. એ વડે એ પ્રદેશના લગભગ સરખા બે ભાગ પડે છે. પૂર્વ ભાગમાં કલિંજર અને અજયગઢ નામના

Aho ! Shrutgyanam

વિશાળ કિલ્લાઓ અને પશ્ચિમ વિભાગમાં મહોબા અને ખજૂરા નામનાં રાજધાનીનાં શહેરો આવેલાં છે (**આર્કિ. સર્વે. પુ. ૨૧ પા ૭૮**). સ્યેની, કર્ણાવતી અને શુક્તિમતી શબ્દો જુઓ. કોઇ પણ પુરાણમાં કિયાનનું નામ આવતું નથી.

**किरग्राम.** પંજાબમાં આવેલા વૈજનાથ તે. વૈદ્યનાથનું દેવાલય એમાં આવેલું હોઇ એ સુપ્રસિદ્ધ યાત્રાનું ધામ ગણાય છે. (**આર્કિ. સર્વે. રીપોર્ટ પુ. ૫ પાને ૧૭૮–૧૮૦ આપેલું શિવપુરાણનું અવતરણ**). એ કોટકોમ્પથી પૂર્વમાં ત્રીશ મૈલ દૂર આવેલું છે. (**એપિ. ઇન્ડી. ૧ પા. ૯૭**). વૈજનાથની નૈઋત્યમાં બાર મૈલ ઉપર પર્વતની ઉજળી ટેકરી ઉપર આશાપુરી દેવીનું દેવળ આવેલું છે.

**किरिटकोना.** મુર્શિદાબાદ જીલ્લામાં ડાહાપાહાથી ચાર મૈલ ઉપર આવેલું આ સ્થળ એક(શકિત) પીઠ ગણાય છે. આ જગાએ શકિત પાર્વતીનો માથાનો મુકુટ-કિરિટ કપાઇ પડયો હતો (**તંત્ર ચૂડામણિ; પી. સી. મજૂમદારનું મુર્શિદાબાદની મસનદ**). મી. બેવેરીજ કહે છે કે એ મુર્શિદાબાદથી ત્રણ મૈલ દૂર છે. (**કલકત્તા રીવ્યુમાં આવેલો મુર્શિદાબાદની પ્રાચીન જગાઓ**" લેખ, **૧૮૯૨–પા ૨૦૮**)

**किरातदेश.** ટીપારા તે. ઉદેપુરમાં ટીપારાના ડુંગરામાં આવેલું ત્રિપુરેશ્વરીનું ધામ પણ પીઠ મનાય છે. (**મહાભા૦ ભીષ્મ૦ અ૦ ૯; બ્રહ્મપુ૦ અ૦ ૨૯; વિષ્ણુપુ૦ ભા૦ ૨. અ૦ ૩**). ટોલેમીએ એનું નામ કિરરેડીઆ આપ્યું છે. સિલહટ અને આસામનો એમાં સમાવેશ થાય છે. (**રાજમહાલ અને ત્રિપુરનો ઇતિહાસ નામે લેખ, જ. એ. સો. બં. માં ૧૯ પુ૦ ૧૮૫૦ માં પા૦ ૫૩૬ એ આવેલો છે તેમાં ત્રિપુર રાજાની હકીકત આપેલી** છે ) ઇ. સ. **૧૨૯૭** પછી થોડે કાળે ગૌડ રાજાએ અહીંના રાજા રત્નાફહને " માણિકય " એવું બિરુદ આપ્યું હતું. ત્યારથી એ રાજાઓ આ બિરુદ ધારણ કરે છે. પશ્ચિમ સિકિમમાં આવેલા મોરંગમાં કિરાતો રહેતા હતા. (**સ્કોફનું એરિથ્રેઇઅન સમુદ્રનું પેરીપ્લસ. પા૦ ૨૪૩**). કિરાતો નેપાળથી તે છેક પૂર્વ સુધીના પ્રદેશમાં વસતા હતા. (**જ. એ. સો. બં. ૧૯૦૮ પા૦ ૩૨૬**).

**किलकिला.** કોંકણનું મૂખ્ય શહેર કિલાગિલા તે. (**ગેરેટની કલાસિકલ ડિકસ્નેરીમાં કૈલાકિલા શબ્દ જુઓ; બકાટક અને કાલી ઘાટ શબ્દો જુઓ**).

**किलसोबोरास.** ગ્રીકોએ કિલસોબોરાસ કહ્યું છે તે યમુનાને સામે કાંઠે મથુરાથી દક્ષિણે છ મૈલ પર આવેલું "મહાવન," એમ ગ્રૌઝનું કહેવું છે (**ગ્રાઉઝનું મથુરા પા૦ ૨૭૯**). જનરલ કન્નિંગહેમ કહે છે કે આ નામ ક્લિદાવન–વૃંદાવનને માટે આપ્યું છે. (**કન્નિ- પ્રાચીન ભુગોળ પા૦ ૩૭૫**). વજ્રે પોતાના પિતામહ કૃષ્ણને નામે ઘણાં નગરો વસાવ્યાં હતાં. દાખલા તરીકે કૃષ્ણપુર. વિલ્કિન્સ કહે છે કે એ નામ કલિસપુરનું છે. મુસલમાનો એ શહેરને હાલ મગનગર કહે છે. (**એશિ૦ રીસર્ચ. પુ. ૫૦પા૦૨૭૦**); ઇંડિ૦ એન્ટિકવ પુ. ૬. પા. ૨૪૦ પાનાની ટીકા. ) મેગાસ્થિનીસે એને કારેસોબેરા એવું નામ આપ્યું છે.

**किष्किंधा.** વિજયનગરના નિંબપુર નામના નાના પરાંથી પૂર્વમાં આશરે એકાદ મૈલ દૂર એક અંડાકાર ટેકરો આવેલો છે. આ ટેકરો આગ્નેય ઉપાધીથી ઉત્પન્ન થએલા ચૂર્ણમય પદાર્થનો બનેલો છે. ત્યાંના બ્રાહ્મણો કહે છે કે પોતાની લંકા ઉપર ચઢાઇના સમયે શ્રી રામચન્દ્રે મારેલા અધર્મી અને જુલમગાર વાલી વાનરના અસ્થિની રાખનો* આ ટેકરો છે. (**જ. એ. સો. બં. પુ ૧૪ પા૦ ૫૧૯**). યાત્રા-

* આવી જ માન્યતા વડે આપણા ગુજરાતમાં નર્મદા કિનારે અંકલેશ્વરથી થોડેક દૂર મળતા ઢગલાને ત્યાં પૂર્વે કરેલા યજ્ઞની ભસ્મ કહે છે.

Aho ! Shrutgyanam

ળુઓના કહેવા પ્રમાણે મૂળ કિષ્કિંધા હજુએ એ જ નામે ઓળખાય છે. તેમ જ એને 'અનગંડી' એવું બીજું નામ પણ છે. આ નાનું ગામડું ધારવાડમાં વિજયનગરથી ત્રણ મૈલ પર બેલારીની નજીક તુંગભદ્રાના દક્ષિણ તટ ઉપર અનગંડીની પાસે આવેલું છે. (**શીવેલની આર્કિ० સર્વે દક્ષિણ હિંદની પૃ० ૧ પા ૩૨૨**). કિષ્કિંધાથી બે મૈલ નૈઋત્યમાં પંપા સરોવર આવેલું છે; અને પંપા સરોવરથી ઇશાનમાં અંજનગિરિ આવેલ છે. અંજનગિરિ ઉપર હનુમાનનો જન્મ થયો હતો. કિષ્કિંધાથી ૬૦ મૈલ દૂર શવરીનો આશ્રમ હતો. શ્રી રામચંદ્રે સુગ્રીવના ભાઇ વાલીને હણી કિષ્કિંધાનું રાજ્ય સુગ્રીવને આપ્યું હતું. (**રામાયણ કિષ્કિં० સર્ગ ૨૬**). કિષ્કિંધાને હમ્પીથી જુદો પાડતી ખીણની બીજી બાજુ ઉપર ઝીણા ઝીણા ગ્રાનીટના સમુદાયથી બનેલી ડુંગરીઓ આવી રહી છે. ડુંગરીઓની વચ્ચે વચ્ચે સાંકડી ખીણો આવેલી છે. આમાંની એક ટેકરી ઉપર વાલીને અગ્નિસંસ્કાર કર્યો હતો કહેવાય છે. એ બધો પાદપ્રદેશ શ્વેત ચૂર્ણપાષાણનો બનેલો છે. (**મેગેઝેટેલરનું "ધારવાડ અને મ્હૈસુર"નું આર્કિ. ટેકચર પા० ७०**)

**कक्कुटपादगिरि**. વઝીરગંજથી ઇશાને આશરે ત્રણ મૈલ પર આવેલું કુરકીહર તે જ. એ ગયાથી પૂર્વમાં પંદર મૈલ પર આવેલું છે. (**ગ્રિયરસન-ગયા જીલ્લાનો રિપોર્ટ; કનિંગહેમની એન્શ્યંટ ભૂગોળ પા. ૪૬૧**). હસકોલમાં આવેલા મોહન ડુંગરનું ઉંચામાં ઉંચુ શિખર સોમનાથ તે કુકકુટગિરિ એમ ડા० સ્ટીનનું કહેવું છે. (ઇન્ડી. **એન્ટી. ૧૯૦૧ પા. ૮૮**). કુરકીહરથી ઉત્તરમાં આશરે મૈલેક દૂર આવેલાં ત્રણ ગિરિશૃંગો ઉપર શ્રી બુદ્ધ ભગવાનના સુપ્રસિદ્ધ શિષ્ય મહાકાશ્યપે ચમત્કારો કર્યા હતા કહેવાય છે. મહાકાશ્યપનું નિર્વાણ પણ અહીં જ થયું હતું. કાશ્યપ બુદ્ધ જે શાક્યસિંહ બુદ્ધનો પૂર્વગામી હતો તે અને આ મહાકાશ્યપ-બુદ્ધનો શિષ્ય તે જુદા (**રોકહિલ કૃત-બુદ્ધનું જીવન વૃત્તાંત** પા० ૧૬૧). પરંતુ ફાહ્યાને કહેલો ગુરુપાદગિરિ તે જ આ કુકકુટપાદગિરિ. ત્રણે ગિરિશૃંગોનો દેખાવ કુકડાના પગ જેવો દેખાય છે, એ ઉપરથી આ નામ પડયું છે. (**ફાહ્યાનની મુસાફરી પ્ર. ૩૩; જ. એ. સો. બં. ૧૯૦૬ પા० ७७**) આમ હોવાથી કુરકિહાર નહિ પણ ગુરપાનો ડુંગર તે જ કુકકુટપાદગિરિ છે. (**ગુરૂપાદગિરિ શબ્દ જુઓ**); આ સ્થળના વિશેષ વર્ણન સારૂ **જ. એ. સો. બં. પુ. ૧७ પા. ૨૩૫ જુઓ**).

**कुकुभ**. ઓરિસાનો પર્વત વિશેષ (**દેવી ભાગ० ૮. અ० ૧૧; ગેરેટના પ્રાચીન કોષમાં કુકુભ શબ્દ જુઓ**).

**कुकुर**. રજપુતસ્થાનનો, બારમેર જેની રાજધાની હતી તે પ્રદેશ.

**कुकुस्ता**. મહાપરિનિબ્બાન સુત્તમાં કહેલી કકૌથા અગર કકૌઠા તે જ. પાવાથી કુશીનગર જતાં બુદ્ધ ભગવાન આ નદી ઉતર્યા હતા. (**મહાપરિ० સુત્ત० સેક્રેડબુક ઓફ ધી ઇસ્ટની આવૃત્તિ પુ० ૧૧ પા० ७४**). બારી નામનો નાનો વહેળો છે તે જ કુકુષ્ટા. આ વહેળિયું કાસીયાથી નીચલે વાંસે આઠ મૈલ ઉપર છોટા ગંડકને મળે છે.

**कुटिकोष्टिका**. અયોધ્યામાં રામગંગાને મળતું નાનું વહેળિયું (**લાસેનનું ઇંડિ-ઓલ પુ० ૨ પા० ૫૨૪; રામાયણ અયો० સ० ७૧**).

**कुटिला**. કુટિકાનું જ નામ.

**कुटक**. ગડક મુંબાઇ ઇલાકાના ધારવાડ જીલ્લામાં પ્રાચીન શહેર વિશેષ. એમાં ઘણાં પ્રાચીન દેવાલયો છે. (**ભાગ० સ્કં० ૫ અ० ૬**).

**कुटिका**. રોહીલખંડ અને અયોધ્યામાં આવેલી અને રામગંગાને મળનારી કોસીલા નદી

Aho ! Shrutgyanam

તે. ઈંડિ૦ અલ૦ લાસેનનું ૨, પા૦ ૫૨૪; રામાયણ અયો૦ સર્ગ ૭૧ ).

**कुपथ**. હ્યુન્શ્યાંગે એનું “ કિ-પાન-ટો ” નામે વર્ણન કર્યું છે. એ નામ ઉપરથી વખતે ‘કુપથ નામ બનાવાય.’એણે એને હિંદુસ્થાનના વાયવ્ય પ્રાન્તમાં આવેલા ડુંગરી પ્રદેશ તરીકે ગણાવ્યું છે. (મત્સ્યપુરા૦ અ૦ ૧૧-૩. શ્લો. ૫૫ ). કિ-પાન-ટો ઉપરથી કબંધ નામ ઉપજાવાય નહિ. કબંધ શબ્દ જુઓ.

**कुब्जा**. નર્મદાને મળનારી નદી વિશેષ. ( પદ્મ- પુરા૦ ભૂ૦ અ૦ ૬૩ ).

**कुब्जागृह**. કજુધિરનું જ નામ.

**कुब्जामृक**. આ હૃષિકેશનું નામ છે એમ કેટલાક કહે છે, પણ એ વાસ્તવિક નથી. એ હૃષિ- કેશથી કેટલેક છેટે ઉત્તરમાં આવેલું વિષ્ણુ ભગવાનનું સ્થળ છે.વરાહપુરાણમાં હૃષિકેશ અને આ કુબ્જામ્રક એ બન્ને યાત્રાસ્થળનાં મહાત્મ્ય જુદાં જુદાં વર્ણવ્યાં છે. ( વરાહપુરા૦ અ૦ ૧૨૬ અને ૧૪૬; અર્ચાવતાર સ્થળ વૈભવદર્પણમ્ પા૦ ૧૭૮ ) એ રૈભ્ય ઋષિનો આશ્રમ હતો. એને કુબ્જામ્ર પણ કહ્યું છે. કૂર્મપુરાણ પ્રમાણે કુબ્જાશ્રમ અને કુબ્જામ્ર એ કનખલનાં નામ છે. (કૂર્મપુરાણ ઉપરી૦ અ૦ ૩૪-૬-૩૫ અને અ૦ ૩૬-૫-૧૦).

**कुभा**. કાબુલથી પૂર્વમાં ૩૭ મૈલ ઉપર કોહી- બાળા નામના પર્વતના પ્રદેશમાં સિર-ઈ- ચુંસ્મા નામના ઝરામાંથી ઉત્પન્ન થઈ અને કાબુલના પ્રદેશમાંથી વહેતી થકી, અટકની પાસેના ઉપરવાસે સિંધુ નદીને મળનારી કાબુલ નદી તે જ. એને ગ્રીક લોકોએ કોફેન અગર કોફીસ નામે વરણવી છે. (ઋગ્વેદ મં૦ ૧૦-૭૫ ). મુસલમાન ઇતિહાસકાર- અબ્દુલકાદરે એને નિલાહ નામે વરણવી છે ( જ. એ. સો. બં. ૧૮૪૨. પા૦ ૧૨૫ ).

**कुभा** (૨). કોફીસ ( કોફેન ) અગર કાબુલ નદી જે પ્રદેશમાં થઈને વહે છે તે પ્રદેશ. વેદમાં કહેલા કુભા ઉપરથી કાબુલ નામ વિકૃત થયું છે. ટોલેમીએ એને ‘ કોઆ’ નામે કહી છે. ( મેકક્રિં૦ ટોલેમી પુ૦ ૭ પ્ર૦ ૧ વિભાગ ૨૭). એરિયને કુફેન કહી છે. ( મેકક્રિં૦ મેગેસ્થેનિસ અને એરિયન પા૦ ૧૯૧ ). કાબુલ નદીની ખીણને બહુધા ‘નિગ્રહ અગર નુંગ્નીહર’ કહે છે. નુંગ્નીહર ઉપરથી નિગ્રહર વિકૃત થયું છે. નુંગ્નીહરનો શબ્દાર્થ નવ નદીઓનો સમુદાય, એવો થાય છે. એ નવ નદીઓ તે ૧. સબ્રુદ, ૨. ગંડમક, ૩. કુર્રુ- સ્સા, ૪. ચિપ્રિઅલ, ૫. હિસરક, ૬. કોટ, ૭. મહમદર્રા, ૮. કોશકોટ અને ૯. કાબુલ. એ છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૨, પા૦ ૧૭૭)

**कुम्भकर्ण**. કુભઘોન તે જ. ( ચૈતન્ય ચરિતામૃત ૨-૯ )

**कुम्भकोण**. તાંજેર જીલ્લામાં આવેલું કુમ્ભકોનમ તે. એ ચૌલ રાજ્યની રાજધાની અને વિદ્યા- પીઠને લીધે પ્રસિદ્ધ હતું. ત્યાંનું શિવનું દેવાલય આખા ઈલાકામાંનાં સુપ્રસિદ્ધ દેવાલયોમાંનું એક છે. ત્યાં આગળ કુમ્ભકર્ણકપાલ નામનું પાવત્ર તળાવ છે. (ચૈતન્યચરિતામૃત ભા૦ ૨, અ૦ ૯ ); આ તળાવને માઘ્રમાગમ પણ કહે છે. દર બાર વર્ષે દક્ષિણ હિંદુસ્થાનમાંથી ઘણા યાત્રાળુઓ મહા મહિનામાં ત્યાં સ્નાન કરવા જાય છે.

**कुम्भघोन**. કુમ્ભકોન તે જ.

**कुमार**. વખતે આ નામ ઉપરથી “કૈરા” નામ ઉપજ્યું હોય. (કૈરામાલી શબ્દ જુઓ). કૈરા રેવાની ઘણી જ નજદીક આવેલું હતું. (મહાભા૦ સ૦ અ૦ ૨૯ ).

**कुमारवन**. કૂમારવન અગર કૂર્માચળનું જ નામ. કયુમાઉન તે. ( વિક્રમોર્વશી અંક-૪ ). કેદાર શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**कुमारस्वामी**. ટુલુવામાં આવેલું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ વિશેષ. સધર્નમરાઠા રેલ્વેના હોસ્પેટ સ્ટેશનથી છવ્વીસ મૈલ પર કુમારધારા નદીના તટ પર એ આવેલું છે. પશ્ચિમઘાટની સુબ્રહ્મણ્ય અગર પુષ્પગિરિ પર્વતમાળાના બિસ્લિઘાટથી નિચલેવાસે એ નદી નિકળે છે.

**कुमारस्वामी** (૨). મદ્રાસ અને સધર્નમરાઠા રેલ્વેના ટિરુટ્ટાની સ્ટેશનથી મૈલેક દૂર ક્રોંચપર્વત ઉપર કાર્તિકસ્વામી અગર કુમારસ્વામીનું આવેલું દેવળ વિશેષ. સુબ્રહ્મણ્ય શબ્દ જુવો. પોતાની વિજયયાત્રામાં શ્રીમચ્છંકરાચાર્ય અહીં આવ્યા હતા.(**આનંદગિરિકૃત શંકરવિજય–અ૦ ૨. પા૦ ૬૭; સ્કંદપુરાણ, કૌમારિકી ખંડ, કુમારસ્વામી મહાત્મ્ય અ૦ ૧૪** ) સામાન્ય જનો એને કુમારતીર્થ કહે છે.

**कुमारी**. કેપ કામોરીન–કામોરીન ભૂશિર તે જ. (**મહાભારત વનપર્વ૦ અ૦ ૮૮**) અહીં આગળ કુમારી દેવીનું દેવળ આવેલું છે. (**ઝીગેન્બાગનું-દક્ષિણ હિંદના દેવોનું વંશ વર્ણન, રેવ૦ મેનઝરે કરેલા ભાષાન્તરના પા૦ ૩૯ ની નીચે કરેલી ટીકા** ).

**कुमारी** (૨). બિહારના પેટા વિભાગમાં રાજગિર પાસે સુક્તિમત પર્વતમાળામાંથી નિકળતી કાસોરહરિ નામની નદી વિશેષ. (**વિષ્ણુપુ૦ ખંડ ૨, અ૦ ૩; અને આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૮ પા૦ ૧૨૫** ).

**कुमारी** (૩). યમુના નદીને ધોળપુરથી બાર મૈલ ઉપર મળનારી સિંધ નદીને મળનારી 'કુઆરી' નદી તે જ. ટેવર્નીઅરે એને એ નામે વર્ણવી છે. (**ટ્રેવર્નીઅરની હિંદુસ્થાનની મુસાફરી, બોલની આવૃત્તિ, પા૦ ૬૪**) સુકુમારી તેજ.

**कुरामु**. સિંધુ નદીને મળનારી કોરમ નામની નદી વિશેષ. ( **ઋગ્વેદ મંત્ર ૧૦-૭૫** ). એનું કૂમુ એવું બીજું નામ છે.

**कुरुजांगल**. હસ્તિનાપુરની વાયવ્યમાં સિરહિંદમાં આવેલો વગડાઉ પ્રદેશ. બુદ્ધના સમયમાં એને શ્રીકંઠદેશ કહેતા, અને એની રાજધાની વિલાસપુર હતી. એ કુરુક્ષેત્રમાં ગણાતું છઠ્ઠી સદીમાં એની રાજધાની થાણેશ્વરમાં હતી. અહીં આગળથી હર્ષદેવે ( શિલાદિત્ય–૨ જાઓ ) કનોજમાં રાજધાની આણી હતી. ( **શ્રીકંઠ શબ્દ જુઓ** ). મહાભારતમાં આખા કુરુદેશને કુરુજાંગલ કહ્યો છે. (**મહાભારત૦ આદિ૦ અ૦ ૨૦૧, અને વામનપુ૦ અ૦ ૩૨** ). કુરુઓની રાજધાની હસ્તિનાપુર, કુરુજાંગલમાં આવી હતી. ( **મહાભાર૦ આ૦ અ૦ ૧૨૬** ).

**कुरुक्षेत्र**. થાણેશ્વર પહેલાં આ જીલ્લામાં સોનપત, અમીન, કરનલ અને પાણીપતનો સમાવેશ થતો. ઉત્તરે સરસ્વતી અને દક્ષિણે દૃશદ્વતીની વચ્ચે એ પ્રદેશ ગણાતો હતો. (**મહાભારત વન૦ અ૦ ૮૩** ), પણ પ્રતાપચંદ્ર રોયની મહાભારતની આવૃત્તિ જુઓ ) પાંડવ અને કૌરવોનું યુદ્ધ માત્ર થાણેશ્વરમાં જ નહિ, પણ એની આસપાસના પ્રદેશમાં પણ થયું હતું. થાણેશ્વરમાં દ્વૈપાયન હૃદ આવેલ છે. વ્યાસસ્થલી, જેને હાલ વાસથલી કહે છે તે, થાણેશ્વરથી નૈઋત્યમાં સત્તર મૈલ દૂર આવેલું છે. થાણેશ્વરની દક્ષિણે પાંચ મૈલ પર આવેલા અમીન નામના સ્થળમાં અર્જુન પુત્ર અભિમન્યુ મરાયો હતો. આ જ સ્થળે અર્જુને અશ્વત્થામાને હરાવી એના માથાની ખોપરી કાપી કાઢી હતી. અમીન નામ અભિમન્યુ ક્ષેત્ર ઉપરથી થયું છે, એમ કન્નિંગ્હેમ કહે છે. આ સ્થળે જ અદિતિયે સૂર્યને પ્રસવ્યો હતો. થાણેશ્વરથી પશ્ચિમે આઠ મૈલ પર આવેલા ભોર નામના સ્થળમાં ભૂરિશ્રવા મરાયો હતો. ચક્રતીર્થ નામની જગાએ શ્રીકૃષ્ણે ભીષ્મને હણવા પોતાનું ચક્ર હાથમાં ઉપાડયું હતું. થાણેશ્વરથી નૈઋત્યમાં અગીયાર મૈલ પર આવેલા નાગંડુ ગામના સ્થળમાં ભિષ્મ મૃત્યુ

પામ્યા હતા, અને ઔજસત્રાટની દક્ષિણે થાણેશ્વરની પશ્ચિમે આવેલા અસ્થિપુરમાં (**પદ્મપુ૦ સૃષ્ટિ આદિ૦ અ૦ ૧૩ અનુસાર**) મહાભારતમાં મરાયલા યોદ્ધાઓનાં શબ એકઠાં કરી તેમને અગ્નિસંસ્કાર કરાવ્યો હતો. ( **આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૧૪, પા૦ ૮૬–૧૦૬** ) સોનપત અને પાણીપત એ સોનપ્રસ્થ અને પાણીપ્રસ્થ ઉપરથી વિકૃત થયેલાં નામ છે. આ બે ગામ દુર્યોધનની પાસેથી યુધિષ્ઠિરે માગેલાં પાંચ ગામ પૈકીનાં છે. કુરુક્ષેત્રને સ્થાણુતીર્થ અને સામંતપંચક પણ કહેતા. ( **મહાભા૦ શલ્યપર્વ અ૦ ૫૪; અ૦ વન૦ ૮૩**); થાણેશ્વરની ઉત્તરે અરધા મૈલ ઉપર મહાદેવ (**સ્થાણુ**)નું દેવળ આવેલું છે. ઇ. સ. ની અગીયારમી સદીમાં અલબરુનીના સમયમાં આ દેવળ યાત્રાનું ધામ લેખાતું અને ખસુસ કરીને ગ્રહના યોગમાં ત્યાં યાત્રાળુઓ આવતા. (**અલ્બરુનીનું હિંદુસ્તાન–પુ૦ ૨, પા૦ ૧૪૭; મત્સ્ય પુ૦ અ૦ ૧૯૧** ).

**કુશાગ્રારપુર.** મગધની જુની રાજધાની રાજગિર તે જ. ગિરિવ્રજપુરનું જ બીજું નામ. ( **બીલ રેકર્ડ ઓફ વેસ્ટર્ન કન્ટ્રી પા૦ ૧૪૦** ).

**કુલૂત.** કાંગ્રાની વાયવ્યમાં બીઆસ નદીની ખીણના ઉપવાસના પ્રદેશમાં આવેલો કાંગ્રા જીલ્લાનો પેટા વિભાગ કુલુ તે જ. (**બૃહત્સંહિતા અ૦ ૧૪; આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ ૧૮૦૭–પા૦ ૨૯૦** ). એ કુલિંદ દેશાન્તર્ગત ગણાતો. એની રાજધાની નગરકોટમાં હતી. એની વર્ત્તમાન રાજધાની સુલ્તાનપુરમાં છે. સુલ્તાનપુરને રતનપુર અગર રઘુનાથપુર પણ કહે છે. રઘુનાથપુર કહેવાનું કારણ કે ત્યાં રઘુનાથનું દેવાલય આવેલું છે. સેરબુલી અથવા સેરબારી નામનું નાનું વહેળીઉં બીઆસ નદીને મળે છે, તેના સંગમ ઉપર આ દેવાલય આવેલું છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૧ પા૦ ૩; ફ્રેઝરના 'હિમાલય પર્વતો', પા૦ ૨૯૧** ). આ પેટાવિભાગમાં ત્રિલોકનાથ (**ત્રૈલોક્યનાથ**)નું સુપ્રસિદ્ધ યાત્રાનું સ્થળ આવેલું છે. આ દેવળ ટૂંડા નામના ગામમાં ડુંગરી ઉપર ચંદ્રભાગા નદી (ચીનાબ) ના ડાબા કિનારા ઉપર છે. આ સ્થળ ચીનાબ નદી અને ભાગી નદીનો સંગમ થાય છે, તેનાથી નીચલેવાસે બત્રીસ મૈલ દૂર આવેલું છે. એમાં અવલોકિતેશ્વર મહાદેવની ષડ્ભુજા મૂર્તિ છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૧ પા૦ ૧૦૫; ૧૯૦૨ પા૦ ૩૫** ).

**કુલિંદદેશ.** દિલ્હીની ઉત્તરે આવેલો ગરવાળ અને શાહરાનપુર જીલ્લો મળીને બનેલો પ્રદેશ. ( **મહાભા૦ સભા૦ અ૦ ૨૬** ). ગંગાના ઉપલાંણ અને સતલજની વચ્ચે આવેલો બધો પ્રદેશ કુલિંદ કહેવાતો. ટોલેમીએ એને કુલિંદ્રિનિ કહ્યો છે. કુલૂને સિક્કાઓમાં કુલિંદ નામે કહ્યું છે. એ કુલૂ, બીઆસ અને તોન નદીની વચ્ચેનો સઘળો પ્રદેશ, તે કુલિંદ એમ કન્નિંગહેમનું કહેવું છે. (**કન્નિંગહેમનો આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૧૪**). કલિંગદેશનું જ બીજું નામ. મેક્‌ક્રિંડલને મતે ઉંચો પહાડી પ્રદેશ જેમાં વિપાસા, શતદ્રુ, યમુના અને ગંગાનાં મૂળ આવેલાં છે તે એ પ્રદેશને ટોલેમીએ કિલિંદ્રિન કહ્યો છે ( **પા૦ ૧૦૯** ). કુલિંદો કુલૂથી પૂર્વમાં નેપાળ સુધી હિમાલયના દક્ષિણ ઢાળ ઉપર વસતા હતા. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૯૦૮ પા૦ ૩૨૬** ).

**કુવા.** ઓપરાષ્ટ્ર અને ગોરરાષ્ટ્ર કહેતા તે, દક્ષિણ કોંકણ.

**કુશપુર.** કુશભવનપુર તેજ. ( **કન્નિંગહેમની એંશટ જ્યોગ્રોફી પા૦ ૩૯૮** ).

**કુશભવનપુર.** અયોધ્યા પ્રાન્તમાં ગોમતીના તટ ઉપર આવેલું સુલ્તાનપુર તે. ( **થોર્નટનનું ગેઝેટીયર** ). ચીનાઇ મુસાફર હુએન્સ્યાંગ અહીં આવી ગયો હતો. એનું જ બીજુ નામ કુશપુર. એ શ્રી રામચન્દ્રજીના પુત્ર કુશની

Aho ! Shrutgyanam

રાજધાની હતું, વાયુપુરાણમાં એને કુશસ્થલિ નામે વર્ણવ્યું છે. ( **વાયુ પુ૦ ઉત્તર૦ અ૦ ૨૬** ). શ્રી રામચન્દ્રની પછી ગાદીપર આવતાં કુશે પોતાની રાજધાની અયોધ્યામાંથી અહીં આણી હતી. ( **રઘુવંશ સર્ગ ૧૫ શ્લો૦ ૯૭; સર્ગ ૧૬ શ્લો૦ ૨૫**).

**કુશસ્થલ**. કનોજ. ( **હેમકોષ** ).

**કુશસ્થલી**. ગુજરાતમાં આનર્ત્તની રાજધાની દ્વારકા તે. કુશસ્થળીના ખંડેર ઉપર શ્રીકૃષ્ણે દ્વારકા વસાવ્યું હતું ( **હરિવંશ અ૦ ૧૧૨**).

**કુશસ્થલી** (૨.) ઉજ્જયની. (**સ્કંદપુ૦ અવં૦ ખંડ અ૦ ૨૪, ૩૧** )

**કુશાગારપુર**. મગધની જુની રાજધાની રાજગિર તે. એનું બીજું નામ ગિરિવ્રજપુર હતું. (**બીલનું રેકર્ડ ઓફ વેસ્ટર્ન કંટ્રી-ભાગ ૨ પા૦ ૧૪૯**).

**કુશાવર્ત્ત**. નાસિકથી એકવીસ મૈલ પર આવેલા ત્ર્યંબકમાં ગોદાવરીના મૂળ પાસે આવેલા કુંડ વિશેષ.

**કુશાવર્ત્ત** (૨). હરદ્વારમાં આવેલો ગંગાનદીનો એક પવિત્ર ઘાટ વિશેષ.

**કુશાવતી**. ગુજરાતનું દ્વારકા તે ( **નીલકંઠની શ્લો૦ ૫ ઉપરની ટીકા. વનપર્વ. મહાભારત૦ અ૦ ૧૬૦,** ) ઇક્ષ્વાકુના ભત્રિજા આનર્ત્તે એ પુર વસાવ્યું હતું. એનું બીજું નામ કુશસ્થલી હોઇને એ આનર્ત્ત દેશની રાજધાની હતું. (**શિવપુ૦ ભા૦ ૬ અ૦ ૬૦**).

**કુશાવતી** (૨). વિંધ્યપર્વતના પાદપ્રદેશમાં વસેલી નગરી વિશેષ. ( **રામા૦ ઉત્તર૦ અ૦ ૧૨૧** ) વખતે એ જુની દર્ભાવતી પણ હોય. દર્ભાવતીનું હાલનું નામ ડભોઇ. ડભોઇ ભરુચથી ઇશાનમાં આડત્રીશ મૈલ પર આવેલું છે. અર્વાચીન કાળમાં એનો સુંદર કિલ્લો પ્રસિદ્ધ છે અને વડોદરાના ગાયકવાડના રાજ્યમાં આવેલ છે. એ શ્રી રામચન્દ્રના પુત્ર કુશની રાજધાની હતું.

**કુશાવતી** (૩). લાહોરથી નૈઋત્યમાં બત્રીસ મૈલ પર આવેલું પંજાબનું કાશુર તે.

**કુશાવતી** (૪). કુશપુર, બીજુ નામ કુશભવનપુર. શ્રી રામચન્દ્રજીના પુત્ર કુશની રાજધાની ( **રઘુવંશ સ૦ ૧૫ શ્લોક ૯૭** ). એ જ અયોધ્યામાં આવેલું સુલ્તાનપુર.

**કુશાવતી** (૫). બુદ્ધ ભગવાનનું જ્યાં મૃત્યુ થયું હતું તે કુશીનાર અગર કુશીનગર. ( **મહાપરિનિબ્બાનસુત્ત, સેક્રેડ બુક ઓફ ધી ઇસ્ટ પુ૦ ૧૧ પા૦ ૧૦૦; કેમ્બ્રિજની છપાયલી જાતક કથાઓ પુ૦ ૫ પા૦ ૧૪૧-કુશજાતક** ).

**કુશાવતી** (૬). ઉજ્જયિનીના ક્રૂર રાજા પાળકને માર્યા પછી આભીરવંશકર આર્યકે ચારુદત્તને આપેલું વેણા અગર વેણગંગાના તટ ઉપર આવેલું સ્થળ વિશેષ. ( **મૃચ્છકટિક અં૦ ૧૦-૫૧** ).

**કુશિનગર**. આ સ્થળે બુદ્ધ ભગવાનનું નિર્વાણ થયું હતું. પ્રો. મેક્ષમુલરના કહેવા મુજબ એ બનાવ ઇ. સ. પૂર્વે ૪૭૭ માં બન્યો હતો. પણ સીલોનની વર્ષ સૂચી, તેમ જ પ્રો. લેસેનના મત મુજબ એ બનાવ ઇ. સ. પૂર્વે ૫૪૩ માં બન્યો હતો. ( **જુઓ-ગોલ્ડસ્ટકરનું પાણિની-પા૦ ૨૩૧-૨૩૩** ). આ નિર્વાણ અજાતશત્રુના રાજ્યના આઠમા વર્ષમાં અને બુદ્ધ ભગવાનની ઉમ્મરના એંશીમા વર્ષમાં થયું હતું. આ સ્થળ તે હાલનું "કેસીયા" એમ પ્રોફેસર વિલ્સનનું કહેવું છે. આ સ્થળ ગોરખપુરથી પૂર્વે સાડત્રીસ મૈલ અને બેટેયાની વાયવ્યમાં આવ્યું છે. બુદ્ધ ભગવાનનું નિર્વાણ માલિયાનના કુશિનારના શાલવૃક્ષોના કુંજમાં બે શાલવૃક્ષની વચ્ચે રાત્રિના ત્રીજા પ્રહરમાં થયું હતું. એઓશ્રી મરણકાળે માથું ઉત્તર તરફ રાખીને જમણે પડખે સુતા હતા. ( **મહાપરિનિબ્બાન સુત્ત-સે૦ બુ૦ ઇ૦ માળા, પુ૦ ૧૧, પા૦ ૧૦૩, ૧૧૬** ).

Aho ! Shrutgyanam

એમની મરણ ભૂમિ ઉપર અશોકે ત્રણ સમાધો–સ્તુપ–ચણાવ્યા હતા. પૂર્વે કુશાવતી કહેતા. ( **કેંબ્રીજ આવૃત્તિ–જાતક–પુ૦ ૫–૧૪૧ કુશજાતક** ) બુદ્ધ ભગવાનની છાર બારહીમાં એક સ્તૂપમાં દાટેલી છે. ન્યગ્રોધના અરણ્યમાં આવેલા આ સ્થળને હાલ મોરિયનગર કહે છે. ચીનાઇ મુસાફર હ્યુન્સ્યાંગ અહીં આવેલો હતો. ગોરખપુર જીલ્લામાં કેસીયાની પાસેના અનિરુદ્ધવાનાં ખંડેરો તે બુદ્ધના પુસ્તકોમાં કહેલા મલ્લના મહેલોનાં છે. દ્રોણ નામના બ્રાહ્મણે બુદ્ધનાં અસ્થિયોના આઠ ભાગ પાડયા હતા. એકેકો ભાગ વૈશાલીના [1] લચ્છવીઓ, કપિલવસ્તુના [2] શાકયો, અલપ્પકના [3] બુલયાઓ, રામગ્રામના [4] કોલિયાઓ, બેથદ્રીપ (વખતે બેથીઆ)ના [5] બ્રાહ્મણો, પાવાના [6] મલ્લો, કુશિનાર (કુશિનગર)ના [7] મલ્લો અને પાટલીપુત્રના [8] રાજા અજાતશત્રુને વ્હેંચીઆપ્યો હતો. આમણે બધાએ આ અસ્થિયો ઉપર સ્તુપો ચણાવ્યા હતા. દ્રોણ બ્રાહ્મણે પોતે જે વાસણમાં ભરી ભરીને આ અસ્થિવાળી છાર માપી હતી તે પોતે રાખ્યું હતું; એણે એ વાસણ ઉપર સ્તૂપ ચણાવ્યો હતો. પિપ્પલાવતીના મૌર્યોએ ભગવાનની ચિત્તાના કોયલા ઉપર સ્તૂપ ચણાવ્યો હતો. ( **મહાપરિનિ૦ સુત્ત૦ પ્ર૦ ૬** ). પોતાનું રાજભવન તજ્યા પછી જે જગાએ બુદ્ધભગવાને કાષાય વસ્ત્ર ધારણ કર્યા હતાં, તે સ્થળ તે કેસીયા એમ ડા૦ હોમ માને છે, ( **જ. એ. સો. બં. પુ૦ ૬૯ પા૦ ૮૩** ). જો કે મી. વિંસેટ સ્મિથ કુશિનગર તે કેસિયા હોય એ વિષે શંકા ધરાવે છે, પણ આર્કિયોલોજીની શોધના ખાતા તરફથી કરેલી શોધ ઉપરથી એ સાબિત થયું છે કે કુશિનગર તેજ કેસિયા. મુખ્ય દેવળથી પાસે આવેલા જે સ્તૂપમાં બુદ્ધ ભગવાનની મરતી વેળાની મૂર્ત્તિ આપેલી છે, તે સ્તૂપને ઉઘાડવામાં આવ્યો હતો. તે વખત તેમાંથી એક તામ્રપત્ર નિકળ્યું હતું જેમાં છેવટે " નિર્વાણ સ્તૂપનું તામ્રપત્ર " એવા શબ્દો કોરેલા હતા.

**कुशिनारा**. કુશિનગર તે જ.

**कुसुमपुर**. કુસુમપુર તે જ. (**મુદ્રારાક્ષસ ૧–૨**).

**कुश्तन**. ચીનાઇ અગર પૂર્વ તૂર્કસ્તાનમાં આવેલ ખોટાનનું રાજ્ય તે, ત્યાંથી ઘેરા લીલા રંગના અકીક નિકળે છે તેને માટે એ પ્રખ્યાત છે. એથી એનું નામ જ ઇ–યૂ–( gadə ) શીન પડયું છે. ચીનાઓ એને કુ–શા–તાન–ના કહેતા. ( **બ્રેસ્ચુનાઇડરનું–મીડાઇવલ રીસર્ચીસ પુ૦ ૨. પા૦ ૪૮** ). ચીનાઇ મુસાફરો ફાહ્યાંન અને હ્યુન્સ્યાંગ આ સ્થળે આવેલા હતા. યોતકન નામે જુની રાજધાની અહીં હતી. એ સ્થળ હાલના ખોતન શહેરથી સહેજ પશ્ચિમે આવેલું હતું. ડા૦ સ્ટીનને મળેલા જુના લિખિત પુસ્તકમાં ખોતાનનાં ખોતાન અગર કુસ્તાનક એવાં નામ આપેલાં છે. ખ્રિસ્તી સનની સુમારે બીજી સદીમાં તક્ષશિલામાંથી અહીં આવી વસેલા હિંદવાનોએ ખોતન જીતી લઇ ત્યાં વસવાટ કર્યો હતો. ડા. સ્ટીને યોત્ખાનથી પશ્ચિમે એક મૈલ આવેલો, હ્યુન્સ્યાંગે વર્ણવેલો સે–મો–જોહ બિહાર, બૌદ્ધિક સ્તૂપો, અને ડોબ સહિત સોમિયાનું કબરસ્થાન ખોળી કાઢયું હતું. તેમજ તેમણે ઘણાં બૌદ્ધિક યાત્રાસ્થળો, સ્તૂપો, બુદ્ધ અને બોધિસત્વોનાં ઘણાં પુતળાં અને ઉપસેલી કોરણીવાળી મૂર્તિયોવાળી ઝાલરો પણ શોધી કાઢી છે. તેમણે ખોસ્તાનના પ્રદેશમાં તકલમંડન રણમાં ડંડન ઉલિગ ( પ્રાચીન લિસિહે), નિયા, એણ્ડેર અને રાવક વગેરે સ્થળોમાં દટાયલી રંગીત ઇંટો, તેમ જ ખ્રિસ્તની ત્રીજીથી આઠમી સદી દરમ્યાન બ્રાહ્મીઅને ખરોષ્ટીમાં લખાયલા કાગળ ઉપરના ઘણા લેખો પણ ખોળી કાઢયા છે.(ડા૦ સ્ટિનનુ'રેતીમાં દટાયલાં ખોટનનાં ખંડેરો.'પા૦ ૪૦૨). ચોથા સૈકામાં ફાહ્યાને ખોટનમાં બૌદ્ધ-

Aho ! Shrutgyanam

ત્રિરત્ન,–બુદ્ધધર્મ અને સંઘના રથનાં ચિત્રો જોયાં હતાં. આ ત્રિરત્નો હાલના જગન્નાથ, બલરામ અને સુભદ્રાના રથનાં પ્રતિક જેવાં છે. અશોકની પાછળ થએલા સમ્પ્રતીના સમયમાં ઉજ્જયીનીમાં જૈનો એક રથ ફેરવતા. એ રથમાં તેઓ જીવન્તસ્વામીની મૂર્તિ બેસાડતા. (**જેકોબી–સ્થવિરાવળીની આવૃત્તિ. પુ૦ ૧૧**). ઇત્સિંગે પણ "ખુરતન" નામનો ઉલ્લેખ કર્યો છે. (**જુવો તકાકુસુના "બૌધ ધર્મનાં લખાણો" પા૦ ૨૦**).

**कुश्तन** (૨). રતનનું બીજું નામ.

**कुशमपुर**. પાટલીપુત્ર તે જ કુશુમપુર (**મહાવંશ પ્ર૦ ૫**). પટણાના દક્ષિણ ભાગનું નામ કુમ્હાર તે કુસુમપુર વિકૃત થઇ બનેલું છે. અહીં આગળ રાજમહેલ આવેલો હતો. એ પાટલીપુત્રનો જ ભાગ ગણાતું. (**મહાવંશ ઉર્નહામની આવૃત્તિ પ્ર૦ ૫. પા૦ ૪૬**).

**कुशमपुर** (૨). કાન્યકુબ્જ.

**कुहु**. કાબુલ નદી તે જ. વેદિક નામ કુભા, પૌરાણિક કાળમાં બદલાઇને કુહુ બન્યું હતું. ગાંધાર અને ઉરસાના રહેવાસીઓના વર્ણન પછી કુહુવાસીઓનું વર્ણન આવે છે. (**મત્સ્યપુરાણ અ૦ ૧૨૦, પ્ર૦ ૫-૪૬; અને અ૦ ૧૧૩. ૫-૨૧**). કહ્યું છે કે સિંધુ નદી કુહુઓના દેશમાં થઇને વહેતી હતી. ટોલેમીએ કહેલું "કોઆ" તે આ, એ સ્પષ્ટ છે. મેકક્રિંડલે "કોફાન" તે જ કોઆ એમ નક્કી કર્યું છે. (**મેકક્રિંડલનું "સીકંદરની હિંદુસ્તાન ઉપરની સ્વારી" નામનું પુસ્તક પા૦ ૬૧**). ટોલેમીએ કહેલ કોઆ અગર કોઆસ તે "કોફેન" કિંવા "કાબુલ નદી" નહીં, એમ પ્રો૦ લાસેનનું કહેવું છે. ટોલેમીએ કહ્યું છે કે કોઆસ એ હિંદુસ્થાનની છેક પશ્ચિમમાં આવેલી નદી છે; પણ હિંદુસ્થાનનો છેક પશ્ચિમ મુલક તે લંપકાનો દેશ હતો, અને લંપકો કોઆસના મૂળ પાસે આવેલા પ્રદેશમાં રહેતા હતા. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૦ પા૦ ૪૭૪**).

**कुण्डगाम**. તિરહુટમાં મુઝાફરપુર જીલ્લામાં આવેલા વૈશાલી (હાલનું બેસર) નું બીજું નામ. વસ્તુતઃ કણ્ડગામ–અગર કુણ્ડગ્રામ્મ જે હાલ વસુકુણ્ડ કહેવાય છે, તે આ પ્રાચીન વૈશાલીનું પરૂં હતું. વૈશાલીના ત્રણ વિભાગ હતા. મૂખ્ય વૈશાલી જે હાલ બેસર કહેવાય છે તે; કુણ્ડપુર–જે હાલ વસ્તુકુણ્ડ કહેવાય છે તે; અને વાણીયાગામ–જે હાલ બનીયા કહેવાય છે તે. આ ત્રણે વિભાગોમાં અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રીઓ અને વાણીઆ રહેતા. વૈશાલ–કુણ્ડપુર જૈન તીર્થંકર મહાવીરની જન્મભૂમિ મનાય છે. તીર્થંકર મહાવીરને વેશાલી, એટલે વૈશાલીના એવું બીરુદ હતું, બૌદ્ધો જેને કોટીગામ કહેતા તે જ આ જગા છે, એમ પ્રો૦ જેકોબી જૈનસૂત્રની પ્રસ્તાવનામાં કહે છે. (સે. બુ. ઇસ્ટ. પુ. ૨૨. પા૦ ૧૧.) મહાવીરનો જન્મ વૈશાલીમાં કોલેગા નામના પરામાં થયો હતો એમ કહેવાય છે. એ પરામાં ક્ષત્રિઓની "ન્યાય" અને "નાટ" જાતો રહેતી હતી. એ પરામાં ચૈત્ય દ્વિપલાસ નામે દેવળ આવ્યું હતું. (ડા૦ હોર્નલે૦ ઉપાસગદસાઓ પા૦ ૪; અને એજ વિદ્વાનનું "જૈનીજમ અને બૌદ્ધીજમ નામનું પુસ્તક જુઓ) કહેવાય છે કે મહાવીર પ્રથમ દેવનંદા નામની બ્રાહ્મણીના ગર્ભમાં રહ્યા હતા. પણ ઇન્દ્રે એ ગર્ભને કાઢીને ત્રિશલા નામની ક્ષત્રિયાણીના ગર્ભમાં મૂકયો હતો. તે વખત ત્રિશલાને હરણના જેવા માથાવાળા સેનાપતિ હરિણેગમેશીનો ગભ રહ્યો હતો. આ હરિણેગમેશી અને બ્રાહ્મણોના બકરા જેવા માથાવાળો દેવ નૈગમેશ તે એક જ. (**એ. ઇ૦ પુ૦ ૨ પા૦ ૩૧૬, ૩૧૭. સે૦ બુ૦ ઇમાં છપાયલું કલ્પસૂત્ર પુ૦ ૨૨, પા૦૨૨૭,**) કુણ્ડનપુરના અગ્રગણ્ય અધિકારી અગર રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાની કુખે **મહાવીર**

Aho ! Shrutgyanam

યાને વર્ધમાનનો જન્મ થયો હતો. ત્રિશલા વૈશાલીના રાજા ચેટકનાં બ્હેન થતાં હતાં. ચેટકની પુત્રી ચેલ્લના ઉર્ફે વિદેહદેવી મગધના રાજા બિમ્બિસારને પરણી હતી અને અજાતશત્રુ ઉર્ફે કુણિકની જનની થતી હતી. અજાતશત્રુ પોતાની ઓરમાન માતાના ઓરમાન ભાઇ શ્રાવસ્તીના રાજાની દિકરી વજીરાને પરણ્યો હતો. અજાતશત્રુની ઓરમાન માતાનું નામ કોશલાદેવી હતું. કેટલાકને મતે અજાતશત્રુ કોશલાદેવીનો પુત્ર હતો એમ પણ જણાય છે. મહાવીરનું મૃત્યુ પાપા–પાવાપુરીમાં એમની બોતેર વર્ષની વયે ઇ. સ. પૂર્વે ૫૨૭ માં થયું હતું. પણ મી. પ્રિન્સેપના મત પ્રમાણે ઇ. સ. પૂ ૫૬૯માં તેમની સીત્તેર વર્ષની ઉમ્મરે થયું હતું. (**પ્રિન્સેપનાં ઉપયોગી વંશવૃક્ષો' ભા. ૨. પા. ૩૩**).

**कुंडिनपुर** 'વિદર્ભ દેશની જુની રાજધાની અમરાવતીની પૂર્વે આસરે ચાલીસ 'મૈલ ઉપર આવેલ કુંડપુર તે જુનું કુંડનપુર એમ ડાઉસ માને છે. (**ડાઉસનની ક્લાસિકલ ડિક્સ્નેરી, ૪ આવૃ૦ પા૦ ૧૭૧ અને વિલ્સનનું માલતીમાધવ સં૦ ૧**) મધ્ય પ્રાન્તમાં ચંદા જીલ્લામાં વરોરાથી દક્ષિણમાં અગિયાર મૈલ વર્ધા (વિદર્ભા) નદી ઉપર આવેલું દેવલવારા તે કુંડિનપુર એમ લોકવાયકામાં ગણાય છે. (**કનિંગહેમ આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ ૯, પા૦ ૧૩૩**). અહીં આગળ રૂકિમણીના દેવળ પાસે દરવર્ષે મેળો ભરાય છે. જુનું કુંડિનપુર વર્ધા નદીથી અમરાવતી સુધી ફેલાયલું હતું. અમરાવતી (અમરાઓતી)માં મૂળ જે દેવળમાંથી શ્રીકૃષ્ણે રૂકિમણીનું હરણ કર્યું હતું ને દેવળ હાલ પણ અસ્તિત્વમાં છે. શ્રીકૃષ્ણની પટરાણી રૂકિમણીનો જન્મ કુંડિનપુરમાં થયો હતો વરાડ પ્રાન્તમાં આવેલ કોંડાવીર તે કુંડિનપુર એમ પણ કહેવાય છે. (**ડા૦ ફ્યુરર–'મોન્યુમેંટલ એન્ટિક્વિ અને ઇન્સ્ક્રિપ્શન**) કુંડિનપુરને વિદર્ભ પણ કહેતા. (**હરિવંશ ૨; મહાભારત૦ વન૦ અ૦ ૭૩**) હાલ જ્યાં બીડર વસ્યું છે તે જગાએ વિદર્ભપુર અગર કુંડિનપુર હશે એમ લાગે છે; વિદર્ભથી હરણ કરી લાવ્યા પછી શ્રીકૃષ્ણે રૂકિમણી સાથે માધવપુરમાં વિધિ પુરસ્સર લગ્ન કર્યું. આ માધવપુર પ્રભાસ યાને સોમનાથથી વાયવ્યમાં ચાલીસ મૈલ પર આવેલ છે, (**અર્ચાવતાર**) અનર્ધરાઘવના સાતમા અંકમાં ૧૯૧ પાને, કુંડિનનગર મહારાષ્ટ્રમાં આવ્યું એમ કહ્યું છે. એજ ગ્રંથમાં વિદર્ભદેશ મહારાષ્ટ્રમાં આવ્યાનું કહ્યું છે.

**कुनिन्द**. કુલિંદ દેશ એ જ, (**બૃહત્સંહિતાના અધ્યા૦ ૧૪ શ્લો૦ ૫ પા૦ ત્રીસમે** કૌનિન્દ તે જ કુનિન્દ એમ કહ્યું છે.

**कुंडपुर**. કુંડ ગામનું જ નામ.

**कुंडिस्यपुर**. કુંડિનપુર તે જ.

**कुंतलकपुर**. મ્હૈસુરના શિમોગા જીલ્લાના સોરાબમાં આવેલું કુબાત્તુર તે. એ કુંતલદેશની રાજધાની હતું. લોકોક્તિ મુજબ એ ચંદ્રહાસ રાજાની રાજધાની હતું (**જૈમિનિભારત૦ પ્ર૦ ૫૩; રાઇસનું 'મહિસુર અને કુર્ગ' પુ૦ ૨; પા૦ ૩૫૧**). એ કેરલમાં આવ્યું હતું. ચન્દ્રાવતી કુંતલપુરથી ૭ યોજન યાને બેંતાલીશ મૈલ ઉપર આવેલી હતી. કૌસેનના 'એંટિકવેરિયન રીમેઇન્સ ઇન ધી બોંબે પ્રેસીડેન્સી પુ. ૮ પા૦ ૯૪ માં ખેડા જીલ્લામાં આવેલું સરનલ તે કુંતલકપુર કહ્યું છે, તેતો બહુ જ દૂર આવ્યું છે. કુંતલપુરને કૌતલકપુર પણ કહેતા. સુરભી શબ્દ જુઓ.

**कुन्तीभोज**. માળવાના આ પુરાતન શહેરનું નામ ભોજ પણ હતું, ભોજના રાજા કુંતીભોજે યુધિષ્ઠીર અને એમના ભાઇઓની મા કુન્તીને ઉછેરીને મોટી કરી હતી. (**મહાભા૦ આદિ૦ અ૦ ૧૧૧, ૧૧૨**). અશ્વનદી

Aho ! Shrutgyanam

અગર અશ્વરથનદી નામની નાની નદીને કિનારે એ આવેલુ હતું. આ નદી ચંબલ નદીમાં પડે છે. ( **મહાભા૦ વન૦ અ૦ ૩૦૬; મહુત્સં૦ અ૦ ૧૦ શ્લોક ૧૫**) એ શહેરને કુન્તી પે કહેતા. ( **મહાભા૦ ભીષ્મ૦ અ૦ ૯; વિરાટ૦ અ૦ ૧**)

**कूर्मक्षेत्र**. ગંજામ જીલ્લામાં ચિકાકોલથી પુર્વમાં આઠ મૈલ, દરીઆ કિનારે આવેલું છે તે ચૈતન્ય પ્રભુ અહીં આવ્યા હતા. ( **શ્યામલાલ ગોસ્વામીનું "ગૌડસુંદર" પા૦ ૧૮૮**). હાલ એને શ્રી કૂર્મ કહે છે.

**कूर्मवन**. કૂર્માચલ તેજ.

**कूर्माचल**. કયુમાયુન (**જ. એ. સો બં. પુ૦ ૧૭, પા૦ ૫૮૦, જેમાં સ્કં૦ પુરા૦ મનુષ્ય ખંડનાં અવતરણો આપ્યાં છે, અને માહેશ્વરખંડ (કેદારખંડ) જુઓ**. એને કૂર્મવન પણ કહેતા. તેમ જ કુમારવન પણ કહેતા. આ નામ વિકૃત થઇ કયુમાઉન બન્યું છે. પૂર્વે એની રાજધાની ચંપાઉતી હતી, જેને કૂર્માચલ પણ કહેતા. એની વર્તમાન રાજધાની અલ્મોરા છે. એની પશ્ચિમ સીમાએ ત્રિશૂળ પર્વત આવેલો છે. એનાં શિખરોનો ઘાટ ત્રિશૂળ જેવો હોવાથી પર્વતનું આ નામ પડયું છે. પૂર્ણાદેવી યાને અન્નપૂર્ણા દેવીનું પ્રસિદ્ધ દેવળ કયુમાઉનમાં પૂર્ણગિરિમાં આવેલું છે. આખા દેશભરમાંથી યાત્રાળુઓ ત્યાં આવે છે. (**જ. એ. સો. બં. પુ. ૧૭. પા૦ ૫૭૩**). સમુદ્રમંથન કાળે મંદરાચળને પોતાની પીઠ પર ધારણ કરવા સારૂ વિષ્ણુ ભગવાને કૂર્માવતાર અહીં લોહાઘાટમાં જ લીધો હતો. ( **જ૦ એ૦ સો૦ બં૦ પા૦ ૫૯૦** ) મંદારગિરિ શબ્દ જુઓ.

**केकय**. બીઆસ અને સતલજની વચ્ચેનો પ્રદેશ. દશરથનાં નાનાં રાણી અને રામચન્દ્રનાં ઓરમાન મા કૈકેયીના પિતાના રાજ્યનો પ્રદેશ ( **મહાભાર૦ સભા૦ અ૦ સ૦૬૮**) ગિરિવ્રજપુર શબ્દ જુઓ.

**केटलपुत्र**. કેરલ અગર ચેરા તેજ. (**અશોકનો ગિરનારનો લેખ: ભાણ્ડારકરનું અર્લિ-હિસ્ટ્રી ઓફ ડેકન, ભા૦ ૩ પા૦ ૧૦**) ચંદ્રગિરિ નદીના દક્ષિણનો મલબાર કાંઠો આ પ્રદેશમાં આવ્યો હતો. ( **વિ૦ એ૦ સ્મિથની અર્લી હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા પા૦ ૧૬૪**); એને કેરલપુત્ર પણ કહેતા.

**केटकिवन**. સંતાલ પરગણામાં આવેલ વૈદ્યનાથ તે. (**ડા૦ ૨૦ લ૦ મિત્રનું "ઓન ધી ટેંપલ ઓફ દેવઘડ", જ૦ એ૦ સો૦ બં૦; ૧૮૮૩ પા૦ ૧૭૨** ).

**केतुमालवर्ष**. ચક્સુ યાને ઓક્ષક નદીના પ્રદેશ સહિત તુર્કસ્તાન. ( **વિષ્ણુપુ૦ અ૦ ૨; માર્કંડપુ૦ અ૦ ૫૯**) પૂર્વના ઇતિહાસમાં તુર્કસ્તાનને દેસ્તીકિપત્યક કહ્યું છે. તુર્કની પ્રાચીન જાતિ કિપ્ત્યચક ઉપરથી આ નામ પડયું છે. જેમ ખીવના ખનાતને બોખારાનું ખનાત અને ખોકંડના ખનાતને ફરગાન કહેવાય છે તેમ ખરેઝમને ઉરગેંજ કહેતા; એ ખરેઝમ કેતુમાલવર્ષમાં આવી જાય છે. ઇ. સ. ૧૨૨૫માં ઝંઘીસખાનના વિજયકાળ સુધી જો કે ખોરાશનમાં બગદાદનું રાજ્ય હતું. તોપણ બોખારા, સમરકંદ, મર્વ, કરશી (નકશેબ) અને બલ્ખ-જેને ઉમ--ઉલૂ-બિલાદ એટલે શહેરોની મા કહેતા તે-એ ઇરાનમાં મનાતાં. ખોરાશાનને એ કાળે 'સૂર્યનો પ્રદેશ' કહેતા (**વેમ્બ્રીની મધ્ય એશિયામાં મુસાફરી. પ્ર૦ ૧૨ પા૦ ૩૩૯--૩૬૭**).

**केदार**. મંદાકિનિ અને દુધગંગા નદીઓના સંગમ ઉપર દક્ષિણ તટે આવેલા કેદારનાથ તે. એ મહાદેવનાં બાર જ્યોતિર્લિંગમાંનું એક છે. કેદારનાથનું દેવાલય રૂદ્રહિમાલય પર્વતમાળામાંથી કાટખૂણે નિકળતા પર્વત ઉપર આવેલું છે. સંયુક્ત પ્રાંતમાં ગરકાવ જીલ્લામાં મહાપંથાની ટેકરીની નીચે રૂદ્રહિમાલયની ટેકરી આવેલી છે. (**અમરેશ્વર શબ્દ જુઓ.**)

Aho ! Shrutgyanam

કેદારનાથથી એ દિવસની મુસાફરી જેટલે છેટે પવિત્ર મંદાકિનિ અગર કાલીગંગા નિકળે છે. જે સરોવરમાંથી એ નિકળે છે તેમાં ભૂરાં કમળો થાય છે. એ સરોવર રૂદ્રપ્રયાગ આગળ અલકનંદાને જોડાયલું છે. જો કે સીધો લીટીમાં છેટુ બહુ ઓછું છે, છતાં કેદારથી બદ્રિનાથ જતાં આઠ દિવસ લાગે છે. કેદારનાથથી હરિદ્વાર પંદર સોળ દિવસની મુસાફરી જેટલે છેટે આવેલું છે. શિવપુરાણ (**ખંડ ૧; અ૦ ૪૭**) માં કેદારનાથ બદ્રિકાશ્રમમાં આવ્યાનું લખ્યું છે. કેદારનાથની પૂજા પાંડવોએ ચલાવ્યાનું કહેવાય છે. (**પંચકેદાર જુઓ**) દેવળની પાસે ભૈરવઝંપ નામની ટેકરી આવેલી છે, જેના શિખર ઉપરથી યાત્રાળુઓ પડતું મુકીને આતમહત્યા કરતા. ( ડા૦ફ્યુ**હુરર-માન્યુમેન્ટલ એન્ટિક્વિટિઝ એન્ડ ઇન્સ્ક્રિપ્સન્સ; ઇમ્પિરિયલ ગેઝિટિયર-પુ૦ ૮, માં-જુઓ કેદારનાથ** ) આ જગ્યાએ શંકરાચાર્ય મૃત્યુ પામ્યા હતા. (**માધવાચાર્યના "શંકરાચાર્ય" અ૦ ૧૬**) દેવળની પાસે જ્યાં કાર્તિકનો જન્મ થયો હતો તે રેતકુંડ આવેલો છે. (**સ્કં૦ માહેશ્વરખંડ ૧-૨૭; ૨-૨૯**), ત્યાંથી નિચલાણમાં બત્રીસ મૈલ ઉપર ઉષિમઠ આવેલો છે. ત્યાં આગળ માંધાતા અને પાંચ પાંડવોની મૂર્તિયો છે.

**केहल.** મલબાર દરીઆકાઠો તે. ( **વિલ્સનનું માલતિમાધવ** ).ઉત્તરે ગોવાથી માંડીને તે ત્રાવણકોર, કનારા (**રામાયણ કિષ્કિ૦ સ૦ ૪૧**), અને છેવટે છેક દક્ષિણમાં કન્યાકુમારી સુધીનો પ્રદેશ. નૈર લોકો ત્યાં વસે છે કોઇ કોઇ વખત ચેરાદેશને માટે પણ કેરલ નામ વાપર્યું છે. (**રેપ્સનનું એંશ્યંટ ઇન્ડિયા પા૦ ૧૬૪ અને ઇન્ડિયન કોઇન પા૦ ૩૬; ડા૦ ભાણ્ડારનો દક્ષિણનો ઇતિહાસ-સેક્શન ૩**). વસ્તુતઃ કેરલ શબ્દ તે ચેરાના જૂના નામનું કેનરી-કાનડી ભાષાનું રૂપજ છે. ( **હંટરનું ઇમ્પિરિયલ ગેઝિટિયરમાં-ચેરા શબ્દ જુઓ**). કાનડા-કેરલમાં બ્રોસ પર્વતના પાદપ્રદેશમાં પુર્ણાનદીને કિનારે આવેલા કાલડીમાં સુપ્રસિદ્ધ ધર્મ સુધારક શંકરાચાર્યનો જન્મ થયો હતો. એમના પિતાનું નામ શિવપુરૂ અને પિતામહનું નામ વિદ્યાદિરાજ હતું. ચિતાંબલ શબ્દ જુઓ. મેકંઝીનાં મેન્યુસ્ક્રિપ્ટમાં કેરલદેશની રાજધાની અનન્તશયનમ્ કહી છે. પરશુરામે આ પ્રદેશમાં બ્રાહ્મણોને વસાવ્યા વહેવાય છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮ પા૦ ૧૮૩-૧૨૮**).

ગીબન લખે છે કે પ્રતિવર્ષે રાતા સમુદ્ર ઉપર આવેલા મિસરના મિઆસહોરમસ નામના બંદરેથી ૧૨૦ વહાણોનો કાફલો દક્ષિણાયન થતાં નિકળતો.એ કાફલો સામાન્ય રીતે મલબાર કાંઠે અગર લંકાદ્વીપમાં જતો. એ જગાએ એશિયાના દૂર દૂરના વેપારીઓ આ કાફલાની રાહ જોતા. આ કાફલો મોંસૂનના ચોમાસાના પવનની મદદથી ચાળીસ દિવસ દરીઓ ખેડી અહીં આવી પહોંચતો. ત્રાવણકોર અને મલબારમાં પ્રચલિત કોલ્લમ સંવત ઇ. સ. ૮૨૪થી શરૂ થાય છે. આ સંવત ઉપરથી સપ્તર્ષિ સંવત ગણવા માંડયો. (**ઇંડિ૦ એન્ટિ૦ પુ૦ ૨૬ પા૦ ૧૧૮**).

**केरलपुत्र.** કેટલપુત્ર શબ્દ જુઓ.

**केशवती.** નેપાળની વિષ્ણુમતી નદી તે. એ બાગમતી નદીને મળનારી નદી છે. (**રાઇટની હિસ્ટ્રી ઑફ નેપાળ પા૦૮૦-૮૧**). નેપાળનાં ચૌદ મોટાં તીર્થોમાંથી ચાર નદીઓ સંગમ કરે છે, ત્યાં ત્યાં એકેક મળી ચાર તીર્થો એના ઉપરજ છે. કામ, નિર્મળા, અકર અને જુગત એ ચાર નદીઓ કેશવતીને મળે છે. પરંતુ સ્વયંભુ પુરાણના અ૦ ૪ પ્રમાણે વિમળાવતી, ભદ્રાનદી, સ્વર્ણવતી, પાપનાશિની અને કનકાવતી એ બધી મળીને થતાં તીર્થોનાં નામ અનુક્રમે મનોરથ,

Aho ! Shrutgyanam

નિર્મળા (ત્રિવેણી), નિધન, જ્ઞાન અને ચિન્તા-મણી એવાં છે.

**कैरमाली.** પ્રાચીન કૈરાદેશમાં આવેલ કૈમાર પર્વતાવળી. પર્વતનું નામ માલી છે. ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૭૭ પા૦ ૧૬ ). એનું બીજું નામ કિમ્રિત્ય પણ છે. કૈરમાલી ઉપરથી કૈમુર નામ પડ્યું છે એ દેખીતું છે.

**कैलास.** કૈલાસ પર્વત તે જ. ટિબેટના લોકો એને કુંગ્રીનપોચે કહે છે.એ માનસરોવરથી પચ્ચીસ મૈલ દૂર, ઉત્તરે ગંગ્રીની પેલી તરફ નિતિઘ્રાટની પૂર્વે આવેલ છે. ગંગ્રીને દરચીન કહે છે. ( **બેટનનો નિતિઘાટ જ૦ એ૦ સો૦ બં૦ માં, ૧૮૩૮ પા૦ ૩૧૪** ). એ ગંગ્રી પર્વતમાળાનો ફાંટો છે; અને એના ઉપર શંકર ભગવાન અને પાર્વતી રહે છે એમ કહેવાય છે. જ. એ. સો. બં. ૧૮૪૮, પા૦ ૧૫૮ મે એચ. સ્ટ્રેચી કહે છે કે મનોહર સૃષ્ટિ-સૌંદર્યમાં કૈલાસ, ગુરિયા, અગર હિમાલયના બીજા પર્વતો કરતાં ચઢીઆતો છે એમ મેં જોયું છે. કુદરતી ભવ્યતા ભરેલો એ પર્વત-રાજ સર્વ પર્વતોનો રાજા જ છે. એની બન્ને બાજુની ખીણોના ઘાટોમાં થઈને યાત્રાળુઓ બે દિવસમાં એની પ્રદક્ષિણા પુરી કરે છે. કિયુન્લુન પર્વતાવળી તે જ કૈલાસ એ માન્યતા ભુલ ભરેલી છે. ( ડા૦ **વેડેલના લાસા અને એનાં રહસ્યોમાં છાપેલો તીબેટનો નકશો પા૦ ૪૦ માં જુઓ** ). મહાભારત૦વનપર્વ૦અધ્યાય૧૪૪-૧૫૬ અને બ્રહ્માંડપુરાણ અ૦ ૫૧ માં કયુમાઉન અને ગરવાળ પર્વતો તે કૈલાસમાં ગણાયા છે. ( **જુઓ વિક્રમોર્વશી–અ૦ ૪; ફ્રેઝરના "હિમાલય પર્વતો" પા૦ ૪૭૦** ). બદ્રીકાશ્રમ કૈલાસ પર આવેલ છે. ( **મહાભા૦ વન૦ અ૦ ૧૫૭** ). કૈલાસને હેમકૂટ પણ કહે છે. ( **મહાભા૦ ભીષ્મ૦ અ૦ ૬** ). ગંગ્રીના પર્વત અગર સરોવરમાંથી ચાર નદીઓ નીકળતી કહેવાય છે. ઉત્તરમાં સિંધુ નદી સિંહના મોંમાંથી નિકળે છે; પશ્ચિમે શતદ્રુ બળદના મુખમાંથી નિકળે છે; દક્ષિણે કરનાળી મોરના મુખમાંથી અને પૂર્વમાં બ્રહ્મપુત્રા અશ્વના મુખમાંથી નિકળે છે એવી જનકથા છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૮ પા૦ ૩૨૯**). ડોલચુ આગળ નીકળતા ઝરાનું નામ "લેંગચેનકાબાટ"યાને જેના મુખમાંથી હસ્તિનદી નિકળે છે તે, એવું છે. એમ સ્વેન-હેડિનનું કહેવું છે. ટિબેટના લોકો સતલજને આ નામે ઓળખે છે. તેઓ બ્રહ્મપુત્રાના મૂળને "સિંગિ" યાને જેના મુખમાંથી સિંહ નદી નિકળે છે તે, એમ કહે છે. ચોથી નદી મેપ્ચાકમ્બા–મોરનદી–કરનાળી છે (**સ્વેન-"હેડિનનું ટ્રાન્સ હિમાલય" પુ૦ ૨, પા૦૧૦૩; અને સ્ટ્રેચીની જર્ની ટુ ચોલેગેન (રાખસતાલ) જ૦એ૦ સો૦ બં૦ ૧૮૪૮ પા૦ ૧૪૭-૧૫૮** ). જૈન લોકો કૈલાસને અષ્ટાપદ પર્વત કહે છે. મી. શેરિંગના કહેવા મુજબ આ પર્વતની પરિક્રમણામાં ત્રણ દિવસ લાગે છે અને એ પચ્ચીસ મૈલનો ચકરાવો છે.પરિક્રમણા કરનારે પવિત્ર ગૌરીકુંડ સરોવરના પાણીનો સ્પર્શ કરવો જ જોઈએ. આ સરોવરનું પાણી બારે માસ બરફ થઈ ગયું હોય છે. પરિક્રમા દરચીન આગળથી શરૂ કરી,યાત્રાળુ પાછા ત્યાં આવીને પુરી કરે છે. (**શેરિંગનો વેસ્ટર્ન રિપોર્ટ, પા૦ ૨૭૯**). યાત્રાળુઓ-માંથી કોઈ પણ કૈલાસ ઉપરના હરપાર્વતીના દેવળને અંગે કશું યે કહેતાં નથી એ વિચિત્ર છે.

**कोकामुख.** બંગાળાના પુરનીઆ જીલ્લામાં, નાથપુરથી ઉપરવાસે, ત્રિવેણીને કિનારે આવેલું વરાહક્ષેત્ર તે. અહીં આગળ તાંબર, અરુણ અને સુન એ ત્રણે નદીઓ સંયુક્ત કોસિસ નદી પર્વતમાંથી સપાટ પ્રદેશમાં પ્રવેશ કરે છે.મહાકૌશિક અને વરાહક્ષેત્ર શબ્દો જુઓ. ( **વરાહપુ૦ અ૦ ૧૪૦; નૃસિંહપુ૦ અ૦ ૬૫** ).

Aho ! Shrutgyanam

**कोकक्षेत्र**. કૌશિક યાને કુસી નદીની પશ્ચિમે આવેલો પ્રદેશ. બંગાળા પુરનીઆ જીલ્લાના પશ્ચિમ વિભાગનો આમાં સમાવેશ થાય છે. ( વરાહપુ૦ અ૦ ૧૪૦, અ૦ ૫૩ અને ૭૨ જુવો ). નાથપુર આગળના તાંબર, અરુણ અને સુન નદી મળી થતી ત્રિવેણીના નિચાણમાં આવેલા વરાહક્ષેત્રનો સમાવેશ પણ આમાં થતો.

**कोकिला**. છોટાનાગપુરના પ્રદેશમાંથી નીકળીને બિહારમાં શાહબાદ જીલ્લામાં વહેતી નદી વિશેષ. (એસિ-રિસર્ચ પુ૦ ૧૪, પા૦ ૪૦૫).

**कोटतीर्थ**. કલિંજરના કિલ્લામાં આવેલું પવિત્ર તળાવ. ( આ૦ક૦ સે૦ રિપોર્ટ પુ૦ ૨૧ પા૦૩૨, લેફ્ટનંટ મેઇસીનું કલિંજરની પ્રાચીન જગાઓ જ. એ. સો. બં. ૧૮૪૮ ). હાલ એને કરોડાતીર્થ કહે છે.

**कोटिगाम**. કુંડગામનું નામાન્તર ( મહાપરિનિબ્બાનસુત્ત અ૦ ૨૭૫ ).

**कोटितीर्थ**. મથુરામાં આવેલું તીર્થ વિશેષ.

**कोटितीर्थ** (૨). ગોકર્ણમાં આવેલું પવિત્ર તળાવ વિશેષ.

**कोटितीर्थ (३)**. કુરૂક્ષેત્રમાંનું તીર્થ વિશેષ.

**कोटितीर्थ** (૪). ઉજ્જણમાં મહાકાળની જગામાં આવેલો પવિત્ર કુંડ વિશેષ. ( મત્સ્યપુરાણ અવંતીખંડ અ૦ ૨૨, પદ્મપુરા૦ સ્વર્ગ૦ આદિ૦ અ૦ ૬ ).

**कोटितीर्थ** (૫). ધનુષ્યકોટીતીર્થનું નામાન્તર. (સ્કંદપુ૦ બ્રા૦ ખંડ. સેતુમહા૦ અ૦ ૨૭).

**कोटितीर्थ (६)**. નર્મદાને કિનારે આવેલુ તીર્થ વિશેષ. ( મત્સ્યપુ૦ અ૦ ૧૦૯ ).

**कोटेश्वर**. કચ્છના પશ્ચિમ કિનારા ઉપર કોરી નદીના મુખ પાસે પ્રસિદ્ધ યાત્રાધામ. (બોંબે-ગેઝિટ-૫. પા૦૨૨૯). હ્યુન્સ્યાંગે એને કિત્સીફ્રો નામે વર્ણવ્યું છે.

**कोडागु**. કૂર્ગ-મલબાર કાંઠે આવેલો પ્રદેશ. વિશેષ. (કાડવેલનું દ્રા૦ કો૦ગ્રામ પા૦ ૩૨ ) કોલાગમે તે જ. વિષ્ણુપુરાણમાં ( અધ્યા. ૫૭ માં ) કોરાગિર કહ્યું છે તે.

**कोडांग्लुर**. મલબારમાં આવેલું શહેર. ક્રાંગાનોર તે. વસ્તુતઃ માર્કોપોલોએ કહેલું મૌઝિરિસ. એક કાળે એ મલબારનું બંદર હતું.

**कोणादित्य**. ઓરિસામાં આવેલી કનરક (કોણર્ક) યાને ચન્દ્રભાગા, ( બ્રહ્મપુ૦ અ૦ ૨૭ ) પદ્મક્ષેત્ર તેમ જ કોણાર્ક શબ્દ જુઓ.

**कोणार्क**. પદ્મક્ષેત્ર અને કોણાદિત્યનું નામાન્તર.

**कोरि**. યુરિયુરનું નામાન્તર. ( કોડવેલનુ દ્રા૦ ક૦ ગ્રા૦ પા૦ ૧૩ ).

**कोरुर**. મુલ્તાન જીલ્લામાં લોની અને મુલ્તાનની વચ્ચે આવેલો પ્રદેશ. આ સ્થળે ઉજ્જણના સુપ્રસિદ્ધ રાજા વિક્રમાદિત્યે ઇ. સ. ૫૩૨ માં શકલોકોને સજ્જડ હાર ખવરાવી હતી. આ જીતથી વિક્રમ સંવત્ ગણાય છે. ( અલ્બેરુનીનું-ઇણ્ડિયા પુ૦ ૨. પા૦ ૬ ). આ સ્થળ "કરુર" પણ કહેવાય છે. મી. વિન્સેન્ટ સ્મિથના અભિપ્રાય પ્રમાણે ગુપ્તવંશના બીજા ચંદ્રગુપ્ત રાજાએ વિક્રમાદિત્યનું બિરુદ ગ્રહણ કર્યું હતું, અને એ ઉજ્જણનો રાજા થયો હતો.પણ બીજાઓના મતે ગુપ્ત સેનાપતિ યશોધર્માએ કોરુર આગળ શક લોકો ઉપર વિજય મેળવીને વિક્રમાદિત્યનું બિરુદ ધારણ કર્યું હતું.

**कोरुर** (૨). કોઇમ્બતૂર જીલ્લામાં ક્રાંગ્નોરની પાસે કાવેરી નદીને મળનારી અમરાવતી નદીના ડાબા કિનારા ઉપર આવેલું પ્રાચીન ચેરા રાજ્યની રાજધાની કરુર તે. ( કાલ્ડવેલનો દ્રા૦ ક૦ ગ્રામરનો ઉપોદ્ઘાત ) ટાલેમીએ એને કરૌર કહ્યું છે, એને મતે એ " કેરોબોથ્રાસ " ( કેરલપુત્ર ) ની રાજધાની હતું. એને "વણ્જી" પણ કહેતા. દણ્ડીના મલ્લિકામરુતમાં એને તામ્રચૂડાકોર કહ્યું છે.

**कोरकै**. કોલ્કૈ શબ્દ જુઓ.

**कोलगिरि**. કોડાગૂનું નામાન્તર ( મહાભા૦

Aho ! Shrutgyanam

સભા. અ૦ ૩૭; પાર્ગિટરનું માર્કણ્ડપુ૦ પા૦ ૩૬૪ ).

**कोलपर्वतपुर.** બંગાળાના નદીઆ જીલ્લામાં આવેલ કોલાપુર. કોલાપુર આ "કોલપર્વતપુર" નામ ઉપરથી બન્યું છે. એને "કુલીઆપાહાડપુર" અથવા માત્ર "પાહાડપુર" પણ કહ્યું છે. (કવિ કંકણુ ચંડી પા૦ ૨૨૮) "ગંગાનદીના જળકંબીસન નામના મુખ ઉપર આવેલ "પોલૌરા" એવી રીતે ટાલેમીએ એને ગણાવ્યું છે. એ "સમુદ્રગરી" ( પ્રાચીન સમુદ્રગતિ ) એટલે સમુદ્રસંગમથી થોડે જ છેટે આવેલું છે. વૈષ્ણવ કવિ નરહરિ ચક્રવર્તીના "નવ દ્વીપ પરિક્રમા"માં આ નામ જ્યાં ગંગા સમુદ્ર સાથે પૂર્વે સંગમ કરતી તે સ્થળે એમ લખેલું જળવાઈ રહ્યું છે.

**कोलाहलपुर.** પરશુરામે કાર્તવીરાર્જુનને જે જગાએ માર્યો હતો તે, મ્હૈસુરના રાજ્યમાં આવેલું કોલાર. એને કોલાલપુર પણ કહેતા. એ કોલાહલપુર શબ્દ ઉપરથી થએલું ટુંકુ નામ ખુલ્લું જણાય છે. ( રાઇસનું મ્હૈસુરના શિલાલેખો; ઉપોદ્ઘાત. પા ૨૮).

**कोल्वागिरि.** કોલગિરિ તે જ. ( અગ્નિપુ૦ અ૦ ૧૦૯ ) કૂર્ગ.

**कोलाग.** તિરહૂટના મોઝાફરપુર જીલ્લામાં આવેલું વૈશાલી (બેશર)નું પરુ વિશેષ. અહીંયાં નાયકુલ ક્ષત્રિયો રહેતા હતા. જૈન તીર્થંકર મહાવીર આ જાતના ક્ષત્રિ હતા. કુંડગામ શબ્દ જુઓ.

**कोल्हापुर.** કોલાપુર તે જ. ( પદ્મપુ૦ ઉત્તરખં૦ અ૦ ૬૨ )

**कोलाचल.** ગયાની બ્રહ્મયોની નામની ટેકરી તે જ. કોલ્હાહલ પર્વત તે આ એમ મનાય છે. પણ કોલાચળ અને કોલાહલ એ જુદા પર્વતો છે. કોલુહાપહાડ તે કોલાચલ એમ જણાય છે. મુકુલપર્વત શબ્દ જુઓ.

**कोलपुर.** કરવીપુર શબ્દ જુઓ. (ચૈતન્ય ચરિતામૃત ભાગ ૨, અ૦ ૯ ).

**कोलाहलपर्वत.** ગયાની બ્રહ્મયોની નામની ટેકરી. ( વાયુપુ૦ ખં૦ ૧. અ૦ ૪૦; ડા૦ આર. એલ. મિત્રનું બુદ્ધ ગયા પા૦ ૧૪-૧૫ ), મુણ્ડપૃષ્ઠ નામની ટેકરીનો સમાવેશ પણ આમાં થાય છે. મુણ્ડપૃષ્ઠ ઉપર ગદાધરનાં પગલાં આવેલાં છે. (વાયુપુ૦ ભાગ ૨, અ૦ ૫૦ શ્લોક ૨૪ ).

**कोलाहलपर्वत** (૨). ચેદીમાં આવેલી પર્વતમાળા. ( મહાભા૦ આદિ૦ અ૦ ૬૩ ) બિહારમાં આવેલી કાવાકોળ નામની પર્વતમાળા તે આ એમ મી. પેગ્લરનું કહેવું છે. ( આ૦ સ૦ રિ૦ પુ૦ ૮.પા૦ ૧૨૪ ). પણ આ ધારવું ખરૂં લાગતું નથી. બુંદેલખંડની નૈઋતે આવેલી બંડેર પર્વતમાળા, જેમાંથી કેન ( પ્રાચીન સુક્તિમતી ) નદી નીકળે છે, તે કોલાહલપર્વત. (મહાભા૦ આદિ૦ અ૦ ૬૩ ).

**कोलि.** કોલિનો પ્રદેશ રોહિણી નદીના કપિલવસ્તુની સામેના કિનારે આવ્યો હતો; એની રાજધાની દેવદહ હતી. સુપ્રબુદ્ધ યાને અંજનરાજનું ત્યાં રાજ હતું–આ રાજાની બન્ને પુત્રીઓ માયાવતી અને પ્રજાપતિ ઉર્ફે ગૌતમી બુદ્ધના પિતા શુદ્ધોદનને પરણી હતી. બુદ્ધની માતા માયાદેવીના ભાઇ દંડપાણીનું પણ ત્યાં રાજ્ય હતું. આ દંડપાણીની પુત્રી ગોપા ઉર્ફે યશોધરા બુદ્ધને પરણી હતી. વરાહછત્ર નામનું પવિત્ર સ્થળ જેમાં આવેલું છે તે. અયોધ્યાના બસ્તી જીલ્લાનો અમૂક ભાગ કોલિ રાજ્ય હતું એમ નિર્ણિત કર્યું છે. (ઉરામનો મહાવંશમ્ અ૦ ૧ ). રુમિન્દેઇ અને નેપાલની ટિરાઇમાં આવેલી કોલિની વચ્ચે આવેલું રોહિણ વહેળીઉં તે રોહિણી, એમ પી. સી. મુકરજી પ્રભૂતીનું માનવું છે. ( ટિરાઇનાં પ્રાચીન નેપાળ પા૦ ૪૮ ) એનું નામાન્તર વ્યાઘ્રપુર હતું.

**कोलुक.** કુલૂતનું નામાન્તર.

**कोशा.** કંશાવતી શબ્દ જુઓ.

**कोशल.** અયોધ્યા ( અયોધ્યા શબ્દ જુઓ ) આના બે ભાગ હોઇ તેમાં બે રાજ્ય આવેલાં

હતાં એક ઉત્તર કોશલ (બ્હરચ જીલ્લો અને બીજો કોશલ ( **રામા૦ ઉત્તરકાંડ અ૦ ૧૦૭; પદ્મપુરા૦ ઉત્તર૦ અ૦ ૬૮;** ડા૦ **આર. એલ. મિત્રના નેપાળનું બૌદ્ધ સંસ્કૃત સાહિત્યમાંનું અવદાન શાતક** ). કુશ રાજાએ નિર્માણ કરેલી કુશાવતી એ કોશલની રાજધાની હતી. બુદ્ધના સમયમાં એટલે ઇ. સ. પૂર્વે પાંચમી અને છઠ્ઠી શતાબ્દિમાં કોશલ એક બળવાન રાજ્ય હોઇ બનારસ અને કપિલ વસ્તુનો એમાં સમાવેશ થતો હતો. તે કાળે એની રાજધાની શ્રાવસ્તીમાં હતી. પણ આશરે ઇ. સ. પૂર્વે ૩૦૦ માં એ રાજ્ય મગધમાં ભળી ગયું હતું. મગધની રાજધાની પટણા યાને પાટલીપુત્ર હતી.

**कोशल (दक्षिण)**. મધ્ય પ્રાન્તના પૂર્વ ભાગ સહિત ગોંડવાન ( **બ્રહ્મપુ૦ અ૦ ૨૭** ). મહાકોશલ તે જ. આ રાજ્યની સીમામાં વખતો વખત ફેરફાર થઇ તે દક્ષિણ અને પશ્ચિમ તરફ વૃદ્ધિગત થઇ છે. અગિયારમી અને બારમી શતાબ્દિમાં એની રાજધાની રતનપુરમાં હતી. પ્રથમ એની રાજધાની ચિરાયુમાં હતી (**કથાસરિત્સાગર-ટોનીએ કરેલું ભાષાન્તર પુ૦ ૧ પા૦ ૩૬૬ જુઓ** ). એ પુસ્તકમાં નાગાર્જૂન અને રાજા સદવહ ઉર્ફે ચિરાયુની હકીકત આપેલી છે. ( **બીલનું-રેકર્ડ ઓફ વેસ્ટર્ન કંટ્રી પા૦ ૨૧૦, સરખાવો** ). નાગાર્જુનના મિત્રને લખેલો પત્ર (સુહલ્લેખ) એના જુના મિત્ર દાનપતિને સંબોધેલો છે. આ હકીકત જાતકમાં છે. દાનપતિને એમાં દક્ષિણના વિશાળ રાજા તરીકે વર્ણવ્યો છે. એમાં એનું નામ સહવાન યાને શાતવાહન આપ્યું છે. ( **તકેકસુએ ભાષાન્તર કરેલ ઇત્સિંગનાં બૌદ્ધ ધર્મનાં લખાણો પા૦ ૧૫૯** ). સાતવાહનો ધનકટકના આંધ્રભૃત્ય રાજાઓ હતા. સાતવાહન નામની કોઇ વ્યક્તિ નહોતી એટલે એક જાતકમાં કહેલ ધનકટકનો કોઈ રાજા હોય; રાજધાનીનું નામ તે રાજાનું નામ હોવાનું ધારવાની ભૂલ કરી જણાય છે. ગૌતમીપુત્ર સાતકર્ણીને અંગે આ લખાયું હશે. અગર એના પુત્ર પુલમાયીને માટે યે હોય. પણ ઘણું કરીને ગૌતમીપુત્ર સાતકર્ણીને માટે હશે. નાગાર્જુન ખ્રિસ્ત સનની બીજી શતાબ્દીમાં થઈ ગયો છે. તે કાળે સાતવાહન ગૌતમપુત્ર રાજ કરતો હતો. ( **ધનકટક શબ્દ જુઓ** ), યજ્ઞસાતકર્ણીને અંગે આ લખાયાનો સંભવ છે, કેમકે યજ્ઞસાતકર્ણીએ નાગાર્જુનને શૈલ પર્વત બક્ષિસ આપ્યો હતો. એ પર્વત ઉપર બૌદ્ધ પુસ્તક ભંડાર હતો. નાગાર્જુન મહાયાન શાળાનો સ્થાપક અને મૂળ સુશ્રુતનો અધિપતિ હતો. પ્રોફેસર વિલ્સનનો મત છે કે સાતવાહન એ શાલિવાહનનો પર્યાય છે.

શક સંવત્સરનો આરંભ ઇ સ. ૭૮ થી થાય છે. એ શકને શાલિવાહન શક પણ કહે છે. પણ એ ભૂલ છે. ( **પંચનદ શબ્દ જુઓ** ). બુદ્ધના સમયમાં વિદર્ભ-બિહારને દક્ષિણ કોશલ કહેતા હતા. ( **કનિંગહેમનો આ૦ સો૦ રિપોર્ટ, ૧૭. પા૦ ૬૮** ) રત્નાવળીના ચોથા અંકમાં દક્ષિણ કૌશલ નામ આપ્યું છે. વત્સરાજ ઉદયને એ દેશ જીત્યો હતો. મુસલમાન ઇતિહાસ લખનારાઓએ એને ગોંડવન ને ગડકટંગ કહ્યું છે. મધ્ય હિંદુસ્થાનની વીરસ્ત્રી-દલપતશાહની રાણી-દુર્ગાવતી ગોંડવનમાં રાજ્ય કરતી હતી. અશોકના ધાઉલીના શિલાલેખમાં દક્ષિણ કોશલને “ તોસલી ” કહી છે ( **તોસલી શબ્દ જુઓ.** ) લાહનજીનું જુનું નામ ચમ્પનટ્ટુ, રતનપુરનું મણિપુર અને માંડલાનું મહીકમતી હતું.આ બે શહેરો ગઢમંડળના હૈહય રાજાઓની રાજધાનીનાં હતાં. ગઢમંડળના ઇતિહાસને સારૂ **જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭, પા૦ ૬૨૧** ગૃહમંડળ રાજાનો ઇતિહાસ નામે લેખ જુઓ.

Aho ! Shrutgyanam

**कोशा.** કંસાવતી શબ્દ જુઓ.

**कौटलकपुर.** કુંતલકપુર તે જ. ( **જૈમિ૦ ભા૦ ૨ અ૦ ૫૩** ).

**कौनिन्द.** કુનિંદ શબ્દ જુઓ.

**कौलम्.** કિવલોન તે. એ ત્રાવણકોરમાં આવેલું છે. એક કાળે એ મલબાર કાંઠાનું મોટું બંદર હતું ( **યૂલનો "માર્કોપોલો" પુ૦ ૨. પા૦ ૩૧૩ ની નોટ** ).

**कौशिकी.** કુસી નદી તે. ( **રામા૦ આદિ૦ અ૦ ૩૪; વરાહપુ૦ અ૦ ૧૪૦** ). કુસી નદી ઘણા પ્રાચીનકાળમાં હાલ જ્યાં તાજપુર છે. તેની આગ્નેયમાં વહેતી હતી. પછી બ્રહ્મપુત્રાની સાથે સંગમની જગા સુધી પૂર્વમાં વહેતી ગંગા નદીની સાથે એનો મેળ નહોતો. જ્યારે એનો ગંગા સાથે સંગમ થયો ત્યારે બન્નેનાં પાણીને બળે હાલ જેને પદ્મા કહે છે તે વહેણ ઉત્પન્ન થયું. આથી સોંગલી (સુતી)થી નદીઆ સુધીનું ભાગીરથીનું જુનું પાત્ર સુકુ થઇ ગયું. ( **માર્ટિનનું "પુર્વ હિંદુસ્થાન" ૩ પા૦ ૧૫** ). આ સંગમ જે કાળે સુલતાનગંજ જન્હુ સ્થાપિત થઇ ગયું હતું તે ઇ. સ. ની ત્રીજી અને સાતમી શતાબ્દિના વચગાળામાં થયો હશે. જોતનરહરિ આગળ કુસી ગંગાને મળે છે. એ પણ યાત્રાનું સ્થળ ગણાય છે. ( **માર્ટિનનું 'પૂર્વ હિંદુસ્થાન' ૩. પા૦ ૮૪** ).

**कौशिकी (२).** કુરુક્ષેત્રમાં આવેલો દૃશદ્વતીનો એક ફાંટો વિશેષ ( **વામનપુ અ૦ ૩૪** ).

**कौशिकीकच्छ.** પુર્નિયાનો પ્રદેશ.

**कौशिकी संगम.** બંગાળામાં ભાગલપુર જીલ્લામાં પાથરઘાટાની ઉત્તરે કાહલગામની સામી તરફ કુસી અને ગંગાનો સંગમ.

**कौशिकी संगम (२)** દૃશદ્વતી અને કૌશિકીનો સંગમ તે (**પદ્મપુ૦ સ્વર્ગખંડ અ૦ ૧૨**). થાણેશ્વરની દક્ષિણે રક્ષી નદી ઉપર આવેલા બાલુ ગામ આગળ આ સંગમ થાય છે. (**આર્કિ૦ સો૦રિ૦ પુ૦ ૧૪. પા૦ ૮૮**).

**कौशाम्बी.** અલ્લાહાબાદથી પશ્ચિમે આસરે ત્રીસ મૈલ પર જમના નદીના ડાબા કિનારા ઉપર આવેલું જુનું ગામડું, કોસંબી નગર અગર કોસમ. એ વંશ અને વત્સયદેશની રાજધાની હતું. ત્યાં આગળ બૃહત્કથા અને કથાસરિત્સાગરમાં ( **ભાગ ૨. અ૦ ૧** ) જેનું જીવન આપેલું છે તે ઉદયનનું રાજ્ય હતું. હર્ષદેવે રત્નાવળી નાટકના બનાવ અહીં બન્યા હોય એમ વરણવ્યા છે. કૌશામ્બીના ઘોસિતઆરામમાં શ્રી બુદ્ધ રહ્યા હતા. ( **ચુલવગ્ગ ભા. ૧ અ૦ ૨૫.**) ઉદયનને બૌદ્ધો ઉદેન કહેતા. એ પરંતપ રાજાનો પુત્ર હતો; ચણ્ડપ્રદ્યોતની દિકરી વાસુલદત્તા યાને વાસવદત્તા એ એને વર્યો હતો. ચણ્ડપ્રદ્યોત એ ઉજ્જયિનિનો રાજા હોઈ એને મહાસેન પણ કહેતા. ( **શ્રી હર્ષની 'પ્રિયદર્શિકા અ૦ ૧. પ્ર૦ ૩** ). પિણ્ડોલે એને બુદ્ધ ધર્માનુયાયી બનાવ્યો હતો. ( **ડા૦ રીસડેવિડનું બુદ્ધિસ્ટ ઇન્ડિયા, પા૦ ૭** ). ઉદયન બુદ્ધનો સમકાલીન હતો અને એણે જ બુદ્ધની પ્રતિમા પહેલવહેલી બનાવી હતી. ચંદનના લાકડાની આ પ્રતિમા પાંચ ફીટ ઉંચી હતી. બીજી પ્રતિમા કોશળના રાજા પ્રસેનજીતે કરાવી હતી. એ પ્રસેનજીત પણ બુદ્ધનો સમકાલિન હતો, આ મૂર્તિ સોનાની બનાવી હતી. ( **ડા૦ એડિકનનું ચાઈનિઝ બુદ્ધિઝમ. પા૦ ૪૯**) પરંતુ ચીના ફાહ્યાનના કહેવા મુજબ પ્રસેનજીતવાળી પ્રતિમા પણ સુખડની બનાવેલી હતી. વાર્ત્તિકનો લખનાર વરરુચિ યાને કાત્યાયન કૌસમ્બિમાં જન્મ્યો હતો. વરરુચિ પાટલીપુત્રના રાજા નંદનો પ્રધાન થયો હતો. ( **કથાસરિત્સાગર ૧, અ૦ ૩** ).

**कंकाली.** બંગાળામાં બીરભૂમ જીલ્લામાં જ્યાં આગળ કોપાઇ નદી ઉત્તર તરફનું વલણ લે છે ત્યાં એ નદી પાસેના સ્મશાનમાં આવેલી બાવન પીઠોમાંની એક પીઠ વિશેષ ત્યાંની દેવીનું નામ કંકાળી છે.

Aho ! Shrutgyanam

**कंकाली (२)** કંકાળીટીલા સારુ મથુરાં શબ્દ જુઓ.

**कंखल.** હરદ્વારની પૂર્વમાં ત્યાંથી બે મૈલ ઉપર ગંગા અને નીલધારાના સંગમ ઉપર આવેલું હાલમાં નાનું ગામડું છે. પુરાણોમાં કહેલો દક્ષયજ્ઞ અહીં કર્યો હતો ( **કૂર્મપુ૦ ઉપરી ભાગ અ૦ ૩૬; વામનપુ૦ અ૦ ૪ અને ૩૪, મહાભાર૦ વનપ૦ અ૦ ૮૪ માં એને યાત્રાસ્થળ તરીકે વરણવ્યું છે, પણ દક્ષયજ્ઞ હરિદ્વારમાં કર્યો હતો એમ કહ્યું છે. મહાભા૦ શલ્ય અ૦ ૨૮૧** ). લિંગપુરાણમાં કંખળ ગંગાદ્વારની પાસે હોવાનું અને દક્ષયજ્ઞ ત્યાં કર્યાનું લખ્યું છે. ( **લિંગપુ૦ ભા૦ ૧ અ૦ ૧૦૦**).

**कंटकद्वीप.** કરદ્વીપ શબ્દ જુઓ.

**कंटकबगर.** બંગાળામાં બરદવાન જીલ્લામાં આવેલું કટવા તે જ. ચૈતન્ય ત્યાં ગયા હતા. ( **ચૈતન્ય ભાગવત, મધ્ય, અ૦ ૨૬** ) કરદ્વીપ શબ્દ જુઓ.

**कंटरक.** આરણ્યક શબ્દ જુઓ.

**कांचोपुर.** કાંજીવરમ ( **મહા૦ ભીષ્મ૦ અ૦ ૯** ). દ્રાવિડ યા ચોલની રાજધાની ( **પદ્મપુરાણ ઉત્તરખં૦ અ૦ ૭૪** ). મદ્રાસથી નૈઋત્યમાં તેંતાળીસ મૈલ દૂર પાલર નદી ઉપર આવ્યું છે. દ્રાવિડના જે ભાગમાં એ આવેલું છે તે ટોંડમંડળ કહેવાતો. શહેરનો પૂર્વભાગ વિષ્ણુકાંચી અને પશ્ચિમ ભાગ શિવકાંચી કહેવાય છે. વરદરાજ વિષ્ણુના અનુયાયીઓ તે વૈષ્ણવો અને એકામરના શિવ અને તેની સ્ત્રી કામાક્ષી દેવીના ભક્તો તે શૈવો, એઓ અનુક્રમે વિષ્ણુ અને શિવકાંચીમાં રહેતા હતા. (**પદ્મપુરાણ, ઉત્તર૦ અ૦ ૭૦; વિલ્સનનું "મેકેંઝીનું કલેક્શન" પા૦ ૧૪૬. ૧૯૧**). ચિદામ્બરમ્ શબ્દ જુઓ. વિષ્ણુકાંચીમાં આવેલું વિષ્ણુનું દેવળ શંકરાચાર્યે સ્થાપ્યું છે. ( **આનંદગિરિનો શંકરવિજય અ૦ ૬૭** ). શિવકાંચીમાં શંકરાચાર્યની સમાધી કામાક્ષી દેવીના દેવળની હદમાં આવેલી હોઇ સમાધિ ઉપર એમની મૂર્તિ છે. શહેરમાં શિવગંગા નામનું પ્રસિદ્ધ તીર્થ આવેલું છે. પૂર્વે શહેરમાં એક વિદ્યાપીઠ હતી ( **નલન્દ શબ્દ જુઓ** ). ખ્રિસ્તી સનની પાંચમીથી નવમી શતાબ્દિ સુધી અહીં પલ્લવવંશનું રાજ્ય હતું. ત્યારપછી તાંજોરના ચોલ રાજાએ એ રાજ્ય જીતી લીધું હતું. તાંજોર પણ ચોલ યાને દ્રાવિડની રાજધાની હતું. કુલોત્તુંગ ચોલે કાંચીપુરી વસાવ્યાનું કહેવાય છે. પૂર્વે એ જગાએ કુરુંબરભૂમિ નામે અરણ્ય હતું. (**મેકેંઝીનાં મેન્યુસ્ક્રિપ્ટસ જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૭, ભાગ ૧, પા૦ ૩૯૯, ૪૦૩**) પછીથી એ અરણ્ય ટોંડમંડળ કહેવાતું.

**कौंकण.** પરશુરામ ક્ષેત્ર તે જ. ( **બૃહત્સંહિતા અ૦ ૧૪** ). તાનની રાજધાની ( **અલ્બરુનીનું "હિંદુસ્થાન" પુ૦ ૧, પા૦ ૨૦૩**). પશ્ચિમઘાટ અને અરબીસમુદ્રના કિનારાની વચ્ચે આવેલો સાંકડી પટ્ટી જેવો બધો પ્રદેશ ( **મુંબઇ ગેઝિ૦ પુ૦ ૧, ભાગ ૨, પા૦ ૨૮૩–નોટ** ).

**कौंकणपुर.** તુંગભદ્રાના ઉત્તર કિનારા પર આવેલું આનગુંડી તે. એ કોંકણની રાજધાની હતું (**કન્નિંગહેમની " એન્શ્યંટ ભૂગોળ " પા૦ ૫૫૨** ). ડા. કુન્હા એ વસાઈનું નામ હતું એમ માને છે. ( **ડા૦ કુન્હાનો ચોલ અને વસાઈનો ઇતિહાસ પા૦ ૧૨૯** ).

**कौंगदेश.** ત્રીનેવલ્લી અને ત્રાવણકોરના કેટલાક ભાગ સહિત હાલનું કોઇમ્બતુર અને સાલમ તે. ( **જ૦ એ૦ સો૦ બં૦ માં છપાયેલ મેકેંઝીના મેન્યુસ્ક્રિપ્ટ, ૧૮૩૮, પા૦ ૧૦૫; રાઇસના મ્હેસુરના શિલાલેખો ઉપોદ્ઘાત પા૦ ૧૨; વિલ્સનનો મેકેંઝીનો સંગ્રહ પા૦ ૨૦૯** ).

**कौंगमदेश.** કોંકણ તે જ. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮ પા૦ ૧૮૭** ).

**कौंगुदेश.** કોંગદેશ તે જ.

Aho ! Shrutgyanam

**क्रौंचपर्वत.** કૈલાસ પર્વતનો, જેમાં માનસરોવર આવ્યું છે તે, ભાગ. (રામા૦ કિષ્કિં૦ સ૦ ૪૪ ). ક્રૌંચરન્ધ્રનો એમાં સમાવેશ થાય છે.

**क्रौंचपुर** વનવાસી તે જ. (હરિવંશ અ૦ ૯૪) ડા૦ બર્નેલે પોતાની દક્ષિણ હિંદુસ્થાનની પેલેઓગ્રાફીમાં આપેલા નકશામાં કાનડામાં તુંગભદ્રાની એક શાખા વરદા નદીને કિનારે જણાવ્યું છે. રાજા સારસે એ શહેર વસાવ્યું હતું. વિજયન્તી શબ્દ જુઓ.

**क्रौंचरन्ध्र** કયુમાઉન જીલ્લામાં આવેલો ઘાટ. એમાં થઇને હિંદુસ્થાનમાંથી ટીબેટમાં જવાય છે. ( મેઘદૂત પૂર્વખં૦ ૫ શ્લો૦ ૫૮ ) ક્રૌંચ પર્વતમાં તીર મારીને પરશુરામે આ ઘાટ ઉઘાડયો છે એમ કહેવાય છે. એને ક્રૌંચની બારી કહે છે.

**क्रथकैशिका.** પયોષ્ણીનું નામાન્તર વરાડમાં આવેલી પૂર્ણા તે જ.

**क्रथकैशिका (૨)** વિદર્ભ તે જ. વિદર્ભ રાજાના બે કુમાર, ક્રથ, અને કૈશિકનાં નામ ઉપરથી આ નામ પડયું છે. ( **મહાભા૦ સભા૦ અ૦ ૧૩** ).

**कृष्णा.** કૃષ્ણાવેણી શબ્દ જુઓ. ( **પદ્મપુ૦ સ્વ: ખં૦ અ૦ ૩. શ્લો૦ ૨૯**).

**कृष्णगिरि** કરકોરમ યાને કાળો પર્વત તે જ. (**વાયુપુરા૦ અ૦ ૩૬ ગ્રેટસ્નાઈડરની "મધ્યકાળની શોધો પુ૦ ૧, પા૦ ૨૫૬** ) એને મરતગ પણ કહે છે.

**कृष्णवेणी.** કૃષ્ણા અને વેણી નદી મળીને થતી નદી તે,કૃષ્ણકરુણામૃતનો લખનાર બિલ્વમંગળ આ નદી તટ પર રહેતો હતો. ( **કૃષ્ણદાસનું સારંગરંગદા, એ ગ્રન્થની ટીકા હસ્તલિખિત ગ્રંથ-સંસ્કૃત કૉલેજ કલ્પના** ).

**कृष्णवेणी (૨).** કૃષ્ણાનદી તે જ. ( **અગ્નિપુરા૦ અ૦ ૧૧૮, રામાય૦ કિષ્કિં૦ સ૦ ૪** ). પશ્ચિમ ઘાટ પરના મહાબળેશ્વર આગળથી નિકળે છે. એનું મુળ મહાદેવના દેવળમાં આવ્યું હોઇ ઘણું પવિત્ર ક્ષેત્ર મનાય છે અને ઘણા યાત્રાળુઓ ત્યાં આવે છે. એ મછલીપટ્ટમથી સહેજ દક્ષિણમાં સિમ્પેલર આગળ બંગાળાના ઉપસાગરને મળે છે.

**कृतमाला.** દક્ષિણ મથુરા-મદુરા-જેના ઉપર આવ્યું છે એ વૈગાનદી તે. એ નદી મલય પર્વતમાંથી નિકળે છે. (**ચૈતન્યચરિ૦ માર્કંડેય પુરા૦ અ૦ ૫૭; વિષ્ણુપુરા૦ ભા૦ ૨ અ૦ ૩** ).

**कृतवती.** ગુજરાતની સાબરમતી નદી તે. ( **પદ્મપુરા૦ ઉત્તરખંડ અ૦ ૫૨** ).

**क्रिवि.** પાંચાલનું જુનું નામ. ( **મહાભાર૦ આદિ૦ અ૦ ૧૩૮** ).

**क्रोकल.** કરકલ્લા તે જ.

**क्रोडदेश.** કૂર્ગ તે જ. ( **સ્કં૦પુરા૦; કાવેરી મહાત્મ, અ૦ ૧૧; રાઇસનું મ્હૈસુર અને કૂર્ગ. પુ૦ ૩, પા૦ ૮૮, ૯૧, ૯૨**).

**क्रुमु.** જલાલાબાદથી થોડે છેટે કાબુલ નદીને મળનાર કુનર નદી તે. એને ગ્રીકોએ ચોઆસ્પીસ કહી છે ( **ઋગ્વેદ ૧૦. ૭૫. નદી સ્તુતિ;** એને કુમાનદી પણ કહે છે. કોરમ નદીને પણ ક્રુમુ કહી છે. ( **મેક્ક્રિંડલનું ટોલેમી, પા૦ ૯૫** ) કુરમુ શબ્દ જુઓ. ડા. મેક્ડોનલ્ડ અને કીથના મત પ્રમાણે ઇસાખેલ પાસે સિંધુને મળનારી કુરમ નદી, તે ક્રુમુ નદી છે.

**क्षत्री.** કથેઈ લોકોનો દેશ. એ લોકો હાઇડ્રોઓટિસ (રવી નદી) અને હિફાસિસ (બિયાસ નદી)ની વચ્ચેના પ્રદેશમાં રહેતા હતા એમની રાજધાની સંગલમાં હતી. ( **મેક્ક્રિંડલનું "ટોલેમી" પા૦ ૧૫૦** )

**क्षत्रीयकुंड.** કુંડપુર તે જ. ( **શબ્દકલ્પદ્રુમ; તીર્થંકર** ).

**क्षिप्रा.** સીપ્રા તે જ. ( **બ્રહ્મપુરા૦ અ૦ ૪૩; વામનપુરા૦ અ૦ ૮૩ શ્લો૦ ૧૯** ).

**क्षीरग्राम.** ખીરગ્રામ તે જ જુઓ.

**क्षीरभवानी.** કાશ્મીરમાં શ્રીનગરથી બાર મૈલ

દૂર આવેલ યાત્રાસ્થળ. આ દેવીધામ તળાવમાં આવેલું છે. એ તળાવનું પાણી દિવસના જુદા જુદા વખતમાં જુદા જુદા રંગનું થઇ જાય છે.

**क्षेत्रउनिवेश.** આ નામનું ટુંક રુપ 'ઉપનિવેશ' બન્યું છે. કુપિઅન શબ્દ જુઓ.

**क्षेमवती.** એક પ્રાચીન બુદ્ધ-ક્રકુચન્દ્રની જન્મભૂમી. નેપાલના તિરાઇમાં આવેલ ગુટિવા, તે ક્ષેમવતી એમ પી. સી. મુકરજીનું માનવું છે. (**પી. સી. મુકરજીનું "નેપાળમાં તિરાઇનાં પ્રાચીન સ્થળો' પા૦ ૫૧**) કપિલવસ્તુ શબ્દ જુઓ.

**क्षुद्रक.** શુદ્રક તે જ; એને ક્ષુદ્ર પણ કહે છે. (**પદ્મપુરા૦ સ્વર્ગખંડ અ૦ ૩**) અને ક્ષૌદ્રક પણ એનું એક નામ છે. (**પાણિનીનું અષ્ટાધ્યાયી**).

## ख

**खज्जुरपुर.** બુંદેલખંડમાં ચંડેલની રાજધાની ખજુરાહુ તે.

**खट्टांगप्रपात.** માંગલોરથી થોડે છેટે કનારામાં હુનાબર પાસે સરસ્વતીનો પ્રસિદ્ધ ધોધ. આ ધોધનો અવાજ ઘણો ત્રાસદાયક થાય છે.

**खरकी.** ઔરંગાબાદ તે જ.

**खारोष्ट्र.** કાસગર. (**ડા૦ સ્ટીનનું ખોતાનનાં રેતીમાં દટાયલાં ખંડેરો પા૦ ૪૦૪**). હિંદુસ્થાનમાં જુની ખરોષ્ટ્રી લિપિ આ પ્રદેશમાંથી દાખલ થઇ હતીઃ તુર્કસ્તાનના લેસર બુચેરિયા કહેવાતા પ્રદેશમાં એ આવેલું છે. ઝંખીસખાને એ પ્રદેશ જીત્યો હતો. એના મરણ બાદ એની બાદશાહતની વ્હેંચણીમાં આ પ્રદેશ એના દિકરા જગતાઇને ભાગે આવ્યો હતો. ત્યારબાદ એ મુલક તૈમુરલંગે સર કર્યો હતો. સન ૧૭૧૮ ચીનાઓએ એ મુલક જીતી લીધો હતો. (**રાઇટનો "માર્કોપોલો"**).

**खलतिक पर्वत.** ગયા જીલ્લાના જહાનાબાદ પેટા વિભાગમાં આવેલી બરબર ટેકરી તે. એ ટેકરી પર અશોક અને એના પૌત્ર દશરથના સમયની 'સાતધારા' અને 'નાગાર્જુની' નામની ગુફાઓ આવેલી છે, એ પટણા-ગયા રેલ્વેના બેલા સ્ટેશનથી પૂર્વમાં સાત મૈલ દૂર છે. ખલતિક એ દેખીતું સ્ખલતિક ઉપરથી થએલું નામ છે. સ્ખલતિક એટલે લપસણું (**કોરપસ ઇન્સ્ક્રિપ્શનમ્ ઇંડિકારમ્ પુ૦ ૧. પા૦ ૩૨**). ગુફા ઉપરના કેટલાક શિલાલેખોથી જણાય છે કે દશરથે આજીવકો યાને નગ્ન સાધુઓને કેટલીક ગુફાઓનું દાન કર્યું હતું. અશોકના રાજ્યના ઓગણત્રીસમા વર્ષમાં બહાર પાડેલા સાતમા શિલાલેખ-સ્તંભના લેખમાં આજીવકોનો ઉલ્લેખ છે. (**ડા૦ બ્યુલરની "હિંદુસ્થાન જૈન શાળા" પા૦ ૩૯**). બરબર ટેકરીના વર્ણન સારૂં જ. એ. સો. બં. ૧૮૪૭ પા૦ ૪૦૧ અને પા૦ **૫૯૪ નાગાર્જુની ગુફાસાર** જુઓ.

ટેકરીના પાદપ્રદેશની નજીકમાં દક્ષિણમાં સાતધારા નામની કોરી કાઢેલી ગુફા આવેલી છે. ત્યાં આગળ પાતાળગંગા નામે પવિત્ર ઝરો પણ આવેલો છે. એનાથી થોડે છેટે 'કવડોલ' નામે ટેકરી આવેલી છે.

(**શીલભદ્ર આશ્રમ જુઓ**).

**खश.** ખાસાઓનો મુલક. એ કાશ્મિરની દક્ષિણે આવ્યો છે. એનો વિસ્તાર આગ્નેયમાં કસ્તવરથી પશ્ચિમમાં વિસ્તરતા સુધી છે. રાજપુરી અને લોહારાનાં દેશી રાજ્યો એ મુલકમાં આવ્યાં છે. વર્તમાન ખાખા એજ ખાસા (**ડા૦ સ્ટીનની "રાજતરંગિણી", પુ૦ ૨; કાશ્મિરની પ્રાચીન ભૂગોળ, પા૦૪૩૦; અને માર્કંડેય પુરાણ-અધ્યા૦ ૫૭**).

**खांडवप्रस्थ.** પુરાતન ડહેલી. ઇંદ્રપ્રસ્થ તે જ. (**મહાભા૦ આદિ૦ અ૦ ૨૦૭**).

Aho ! Shrutgyanam

**खांडव वन.** मीरनी ઉત્તરે થોડા છેટા પર આવેલું મુઝફ્ફરનગર તે. પ્રાચીન કુરુક્ષેત્રનો આમાં સમાવેશ થાય છે. એ "નોર્થ–વેસ્ટર્ન" રેલ્વેનું એક સ્ટેશન છે. પાંડુપુત્ર અર્જુન અને શ્રીકૃષ્ણે અગ્નિદેવને થયેલું અજીર્ણ મટાડવાને આ વનને બાળી ખાવાની પરવાનગી આપી હતી. જેથી એમાં આવેલી અઢારભાર વનસ્પતિ ખાધાથી અગ્નિનો રોગ મટ્યો હતો. ( **મહાભા૦ આદિ૦ અ૦ ૨૨૫**). બુલંદશહેરથી તે સહરાનપુર સુધીના મિરત જીલ્લાના મોટા ભાગને આ નામ લગાડાતું. ( **કલકત્તા રિવ્યુમાં (૧૮૭૭ ના) પા૦ ૬૭**) અશ્વરથા નામની નદીને કિનારે ખાંડવવન આવ્યું હતું. ( **મહાભા૦ વન૦ અ૦ ૧૬૦**). ખાંડવવન યમુનાને કિનારે આવ્યું હતું અને ઇન્દ્રપ્રસ્થને ખાંડવપ્રસ્થ કહેતા. ( **પદ્મપુ૦ ઉત્તરખં૦ અ૦ ૬૪** ) અને એ ખાંડવવનમાં આવ્યુંહતું.

**खीरग्राम.** બંગાળામાં બર્દ્વાનથી ઉત્તરે વીસ મૈલ ઉપર આ સ્થળ આવેલું છે. આ જગાએ શક્તિના જમણા પગનો અંગૂઠો કપાઇ ગયો હતો તેથી એ સ્થળ એક શક્તિપીઠ લેખાય છે. ત્યાંની દેવીનું નામ યોગાધ્યા છે.

**खुरासान.** મધ્ય એશિયામાં આવેલ ખોરાસાન તે જ. ઉંચી જાતિના અશ્વની પેદાશને લઇને પ્રસિદ્ધ છે. ( **નકુલનું "અશ્વચિકિત્સિમ–અ૦ ૨; વોર્ડની" હિસ્ટ્રી ઓફ્ હિંદુઝ–આવૃત્તિ બીજી–પુ૦ ૧. પા૦ ૫૫૮ જુઓ** )

**खेमवती नगर.** કકુચ્છંદ યાને કકુચન્દ્ર બુદ્ધની જન્મભૂમિ. ( **સ્વયંભૂ પુ૦ અ૦ ૪** ). એને ખેમા પણ કહેવામાં આવતું. ( **દિપવંશ. જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮. પા૦ ૯૯૩**). નેપાલી તિરાઇમાં તિલૌરાથી દક્ષિણે ૪ મૈલ ઉપર આવેલું ગુતિવા તે જ આ. ( **પી. સી. મુકરજીનું એન્ટિકિવિટિસ ઓફ્ તિરાઈ નેપાલ પા૦ ૪૯, ૫૫,** ) કકુચંદ્રની જન્મભૂમિ નપેકિયા યાને નભિગમાં હતી એમ ફાહ્યાનનું કહેવું છે.

**खोरासान** ખુરાસાન તે જ.

## ग

**गजसाव्हय नगर** હસ્તિનાપુર તે જ. ( **ભાગ૦ સ્કં૦ ૧૦ અ૦ ૬૮** ).

**गजेन्द्रमोक्ष.** સોનપુર. ગંગા અને ગંડકના સંગમ આગળ આવેલા આ સ્થળે "ગજેંદ્ર મોક્ષ" હસ્તિ અને ગ્રાહ–મગરે વચ્ચે લઢાઇ થઇ હતી ત્યારે હાથીને વિષ્ણુએ મગરના મોંમાંથી છોડાવ્યો હતો તે સ્થળ. વિશાળછત્ર અને હરિહરપુર શબ્દો જુઓ.

**गजेन्द्रमोक्ष (२).** તિનેવલ્લીથી પશ્ચિમે વીસ મૈલ ઉપર તામ્રપર્ણીના કિનારા પર આવેલું યાત્રાસ્થળ. આ સ્થળે ચૈતન્ય પધાર્યા હતા. **ચૈતન્ય ચરિતામૃત ૨, અ૦ ૯; વામનપુ૦ અ૦ ૮૪માં** આ સ્થળ ત્રિકુટ પર્વત પર આવ્યાનું કહ્યું છે.

**गणमुक्तेश्वर.** મિરત જીલ્લામાં ગંગા કિનારે આવેલા ગદમુકતેશ્વર તે. જુના હસ્તિનાપુરમાં આવેલા આ સ્થળે ગણેશે મહાદેવની પુજા કરી હતી. **એસિ૦ રિસર્ચ૦ પુ૦ ૧૪, પા૦ ૪૫૭–વિલ્ફર્ડનું** ).

**गदाक्षेत्र.** બીરજાક્ષેત્ર તે જ.

**गविधुमत.** ઈટાવાની ઈશાનમાં ચોવીસ મૈલ પર આવેલ કુડરકોટ તે. ફરુકાબાદ જીલ્લામાં સંકેસાથી આ સ્થળ છત્રીસ મૈલ થાય છે. કનોજના શ્રીહર્ષ યાને શિલાદિત્ય બીજાના સમયમાં અહીં હરિદત્ત રાજ કરતો હતો. ( **ઓપ૦ ઇણ્ડિ પુ૦ ૧ પા ૧૮૦** ).

**गया.** ફલગુ નદીને કિનારે,ઉત્તરે રામશીલા ડુંગરી અને દક્ષિણે બ્રહ્મયોનિ ડુંગરીની વચ્ચે આ શહેર આવ્યું છે. આ શહેર સાહેબગંજ નામના અર્વાચીન નગર અને પ્રાચીન ગયા બે મળીને બન્યું છે. શહેરનો ઉત્તર વિભાગ તે નવું શહેર અને દક્ષિણ વિભાગ તે મૂળ



Aho ! Shrutgyanam

ગયા. દક્ષિણ વિભાગમાં જે જગાને ચૈતન્ય ભાગવતના ૧૨ મા અધ્યાયમાં ચક્રવેધ એવું નામ આપ્યું છે, એ વિભાગમાં સુપ્રસિદ્ધ વિષ્ણુ પદ નામનું દેવળ આવ્યું છે. આ દેવળ બસેં વર્ષ પૂર્વે ઈંદોરના મલ્હારરાવ હોલકરનાં પુત્રવધુ અહલ્યાબાઈએ પ્રથમના જુના દેવળની જગાએ બંધાવ્યું છે. ચીનાઈ મુસાફર ફાહ્યાન આવ્યાની પૂર્વે આ દેવળની સ્થાપના થએલી હતી. બ્રહ્મયોનિ ડુંગરી–ભાસનાથ ઉપર મંગળાગૌરીનું દેવળ આવેલું છે. (**દેવી ભાગવત ખં૦ ૭, અ૦ ૩૦ ને ૩૮.**) આ સ્થળ શક્તિની બાવન પીઠોમાંની એક પીઠ મનાય છે. અહીં શક્તિનું સ્તન કપાઈ ગયું હતું. ગયામાં આવેલાં પવિત્ર સ્થળોને માટે વાયુપુરાણ ખંડ ૨ જાનો અધ્યાય ૧૦૫ મો જોવો. એ અધ્યાય ગયા મહાત્મ્યનો છે. બુદ્ધગયા (**ઉર્વીલ્વ શબ્દ** જુઓ). હાલની ગયાથી દક્ષિણે છ મૈલ પર આવેલ છે, બર્બરની ડુંગરીએ ઉપર અશોકે ચાર ગુફા કરાવી આજીવકને અર્પણ કરી હતી. આ આજીવકો માંખલીપુત્ત ગોશાળના મતાનુયાયીઓ હતા. અશોકના પૌત્ર દશરથે નાગાર્જુની ટેકરી ઉપર ત્રણ ગુફા કરાવરાવીને એ જ મતાવલંબીઓને અર્પણ કરી હતી. નાગાર્જુની ટેકરી ઉપરના દશરથના, તેમજ બીજા શીલાલેખોને સારૂ (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૭, પા૦ ૬૭૬–૬૮૦ જુઓ.**) બુદ્ધના જીવતાં એમના ધર્મસિદ્ધાંતો પ્રથમ ગયામાં જ માન્ય થયા હતા; અને ગયા બુદ્ધધર્મનું મથક થઈ પડયું હતું. પરંતુ બીજીથી ચોથી સદી દરમ્યાન ગયા બૌદ્ધ મટી પાછું હિંદુધર્મ માનનારૂં બન્યું હતું. ઈ. સ. ૪૦૪ માં ફાહ્યાન આવ્યો તે વખતે શહેરમાં ઉજ્જડ જંગલ જેવું હોઈ એમાં સૂન્યકાર પ્રવર્તતો હતો. ઈ. સ. ૬૩૭ માં ચિનાઈ પ્રવાસી હ્યુન્શ્યાંગ આવ્યો ત્યારે એને ગયા સુરક્ષિત અને દુર્ગમ શહેર ભાસ્યું હતું. શહેરમાં બ્રાહ્મણોનાં એક હજાર કુટુંબો વસતાં હતાં. એ બધા બ્રાહ્મણો એકજ ઋષિના વંશજો હતા. આ બ્રાહ્મણો તે 'ગયાલી" બ્રાહ્મણો હોવા જોઈએ. વાયુપુરાણમાં આવેલી ગયાસુરની વાત તે બૌદ્ધધર્મના મથક ગયામાંથી બૌદ્ધધર્મનો ઉચ્છેદ થઈ બ્રાહ્મણ ધર્મની પુનઃ સ્થાપના દર્શાવતું રૂપક માત્ર છે, એમ ડા૦ આર. એમ. મિત્રનું કહેવું છે (**બુદ્ધગયા પા૦ ૧૭**) માતંગવાપી (હાલ એને માલતંગી કહે છે) સહિત ધર્મારણ્ય વિષ્ણુ-છ મૈલ ઉપર આવ્યું છે. બ્રહ્મસર નૈઋત્યમાં એક મૈલ પર આવ્યું છે. ગોડાલોલા દક્ષિક્ષમાં એક મૈલ ઉપર મારણપુરની પાસે, ઉત્તરમાનસ ઉત્તરમાં એક મૈલ પર અને દક્ષિણમાનસ દક્ષિણે દેવઘાટ ઉપર આવેલ છે. (**મહાભા૦ વન૦ અ૦ ૮૪; અગ્નિપુ૦ અ૦ ૧૧૫**). ઉમંગનગર (ઉમગા) માં આવેલ જગન્નાથનું દેવળ, દેવ (દેવતા સૂર્ય) અને ગયાજીલ્લામાં ટીકારી પાસે આવેલ કૂચ આગળનાં દેવળો એ બધાં ગયા પાસેનાં જુનાં સ્થળો હોઈ, ત્યાં શીલાલેખો છે. (**જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૪૭ પા૦ ૬૫૬; ૧૨૨૦**) ગયાની વિશેષ હકીકત સારૂ બીજા ખંડમાં જોવું.

**ગયાનાભી**. ઓરિસાનું જાજપુર તે. વિષ્ણુ ભગવાને મારેલો દૈત્ય ગયાસુર શરીરે બહુ મોટો હતો. જમીન પર સુવે તો એનું માથું ગયા આગળ, એની નાભી જાજપુર પાસે અને એના પગ રાજમહેંદ્રીથી ચાળીસ મૈલ પર આવેલા પીઠાપુર નામના સ્થળ આગળ આવતા. જાજપુરમાં એક સજીવન ઝરાવાળો કુવો છે તે ગયાસુરની 'નાભીનો ખાડો' એમ કહી યાત્રાળુઓને બતાવાય છે! (**સ્ટર્લિંગનું ઓરિસ્સા**).

**ગયાપાદ**. રાજમંદ્રિથી ચાલીસ મૈલ પર આવેલ પીઠાપુર તે. વિષ્ણુએ મારી નાંખ્યો ત્યારે મરીને ભોંય પર પડેલા ગયાસુરના પગ અહીં આગળ સુધી આવ્યા હતા.

Aho ! Shrutgyanam

**गयाशीर्ष**. ગયા તે જ.

**गयाशीर्ष (૨)**. બૌદ્ધ લખાણોમાં કહેલો ગયાશીર્ષ યાને ગયાશીશ નામનો ડુંગર, તે ગયા પાસે આવેલ બ્રહ્મયોનિ ટેકરી એમ જનરલ કન્નિંગહેમનું કહેવું છે. અહીં આગળ બુધ્ધે પોતાનું "અગ્નિ-પ્રવચન" કર્યું હતું. એ પ્રવચનને "આદિત્ય પરચ્યાય સૂત્ર" પણ કહે છે. ( **મહાવગ્ગ** ). વસ્તુત ગયાશીર્ષ બ્રહ્મયોનિનો એક ફાંટો છે. એનો વિસ્તાર એક મૈલનો છે અને પ્રાચીન ગયા એ જગાએ આવ્યું હતું. ( **ડા૦ આર. એમ મિત્રની બુદ્ધ ગયા; મહાવગ્ગ, ભા. ૧ અ૦ ૨૨** ). એ એક યાત્રા સ્થળ છે. (**અગ્નિપુ૦ અ૦ ૨૧૯; શ્લો ૬૪**). ગયામાં અને ગયાની આસપાસ આવેલાં યાત્રાનાં પવિત્ર સ્થળો ગણાવતાં આનું નામ પણ ગણાવ્યું છે.

**गयाशीग्र**. ગયાશીર્ષ તે જ.

**गर्गाश्रम**. રાયબરેલી જીલ્લામાં ગંગાને કિનારે આસ્નીની સામે આવેલું ગગાસોન તે.

**गर्गाश्रम (૨)**. કયુમાઉનમાં લોધમુના અરણ્યમાં આ ઋષિનો આશ્રમ હતો એમ કહેવાય છે. આ અરણ્યમાંથી ગંગા નીકળી ધૌલીમાં મળે છે. કૂર્માચળ શબ્દ જુઓ. ( **જ. એ. સો. બં. પુ૦ ૧૭, પા૦ ૬૧૭** )

**गर्जपुर**. ગાઝીપુર તે. ( **જનરલ કન્નિંગહેમની એન્શ્યંટ જ્યોગ્રોફી** ) પાંચમા સદીમાં ચીનાઈ મુસાફર ફાહ્યાન અહીં આવ્યો હતો. ગરજાપુર નામ કોઈ પણ પ્રાચીન પુસ્તકમાં મળતું ન હોવાથી, જનરલ કન્નિંગહેમ હાલના નામ ગાઝીપુર ઉપરથી અનુમાન કરે છે કે એ ગર્જપુર હશે. આ માનવું ખરૂં નથી. આ સ્થળ પ્રાચીન ધર્મારણ્યનો ભાગ હતું. ( **ફ્યુરર-મોન્યુમેંટલ એન્ટીકિવટિઝ એન્ડ ઈંસ્ક્રિપ્શન્સ** ). આ ગ્રન્થના બીજા ખંડમાં ધર્મારણ્ય અને ગાઝીપુર શબ્દો જુઓ.

**गल्लिक**. ગંડકીનું નામાન્તર. ( **પદ્મપુ૦ ઉત્તરખં૦ અ૦ ૪૪-૫૨** ).

**गाधिपुर**. કનોજ. એ પૂર્વે વિશ્વામિત્ર ઋષિના પિતા ગાધિરાજાની રાજધાની હતું.

**गालवाश्रम**. જયપુરથી ત્રણ મૈલ ઉપર આવેલો ગાલવઋષિનો આશ્રમ વિશેષ.

**गालवाश्रम (૨)**. ચિત્રકૂટ પર્વત ઉપર આવેલો આશ્રમ વિશેષ. (**બૃહત્શિવપુ૦ અ૦ ૮૩**).

**गिरि**. હિમાલયના ચુર પર્વતોમાંથી નીકળી રાજઘાટ આગળ યમુના નદીને મળનારી નદી વિશેષ. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૧, ૧૮૪૨ પા૦ ૩૬૪** ). પુરાણોમાં અને કાલિદાસના વિક્રમો૦ અંક ૪ માં એનો ઉલ્લેખ છે.

**गिरि. (૨)** લાંકઈ નદી તે. એના કિનારા ઉપર પુષ્કલાવતી (?) નગરી આવેલી છે. ( **ક્ષેમેંદ્રનું બોધિસત્તાવાવદાન કલ્પલત્તા** ).

**गिरिकर्णिका**. ગુજરાતની સાબરમતી નદી તે. ( **પદ્મપુ૦ ઉત્તર૦ અ૦ ૫૨** ).

**गिरिनगर**. જુનાગઢથી થોડે છેટે આવેલો ગિરનાર નામનો ડુંગર. એની ઉપર નેમીનાથ અને પાર્શ્વનાથનાં દેવળો હોવાના સબબે જૈન લોકો એને પવિત્ર ગણે છે ( **ટોનેનું 'પ્રબંધચિન્તામણિ' પા૦ ૨૦૧**). બુહત્સંહિતામાં (**૧૪-૨ મા**) ગિરિનગર નામનો ઉલ્લેખ છે. ગિરનાર પર્વત અને તેની ઉપરનાં દેવળોના વર્ણન સારૂ (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮ પા૦ ૩૩૪; ૮૭૯-૮૯૨** જુઓ. ) ગિરનારના રુદ્રદામાના લેખમાં પણ આ નામનો ઉલ્લેખ છે. (**ઈં૦ એ૦ પુ૦ ૭ (૧૮૭૮) પા૦ ૨૫૭**) અહીં દત્તાત્રયનો આશ્રમ હતો. જુનાગઢના ખડકો પર કોતરેલાં અશોકનાં ફરમાનોમાંના એકમાં પાંચ ગ્રીક ( **યોના અગર યવન** ). રાજાઓનાં નામો છે. સીરિયાના એંટિયોકસ થીઓસ-એંકિયોકો, તુરમાય (ટાલેમી)મિસરનો ફિલાડેલ્ફસ, મેસિડોનના એંટિકિની યાને એંટિગોનસ (**ગોના-**

સ્ટસ), શ્રૂકવા સિરિવંનો મગસ અને (એરૈર-સના) અલિક્‌સુદર–અલેક્ષાન્ડર બીજાનાં નામે ઉપલબ્ધ થાય છે. ગિરનાર વસ્ત્રાપથ ક્ષેત્રમાં આવેલો છે. એનું માહાત્મ્ય (સ્કંધપુરાણના વસ્ત્રાપથ માહાત્મ્ય અ૦ ૧–૧૩) પ્રભાસખંડમાં આપેલું છે. સ્વર્ણરેખા યાને પલાસિની નામે નદી એના પાદપ્રદેશમાં વહે છે દિગંબરી જૈનો બાવીસમા તિર્થંકર અરિષ્ટનેમી યાને નેમીનાથને પુજે છે. નેમીનાથ સાર્યપુરી–સૌરિપુર–મથુરામાં જન્મ્યા હતા; તેઓ ઉગ્રસેનની પુત્રી રાજીમતીના પુત્ર હોવાથી શ્રી કૃષ્ણના સગા હોઇ તેમના સમકાલિન હતા. નેમિનાથનું ચિહ્ન શંખનું હતું. એઓ ઘણી વૃદ્ધ વયે ગિરનાર ઉપર મૃત્યુ પામ્યા હતા. (**ઉત્તરાધ્યાયન સેબુ બુ૦ ઇસ્ટ પુ. ૪૫ પા૦ ૧૧૨**). દત્તાત્રય નામના રાજાના નેમીનાથ ગુરુ હતા. આ રાજા એમને પ્રથમ થયેલો શિષ્ય હતો. (**કાઠીઆવાડ કચ્છની પ્રાચીન વસ્તુઓ પા૦ ૧૭૫; બુહત્સંહિતા અ૦ ૧૪**). જુનાગઢ શહેરને ગિરિનગર કહેતા; આગળ જતાં પછી આ નામ પર્વતને પણ લાગુ પડયું (**કોર્પ–ઇન્સ્ક. ઇણ્ડિયા. ૩–૫૭**). શક ક્ષત્રપની રાજધાની એ શહેરમાં હતી ઈ. સ. ના બીજા સૈકામાં આ ક્ષત્રપ રાજપ્રતિનિધિ શકસ્તાન યાને સિસ્તાનના શક રાજાથી સ્વતંત્ર થયો હતો. સિસ્તાનનો અર્થ રસે યાને શક લોકોનો દેશ એવો થાય છે. (**ડા૦ રિસ ડેવિસનું બુદ્ધિસ્ટ ઇણ્ડિઆ**). ગિરનાર–જુનાગઢ યાને રુદ્રદામના શિલાલેખમાં રુદ્રદામનના પૂર્વજોની હકીકત છે, (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૮૩; પા૦ ૩૪૦**). આ શિલાલેખમાં ચંદ્રગુપ્તમૌર્ય અને એના પૌત્ર અશોકની હકીકત પણ છે. (**એ લેખ ઇણ્ડિયન એંટિકિવરિ પુ૦ ૭, પા૦ ૨૬૦** ઉપર **છપાયો છે તે જોવો**). ગિરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રયનાં પગલાં છે. એ પગલાં શ્રી કૃષ્ણે ત્યાં સ્થાપ્યાનું કહેવાય છે. ચૈતન્ય પ્રભૂતિ પોતાની યાત્રામાં અહીં આવ્યા હતા. (**ગોવિંદદાસની કડ્ચા–રોજનિશી**). એ પર્વતને રૈવતક પર્વત પણ કહેતા. એનું વર્ણન શિશુપાળવધના ચોથા સર્ગમાં આપ્યું છે.

**गिरियेक** પટણા જીલ્લાની દક્ષિણ સીમા ઉપર પાંચાણ નદીના કિનારા પર આવેલું પ્રાચીન બાદ્ધ ગામડું. (**ઇંદ્રિશિલાગુહા શબ્દ જુઓ**). પાંચાણ નદીને સામે કિનારે ગિરિયેકની ડુંગરી આવેલી છે. ગ્રિધ્રકૂટ ડુંગરી તે એ જ. એ ડુંગરીનું વર્ણન હ્યુન્સ્યાંગે કર્યું છે. (**કનિંગહેમની એંન્શ્યંટ જયોગ્રોફી, પા૦ ૪૭૧**). પ્રાચીન સપ્પિની અગર સર્પિણી નદી તે જ આ પાંચાણ નદી બુદ્ધઘોષે પોતાની મહાવગ્ગની ટીકામાં અ૦ ૨, પા૦ ૧૨ જેનું વર્ણન કર્યું છે તે સપ્પિની નદીનું મૂળ ગ્રિધ્રકૂટ પર્વતમાં હતું કહેવાય છે. (**પંચાનન્દ શબ્દ જુઓ**). ફાહ્યાને ગિરિયેક એક છૂટી ભેખડ છે એમ કહ્યું છે. પરંતુ મિ. બ્રોડલે બિહારમાં આવેલા એક પત્થરના શિખરને ગિરિયેક તરીકે જણાવે છે. (ઇણ્ડિ. **એંટિ ૧. ૧૯**).

**गिरिव्रजपुर**. બિહારમાં આવેલું રાજગિર તે જ. મહાભારતના સમયમાં એ મગધદેશની રાજધાની હતું. (**મહાભા૦ સભા૦ અ૦ ૨૧**). અહીં જરાસંધ અને એના વંશજો રાજ કરતા હતા. બૌદ્ધ ગ્રંથોમાં ગિરિવ્રજ નામ ભાગ્યે જ વપરાયું છે. (**સે. બુ. ઇ. પુ ૧૦ પા. ૬૭**). બહુધા એને રાજગૃહ કહેતા. એ પટણાથી બાસઠ મૈલ અને બિહાર શહેરથી દક્ષિણે ચૌદ મૈલ પર આવેલું છે. વસુ નામના રાજાએ વસાવેલું હોવાથી એને વસુમતી પણ કહેતા (**રામાયણ આદિ૦ સ૦ ૩૨**). વૈહાર, વરાહ, વૃષભ, ઋષિગિરિ અને ચૈત્યક નામની પાંચ ડુંગરીઓની વચ્ચે એ આવેલું છે. (**મહા૦ સભા૦ અ૦ ૨૧**). હાલ એ ડુંગરીઓનાં નામ ફરી જઈને એમને વૈભારગિરિ, વિપુલ-

Aho ! Shrutgyanam

ગિરિ, રત્નકૂટ, ગિરિવ્રજગિરિ અને રત્નાચળ કહે છે. પાલી પુસ્તકોમાં એમનાં ગિજ્જહકૂટ, ઈસિગિલી, વેભાર વેપુલા, અને પાંડવ એવાં નામ આપ્યાં છે. જનરલ કન્નિંગહેમ વૈભારગિરિ તે વૈભાર, પાલી પુસ્તકોમાં કહેલો વેભાર એમ સૂચવે છે. ઋષિગિરિ તે રત્નકૂટ ( **અને રત્નગિરિ** ) યાને પાલી પુસ્તકોમાં કહેલો પાંડવ પર્વત; વિપુલગિરિ તે ચૈટક (પાલીમાં કહેલો વેપુલ પર્વત અને વરાહ તે ગિરિવ્રજગિરી એમ એમનું કહેવું છે. આ ડુંગરીનો ભાગ વિશેષ તે ગિજ્જહકૂટ, એટલે વૃષભ તે રત્નાચળ હોય. ઉદયગિરિ અને સોનગિરિ એ ગિરિવ્રજગિરિમાં આવી ગયા છે. રત્નગિરિ ને ઉદયગિરિ એના આગ્નેયમાં સંધાય છે; સોનગિરિ ને ઉદયગિરિ અને ગિરિવ્રજગિરિની વચ્ચે આવેલ છે. બૌદ્ધ સમયનું કુસુમપુર યા રાજગૃહ તે જ ગિરિવ્રજપુર. એની ઉત્તરે વૈભારગિરિ અને વિપુલગિરિ આવેલ છે; વૈભારગિરિ તે પશ્ચિમ તરફ અને વિપુલગિરિ તે પૂર્વ તરફ છે. એની પૂર્વમાં વિપુલગિરિ અને રત્નગિરિ યાને રત્નકૂટ; પશ્ચિમે ચક્ર કહેવાતો વૈભારગિરિનો ભાગ અને રત્નાચળ અને દક્ષિણે ઉદયગિરિ, સોનગિરિ અને ગિરિવ્રજગિરિ આવેલા છે. ગિરિવ્રજપુરને ચાર દરવાજા હતા. પહેલો દરવાજો ઉત્તરમાં વૈભારગિરિ અને વિપુલગિરિની વચ્ચે આવ્યો હતો; અને એને 'સૂર્યદ્વાર' કહેતા; બીજો ગિરિવ્રજગિરિ અને રત્નાચળની વચ્ચે આવેલો હતો; એને "ગજદ્વાર" કહેતા; ત્રીજો રત્નગિરિ યા રત્નકૂટ અને ઉદયગિરી, ચોથો રત્નાચળ અને વૈભારગિરિના ચક્ર કહેવાતા ભાગની વચ્ચે આવ્યો હતો. આ પર્વત વેષ્ટિત નગરની વચ્ચે થઇને સરસ્વતી નદી વહે છે. આ નદી ઉત્તર તરફના દરવાજાની બાજુએથી બહાર પડે છે. બાણગંગા નદી રાજગિરિની દક્ષિણે આવેલી છે. રામાયણના સમયમાં સોન નદી શહેરની વચ્ચેથી વહેતી હતી. વૈભારગિરિ અને રત્નાચળની વચ્ચેના ખીણની પશ્ચિમના ભાગમાં જરાસંધનો મહેલ આવ્યો હતો. રંગભૂમ યાને જરાસંધનો કુસ્તીનો અખાડો વૈભારના પાદપ્રદેશમાં આવેલો હતો. આ જગા સોનભંડાર નામની ગુફાથી એક મૈલ પશ્ચિમમાં આવેલી છે. ભીમસેનનો ઉખર યાને મલ્લભૂમિ સોનગિરિના પાદપ્રદેશમાં આવી હતી. એની પાસે લેટેરૈટ જાતના રાતા પત્થરની નીચી ટેકરી આવી છે. એના વડે બની રહેલા ચોરા ઉપર ભીમસેન અને જરાસંધનું મલ્લયુદ્ધ થયું હતું એમ કહેવામાં આવે છે. આ મલ્લયુદ્ધ તેર દિવસ સુધી ચાલ્યું હતું. પરિણામે જરાસંધ મરાયો હતો. લેટેરૈટનાં પડોમાં સ્વાભાવિક રીતે ઠેકાણે ઠેકાણે કાણાં અને ખાડા પડ્યા હોય છે. એવા એ જગાના ખાડા ને ભીમ અને જરાસંધના યુદ્ધ વખતે થયેલા ખાડા છે એમ કહે છે! દક્ષિણ તરફ ઉદયગિરિની પાસે વનસ્પતિ વગરનો ખડકોનો બનેલો રસ્તો છે. જેમાં ઘણી જગાએ ટુંકા ટુંકા શિલાલેખો મળી આવે છે. એ લેખો શંખાકાર અગર કોડીઓની ભાતના હોય છે. **( જ૦ એ૦ સો૦ બં૦ (૧૮૪૭) પા૦** ૫૫૯). જરાસંધે રાજકુમારોને પકડી પકડીને સોનગિરિના પાદપ્રદેશમાં કેદ કરી રાખ્યા હતા એવી લૌકિક અખ્યાયિકા છે. રાજગિરથી છ મૈલ ગિરિયેકની ડુંગરી આવેલી છે. એ ડુંગરી ઉપર પ્રસિદ્ધ કિલ્લા છે. જેને "જરાસંધકા બેઠક" કહે છે. એને પૂર્વે હંસસ્તૂપ કહેતા. (ઇન્દ્રશિલા શબ્દ જુઓ). પંચાણ નદી આ ડુંગરીની બાજુએથી વહે છે. ભીમસેન, અર્જુન અને કૃષ્ણ આ નદી ઉતરી, ગિરિયેક ડુંગરી ચઢી, બ્રાહ્મણના વેશમાં જરાસંધના નગરમાં પ્રવેશ્યા હતા. આ ડુંગરી વિપુળ યાને ચૈત્યક પર્વતના નાના ફાંટારૂપે છે. ( **ઇમ્પિરિયલ ગેઝેટિયર ઓફ ઇણ્ડિયા પુ૦ ૫. પા૦ ૮૫** ). વૈભાર પર્વતના ઉત્તર તરફના ઢાળ ઉપર એક નાના દેવળમાં બે

Aho ! Shrutgyanam

પગલાં છે. આ પગલાં શ્રીકૃષ્ણ રાજગિરિમાં પેઠા તે વખત પડેલાં કહેવામાં આવે છે। એ ત્રણે જણાએ જતા પહેલાં ગોરઠ ડુંગરી ઉપરથી રાજગિરની ચિકિત્સા જોઈ હતી. એ ડુંગરીને હાલ " બાથાનિકા પહાડ " કહે છે. દૂરથી જોતાં એને ત્રણ શૃંગ જણાય છે. રાજગિરથી પાંચ છ મૈલ પશ્ચિમે અને સંડોલની ઉત્તરે પહાડ નામની ડુંગરી આવી છે. એ ડુંગરી બાથાનીકા પહાડથી મોટી છે. ( **મહાભા૦ સભા૦ અ. ૨૦** ). ઉત્તરે વૈભાર પર્વતના પાદપ્રદેશમાં ઉત્તર તરફના દરવાજાથી થોડે છેટે વ્યાસ, માર્કંડ, સપ્તૃષિ, બ્રહ્મા, કાશ્યપ ઋષિ, ગંગા, યમુના અને અનંત એ નામના સાત કુંડો આવેલા છે આમાં પાણીના ઝરા છે. આ કુંડોની પૂર્વમાં થોડે છેટે સૂર્ય, ચંદ્રમા, ગણેશ રામ, અને સીતા નામના પાંચ ઉન્હા પાણીના ઝરા આવેલા છે. આ પાંચકુંડસમુદાયની પૂર્વે એક ઉન્હા પાણીનો ઝરો છે, એને શૃંગી ઋષિનો કુંડ કહેતા. હાલ એને મખદુમકુંડ કહે છે. મખદુમશાહ નામના મુસલમાન ઓલિયાના નામ ઉપરથી આ નામ પડયું છે. વિપુલ પર્વતની ઉત્તર બાજુએ તળેટીમાં એને શરયુદ્દીન અહમદ નામે ઓળખે છે. આ ઝરાની બાજુએ એક નાની ગુફા ( **ચિલ્વા** ) આવી છે જેમાં એ સંત પ્રાર્થના કરતા.

આ ચિલ્વામાં જવાના રસ્તા ઉપર એક આડી પડેલી મોટી પત્થરની ગદા છે. કહેવાય છે કે આ પત્થર રાઓલ અને લાટ્ટા નામના બે ભાઇઓએ એ સંતને મારી નાંખવાને માટે નીચે ગબડાવ્યો હતો; પરંતુ સંતે એ પત્થરના સામુ જોતાં જ એની ગતિ અટકી ગઇ અને એ ત્યાં સ્થિર થઇ ગયો. બૌદ્ધ કથામાં વાત આવે છે કે બુદ્ધને મારી નાંખવાને દેવદત્તે મોટો પત્થર ગબડાવ્યો હતો. આ પત્થર પણ આવતાં આવતાં બીજા બે પત્થરાને લીધે ખળાઇ રહ્યો હતો. ઉપરની મખદુમશાહની વાત આ બુદ્ધની વાતને મળતી આવે છે. ઉત્તર તરફના દરવાજાની પાસે " ઝરા દેવી " નું દેવળ, મહાવીર, પારસનાથ, અને બીજા તીર્થંકરોનાં દેવળો વૈભાર, વિપુલ, ઉદ્દય અને સોનગિરિ ડુંગરીઓ ઉપર આવેલાં છે. શહેરની પૂર્વ તરફ રત્નગિરિ અગર પાંડવગિરિ ઉપર એક બીજી ગુફા આવેલી છે. જેમાં પહેલા આવ્યા ત્યારે બુદ્ધ રહેતા હતા. (**સુત્તનિપાત-પબ્બજ્જાસુત્ત સેક્રેડ બુક્ ઓફ્ ઇસ્ટ; પુ૦ ૧૦, જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૮ ) પા૦ ૮૧૦**). અહીં બુદ્ધ પ્રથમ આરાડ અને પછી રુદ્રકના શિષ્ય થયા હતા. પણ આ બન્નેના શિક્ષણથી સંતોષ ન મળવાથી બુદ્ધ રાજગૃહથી ચાલી નિકળ્યા હતા. ( **અશ્વઘોષનું બુદ્ધ ચરિત્ર** ) જ્યારે બુદ્ધ પાંડવગિરિના પૂર્વ તરફના ભાગમાં આવેલી કૃષ્ણશિલા નામની ગુફામાં રહેતા હતા, ત્યારે મહારાજા બિમ્બીસાર એમને મળવા આવ્યા હતા. ( **મહાવગ્ગ૦ પબ્બજ્જાસુત્ત૦ ૧૨; અને લલિતવિસ્તાર અ૦ ૧૬**). ખીણમાં અગર જુના રાજગૃહ નગરમાં આવેલ વૈભવડુંગરીની દક્ષિણ બાજુ ઉપર આવેલી સોનભંડાર ગુફા ઓળખવામાં જનરલ કનિંગ્હેમે ભૂલ કરી છે. વૈભાર ટેકરીની દક્ષિણ બાજુ ઉપર ખીણમાં અગર જુના રાજગૃહમાં સોનભંડાર ગુફા આવેલી છે. આ ગુફા તે જ્યાં પહેલી બુદ્ધ ધર્માધિકારીઓની સભા મળી હતી તે સપ્તપર્ણીગુફા એમ માનવામાં જનરલ કનિંગ્હેમ ભૂલ્યા છે. મી. બેગ્લરને મતે આ સોનભંડાર તે જ ફાહ્યાને કહેલી પત્થરગુફા છે. ધ્યાનમગ્ન બનીને બુદ્ધ આ ગુફામાં બેસતા. અહીંથી થોડે જ છેટે પૂર્વમાં એક નાની શી ગુફામાં આનંદ ધ્યાન ધરતો. કહેવાય છે કે એક વખત ધ્યાન વખતે આનંદને મારે બ્હિવરાવ્યો; તે વખત પર્વતની એક ફાટમાં હાથ લંબાવી બુધ્ધે આનંદની પીઠ થાબડી અને એને

Aho ! Shrutgyanam

ભય વિમુક્ત કર્યો હતો. (આ. સર્વે. રિપોર્ટ પુ. ૨). અહીં આગળ બુદ્ધની સોનભંડાર ગુફાની આગળ બહીઓ જેવા તેર ખાડા છે. આ ખાડાને માટે કહેવાય છે કે બૌદ્ધ-ધર્મને અંગે કરેલા વ્યાખ્યાન વખતે અહીં સભામંડપ હતો એમ ફાહ્યાને કહ્યું છે. ઉત્તર તરફના દરવાજા પાસે વિપુલગિરિ અને રત્નગિરિથી બનેલા વાંકમાં એક અમરાઈ હતી. આ અમરાઈ પૂર્વે અમ્બપાલીની હતી. પાછળથી બિંબીસારનો રાજવૈદ્ય જીવક આ અમરાઈનો માલિક બન્યો હતો. આ અમરાઈમાં બિંબીસારે વિશાળ વિહાર બંધાવી બુદ્ધ અને એમના ૧૨૫૦ શિષ્યોને અર્પણ કર્યો હતો. ( સે. બુ. ઇ. પુ. ૧૭; સામણ ફળ સુત્ત, અને ફાહ્યાન ફ્રો. કવો. કી. ) કન્નિંગહેમ દેવદત્તનું ઘર પણ આ વાંકમાં આવ્યું હતું કહે છે ( આ સર્વે રિપોર્ટ પુ. ૩ ), એ પણ ઘણું શંકાસ્પદ છે. દેવદત્તની ગુફા જુના શહેરની બહારની બાજુએ ઉત્તરે આવી હતી. એ પૂર્વથી ત્રણ મૈલ દૂર હતી. ( લેગીનું ફાહ્યાન પા૦૩૦ ). મખ-દુમશાહનો ચિલ્વા જે પૂર્વે શૃંગેરી ઋષિનો કુંડ કહેવાતો તે દેવદત્તની ગુફા હોય એમ સહજ ધરાય છે. દેવદત્ત બુદ્ધના કાકાનો પુત્ર હતો. બુદ્ધના મરણની પૂર્વે નવ દસ વર્ષ ઉપર એણે બુદ્ધના પંથમાંથી ફાંટો પાડયો હતો; દેવદત્તના શિષ્યો ગોતમક કહેવાતા. દેવદત્તે જ અજાતશત્રુને પિતૃહત્યા કરવાને ઉશ્કેર્યો હતો. ( રિસ્ ડેવિસનું બુદ્ધિસ્ટ ઇંડિઆ; હાર્ડીનું બુદ્ધિધર્મનું મેન્યુઅલ; જાતકોમાં છપાયલું. સણજીવ જાતક પુ૦ ૧ ). વેણુવનવિહાર જે કરંડવેણુવન વિહાર કહેવાતો હતો તે બિંબીસારે બુદ્ધને અર્પણ કર્યો હતો. જ્યારે જ્યારે રાજગૃહમાં આવે ત્યારે સામાન્ય રીતે બુદ્ધ ત્યાં રહેતા. આ વિહાર વૈભારગિરિના છેક પૂર્વમાં આવેલા નાના ફાંટાથી ત્રણસેં કદમ દૂર આવેલો હતો; એટલે કે તે ખીણની બહાર અને વૈભારગિરિના ઉત્તર ઢાળ ઉપર આવ્યો હતો. આ વિહારમાં શારીપુત્ર જેનું ખરૂં નામ ઉપનિષ્ય હતું તે ( કર્નનું સદ્ધર્મ પુંડરિક, સે. બુ. ઇસ્ટ પુ. ૨૧, પા૦ ૮૯ ), અને મૌદ્ગલાયન—જેને કોલિત કહેતા તે બુદ્ધના શિષ્ય થયા હતા. એમણે બૌદ્ધધર્મના સિદ્ધાંતનું પ્રથમ જ્ઞાન અશ્વજીત પાસેથી સંપાદન કર્યું હતું. " મૂળ કારણમાંથી ઉદ્-ભવેલી બધી વસ્તુઓના કારણનું અને તેના વિરામનું ભગવાન બુદ્ધે સ્પષ્ટીકરણ કર્યું છે એવું સૂત્ર એ પહેલાં શિખ્યો હતો. આ બન્ને જણા પ્રથમ રાજગિરિના સજય વૈરાટ્ટીના શિષ્ય હતા. એ વિરાટની પાસે પિપ્પલ ગુફા હતી. બપોરના ભોજન પછી બુદ્ધ અહીં ધ્યાનમાં બેસતા. અહીંથી થોડે જ છેટે વૈભાર-ગિરિના શિખર ઉપર પશ્ચિમ તરફ એક સાંકડી ખીણમાં જૈનનું દેવળ આવેલું છે. સપ્તપર્ણીગુફા—જેને સપ્તપર્ણી અગર સપ્તપર્ણી પણ કહે છે, તે પિપ્પલગુફાથી પશ્ચિમે વૈભારગિરિના ઉત્તર ઢાળ ઉપર એક મૈલ છેટે આવેલા ગુફાસમુહમાં આવી હતી એમ મી. વેલગરે પ્રતિપાદન કર્યું છે. બુદ્ધના મરણ પછી મહાકાસ્યપના નેતૃત્વમાં બૌદ્ધની ધર્મ-સભા અહીં ભરાઈ હતી. ( વિનય પા૦ ૩૭૦-૩૮૫; એસ. બી. ઈ. પુ. ૨૬; આર્કિ. સ. રિ. પુ. ૮ ). વેણુવનવિહારથી ઉત્તરે સીતાવન નામના અરણ્યમાં સ્મશાન આવેલું હતું. ( મેમોરિ૦ એ૦ સો૦ બંગાળ પુ૦ ૧; અવદાન કલ્પલતા, અ૦ ૯, શ્લો૦ ૧૯). હાલ 'વસુરાજકા ગઢ' નામની જગા છે ત્યાં એ હતું. વસુરાજ તે બૃહદ્રથનો પિતા અને જરાસંધનો પિતામહ થાય. જે ઘરમાં માલિકની બેદરકારીથી આગ લાગે તે ઘરના માલિકને ઘરમાંથી કાઢી મુકતા અને

Aho ! Shrutgyanam

સ્મશાનમાં રાખવો એવું નિર્માણ કર્યું હતું. એના પોતાના જ મહેલમાં આગ લાગી અને એ પોતે પોતાના વચન મુજબ રાજગૃહની ખીણમાં આવેલો મહેલ ખાલી કરી સ્મશાનમાં રહેવા ગયો હતો. પરંતુ ત્યાં રહેવા દરમ્યાન વૈશાલીનો રાજા હૂમલો કરે એવો સંભવ હોવાથી, અગર, કેટવાકના ધારવા મુજબ, ઉજ્જેણુનો રાજા ચણ્ડપજ્જોત હુમલો કરે એવી બ્હીકથી એણે સ્મશાનનું રહેઠાણ તજી દીધું હતું. સ્મશાનના રહેઠાણને વિપુલ કિલ્લેબંધી જેવું હતું નહિ એટલે ત્યાં બચાવ થઇ શકે એમ નહોતુ. એણે નવું રાજગૃહ બંધાવા માંડયું હતું. એ નવું નગર એના પુત્ર અજાતશત્રુના સમયમાં બંધાઇ રહ્યું હતું. નવા રાજગૃહના પશ્ચિમ દરવાજા પાસે એક સ્તૂપ આવ્યો હતો. પોતાના ભાગ તરીકે મળેલા બુદ્ધના અવશેષો ઉપર અજાતશત્રુએ આ સ્તૂપ બંધાવ્યો હતો. ( **લેગનું ફાહ્યાન પ્ર૦ ૨૮**). આ પ્રમાણે જુના રાજગૃહને તજી દેવાયું. અને થોડા સમયને સારૂ મગધની રાજધાની નવા રાજગૃહમાં આવી. અજાતશત્રુના રાજ્યકાળના આઠમા વર્ષમાં બુદ્ધ નિર્વાણ પામ્યા હતા. અજાતશત્રુના પૌત્ર ઉદાયી યાને ઉદયાશ્વના સમયમાં રાજધાની પાટલીપુત્રમાં લઇ જવામાં આવી. ઇ. સ. પૂર્વે ૫૧૯ થી ૫૦૩ સુધી એણે રાજ્ય કર્યું હતું. જનરલ કન્નિંગહેમના મત મુજબ પ્રસિદ્ધ વીક્રમશિલાવિહાર રાજગિરથી ઉત્તરે છ મૈલ દૂર પંચાણ નદી કિનારે આવેલા શિલાઓ નામે ગામ પાસે આવ્યો હતો અદ્યાપિ પણ ત્યાં એક ઉંચો ટેકરો અસ્તિત્વમાં છે. પરંતુ કન્નિંગહેમ પ્રભુતિનું આ કહેવું ખરૂં નથી. ( **વીક્રમશિલાવિહાર શબ્દ જુઓ** ). એક કાળે બૌદ્ધ જ્ઞાન અને પાંડિત્યનુ સુપ્રસિદ્ધ સ્થળ વડગામ યાને નાલંદ હતું. એ રાજગિરથી ઉત્તરમાં સાત મૈલ દૂર આવેલ છે. નાલંદમાં બૌદ્ધ વિહારો અને સ્તૂપોનાં ખંડેરો હાલ પણ મોજુદ છે. નિગ્રંથ જ્ઞાતિપુત્ર ( **નિગંથ નાથપુત્ત** ) બુદ્ધના સમયમાં રાજગૃહના ગુણશિલાના ચૈત્યમાં રહેતો હતો ( **કલ્પસૂત્ર–સમરરીત** ). એની જોડે પુરાણ કાસ્સપ માખલીપુત્ર, ગોસળ, અજીત કેશકબળ, સંજય, બેલાઠ્થાપુત્ર અને પકુધા કચ્છપાયન નામના પાંચ તીર્થંકરો પણ રહેતા હતા. ( **મહાવગ્ગ અ૦ ૪, પા૦ ૩૧** ). એ જ જૈનોના છેલ્લા યાને ચોવીસમા તીર્થંકરના સંબંધમાં કહ્યું છે. એની જ શિખવણીથી રાજગૃહના એક વિષમિશ્ર ભોજનવડે અગર બળતા અગ્નિકુંડમાં નાંખીને બુદ્ધને મારવાનો પ્રયત્ન કર્યો હતો. ( **અવદાન કલ્પલતા પ્ર૦ ૮** ). ગોસળ માખલીપુતે આજીવકનો પંથ સ્થાપ્યો હતો. ( **ડા૦ હોર્નલેનું ઉવાસગ દસાઓ ઉપોદ્ઘાત પા૦ ૧૩, અને પુરવણી ૧ અને ૨ જી** ). મહાવીર જ્યાં નિર્વાણ પામ્યા હતા તે પાવાપુરી રાજગિરીની નૈર્ઋત્યમાં દસ મૈલ ઉપર આવેલ છે. બુદ્ધ જ્યારે રાજગિરિમાં આવતા હતા ત્યારે તેઓશ્રી ગ્રિધ્રકૂટ, ગૌતમ ન્યગ્રોધાશ્રમ, ચૌરપ્રપાત, સપ્તપર્ણીગુફા, રાજગિરિની બાજુમાં આવેલી કૃષ્ણશિલા, સપ્તસૌન્દિકગુફા, સીતાવનમાં આવેલ કુંજ, જીવકની અમરાઇ, તપોદારામ અને મદ્રકુક્ષીનું મૃગવન એ જગાઓએ રહેતા હતા. ( **મહાપરિ નિબ્બાન સુત્ત પ્ર૦ ૩**). રાજગિરિની વિશેષ હકીકત સારૂ આ પુસ્તકના બીજા ખંડમાં રાજગિરિ શબ્દ જુઓ.

**गिरिवृजपुर** (२). પંજાબમાં બીઆસની ઉત્તરે આવેલ રાજગિરિ, કેકયદેશની રાજધાની તે. ( **રામાયણ અયો૦ કાંડ સર્ગ ૬૮** ). જલાલપુરનું જુનું નામ ગિરિજક હતું. કન્નિંગહેમ આ સ્થળ તે ગિરિવજ એમ કહે છે. ( **આર્કિ૦ સર્વે રિપોર્ટ ૨**). મી. પાર્ગિટર કન્નિંગહેમનું કથન સત્ય માને છે. (**માર્કંડેય પુ૦ પા૦ ૩૧૮ ની ફુટનોટ** ).

Aho ! Shrutgyanam

**गुर्जर.** ગુજરાત,ખાનદેશનો મોટો ભાગ અને માળવા (કોંડની "મોડર્ન ટ્રાવેલર પુ૦ ૧૦ પા૦ ૧૩૦). સાતમી સદીમાં હ્યુયેન્‌શાંગ અહીં આવ્યો હતો ત્યાં સુધી આ નામ દ્વીપકલ્પને લગાડાતું નહોતું. એને તો સૌરાષ્ટ્ર જ કહેતા. હાલ જેને મારવાડ કહીએ છીએ એ મુલકને ગુર્જ્જર કહેતા. પેરિપ્લસ ઉપરથી જણાય છે કે ગુજરાતનો નર્મદા નદીના મુખની આસપાસનો આગ્નેય ભાગ આબેર કહેવાતો. ગ્રીક લોકોએ એને "એબેરિયા" કહ્યો છે. પ્રથમના અંગ્રેજ મુસાફરોએ ગુજરાતને "કેમ્બે"–ખંભાત કહ્યું છે. વધારે હકીકત સારૂ બીજા ખંડમાં "ગુજરાત" શબ્દ જુઓ. મૂળરાજથી તે કુમારપાળ સુધીના ચાલુક્ય રાજાઓની હકીકત સારૂ વડનગરનો શિલાલેખ એપીગ્રા. ઈંડિ. પુ. ૧, ૨૦૩. પાને છપાયલો જુઓ.

**गुणमती विहार.** હ્યુંએન્‌સ્યાંગ મુસાફર ગયો હતો તે ગુણમતીવિહાર ગયા જીલ્લાના જહાનાબાદ નામના પેટા વિભાગમાં ધારાવત આગળ કણ્વ ટેકરી ઉપર આવ્યો હતો. ત્યા અગાડીની ભૈરવની દ્વાદશ ભુજાવાળી મૂર્તિ એ વસ્તુતઃ બૌદ્ધોના અવિલોકિતેશ્વરની મૂર્તિ છે. (ગ્રીઅરસન-ગયા જીલ્લા સંબંધ નોંધ).

**गुप्तहरि.** ગોપ્રતારનું બીજું નામ. (સ્કં૦ પુ૦ અયોધ્યા મહાત્મ્ય અ૦ ૬).

**गुप्तकाशी.** ઓરીસામાં આવેલ ભુવનેશ્વર તે.

**गुप्तकाशी (२).** રોણિતપુર ને શોણિતપુર શબ્દ જુઓ.

**गुरुपादगिरि.** બૌદ્ધગયાથી સો મૈલ દૂર ગયા જીલ્લામાં આવેલ ગુર્પા ડુંગરી. અહીં મહા કાશ્યપને નિર્વાણ પ્રાપ્ત થયું હતું. (લેગનું ફાહ્યાન. પ્ર૦ ૩૩). એને કુક્કુટપાદગિરિ પણ કહે છે. એ. સો. બં. જર્નલમાં (૧૯૦૬) પાને ૭૭ મે ગુર્પા ડુંગરીનું વર્ણન વાંચો. આ મહાકાશ્યપ તે બુદ્ધના મરણ બાદ મળેલી પ્રથમ બૌદ્ધસભાનો અધ્યક્ષ અને બુદ્ધનો સુપ્રસિદ્ધ શિષ્ય મહાકાશ્યપ નહિ, પણ બીજો, શાક્યસિંહની પૂર્વે થએલો કાશ્યપ બુદ્ધ. (લેગ૦ ફાહ્યાન. પ્ર૦ ૩૩). પણ કુક્કુટપાદગિરિ શબ્દ જુઓ. દિવ્યાવદાનમાળામાં આ ડુંગરીને ગુરુપાદક ડુંગરી કહી છે. (ડા. આર૦ મિત્રનું નેપાળ, સંસ્કૃત બૌદ્ધ સાહિત્ય. પા૦ ૩૦૮, દિવ્યાવદાન, કોવેલની આવૃત્તિ પા૦ ૬૧). હવે પછી થનાર બુદ્ધ મૈત્રેય અહીં આગળ પોતે પ્રવચન આપશે તે સ્થળ.

**गुह्येश्वरी.** ગુહ્યેશ્વરી દેવીને હિંદુઓ તેમ જ ઉત્તર બૌદ્ધો પોતપોતાની ખાસ દેવી તરીકે માને છે. ખટમંડુથી ઇશાનમાં ત્રણ મૈલ અને પશુપતિનાથના દેવળથી આશરે પા મૈલને છેટે વાઘમતીના ડાબા કિનારા ઉપર આ દેવીનું દેવળ આવેલું છે. (રાઈટનો નેપાળનો ઈતિહાસ પા૦ ૭૯; દેવી ભાગ૦ અ૦ ૭, ૩૮) નેપાળ શબ્દ જુઓ.

**गोकर्ण.** કારવાર જીલ્લાના ઉત્તર કાંનડામાં ગોવાથી ત્રીસ મૈલ ઉપર કારવાડ અને કુમટાની વચ્ચે આવેલું ગેંડિયા નગર તે. એ સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. (મહા૦ ભા૦ આદિ ૫૦ અ૦ ૨૧૯; રઘુવંશ સર્ગ ૮; શિવપુ૦ ખં૦ ૩. અ૦ ૬૫). અહીં રાવણે સ્થાપેલા મહાદેવ, મહાબાલેશ્વરનું દેવળ છે. એ ગોવાથી દક્ષિણે ત્રણ મૈલ દૂર આવેલા સદાશિવગઢથી દક્ષિણે ત્રીસ મૈલ દૂર આવેલ છે. (ન્યુબોલ્ડ; જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૫. (૧૮૪૬) પા૦ ૨૨૮). આ સ્થળે શ્રીમદ્ શંકરાચાર્યે શૈવ પંડિત નીલકંઠને વાદમાં હરાવ્યો હતો. (શંકરવિજય અ૦ ૧૫).

**गोकर्ण (२).** અયોધ્યાના રાજા ભગીરથે ગંગાને પૃથ્વી પર લાવવાના હેતુથી ગોકર્ણમાં તપ કર્યું હતું. (રામાય૦ બાળકાં૦ સ૦ ૪૨). આ ગોકર્ણ તે ગંગોત્રીની પેલી તરફ બે મૈલ દૂર આવેલ હાલનું ગોમુખી જ એ દેખીતું છે.

**गोकर्ण (३).** વરાહ પુરાણ (અધ્યા૦ ૧૭૦)



Aho ! Shrutgyanam

અનુસાર ગોકર્ણું સરસ્વતી અને સમુદ્રના સંગમ ઉપર આવ્યું હતું.

**गोकुल.** વ્રજ યાને મહાવન તે જ. ( **પદ્મ પુ૦ પાતાળ–અ૦ ૪૦; આદિપર્વ અ૦ ૧૨-૧૫** ). અને જુનું ગોકુળ જ્યાં શ્રીકૃષ્ણ ઉછર્યા હતા તે. શ્રીકૃષ્ણના પાલકપિતા નંદ કંશનાં માણસોથી થતા ઉપદ્રવને લઈને ગોકુળથી પોતાનો નેસડો વૃંદાવન લઇ ગયા હતા. (**આદિ પ૦ અ૦ ૩**). મહાવન અગર પુરાણગોકુળ મથુરાથી ૭ મૈલ દૂર આવેલું છે. અહીં શ્રીકૃષ્ણે બાળપણમાં ચરિત્રો કર્યાં હતાં તે સ્થળો આવેલાં છે. ચૈતન્યના સમકાલિન અને અંબલીગ્રામના વલ્લભભટ્ટ નામે ઓળખાતા વલ્લભાચાર્યે વૈષ્ણવ ધર્મનો વલ્લભાચાર્ય પંથ સ્થાપ્યો હતો; એમણે મહાવનની પ્રતિકૃતિ તરીકે નવું ગોકુળ વસાવ્યું હતું. જ્યાંના શ્યામલાલના મંદિરમાં પૂર્વે નંદનાં સ્ત્રી જસોદાએ માયાદેવીને જન્મ આપ્યો હતો. નંદના મહેલને ઔરંગજેબ પાદશાહે મસીદના રૂપમાં ફેરવી નાંખ્યો હતો. ( **ચૈતન્ય ચરિતામૃત ૨. અ૦ ૧૯; ગ્રાઉઝનું મથુરા**). વ્રજ શબ્દ જુઓ. નવું ગોકુળ મહાવનથી દક્ષિણમાં જમનાના પૂર્વ કિનારા ઉપર આવેલું છે.) **લોચનદાસનું ચૈતન્ય મંગળ૦ અતુલ ગોસ્વામીની આવૃત્તિ; ૩ પા. ૧૮૧** ).

**गोडा.** ગોદાવરી નદીનું એક નામ. ( **હલાયુધની અભિધાન રત્નમાળા ખં૦ ૩, અ૦ ૫૨; ઓફ્રેકટની આવૃત્તિ**).

**गोदावरी.** નાસિકથી વીસ મૈલ ઉપર આવેલા ત્ર્યંબક નામના ગામની બાજુએ આવેલા બ્રહ્મગિરિ નામના ડુંગરમાંથી ગોદાવરી નદી નિકળે છે. ( **સૌરપુરા૦ અ૦ ૬૯; બ્રહ્મ પુ૦ અ૦ ૭૭, ૭૯** ) ચૈતન્ય બ્રહ્મગિરિની યાત્રાએ આવ્યા હતા. (**ચૈતન્ય ચરિતામૃત**) કેટલાક કહે છે કે પાસે આવેલા જટાફટકા નામના ડુંગરમાં ગોદાવરીનાં મૂળ છે. ત્ર્યંબકમાં કુશાવર્ત નામનો કુંડ છે. પર્વતમાંથી નિકળી ગોદાવરી આ કુંડની નીચેથી વહે છે. ગોદાવરીના જે ભાગ ઉપર ત્ર્યંબક આવેલું છે તેને ગૈતમી ( **ગૈતમી ગંગા** ) કહે છે. આ પવિત્ર કુંડમાં સ્નાન કરવાને આખા હિન્દુસ્તાનમાંથી લોકો આવે છે. દર બાર વર્ષે જ્યારે સિંહસંક્રાન્તિના સૂર્ય થાય ત્યારે ત્ર્યંબકમાં યાત્રા ભરાય છે. કુશાવર્તમાં નાહીને લોકો ત્ર્યંબકેશ્વરની પૂજા કરે છે. ત્ર્યંબકેશ્વર, મહાદેવનાં દ્વાદશ જ્યોતિર્લિંગમાંના એક છે. (**શિવપુરા૦ ખં૦૧. અ૦ ૫૪, વરાહપુ૦ અ૦ ૭૯, ૮૦,** ). અમરેશ્વર શબ્દ જુઓ. લંકા જતાં રામચન્દ્ર ભદ્રાચલ આગળ ગોદાવરી ઉતર્યા હતા. હાલ પણ ત્યાં એ જગાસુચક દેવળ છે.

**गोधनगिरि.** ગોરક ડુંગરાનું જ નામ. (**બાણનું હર્ષચરિત અ૦ ૬**).

**गोनंद.** ગોનડર્ડ (૨)નું જ નામ ( **બ્રહ્માંડપુ૦ અ૦ ૪ મત્સ્યપુ૦ અ૦ ૧૧૩**).

**गोनर्ड.** પંજાબ તે જ. કાશ્મિરના રાજા ગોનડર્ડે એ જીત્યું હતું તે ઉપરથી આ નામ પડયું છે.

**गोनर्ड** (૨). અયોધ્યામાં આવેલું ગોંડ એ નામ ગોનડર્ડનું વિકૃત રુપ છે.

**गोपकवन.** ગોવાનું બીજું નામ. એને ગોપકપટ્ટન પણ કહેતા હતા. ત્યાં કદંબવંશના રાજાઓનું રાજ્ય હતું. ( **ડા૦ બ્યુલરનો લખેલો વીક્રમાંક દેવચરિત–ઉપોદ્ઘાત૦ પા૦ ૩૪ ની ટીપણી**).

**गोप्रतार.** અયોધ્યામાં ફૈઝાબાદ આગળ સરયૂને કિનારે આવેલું ગુપ્તાર નામનું યાત્રાનું સ્થળ, વિશેષ. કહેવાય છે કે અહીં આગળ રામચંદ્રે દેહ તજ્યો હતો. (**રામા૦ ઉત્ત૦ સ૦ ૧૧૦**). ગુપ્તાર મહાદેવના દેવળની નજીકનું એક સ્થળ, રામચંદ્રે જ્યાં દેહ તજ્યો હતો તે જગા તરીકે યાત્રાળુઓને અદ્યાપિ બતાવાય છે.

**गोपराष्ट्र.** ગોવરાષ્ટ્ર તે જ. નાસિકનો પેટા જીલ્લો પ્રગતપુર તે. ( **મહાભા૦ ભીષ્મ૦ અ૦**

Aho ! Shrutgyanam

૯; ઇંડિ-એંટિ૦ પુ૦ ૯ ). ગેરેટના અભિપ્રાય મુજબ કુવા નામનું સ્થળ તે જ; સથર્ન કોંકણ-( ગે ટનો પ્રાચીન કોષ ).

**गोपाचळ.** રોહતાસના ડુંગર ( જ૦ એ૦ સો૦ બં૦ (૧૮૩૯) પા૦ ૬૯૬ ). ગ્વાલિયર.

**गोपाद्रि.** ( ડા૦ કિલ્હોર્નનું એપિ૦ ઈંડિકા. પુ૦ ૧, પા૦ ૧૨૪-૧૫૪; દેવીપુરા૦ અ૦ ૭૫ ).

**गोपाद्रि. (૨).** તખ્ત-ઈ-સુલેમાન પર્વત જે કાશ્મિરમાં શ્રીનગરની પાસે આવેલો છે તે. શંકરાચાર્ય શબ્દ જુઓ.

**गोपाद्रि (૩).** રોહતાસના ડુંગર; ગોપાચળ તે જ.

**गोमती.** અયોધ્યામાં આવેલી ગુમતી નદી તે જ. ( રામાય૦ અયો૦ સ૦ ૪૯ ) લકનૌ આ નદીને કિનારે આવેલું છે.

**गोमती (૨).** ત્ર્યંબકેશ્વર આગળ ગોદાવરી નદીના મૂળ પાસે આ નદીને ગોમતી કહે છે. ( શિવપુ૦ ખં૦ ૧, અ૦ ૫૪ ). ગૌતમ ઋષિનો આશ્રમ અહીં હતો તે ઉપરથી એને ગૌતમી કહે છે. ( શિવપુ૦ અ૦ ૫૪ ).

**गोमती (૩).** કાઠીઆવાડમાં આવેલી એક નદી વિશેષ, જેના ઉપર દ્વારકા આવેલું છે. ( સ્કંદપુ૦ અવંતિખંડ, અ૦ ૬૦ ).

**गोमती (૪).** માળવામાં આવેલી ચંબલ નદીની એક શાખા જેના કિનારા ઉપર રણથંભોર વસ્યું છે. (મેઘદૂત પૂર્વાર્ધ શ્લો૦ ૪૭).

**गोमती. (૫).** અફઘાનીસ્તાનના એરાકોસિયામાં આવેલી નદી વિશેષ, ગોમલ. ( ઋગ્વેદ મં૦૧૦-૭૫; લાસનનું ઈંડિસ્ક. એલ્થુમસકુંડે). આ નદી ડેરાઇસ્માઇલખાન અને પહાડપુરની વચ્ચે સિંધુ નદીને મળે છે.

**गोमती (૬).** પંજાબના કાંગરા જીલ્લામાં વહેતી નદી વિશેષ. ( ઈંડિ૦ એંટિ૦ પુ૦ ૨૨ પા૦ ૧૭૮ ).

**गौमुखी.** કેસ્ટન રેપર ( એસિ૦ રિસર્ચ્સ પુ૦ ૧૧. પા૦ ૫૦૬ ). અને મેજર થોર્ન ( મેમ્પર ઓફ ધી વોર ઇન ઇંડિયા, પા૦ ૫૦૪ ) ના મત મુજબ ગૌમુખી ગંગોત્રીથી પેલી મેર બે મૈલ દૂર આવેલ છે. એ મોટા ખડક રુપે હોઇ હિંદુઓ એને ગૌમુખ કહે છેઃ કારણ કે એનો આકાર ગાયના ધડ અને મુખને મળતો આવે છે, પરંતુ ફ્રેઝરનું હિમાળાપર્વત નામના પુસ્તકનું ૪૭૩ મું પાનું જુઓ-વખતે રામાયણમાં પ્રથમ કાંડમાં સ૦ ૪૨ માં જેનું ગોકર્ણ નામે વર્ણન કર્યું છે તે યે હોય.

**गोमंतगिरि.** પશ્ચિમ ઘાટમાં એકલવાયો ડુંગર, જ્યાં શ્રીકૃષ્ણ અને બલરામે જરાસંધને હરાવ્યો હતો તે. ( હરિવંશ અ૦ ૪૨ ). ગોમંતગિરિના શિખર પર ગોરક્ષ નામે તીર્થ આવેલું છે. આ પર્વત ગોવાની આજુબાજુના પ્રદેશમાં આવેલો છે. એ કોંકણ પ્રદેશને ગોમંતનો પ્રદેશ કહે છે. (પદ્મપુ૦ આદિખં૦ અ૦ ૬ ). હરિવંશના અધ્યાય ૯૮ અને ૯૯ માં ગોમંતગિરિ ઉત્તર કાનડામાં આવ્યાનું કહ્યું છે.

**गोमंतगिरि (૨).** ગુજરાતમાં કાઠીઆવાડમાં જૂનાગઢ પાસે આવેલા ગિરનાર પર્વતને પણ ગોમંતગિરિ કહ્યો છે. ( મહાભા૦ સ૦ અ૦ ૧૪ ).

**गोरथडुंगर.** બાથાનીકા પહાડ. જુના રાજગૃહની ખીણથી પશ્ચિમે પાંચ છ મૈલ ઉપર આવેલી એકલવાઈ ડુંગરી. દૂરથી જોતાં આ ડુંગરીને ત્રણ શિખરો જણાય છે. અહીં આગળથી જરાસંધને મારવાને ગયા ત્યારે ભીમ, અર્જુન અને શ્રીકૃષ્ણે મગધની સુંદર રાજધાનીનો તપાસ કર્યો હતો. ( મહાભા૦ સભા૦ અ૦ ૨૦ ). બાથાનીકા પહાડના કરતાં મોટી સંડોલની ડુંગરી એનાથી દક્ષિણે આવી છે.

**गोवर्धन.** મથુરા જીલ્લામાં વૃંદાવનથી અઢાર મૈલ ઉપર આવેલો ગોવર્ધન પર્વત તે. ઇંદ્રે ગુસ્સે થઇને રેલ આવે એવી વૃષ્ટિ કરી હતી તે વખતે પાઇથો નામના ગામ આગળ ગામના લોકો અને ઢોરઢાંખર વગેરેનું વૃષ્ટિથી રક્ષણ

Aho ! Shrutgyanam

કરવાને સારૂ આ પર્વતને શ્રીકૃષ્ણે પોતાની ટચલી આંગળી ઉપર ઉચકીને છત્રની પેઠે ગામ વગેરે ઉપર ધરી રાખ્યો હતો. ( **મહાભા૦ ઊદ્યોગ૦ અ૦ ૧૨૯** ). વ્રજમંડલ શબ્દ જુઓ.

**गोवर्धन** (२). મુંબાઈ ઇલાકાનો નાસિક જીલ્લો. ( ડા૦ **ભાંડારકરનો દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ; ડા૦ મિત્રના 'નેપાળના સંસ્કૃત સાહિત્યમાંનો' મહાવસ્તાવદાન** પા૦ ૧૬૦ ). ગોવર્ધનપુર શબ્દ જુઓ.

**गोवर्धनपुर**. મુંબાઈ ઇલાકાના નાસિક જીલ્લાના નાસિકની પાસે આવેલું ગોવર્ધન નામનું ગામ. ( **માર્કંડપુ૦ અ૦ ૫૬; ડા૦ ભાંડારકરનો દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ પા૦ ૩** ).

**गोवर्धनमठ**. શંકરાચાર્યે સ્થાપન કરેલા ચાર મઠ પૈકી ઓરિસામાં જગન્નાથની પાસે સ્થાપેલો મઠ વિશેષ. ( શૃંગગિરિ શબ્દ જુઓ ).

**गोवराष्ट्र**. ઘણું કરીને મહાભારતમાં કહેલા ગોપરાષ્ટ્રનું વિકૃત રૂપ થઇને આ નામ પડયું છે. ( **મહાભા૦ ભીષ્મ૦ અ૦ ૯** ). ટોલેમીએ કહેલું " કાબા " ( ગોવા ) તે જ. ગોપરાષ્ટ્ર શબ્દ જુઓ. સપ્તઋષિએ દિવાર ( દીપવતી ) નામના બેટમાં નર્વેમમાં સપ્તકોટીશ્વર મહાદેવનું યાત્રાધામ સ્થાપન કર્યું હતું. ગોવાના બેટથી ઉત્તરે આ બેટ આવેલ છે. ( **ઇંડિ-એંટિ પુ૦ ૩, પા૦ ૧૬૪** )

**गोवासन**. હ્યુન્સ્યાંગે કહેલું ' ક્યુ-પી-સ્વેંગ ',-જે નામને ફેરવીને ' ગોવિઅન ' કહ્યું છે તે જ આ હોય એ દેખીતું છે. આ સ્થળ મતિપુર અગર પશ્ચિમ રોહિલખંડમાં આવેલા બિગ્નોર પાસેના હાલના મંડોર કસ્બાથી આગ્નેયમાં ચારસેં લી ઉપર છે. ચીનનું આ લંબાઇ-માપ લી, ઇંગ્રેજી મૈલના ત્રીજા ભાગથી સહેજ વધારે ગણાય છે. ( **મહાભા૦ ભીષ્મ૦ અ૦ ૧૭** ).

**गोश्रृंगपर्वत**. મધ્ય હિંદુસ્થાનમાં નિષાધભૂમિ-(નરવાનરની) પાસે આવેલો પર્વત વિશેષ. ( **મહાભા૦ સભા૦ ૩૧** ). ગોપાદ્રિ તેજ.

**गोश्रृंगपर्वत**. (२) પૂર્વ તુર્કસ્તાનમાં ઉજતની પાસે આવેલી કોહમારી નામની ધાર તે.હુન્સ્યાંગ પોતાની મુસાફરી દરમ્યાન ત્યાં ગયો હતો. આ ધાર ખોટાનથી ૧૩ મૈલ દૂર છે. ખોટાનમાં એ પ્રસિદ્ધ યાત્રાસ્થળ હતું. ત્યાં આગળ એક વિહાર અને વિવર આવેલું છે ત્યાં અર્હત રહેતા હતા ( ડા૦ **સ્ટીનનું ' ખોતાનનાં રેતીમાં દટાયલાં ખંડિયેરો'** ).

**गोश्रृंगपर्वत** (३). ખટમંડુની પાસે નેપાળમાં આવેલો ગોપુચ્છ પર્વત. એ પર્વત ઉપર સ્વયંભૂનાથનું દેવળ આવેલું છે. ( **સ્વયંભૂ૦ અ૦ ૧** ).

**गौड**. આખા બંગાળાને તેની રાજધાની ગૌડના નામ ઉપરથી પૂર્વગૌડ કહેતા. માલ્ટાની પાસે દસ મૈલ ઉપર ગૌડનાં ખંડિયેરો આવેલાં છે. ( **લક્ષ્મણાવતી** શબ્દ જુઓ ). ગંગા નદીના ડાબા કિનારા પર એ શહેર આવ્યું હતું. હાલ ગંગા નદી ત્યાંથી ખસીને સાડાચારથી બાર મૈલ દૂર ગઇ છે. ઈસ્વીસન્ ૧૨૦૪થી સોળમી સદીના અન્ત સુધીમાં આ શહેર દેવપાલ, મહેન્દ્રપાલ,આદીસૂર,વલ્લભસેન અને મુસલમાન રાજ્યકર્તાઓની રાજધાની હતું, ઇ. સ. ૬૪૮ માં મગધના રાજથી બંગાળા સ્વતંત્ર થયું ત્યારે એ શહેરની સ્થાપના થઈ હતી. તેની પૂર્વે બંગાળાની રાજધાની પુંડ્રવર્ધનમાં હતી. જેમ્સ પ્રિન્સેપના માનવા મુજબ ગૌડની સ્થાપના ઇ. સ. ૧૦૬૬ માં થઈ હતી. ( જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૫ ); પરંતુ બાણકવિના હર્ષચરિતમાં એ શહેરનું નામ આપેલું છે. વધારે હકીકત સારૂ બીજા ખંડમાં ગૌર શબ્દ જુઓ. અંગદેશથી દક્ષિણના છેક સમુદ્રકિનારા સુધીના આખા દેશનું નામ ગૌડ હતું. (ડા૦ **ભાઉદાજીના " સાહિત્ય સંબંધી અવશેષ "** જુઓ ).

**गौड** (२). શ્રાવસ્તી રાજધાનીવાળા ઉત્તરકોશલને પણ ગૌડ અગર ઉત્તર ગૌડ કહેતા. (**કૂર્મપુ૦**

Aho ! Shrutgyanam

સ્કં૦ ૧, અ૦ ૨૦; લિંગપુરા૦ સ્કં૦ ૧, અ૦ ૬૫). શ્રાવસ્તીથી દક્ષિણે ૪૨ મૈલ ઉપર આવેલા ઉત્તર કોશલના પેટા વિભાગ ગોંડનું નામ. ગૌડનું વિકૃત રુપ છે. ( **જનરલ કન્નિગહેમની એ૦ ભૂ૦ પા૦ ૪૦૮** ). શ્રી બુદ્ધના પ્રસિદ્ધ દંતધાવન એટલે દાતણમાંથી થએલા વૃક્ષની આખ્યાયિકા ગોંડમાં અદ્યાપિ ચાલે છે. ( **ફેચૂહરરની મોન્યુ૦ એંટિકિવ અને ઈન્સ્ક્રિપ્શન્સ** ).ગૌડ નામ "ગોનાર્દ" શબ્દ જુઓ.

**गौड** (३). ગોંડવાન એ પશ્ચિમ ગૌડ હતું.

**गौड** (४). દક્ષિણ ગૌડ કાવેરી નદીના કિનારા પર હતું. (**પદ્મપુરા૦ પાતાળ૦ અ૦ ૨૮**).

**गौडपर्वत**. ગંગોત્રી પર્વત તે જ. એના પાદ-પ્રદેશમાં બિંદુસાર આવેલ છે.

**गौतमाश्रम**. તીરહુટમાં જનકપુરથી નૈઋત્યમાં ચોવીસ મૈલ પર જરાઈ પરગણાના અહિઆરી ગામમાં આવેલ અહલ્યાસ્થાન તે.

**गौतमाश्रम** (२). શરયૂ કિનારે છાપરાથી પશ્ચિમે છ મૈલ દૂર રેવેલગંજની પાસે આવેલું ગોડના (ગોડાન) તે. એક કાળે ગંગા નદી આ ગામની બાજુએ વહેતી હતી. ગોડનાના આશ્રમમાં ન્યાયદર્શનના દ્રષ્ટા ગૌતમઋષિ રહેતા હતા એમ કહેવાય છે. પણ ડા૦ હોયેના મત પ્રમાણે ગૌતમબુદ્ધ પાટલીપુત્રથી નીકળી આ જગ્યાએ ગંગા નદી ઉતર્યા હતા, તેમના નામ ઉપરથી આ નામ પડયું છે. તેઓ પાટલીપુત્રના જે દરવાજેથી નિકળ્યા હતા તેને પાછળથી ગૌતમ દરવાજો કહેતા. ( **જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૬૯ (૧૯૩૦), પા૦ ૭૭-૭૮, "ડા૦ હોયે કુશિનાર, વૈશાલી વગેરેની કરેલી શોધ"** ). પરંતુ પટણા ગોડનાથી અગ્નિકોણમાં ચાર મૈલ દૂર આવેલું છે, એટલે ગૌતમબુદ્ધ આ જગાએથી ગંગા ઉતર્યા હોય એ સંભાવ્ય નથી.

**गौतमाश्रम** (३). બકસારની પાસે આવેલું અહિરોલી તે. (**બૃહત્નારદીય પુ૦ અ૦ ૯**).

**गौतमाश्रम** (४). ગોદાવરી નદીના મૂળ પાસે આવેલું ત્ર્યંબક તે. ( **શિવ પુ૦ ખં૦ ૧, અ૦ ૫૪** ). પરન્તુ રામાયણમાં ગૌતમ ઋષિનો આશ્રમ જનકપુરની પાસે આવ્યાનું કહ્યું છે.

**गौतमी**. ગોદાવરી નદી તે જ. (**શિવ પુ૦ ખં૦ ૧, અ૦ ૫૪**).

**गौतमी** (२). ગોદાવરીની ઉત્તર તરફની શાખાને પણ ગૌતમી કહી છે. ( **એપી૦ ઈંડિ૦ પુ૦ ૩, પા૦ ૬૦**) બ્રહ્મપુરાણમાં એને ગૌતમી ગંગા અને નંદા નામે વર્ણવી છે. (**બ્રહ્મપુ૦ અ૦ ૭૭** ).

**गौतमीगंगा**. ગૌતમી તે જ.

**गौरी**. ગ્રીક લોકોએ ગૌરાઈઓસ અગર ગૌરીલ કહી છે તે પંજકોરા નદી. આ નદી સ્વાટ નદીની સાથે મળે છે, ત્યાં એને લંડોઇ કહે છે અને એ કાબુલ નદીને મળે છે. ( **મહાભા૦ પર્વ ૬; જ૦ એ૦ સો૦ બં૦ માં ( ૧૮૩૯ માં છપાયેલ) એમ૦ એ૦ કોર્ટનો "અલેક્ષાંડરનાં સિંધુના પશ્ચિમ કિનારા પરનાં પરાક્રમો" સંબંધી લેખ જ૦ એ૦ સો૦ બં૦ ( ૧૮૩૯ માં છપાયો છે પા૦ ૩૦૭). મેકક્રિંડલનો ઈન્વેઝન્સ ઓફ ઈંડિયા પા૦ ૬૬** ). પંજકોરા નદી ગીલજીટમાં ઉદ્ભવીને ખોનાર અને સ્વાટ વચ્ચે વહે છે. ખોનારને ખામેહ પણ કહેતા. એરિયને એને ક્રોએસ નામે ઓળખાવ્યું છે. ( **જ૦ એ૦ સો૦ બં૦ ( ૧૮૩૯ ) પા૦ ૩૦૬** ). પંજકોર નામ આ નદી ઉપર આવેલા પંચગૌડ નામના શહેરના નામ ઉપરથી વિકૃત થયેલું રુપ છે એમ સાફ જણાય છે. (**જ૦ એ૦ સો૦ બં૦ ( ૧૮૫૨ ) પા૦ ૨૧૫**). પંચકર્પટા શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**गौरीकुण्ड.** ગંગોત્રીથી નિચાણમાં થોડે છેટે જ્યાંથી નીકળીને કેદારગંગા ભાગીરથીમાં પડે છે ત્યાં આગળનું પવિત્ર સ્થળ વિશેષ. ( **ફ્રેઝરના હિમાલય પર્વતો** પા૦ ૪૬૬ ). ગૌરીકુણ્ડથી નિચાણમાં એક નાનું ગંગાનું દેવળ છે. ગંગાના પૃથ્વી ઉપર અવતરણને સારૂ ભગીરથે જે પવિત્ર પથ્થર ઉપર બેશી તપ કર્યું હતું તે પથ્થર ઉપર જ આ દેવળ બાંધેલું છે. ( **ફ્રેઝરના હિમાલય પર્વતો** પા૦ ૪૬૮ ).

**गौरीकुण्ड** (૨). કૈલાસ પર્વત ઉપર આવેલું સરોવર વિશેષ આ સરોવરમાંથી સિંધુ અને સરજૂ નદીઓ નીકળે છે. ( **રામાનંદનું ભારતી હિમારણ્ય** ).

**गौरीकुण्ड** (૩). કેદારનાથની એક દિવસની મજલ ઉપર અગર કેદારની દક્ષિણે આશરે આઠ મૈલ પર આવેલું એક નાનું તળાવ છે તેને પણ ગૌરીકુણ્ડ કહે છે. ( **ફ્રેઝરના હિમાલય પર્વતો** પા૦ ૩૦) એમાં ઉન્હા પાણીનું ઝરણું છે.

**गौरीकुण्ड** (૪). નેપાળના રાજ્ય અને બ્રિટિશ અલમોરા જીલ્લાની સરહદ ઉપર કાળીગંગાને કિનારે આવેલા ઉન્હા પાણીના ઝરાને પણ આ નામે કહ્યો છે.

**गौरीशिखर**. ગૌરીશંકર એ જ. ( **વરાહ પુ૦** અ૦ ૨૧૫ ).

**गौरीशंकर**. સ્કલાગિંટવેટના મત પ્રમાણે જેને એવરેસ્ટ પર્વત કહે છે તે જ, પરંતુ ત્યાંના લોકો એ પર્વતને આ નામે ઓળખતા નથી ( ડા૦ વેડેલ **હિમાલયનું વર્ણન** પા૦ ૩૭ ). કેપ્ટન વુડે કરેલી માપણીને આધારે ગૌરીશંકર એ એવરેસ્ટ પર્વત નહિ એમ મનાય છે. ( ડા૦ **વેડેલની "લાસા અને ત્યાંનાં રહસ્ય"** પા૦ ૭૬ ).

**गङ्गा.** ગંગા નદી તે જ. ઋગ્વેદના દસમા મંડળના ૭૫મા મંત્રમાં આ નામ છે. તેમજ ઐતરેય બ્રાહ્મણના ૮ માંના ૧૪–૪ માં પણ બૃહત્ ધર્મપુરાણ ( **મધ્યખંડ અ૦ ૨૨** ) માં ગંગા નદીના વહેણનું બહુ ઝીણવટથી વર્ણન કર્યું છે. ગંગાનું મૂળ વહેણ દક્ષિણ દિશામાં વહે છે. સુલ્તાનગંજ આગળ જન્હુ આશ્રમ વટાવીને એ ભાગીરથીના પાત્રમાં વહે છે. એ અને જેલ્લિંગી મળીને ઓઆલિયાને ઉપરવાસે શિવગંજ આગળથી હૂગલી નદી બને છે. જ્યાં જ્યાં એના વહેણમાં ફેરફાર થાય છે તે જગા દર્શાવતા જન્હુ છે. ભૈરવઘાટીથી નિચલે વાસે જ્યાં એ ભાગીરથી અને જાન્હવી સાથે સંગમ કરે છે તે પહેલો: ( **ફ્રેઝરના "હિમાલય પર્વતો"** પા૦ ૪૭૬; **રામાયણ બા૦ કાં૦ સર્ગ ૪૩**): કાન્યકુબ્જ યાને કનોજ આગળ બીજો ( **વિષ્ણુધર્મોત્તર પુ૦ ખં૦ ૧; અ૦ ૨૮** ). ભાગલપુરની પશ્ચિમે સુલ્તાનગંજમાં જહાનગીર આગળ ત્રીજો (**આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ ૧૫ માં પા૦ ૨૦**; બૃહત્ ધર્મો; પર્વ ખંડ અ૦ ૬; **જ૦ એ૦ સો૦ બં૦ ૩૩. પા૦ ૩૬૦** ). શિવગંજથી ઉપરવાસે રામપુર–ઓઆલિયર આગળ ચોથો; ગૌરની પાસે માલ્દા આગળ પાંચમો ( **માર્ટિનનું "પૂર્વ ઇંડિયા;" હેમિલ્ટનું પૂર્વ ઇંડિયા ગેઝેટિયર ૮–૫, ગૌર–૩–૮૧**). અને જનગર ( **બ્રાહ્મનીતળા** ) જે નદીયાથી પશ્ચિમે ચાર મૈલ પર આવેલું છે ત્યાં આગળ છઠ્ઠો ( **નવદ્વીપ પરિક્રમા; ચંદરનો એક હિંદુનો પ્રવાસ પુ૦ ૧** ). "ગંગાનાં પૂર્વ વહેણો" નામનું શ્રીયુત નંદલાલનું લખેલું ચોપાનીયું જુઓ. આ લેખ મેજર હર્સ્ટના નદીયાની નદીઓ નામના પુસ્તકમાં ૮ મા પ્રકરણ તરીકે ૧૯૧૫ માં લખાયો છે. ત્રિવેણી, ચગડા, ગુરીઆ, બારુઇપુર આગળ વહેતી થકી રાજગંજ અને આદિગંગા યાને ટોલીના નાળામાં થઇને ડાયમંડ હારબરમાં થઇને સાગરદ્વીપ આગળ સમુદ્રને મળે છે. (**કલકત્તા રીવ્યુ૦ પુ૦ ૬ (૧૮૪૬ ) ચારસે ત્રીજે પાને છપાયલો રેવડંડલોંગનો**

Aho ! Shrutgyanam

"ભાગીરથીના કિનારા" નામનો લેખ; ફ્રેટનનું જુનું અને નવું કલકત્તા ). કૌશિકી શબ્દ જુઓ.

**गङ्गाद्वार**. હરિદ્વાર તેજ. માયાપુરી શબ્દ જુઓ.

**गङ्गासागर**. સાગરસંગમ તેજ. ( મહાભા૦ વન ૫૦ અ૦ ૧૧૩ ).

**गङ्गागंगोत्री**. ગરવાળમાં આવેલ રૂદ્ર હિમાલયમાંનું સ્થળ વિશેષ. પ્રાચીન હિંદુઓના મન્તવ્ય મુજબ ગંગાનદીનું મૂળ. પરંતુ કેપ્ટન હોગસને ગંગાનું મૂળ ત્યાંથી ઉત્તરમાં ખોળી કાઢયું છે; ( એસિયા૦ રિસર્ચ–પુ–૧૪ ) ગંગોત્રીમાં ગંગાદેવીનું દેવળ છે. ગંગોત્રીથી એક કોશ અને મિનિકી ગઢથી બે કોશ ઉપર પટનગિરિ નામે સ્થળ વિશેષ છે ત્યાં પોતાના વનવાસ દરમ્યાન પાંડવોએ બાર વર્ષ રહીને મહાદેવની પૂજા કરી હતી. વખતે દ્રૌપદી અને પાંડવોમાંના ચારનું મૃત્યુ આ સ્થળે થયું હતું, એમના મૃત્યુ પછી હયાત રહેલા યુધિષ્ટિર ત્યાંથી નિકળી જે પવિત્ર ડુંગરમાંથી ગંગા નિકળે છે તેના સ્વર્ગારોહિણી નામે શિખર પર ચઢયા હતા. રુદ્ર હિમાલયને પાંચ મુખ્ય શિખરો છે. પૂર્વ તરફનાને રુદ્રહિમાલય, બરંમપુરી, બિસ્સેનપુરી, ઉદ્દગર્રીકની, અને સ્વર્ગારોહિણી. સ્વર્ગારોહિણી શિખર પર પાંડવો રહેતા હતા તે સ્થળથી પાસેમાં પાસે અને પશ્ચિમ તરફનું છે, આ બધાં શિખરો વડે એક અર્ધચન્દ્રાકાર ખાડો બની રહે છે, આ ખાડો ઘણો વિશાળ હોઈ તેમાં નિરંતર બરફ રહે છે. આ બરફના ધીરે ધીરે પિગળવાથી તેના નિચલા ભાગમાંથી એક પ્રવાહ ઉત્પન્ન થાય છે; આ ગંગા નદીનું મુખ્ય વહેણ છે. ( ફ્રેઝરના હિમાલય પર્વતમાં પ્રવાસ. પા૦ ૪૬૬.૪૭૦, ૪૭૧; માર્ટિનનું "ઇંડિયન એમ્પાયર પુ૦ ૩, પા૦ ૧૧–૨૧ ). સુમેરુ પર્વત શબ્દ જુઓ.

**गंडकी** ગંડક નદી તેજ. એ નદી હિમાલયના સપ્તગંડકી અને ધવલગિરિ ફાંટામાંથી નિકળે છે, આ પર્વત મધ્ય તીબેટની દક્ષિણ સીમા રૂપ છે. ત્યાંથી પેલી બાજુએ દામોદર કુંડમાં એનું મૂળ છે. ત્રિવેણીઘાટ નામના સ્થળ આગળથી એ પર્વત તજી મેદાનમાં પડે છે ( સપ્તગંડક શબ્દ જુઓ ). વિષ્ણુ ભગવાન અહીં તપ કરતા હતા તે વખત તેમના ગાલ (ગંડ) ઉપરના પરસેવાની બનેલી હોવાથી એનું નામ ગંડકી પડયું. ( વરાહ પુ૦ અ૦ ૧૪૪ ). આ નદીનું મૂળ જ્યાં ભરત અને પુલહનો આશ્રમ હતો તે શાલગ્રામથી ઝાઝું દૂર નથી. શાલગ્રામની દક્ષિણે નારાયણ-મુક્તિનાથનું દેવળ આવેલું છે. આમ હોવાને લીધે આ નદીને શાલગ્રામી અગર નારાયણી પણ કહે છે. ( વરાહ પુ૦ અ૦ ૧૪૪ ). મુક્તિનાથ શબ્દ જુઓ. બિહારના મુજફ્ફર જીલ્લામાં સોનપુર પાસે આ નદી ગંગાને મળે છે. આ જગાએ પ્રસિદ્ધ મેળો ભરાય છે વિશાળ છત્ર ગજેન્દ્રમાંથી હરિહર ક્ષેત્ર અને ત્રિવેણી શબ્દ જુઓ.

**गंधमादन**. હિમાલયનો એક ભાગ વિશેષ. હિંદુ-ભૌગોલિકોના મતે આ પર્વત કૈલાસ પર્વતની હારનો જ છે. ( વિક્રમોર્વશી. અ૦ ૪ ). એ કૈલાસ પર્વતની દક્ષિણ બાજુ તરફ આવેલો છે. ( કાલિકા પુ૦ અ૦ ૮૨ ) આ પર્વતના કદલીવનમાં હનુમાન રહેતા હતા. બદરીકાશ્રમ આ પર્વત ઉપર આવેલો છે. ( વરાહ પુ૦ અ૦ ૪; મહાભા૦ વન૦ અ૦ ૧૪૫–૧૫૭; શાંતિપર્વ અ૦ ૩૩૫ ). ગરવાળના પર્વતોના પ્રદેશમાંથી અલકનંદા વહે છે તેટલા ભાગને ગંધમાદન કહે છે. (માર્કંડેય પુ૦ અ૦ ૫૭, સ્કં૦ પુ૦ વિષ્ણુખં૦ ૩–૬). ગંધમાદન પર્વત પર મંદાકિની વહે છે એમ પણ કહ્યું છે. ( વિક્રમોર્વશી અ૦ ૪ ). આ ગંધમાદન પર્વતનો થોડો ભાગ હનુમાને આણ્યો હતો તે, દક્ષિણ હિંદમાં રામેશ્વરની પાસેનો પર્વત વિશેષ એમ કહેવાય છે.

Aho ! Shrutgyanam

**ગંધવતી**. ક્ષિપ્રા નદીનો ઉજ્જણમાં મહાકાળીનું દેવળ જેના ઉપર આવેલું છે તે ફાંટો. (**મેઘદૂત ખં૦ ૧, શ્લો૦ ૩૪**).

**ગંધર્વદેશ.** ગાંધાર તે જ. ગાંધર્વદેશ ઉપરથી વિકૃત થયેલું સાફ જણાય છે. (**ગાંધાર શબ્દ જુઓ**).

**ગંધહસ્તિસ્તાપ**. બુદ્ધગયાની સામે ફલગુ ઉપર આવેલું અઠોર તે. હુયેન્શ્યાંગ પોતાની મુસાફરી દરમ્યાન અહીં આવેલો હતો. માતંગ લિંગ ઉપરથી વિકૃત થઇને બનેલું હાલનું મત્તંગી તેજ માતંગી ગંધહસ્તિ સાથે સંબંધ ધરાવે છે. (**માતંગ એટલે હસ્તિ**) બૌદ્ધનું આ યાત્રા સ્થળ હાલ હિન્દુઓએ કબજે કર્યું છે. તેઓ એને માતંગાશ્રમ કહે છે. તેમાં માતંગેરા નામે મહાદેવનું લિંગ અને માતંગ વાપી નામે વાવ છે. ગયા શબ્દ જુઓ.

**ગંભારા**. માળવામાં ક્ષિપ્રા નદીને મળતી નદી તે. કાળીદાસે મેઘદૂતમાં એના વિષે ઉલ્લેખ કર્યો છે. (**મેઘદૂત ખં૦ પુ૦ શ્લો. ૪૨**)

**ગાંગા**. રાધાના દેશનું તેમ જ તેના શહેર સપ્તગ્રામનું નામ બંગાળ પ્રાન્તમાં આવેલ "ગંગાનું બંદર" એ નામે વરણવ્યું છે. ઇરિથ્રિયન સીના પેરિપ્લસમાં ટોલેમીએ એને રાધા દેશના રહેવાશીઓ–ગાંગેરિડીઇના દેશનું પાટનગર છે એમ કહ્યું છે, ટોલેમીના મન્તવ્ય પ્રમાણે એ દેશ ગંગાની પશ્ચિમે આવ્યો હતો. (**મેક્ડિલ–ટોલેમી અને તેનો ઇરિથ્રેઇઅન દરીયાનો વેપાર અને વહાણ ખેડવાની હકીકત જુઓ પા૦ ૧૪૬**) ત્રીજા કૃષ્ણના સમયના કહાડના શિવાલયમાં ગંગા દેશનો ઉલ્લેખ છે. (**જુઓ એપિગ્રાફીયા** ઇણ્ડિકા૦ **પુ૦ ૪. પા૦ ૨૭૮**). હરિહર અને બેલૂરના શિલાલેખોમાં પણ એવો જ ઉલ્લેખ છે. (**જુઓ રાઇસનું મ્હૈસુરના શિલાલેખો પા૦ ૭૦, ૨૨૨**). પ્રથમ કહેલા શિલાલેખમાં આ દેશ કલિંગ અને મગધની વચ્ચે આવેલો કહ્યો છે. (**ઇરિથ્રેઇઅન પેરિપ્લસ** ઉપર પોતાની ટીકામાં મી. સ્કોફ કહે છે કે ગંગા એ નામ નદીને, પ્રાન્તને અને પ્રદેશને લગાડાય છે. પ્રાન્ત એટલે બંગાળ એમ એમનું કહેવું છે. પણ ગંગા જ્યાં આવેલું છે તે જોતાં એ પ્રદેશ રાધા–સપ્તગ્રામને લાગુ પડે છે. ઇસુની પહેલી અને બીજી સદીમાં સાતગ્રામ આખા બંગાળાનું નહિ પણ રાધાનું મુખ્ય નગર હતું. (**જ. એ. સો. બં. ૧૯૧૦ પા૦ ૫૯૯**) રાધા શબ્દ જુઓ. પાછલા વૈદિક સમયમાં ગાંગાયની કહ્યું છે તે યે ગાંગા હોય. ત્યાં ચિત્ર નામે રાજા હતો. (**કૌશિતકી ઉપનિષદ ૧, ૧**). ગાંગા વંશના રાજાઓ દક્ષિણ મ્હૈસુર, (**તલકડા શબ્દ જુઓ**) કૂર્ગ, સાલેમ, કોઇમ્બટુર, નીલગિરિ અને મલબારના કેટલાક પ્રદેશ પર ઇસુની બીજીથી નવમી સદી સુધી રાજ કરતા હતા. કોઇમ્બટુર અને સાલેમને કોંગુ પ્રદેશ કહેતા. **રાઇસના––મ્હૈસુરના શિલાલેખો નં. ૧૫૧–૧૫૭ પા૦ ૭૦–૨૨૨–૨૬૨**). એ વંશની એક શાખા ઓરીસા ઉપર રાજ કરતી હતી. (**મ્હેસુર શિલાલેખોનો ઉપોદ્ઘાત ૪૭**). એમ જણાય છે કે આ શાખાએ રાધા દેશ પર અગર વર્તમાન હુગલી, મિદનાપોર પર વિજય મેળવ્યો હતો. આ રાજવંશના નામ ઉપરથી યા તો ગંગાના પશ્ચિમ કાંઠા પર આવેલ હોવાથી ગાંગા નામ પડયું હશે–ઉત્કલની જીત પછી ચોરગંગા એ ગંગાના કિનારા ઉપર મંદાર રાજાને મારી નાંખ્યો હતો આ મંદાર તે જ સુહ્મ અગર રાધા એમ કેટલાકનું મન્તવ્ય છે. (**જ. એ. સો. બં. ૧૮૯૫,નો લેખ ૧૮૯૬ પા૦ ૨૪૧**) આજથી એ બારમી સદીમાં ઓરિસાના ગાંગા રાજાઓનો રાધા ઉપર અમલ હતો એમાં સંશય રહેતો નથી. ગાંગ તે કાશિ નદી ઉપનિષદ્ ૧–૧ માં ઉલ્લેખ કરાયલા ગાંગ અગર ગાંગ્યનો દેશ. ચિત્ર

નામનો એ દેશનો રાજા હતો. એ ગાંગ યાને ગાંગ્યનો પુત્ર હોવાના સબબથી ગાંગ્યાયની, ગાંગનો રાજા, વા ગાંગ કહેવાતો.

**ગાંધાર.** ખોઆસ્પીસ (કુનાર) અને સિંધુ નદીની વચ્ચે કાબુલ નદીને લગોલગ ગાંધારનો પ્રદેશ આવેલો છે. આ પ્રદેશ ઉત્તર પંજાબના પેશાવર અને રાવલપિંડી જીલ્લાઓનો બનેલો છે. હાલ જેને પેશાવર કહીએ છીએ તે પુરુષપુર અને તક્ષશિલા આ પ્રદેશની રાજધાનીઓ હતી. તક્ષશિલાને અલેક્ષાંડરના ઈતિહાસકારોએ તક્ષિલા નામે વર્ણવ્યું છે. ટોલેમીના કહેવા પ્રમાણે સિંધુ નદી જેની પશ્ચિમ સીમા છે, તે ગાંધારનો પ્રદેશ. ઈરાનના શાહ દરાયસના હુકમથી તેના રાજના પાંચમા વર્ષમાં એટલે ઇ. સ. પૂ ૫૧૬ માં લખાયલા બેહિસ્તાનના શિલાલેખમાં ગદર યાને ગંધારને દરાયસે જીતેલા મુલકમાં ગણાવ્યો છે. (**આ લેખની નકલ સારૂ જુઓ, રોલિન્સનનો હિરોડોટસ પુ૦ ૩, પા૦૬૯૦**) ઝર્ક્ષિસના લશ્કરમાં ગાંધારીઅનો અને ડેડિસીઅ સિપાઈઓ એકજ સેનાપતિના હાથ નીચે નોકરી કરતા. (**હિરોડોટસ પુ૦ ૭, પા૦ ૬**) હ્યુએન્‌સ્યાંગે એ પ્રદેશને કિયાન્‌ટોલો કહ્યો છે. એ જ પ્રદેશને સ્ટ્રેબો અને બીજા પુરાતન ગ્રીક ભૂગોળવેત્તાઓએ કુણ્ડારગ્રાંધિડો નામ આપ્યું છે. આઇન ઇ-અકબરીમાં એને જીલ્લે પુકેલી, અને એ કાશ્મિર અને અટકની વચ્ચે આવ્યો છે એમ કહ્યું છે. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૫, ૧૮૧૬**) ગાંધારમાં માત્ર હાલના પેશાવર અને રાવળપિંડી જીલ્લાઓ જ નહિ, પણ સ્વાટ, હોટીમર્દાન—અગર જેને યુસફઝાઇ પ્રદેશ કહે છે તે બધાંનો સમાવેશ થાય છે. સિંધુ નદી અને પંજકોરાની વચ્ચે આવેલા પ્રદેશને આ નામ લગાડાય છે. આ પ્રદેશમાં રાનીગત, સંઘાઓ અને નટુ આગળ બૌદ્ધ સમયનાં ઉત્કૃષ્ટ બાંધકામ, અને કોતરણીના અવશેષો મળી આવ્યા છે. ઈસુની પ્રથમ સદીમાં કનિષ્કના સમયનું આ બધું મળી આવે છે. મેજર કોલના પ્રયાસથી આ બધું સંપાદન થયું છે. (**યુસફ્ઝાઈનાં પ્રાચીન સ્મારકો** નામનું પુસ્તક જુવો) પેશાવરના યુસુફઝાઈ જીલ્લામાં પેશાવરથી ત્રીસ મૈલ પર આવેલી જમલગિરિ નામની જગાએથી પ્રાચીન પુરાતન બાંધકામ મળ્યું છે. (**જ. એ. સો. બં. (૧૮૫૨) પા૦ ૬૦૬**) યુસફઝાઈ પ્રદેશની ઉત્તર સીમા ઉપર ચિત્રાલ અને યાસીન, પશ્ચિમે બેજવાર અને સ્વાટ નદી, પૂર્વે સિંધુ નદી અને દક્ષિણે કાબુલ નદી આવલી છે. (**આર્કિ. સર્વે. રિપોર્ટ પુ. ૫.**) પુષ્કલાવતી—પુષ્કરાવતી—પુકેલી ઘણી જુની રાજધાની હતી. રામાયણમાં એ શહેર ગાંધર્વદેશમાં આવ્યાનું કહ્યું છે. કથાસરિત્સાગરમાં પ્ર. ૩૭ માં એને પુષ્કરાવતી કહ્યું છે. અને એ વિદ્યાધરોની રાજધાની હતી એમ વર્ણવ્યું છે. મહાભારતમાં અને બૌદ્ધ સમયમાં એને ગાંધાર કહ્યો છે. વાલ્મિકીએ રામાયણમાં (**ઉત્તરકાંડ સ૦ ૧૧૩-૧૧૪**) ગાંધર્વદેશ નામ આપ્યું છે. એ નામનાં આ બીજાં નામો વિકૃત થયેલાં રુપો છે. મેજર કોલ કહે છે કે આખા યુસફઝાઇ પ્રદેશમાં મકાન બાંધવામાં કોરિન્થની પદ્ધતિ, કાસ્મીરમાં ડોરિક અને તક્ષિલા, અટક અને રાવળપિંડીની વચ્ચે આવેલા શાહઢેરીમાં આયોનિક પદ્ધતિ પ્રવર્તે છે. (**હિંદુસ્થાનના પુરાતન સ્મારકો સંબંધી** કયુરેટનો રિપોર્ટ બાજો-૧૮૮૨-૮૩ પા૦ ૧૧૬). અશોકે ગાંધારમાં મજ્જહંતિક નામના ઉપદેશકને ઇ. સ. પૂર્વે ૨૪૫ માં બોધ કરવા મોકલ્યો હતો. (**મહાવંશ પ૦ ૧૨**) ચન્દ્રગુપ્ત અને અશોકના રાજ્યમાં ગાંધારદેશ પણ આવી ગયો હતો. એમેથોકિલસે એ દેશ જીતી મૌર્યોને ત્યાંથી હાંકી કાઢયા હોય એમ જણાય છે. કર્નલ રોલિન્સનના મન્તવ્ય મુજબ સિંધુ નદી કાંઠાના ગાંધારીઓ ઇ. સ.

ની પાંચમી સદીમાં કંદહારમાં પ્રથમ વસવાટ કરવા ગયા હતા. ( **થોરોટસ પુ૦ ૧ પા૦ ૬૭૫**).

**गृध्रकूटपर्वत.** જનરલ કનિંગ્હેમના મત પ્રમાણે આ પર્વત શૈલગિરિનો એક ભાગ જ છે. ફાહ્યાને એને "ગીધશિખર", અને હ્યુન્સ્યાંગે "ઇન્દ્રશિલા ગુહા" નામે કહ્યો છે. (**ઇન્દ્રશિલા ગુહા શબ્દ જુઓ** ). એ રાજગિરથી અગ્નિકોણમાં અઢી મૈલ દૂર આવેલો છે. શૈલગિરિ પોતે રત્નગિરિ યાને રત્નકૂટ પર્વતનો એક ફાંટો જ છે. અહીંના રહેવાશીઓને આ પર્વતનું શૈલગિરિ નામ છે એ ખબર જ નથી ! પાંડવગિરિ ગુફામાંથી ગયા પછી બુધ્ધે આ જગાએ કેટલોક કાળ તપ કર્યું હતું. આ જ જગાએ રહીને બુદ્ધે એમનાં કેટલાંક ઉત્કૃષ્ટ પ્રવચનો કર્યાં હતાં. બુદ્ધ તળેટીમાં ફરતા હતા તે સમયે બુદ્ધને મારી નાંખવાને માટે દેવદત્તે આ પર્વત ઉપરથી એક મોટી શિલા નીચે ગબડાવી હતી. ( **ચુલ્લવગ્ગ૦ ભા૦ ૭. અ૦ ૩, પરન્તુ ગિરિવ્રજપુર શબ્દ જુઓ** ). બુદ્ધ વૈદ્ય જીવકના બાગમાં રહેતા હતા. આ જગા પર્વતની તળેટીમાં આવેલી છે. રાજા અજાતશત્રુ એમને આ જગાએ મળવા આવ્યો હતો. રાજાની સાથે એમનો પ્રધાન વર્ષાકાર પણ આવ્યો હતો. પાટલીપુત્રનો પાયો એ ઉપરથી નંખાયો હતો. ( **કનિંગ્હેમનો ભરતનો સ્તૂપ પ્રા૦ ૮૯, મહાપરિનિબ્બાન સૂત્ત** ). એને ગિરિયેક ડુંગર પણ કહે છે.

**घर्घरा.** ઘાઘરા અગર ઘોઘરા નદી જે કયૂમાઉનમાંથી નિકળીને સરયૂ-સરજુ નદીને મળે છે તે. ( **પદ્મપુરા૦ ભૂમિખંડ, મી૦ ૨૪; એશિયા૦ રીસ૦ પુ૦ ૧૪, પા૦ ૪૧૧** ).

**घारापुरी.** મુંબાઇની પાસે આવેલો ઘારાપુરીનો બેટ. એને એલીફેન્ટાનો બેટ પણ કહે છે. એ મુંબાઇથી ૭ મૈલ દુર આવેલો છે. (**ફર્ગ્યુસનનું હિંદુસ્થાનમાં "કેવટેમ્પલો"** પા૦ ૪૬૫). ઇ. સ. ની ત્રીજીથી દસમી સદી સુધીમાં આ જગા યાત્રાસ્થળ લેખાતી હતી.

## च.

**चक्रतीर्थ.** કુરૂક્ષેત્રમાં આવેલું રામહ્રદ તે જ.

**चक्रतीर्थ** (૨). ગુજરાતમાં-કાઠીઆવાડમાં પ્રભાસમાં ગોમતી નદીને તીરે આવેલું ક્ષેત્ર વિશેષ. ( **દ્વારકામહાત્મ્ય** ).

**चक्रतीर्थ** (૩). ગોદાવરીના મૂળ પાસે ત્ર્યંબક નામના ગામડાથી ૭ મૈલ પર આવેલું સ્થળ વિશેષ.

**चक्रतीर्थ** (૪). બનારસમાં મણિકર્ણિકાના ઘાટ ઉપર ચોતરફ લોઢાના કઠેરાવાળું જળાશય વિશેષ.

**चक्रतीर्थ** (૫). રામેશ્વરમાં આવેલું તીર્થ વિશેષ, ( **સ્કં૦ પુ૦ બ્રહ્માંડખં૦ સેતુમહાત્મ્ય, અ૦ ૩** ).

**चक्रनगर.** મધ્યપ્રાન્તમાં વર્ધાથી ઇશાનમાં સત્તર મૈલ પર આવેલું કેલ્ઝાર તે. ( **કાઉન્સેન્સ આર્કિ૦ રિપોર્ટ-મધ્ય પ્રાન્ત અને વરાડનો-પા૦ ૧૦; શિવપુ૦ સનત્કુમાર સંહિતા૦ અ૦ ૧૭; પદ્મપુરા૦ પાતાળ ખંડમાં અ૦ ૧૩ માં કહેલું ચક્રાંકનગર તે યે આ હોય** ).

**चक्रांकनगर.** ચક્રનગર તે જ.

**चक्षु.** અમુદરિયો યાને ઓકસસ નદી તે. ( **મત્સ્યપુ૦ અ૦ ૧૨૦; એશિયાટિક રિસર્ચસ પુ૦ ૮. પા૦ ૩૩૦** ). બ્રહ્મપુરાણમાં ૫૧ મા અધ્યાયમાં આ નદી જે જે પ્રદેશમાંથી વહે છે તેનાં નામ આપ્યાં છે, કટુમાળા માંથી નિકળતી નદી તરીકે ભાસ્કરાચાર્યે **સિદ્ધાંતશિરોમણિભુવનકોષમાં** ૩૭-૩૮ માં આ નદીને વર્ણવી છે. એ નદી શાકદ્વીપમાંથી વહે છે. એમ મહાભારતના ભીષ્મપ૦ અ૦ ૨ માં કહ્યું છે. પામીરના સારીકુળ યાને પીળા સરોવરમાંથી એ નદી નીકળે છે; આ સ્થળ જક્ષાર્ટિસથી દક્ષિણે ત્રણસેં મૈલ પર

Aho ! Shrutgyanam

આવેલું છે એમ મેક્ક્રિડલના ટોલેમીમાં પા૦ ૨૭૮ માં કહ્યું છે.

**चक्षुमती.** ઇક્ષુમતી તે જ. ( **વરાહપુ૦ અ૦ ૩૫; મત્સ્યપુ૦ અ૦ ૧૧૩** ).

**चट्टल.** ચિત્તાગોંગ (**તંત્રચુડામણિ અ૦ ૫૧**). ચંદ્રશેખરની ડુંગરી ઉપરના સીતાકુંડની પાસેનું ભવાનીનું દેવળ. એ શક્તિની બાવન પીઠ પૈકીનું એક જણાય છે. અહીં શક્તિનો જમણો હાથ કપાઇને પડયો હતો. વારાહી તંત્રના અધ્યાય ૩૧ માં ચંદ્રશેખર ડુંગરની યાત્રાસ્થળ તરીકે કેટલીક હકીકત છે.

**चतुष्पीठ पर्वत.** ઓરિસામાં કટક જીલ્લામાં જાજપુરથી દક્ષિણે એક મૈલ દૂર આવેલ અસ્સિયાની પર્વતમાળા. ઉદયગિરિ તે આ પર્વતમાળાનો જ ભુવનેશ્વરથી પાંચ મૈલ પર આવેલો ફાંટો છે. એના ઉપર પુરાતન સમયનાં ઘણાં બૌદ્ધ કોતરણી કામ અને ગુફાઓ આવેલી છે. આ પર્વતમાળાને ખંડગિરિ અગર અલ્તિગિરિ પણ કહે છે. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૩૯** ).

**चंदनगिरि.** મલબાર કાંઠામાંનો મલયગિરિ તે જ. ( **ત્રિકાંડશેષ** ).

**चंदपुर.** વિહારમાં શાહબાદ જીલ્લામાં ભભુઆથી પશ્ચિમે પાંચ મૈલ પર આવેલું ચૈનપુર તે. સપ્તશતીમાં વર્ણવેલું, દેવી કાળીએ શુંભ અને નિશુંભની સાથે કરેલું યુદ્ધ અહીં થયું હતું એમ કહેવાય છે. માર્કંડેયપુરાણના અ૦ ૮૫ માં આ યુદ્ધ હિમાલયમાં થવાનું કહ્યું છે. વળી વામનપુરાણ અ૦ ૫૫ માં આ યુદ્ધ વિંધ્યાચળ ઉપર થયું હતું એમ કહ્યું છે.

ચંડપુર નામ શુંભ નિશુંભના ચંડ અને મુંડ નામના સેનાપતિઓમાંના ચંડના નામ ઉપરથી પડયું છે. મુંડેશ્વરીના દેવળમાં આવેલ ચૌમુખી મહાદેવ અને દુર્ગાનું દેવળ મુંડે બંધાવ્યું કહેવાય છે. મુંડેશ્વરી ભભુઆથી નૈઋત્યમાં સાત મૈલ ઉપર આવેલું છે. ડા૦ બ્લોકના કહેવા મુજબ આ દેવળ ઘણું પ્રાચીન છે. એની કોરણી ગુપ્ત સમયની છે (**ડા. બ્લોક આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ ૧૯૦૨** ). દેવળમાં શિલાલેખ છે જેમાં લખેલું વર્ષ ઇ. સ. ૬૩૫ની લગભગનું જણાય છે. ( **સર જોન માર્શલ આર્કિ૦ સર્વે૦ રિ૦ પૂર્વ વિભાગનો ૧૯૧૩-૧૪ પા૦ ૩૮** ). વામનપુરાણ ૧૯ અને ૫૫ ના અધ્યાયમાં ચંડ મુંડ મહિષાસુરના સેનાપતિઓ હતા અને એ બન્નેને વિંધ્યવાસિની શક્તિએ વિંધ્યાચળ પર મારી નાંખ્યા હતા, એવું વર્ણન છે.

**चंदवर.** આગ્રાની પાસેનું ફિરોઝાબાદ, જ્યાં ઇ. સ. ૧૧૯૩માં શાહબુદ્દીન ગોરીએ કનોજના રાજા જયચંદને હરાવ્યો હતો તે. ( **થોર્નટનનું ગેઝેટિયર** ), ચંદવર નામ ચંદ્રપુર ઉપરથી વિકૃત થયું છે એ ખુલ્લું છે (**વરાહપુરા૦ અ૦ ૧૧૨**).

**चंदना.** ગુજરાતમાં વહેતી સાબરમતી નદી તે જ. (**પદ્મપુરા૦**).

**चंदना (૨)** બંગાળા પ્રાન્તના સંતાલ પ્રગણામાં વહેતી ચંદના નદી તે. આ નદી ગંગા નદીને મળે છે. (**રામાય૦ કિષ્કિંધા૦ ૫૦-૨૦**).

**चंदनावती.** ગાયકવાડી રાજની રાજધાની વડોદરાનું જુનું નામ. (**બલ્ફરનું હિંદુસ્થાનનું સાઇક્લોપિડિકા પુ. ૧. પા. ૧૩૮**).

**चंदनावती (૨).** ચંદ્રપુર શબ્દ જુઓ. (**જૈમિની–ભારત અ૦ ૫૪**).

**चंदेलगढ.** ચુનાર તે જ. ક્ષત્રિયોની શાખા વિશેષ "ચંદેલ" ઉપરથી આ નામ પડયું છે. એ શાખાએ મિરઝાપુર અને શાહબાદની વચ્ચેના પ્રદેશ પર પોતાનું રાજ સ્થાપ્યું હતું, આ શાખાવાળા રજપુતોએ મૂળે મહોબા–જેને હાલ બુંદેલખંડ કહીએ છીએ ત્યાંથી આવી

Aho ! Shrutgyanam

પાલ રાજાઓની પછી આ ગઢનો કબજો લીધો હતો. ચરણાદ્રિ શબ્દ જુઓ.

**चन्द्रगिरि.** શ્રીરંગપટ્ટણથી થોડે છેટે બેલગોલની નજીક પવિત્ર જૈન યાત્રાસ્થળ. આનું જુનું નામ 'દેવદૂર્ગા' હતું. (જ. એ૦ સો૦બં૦ ૧૮૩૮ પા૦ ૫૨૦). અર્બુદ શબ્દ જુઓ.

**चन्द्रतीर्थ.** કાવેરી શબ્દ જુઓ.

**चन्द्रपुर.** મધ્યપ્રાન્તમાં આવેલું ચાંદા તે. એ હંસધ્વજ રાજાની રાજધાનીનું શહેર હતું. (રાઇસના મ્હૈસુરના શિલાલેખોનો ઉપોદ્ઘાત પા૦ ૨૯). પરંતુ જૈમિનીભારતમાં ૧૭ મા અધ્યાયમાં હંસધ્વજને ચંપકનગરીનો રાજા કહ્યો છે. ચન્દ્રાવતી અગર ચંદનાવતી કુંતલકપુરથી અગર કૌટલકપુરથી બે યોજન-અગર બે દિવસની મુસાફરીને છેટે આવે છે. (જૈમિની ભારત અ૦ ૫૩). કુંતલકપુર શબ્દ જુઓ.

**चन्द्रपुरी.** ચન્દાવર તે જ. (વરાહપુ૦અ૦૧૨૨)

**चन्द्रपुरी** (૨). ચન્દ્રિકાપુરી અગર ચન્દ્રિપુર તે જ. આ નામ અયોધ્યામાં ગોંડ જીલ્લામાં આવેલ શ્રાવસ્તી વા સહેઠમહેત છે.

**चन्द्रभागा.** ચિનાબ નદીનું નામાન્તર. ગ્રીક લોકોએ એને 'એસેસિની' કહી છે. આ નામ ઘણું કરીને ઝેલમ અને ચિનાબ બન્ને મળીને બનેલા એ નદીના ભાગને આપેલું છે. એ નદી મધ્ય તીબેટ અગર લાડકની દક્ષિણે લાહૌલમાં આવેલા લોહિત્ય નામના સરોવરમાંથી નિકળે છે. (કાલિકા પુરા૦ અ૦ ૮૨).

**चन्द्रभागा**(૨)કૃષ્ણા નદિનો ફાંટો ભીમા નદી તે જ.

**चन्द्रशेखर.** ચટ્ટલ શબ્દ જુઓ.

**चंद्रादित्यपुर.** નાસિક જીલ્લામાં આવેલું ચાંડોલ તે. એ યાદવ વંશના ગૃધપ્રહાર રાજાની રાજધાની હતું. (ડા. ભાંડારકરની હીસ્ટ્રી ઓફ ધી દકખન; વિભાગ ૧૪).

**चंद्रावती.** મધ્ય હિન્દુસ્થાનના લલિતપુર જીલ્લામાં આવેલું ચંડેરી તે ગ્રીક લોકોએ એનું નામ ચંદ્રાવતિસ કહ્યું છે. પૃથ્વીરાજ રાસામાં એને ચંડેરી નામે વરણવ્યું છે. ચેદી દેશના રાજા શિશુપાલની એ રાજધાની હતું. (પી. મુકર્જીનું લલિતપુર).

**चंद्रावती** (૨). ભાગલપુરના જીલ્લામાં ચંપા નગરની પાસે ગંગા નદીને મળનારી ચાંદન અગર અંધેલા નદી તે. એરિયને એને અંડોમેટિસ એવું નામ આપેલું છે. અંધા શબ્દ જુઓ.

**चंद्रावती** (૩). રજપૂતસ્થાનમાં આવેલું ઝાલરાપટ્ટન તે (ટૉડનું રાજસ્થાન પુ૦ ૨. પા૦ ૧૬૦૨).

**चंद्रावती**(૪).આબૂની પાસે આવેલી નગરી વિશેષ (બોમ્બે-ગેઝેટ,પુ૦ ૧,ભા૦ ૧,પા૦ ૧૮૫)

**चंद्रिका.** ચંદ્રભાગા (ચિનાબ) નદી તે.

**चंद्रिकापुरी.** અયોધ્યાના ગોંડ જીલ્લામાં આવેલું શ્રાવસ્તી યાને સહેઠમહેત. જૈનોના ત્રીજા તીર્થંકર સંભવનાથ અને આઠમા તીર્થંકર ચંદ્રપ્રભાનાથના જન્મ આ નગરીમાં થયા હતા. અહિંયાં શોભાનાથનું જૈન દેવળ છે. શોભાનાથ નામ સંભવનાથ ઉપરથી વિકૃત થયેલું છે. (શ્રાવસ્તી જુઓ).

**चंद्रोपुर.** ચંદ્રિકાપુરીનું નામાંતર.

**चमत्कारपुर.** ગુજરાતમાં આવેલું આનંદપુર અગર વડનગર તે. એ પ્રદેશ પ્રાચીન સમયમાં આનર્ત્તદેશ કહેવાતો હતો. લિંગની પૂજા ત્યાં પ્રથમ સ્થપાઈ હતી. પ્રથમ સ્થપાયેલું મહાદેવનું લિંગ અચલેશ્વર કહેવાતું; પરન્તુ બીજાં પુરાણો અનુસાર પ્રથમ લિંગપૂજા ધરવાતમાં આવેલા દેવદારૂ-વન, યાને દારૂ વા દારુક-વનમાં થઇ હતી. (દેવદારૂ-વન શબ્દ જુઓ) ચમત્કારપુરને નગર પણ કહેતા હતા અને નાગર-બ્રાહ્મણો મૂળ ત્યાં રહેતા હતા (સ્કંદપુરાણ નગર ખંડ, અધ્યાય ૧ થી ૧૩, અને ૧૧૪), હાટકક્ષેત્ર અને આનંદપુર શબ્દો જુઓ. નાગર બ્રાહ્મણોએ પહેલ પ્હેલાં નાગરી લિપિ શોધી કાઢી હતી, એમ કહેવાય છે.

Aho ! Shrutgyanam

**( નંદલાલ દેનો બંગાળી લિપિની ઉત્પત્તિ સંબન્ધી (બંગ-લિપિર ઉત્પત્તિ) જે "સુવર્ણ વનિક સમાચાર" પુસ્તક બીજામાં લેખ છપાયો છે તે જુઓ).** દારૂવન શબ્દ જુઓ.

**चंपक.** મધ્ય હિંદુસ્થાનમાં રજીમની ઉત્તરે પાંચ મૈલ ઉપર આવેલું ચંપારણ્ય તે. આ હંસધ્વજ રાજાની રાજધાનીનું શહેર હતું. **(જૈમિનિ ભારત અ૦ ૧૭).**

**चंपकारण्य.** ચંપારણ તે. ચંપારણ્ય શબ્દ જુઓ. **(પદ્મપુરાણ, સ્વર્ગ, અ૦ ૧૯ )**

**चंपा.** ચંપાપુરીનું જ બીજું નામ.

**चंपा** (૨) હ્યુનસ્થાંગના લખવા પ્રમાણે શિયામનું બીજું નામ. એ યવનોનો દેશ હતો (**બિલનું હ્યુનસ્થાંગનું જન્મચરિત્ર ઉપોદ્ઘાત**).

**चंपा** (૩). ટૉનકિન-કમ્બોડિયાનો પ્રદેશ તે. **(કર્નલયૂલનો માર્કોપોલો, પુ૦ ર. પા૦ ૨૫૫ ની નોટ).**

**चंपा** (૪). અંગદેશ અને મગધદેશની વચ્ચે આવેલી ચંપા નદી તે. (**કેમ્બ્રીજમાં છપાયેલા જાતકોમાંનું ચંપેય્યીય જાતક આવૃત્તિ ૪ પા૦ ૨૮૧ ).**

**चंपा** (૫). કાંગરા અને કાષ્ટવાદની વચ્ચે રાવી નદિના મૂળોવાળી ખીણોનો પ્રદેશ. જેને હાલ ચંબા કહે છે તેનું નામ પણ ચંપા હતું. પ્રાચીન સમયનું ત્રીગર્ત્ત તે કાંગરા ( **ડા૦ સ્ટીન, રાજતરંગિણી, પુ૦ ૨, પા૦ ૪૩૧** ).

**चंपानगर.** બંગાળામાં બોગરા જીલ્લામાં મહાસ્થાન નગરની ઉત્તરે પાંચ મૈલ અને બોગરાથી ૧૨ મૈલ ઉપર આવેલું ચાંદનીયા અગર ચાંદમય તે જ. આ નામ ચાંદસદાગરના નામ ઉપરથી પડેલું છે. એમ કહેવાય છે કે **મન્સારભાષા** નામની પ્રસિદ્ધ વાર્તામાં આવેલ ચાંદસદાગર અહિંયા રહેતો હતો. ચાંદસદાગરના સૌથી નાના દિકરા નખિનધારની સ્ત્રી બેહુલાની સ્વામિ-ભક્તિની વાતોમાં પણ આ જગ્યાનું નામ આવે છે. આ ગામની બન્ને બાજુએ ગૌરી અને સૌરી નામની બે કલણની જગ્યા આવી છે. એમ કહેવાય છે કે આ જગા પૂર્વે ત્યાંથી વ્હેતી બે મ્હોટી નદીઓના અવશેષ માત્ર છે. હાલ એ ગામ કરતોયા નદિના કિનારા પર આવેલું છે. ( **હન્ટરનું સ્ટેટિકલ એકાઉન્ટ ઓફ બેંગાલ, પુ૦ ૮ પા. ૧૮૬**). મહાસ્થાનના કિલ્લાના બુર્જની બ્હાર આવેલું કાલિદહસાગર નામનું મ્હોટું સરોવર તે એ વાર્તામાં કહેલું કાલિદહ તેજ છે. (**જ. એ. સો. બં. ૧૮૭૮. પા૦ ૯૪) (બેવેરિજ)** પણ ચંદસદાગરનું રહેઠાણ ચંપા નગરીની બહાર ભાગલપુરમાં આવ્યાનું પે કહેવાય છે. ભાગલપુરમાં બેહુલા અને નખીનધરના માનમાં દર વર્ષે મેળો ભરાય છે. પરન્તુ ઉજાની શબ્દ જુઓ.

**चंपानगर** (૨). ચંપાપુરી તે જ.

**चंपानदी.** અંગ અને મગધ બેની વચ્ચે સીમારૂપ આવેલી નદી તે. (**કેંમ્બ્રીજની જાતકની આવૃત્તિમાં આપેલું ચંપેય્ય જાતક આવૃત્તિ ૪, નં. ૫૦૬**) આ નદી યાત્રાસ્થળ ગણાતી (**પદ્મપુરાણ સૃષ્ટિ અ૦ ૧૧**).

**चंपापुरी** ચંપાનું જ બીજું નામ ભાગલપુરની પશ્ચિમે ચાર મૈલ ઉપર આ સ્થળ આવેલું છે. એને પ્હેલાં માલિની અગર ચંપામાલિની કહેતા (**મત્સ્યપુરાણ અધ્યાય ૪૮; હેમકોષ**). રોમપાદ અગર લોમપાદ નામના અંગદેશના રાજાની એ રાજધાની હતું. આ રાજાએ દશરથ રાજાની દીકરી શાન્તાને ખોળે લીધી હતી. (**રામાયણ, આદિ, સર્ગ ૧૦**). લોમપાદના પ્રપૌત્ર ચંપાએ ચંપાનગર વસાવ્યાનું કહેવાય છે. પૂર્વે આ સ્થળનું નામ માલિની હતું પરન્તુ મહાભારતમાં ચંપાનગર નામ આવે છે. **વનપર્વ અધ્યાય ૧૧૨.** ત્યાં કહ્યું છે કે લોમપાદની રાજધાનીનું નગર ચંપા હતું. દુર્યોધનના મિત્ર કર્ણની રાજધાની ત્યાં હતી એવું પણ મહાભારતમાં કહ્યું છે.

Aho ! Shrutgyanam

મહાભારતના વનપર્વના અધ્યાય ૮૫માં એને યાત્રાસ્થળ કહેલું છે. ચંપાનગરમાં આવેલું કિલ્લાનું ખંડિયેર–કર્ણગઢ તે કર્ણનો કિલ્લો હતો, અને એ અહીં મોટો થયો હતો. પણ કેટલાકોના મંતવ્ય પ્રમાણે ચંપાનગરમાં આવેલા કર્ણગઢ અને મોઘીરમાં આવેલા કર્ણચંદાનાં નામો કર્ણસુવર્ણના રાજા કર્ણસેનના નામ ઉપરથી પડયાં છે. આ રાજાએ અંગદેશ અને બંગદેશ સર કર્યા હતા. અહીં મનરકામનાથ નામના મહાદેવનું દેવળ આવેલું છે. આ દેવળ કર્ણરાજાએ બંધાવ્યાનું કહેવાય છે. જૂના બૌદ્ધ દેવળની જગ્યા ઉપર આ દેવળ બાંધ્યું હોય એમ જણાય છે. દેવળની દક્ષિણ બાજુ ઉપર દેવળની તરત જ પાસે ઘણી બૌદ્ધ મૂર્તિઓ આવેલી છે. કિલ્લાના ખંડિયેરમાં ચારે તરફ કોટના ભાગો અવશેષ રૂપે હજુ પણ વિદ્યમાન છે. સાતમા સૈકામાં હ્યુનત્સાંગ બૌદ્ધ ધર્મના યાત્રાસ્થળ તરીકે અહીં યાત્રા કરવા આવ્યો હતો. વિરજ નામના જૈન પ્રખ્યાત બૌદ્ધપુસ્તક લંકાવતારસૂત્ર ( અ૦ ૧૦)ના કર્ત્તા વિરજજીન અને હસ્તિઆયુર્વેદ નામના ગ્રન્થના કર્ત્તા પલકાવ્યમુનિનો જન્મ અહીં થયો હતો. થેર ગાથાનો લખનાર સોનકોલવિસ ચંપાનો રહેવાશી હતો (મહાવગ્ગ, ૫, ૧). શહેરની અંદર ઘણાં બૌદ્ધ પુતળાંઓ, જુના સ્તંભોના અવશેષો ઠેકાણે ઠેકાણે પડેલા મળી આવે છે. હ્યુનશાંગે શહેરની ફરતી દિવાલના અવશેષો જે ટેકરાઓ ઉપર આવ્યાનું વર્ણવ્યું છે તે અવશેષો નાથનગર રેલ્વેસ્ટેશનની પાસે અદ્યાપિ ઉપલબ્ધ થાય છે. સોમકોરોસીને આધારે સ્વેન્સહાર્ડિ કહે છે કે, અંગદેશના એક રાજા બ્રહ્મદત્તની ચંપામાં રાજ્યધાની હતી. એણે બુદ્ધના જન્મની પૂર્વે મગધદેશ સર કર્યો હતો, તે વખતે બિંબિસાર કુંવરપદે હતો. એ જ્યારે મ્હોટો થયો ત્યારે એણે અંગ ઉપર ફરી હૂમલો કરી રાજાને મારી નંખાવ્યો હતો. ત્યાર પછી પોતાના પિતા ક્ષત્રંજસના મૃત્યુ પર્યન્ત એ ચંપામાં જ વસ્યો હતો. બાપનું મૃત્યુ થતાં એ રાજગૃહ ગયો હતો. (**હાર્ડિનું મેન્યુઅલ. ઑફ બુદ્ધિજમ પા૦ ૧૬૬. આવૃત્તિ ૨; ડફનુ ક્રોનિકલ, પા૦ ૫ ).** આ વખતથી અંગ મગધને તાબે થયો હતો.

ચંપાપુરી એ જૈનોનું ઘણું પવિત્ર સ્થળ મનાય છે. છેલ્લા તીર્થંકર મહાવીર અહિંયા રહ્યા હતા. એમને અહિં ત્રણ પજ્જુસનો કર્યા હતાં [ ત્રણ ચોમાસાં ગાળ્યાં હતાં ] (**કલ્પસૂત્ર અ૦ ૬**) બારમા તીર્થંકર વાસુપૂજ્યનો જન્મ અને મૃત્યુ આ સ્થળે જ થયાં હતાં. વાસુપૂજ્યનું ચિન્હ ભેંસનું હતું એ વાસુપૂજ્ય જયાનો પુત્ર હતો ( **બુશાનનનું જૈનો સંબન્ધી અવલોકન; એશિયાટિક રિસર્ચ પુ૦ ૯ પા૦ ૩૦** ). વાસુપૂજ્યનું દેવળ જયપુરના ગંધી શ્રીચંદ્ર અને એમની પત્ની સંઘવીના શ્રીસુરજબાઈએ યુધિષ્ઠિર સંવત્ ૨૫૫૪ માં બંધાવ્યું હતું (**પ્રાચીન પાલિબોથ્રાનું સ્થળ સંબન્ધી મેજર–ફ્રેંકલીને પ્રસિદ્ધ કરેલો લેખ. જુઓ પા૦ ૧૬–૧૭ યુધિષ્ઠિર સંવત્ ૨૫૫૪, ઇસ્વીસન પૂર્વે ૫૮૧ ની સાલમાં હતું**). દિગંબર પંથનું આ સુંદર દેવળ ચંપા નગરના મહલ્લા નાથ–નગરમાં આવેલું છે. વાસુપૂજ્યને એ દેવળ અર્પણ કરેલું છે. અને એ આ સ્થળે જ રહેતા અને અહીં જ મૃત્યુ પામ્યો. અને અજમેરમાં એક જુના જૈન દેવાલયની પાસેથી ખોદકામ કરતાં નિકળેલી જૈન મૂર્તિઓના ઉપરના લેખો ઉપરથી જણાય છે કે, એ મૂર્તિઓ વાસુપૂજ્ય, મલ્લિનાથ, પાર્શ્વનાથ અને વર્દ્ધમાન એમને તેરમા સૈકામાં, સંવત ૧૨૩૯ થી ૧૨૪૭ સુધીમાં અર્પણ કરાયલી હતી. (**જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૧ પા૦ ૫૨**). ઉવાસગદસાઓમાં કહ્યું છે કે; સુધર્માના સમયમાં ચંપામાં પુન્નભદ્ર નામનું એક દેવાલય હતું. સુધર્મા મહાવીરના અગિ-

આર શિષ્યો પૈકીનો એક હતો. અને મહાવીરના મૃત્યુ પછી પંથનો અગ્રગણ્ય અધિકારી થયો હતો. ( **હૉર્નલેનો ઉવાસગ દસાઓ પા૦ ૨ ટિપ્પણ. જ્ઞાતાધર્મ સૂત્રપાઠ**).જૈન ધર્માધિકારી સુધર્મા ચંપામાં આવ્યો હતો. તે વખતે ચંપામાં કુણિક અને અજાતશત્રુ આ ગણધરને ઉઘાડે પગે નગરની બ્હાર સામૈયે આવ્યા હતા. ગણધરે ઘરની બહાર પોતાનો મુકામ કર્યો હતો. સુધર્મા પછી થયેલો ગણધર જંબૂ અને જંબૂ પછી થયેલો પ્રભવ પણ ચંપામાં આવેલા હતા. પ્રભવ પછી થયેલા ગણધર સ્વયંભવે આ શહેરમાં રહીને પોતાનું દશવૈકાલિકસૂત્ર લખ્યું હતું. આ સૂત્રમાં જૈન-સિદ્ધાન્તોના અંગે દસ-પ્રવચનો આપેલાં છે (**હેમચંદ્રની સ્થવિરાવલિ યાને પરિશિષ્ટ પર્વ, અ૦ ૪-૫**) બિંબિસારના મૃત્યુ પછી કુણિક યાને અજાતશત્રુએ પોતાની રાજ્યધાની ચંપામાં કરી હતી. પણ એના મૃત્યુ પછી એના પુત્ર ઉદાઇએ રાજધાની ત્યાંથી ફેરવી પાટલીપુત્રમાં સ્થાપી હતી (અ૦ ૬) વાસુપૂજ્યના આ જૂના દેવળની ઉત્તરની બાજુએ એક બીજું દેવળ પણ વાસુપૂજ્યને જ અર્પણ થયેલું હતું. પણ આ દેવળ નવું બંધાયેલું હતું. ખુદ ચંપાનગરમાં શ્વેતાંબર પંથનું બીજું જૈન દેવળ છે. એ દેવળમાં ઘણા તીર્થંકરોની પ્રતિમાઓ છે. દશકુમારચરિતમાં લખ્યું છે કે ચંપામાં ઘણા બદમાશો રહેતા હતા. **ચંપકશ્રેષ્ઠિકથા** નામના જૈન ગ્રન્થ ઉપરથી જણાય છે કે ચંપાપુરી ઘણું જ આબાદ શહેર હતું, એ ગ્રન્થની શરૂઆતમાં ચંપાપુરીમાં વસતી અનેક ન્યાતો અને ત્યાં ધીકતા ધંધાઓ ગણાવ્યા છે. ત્યાંના બજારોમાં ઘણા સરૈયા, ગાંધી, તેજાનાના વ્યાપારિયો, ઝવેરિયો, માળિયો, સુથારો, સોનીયો, વણકરો, ધોબિયો અને મોચિયો વસતા હતા. એ ગ્રન્થમાં ત્યાંના રાજાનું નામ સામંતપાલ અને પ્રધાનનું નામ વૃદ્ધદત્ત એવું આપેલું છે. (**એમ. એમ. હરિપ્રસાદશાસ્ત્રીની સંસ્કૃત હસ્તલિખિત ગ્રન્થની નોંધ. ૧૮૯૨** ), આખ્યાયિકા પ્રમાણે ચંપાનગર ચાંદસદાગરનું નિવાસસ્થાન હતું. આ ચાંદસદાગરના પુત્ર લખીનદર અને તેની સ્ત્રી બેહુલાની હકીકત '**મનસારભાષા**' નામના કાવ્યમાં બહુ સચોટ શૈલીમાં લખાયેલી છે. લખીનદરને જે જગ્યાએ સર્પદંશ થયો હતો ને જે જગ્યાએ એનું મૃત શરીર લઈ જવામાં આવ્યું હતું તે ઘાટ અદ્યાપિ યાત્રાળુઓને બતાવવામાં આવે છે. આ સ્થળ ઈસ્ટ ઇંડિયા-રેલ્વે કંપનિએ બાંધેલા પુલની બહુ જ નજીક આવેલું છે. ગંગા અને ચંદન નદીના સંગમની પાસે જ આવેલા આ સ્થળને અદ્યાપિ બેહુલા ઘાટ કહે છે. સતી બેહુલા પોતાના પતિના સર્પદંશથી મૃત્યુ પામેલા શરીરને વિષથી મુક્ત કરવા સારૂ ત્રાપા ઉપર સુવાડી તે ચમત્કારી રીતે જીવતો થયો ત્યાં સુધી ઠેકાણે ઠેકાણે ફરી હતી, લખીનધરની સ્વામિભક્તિથી ભરપૂર આ સ્ત્રી બેહુલાની યાદમાં હજુ પણ પ્રતિવર્ષે ભાદરવા મહિનામાં આ સ્થળે મેળો ભરાય છે. પૂર્વે ગંગા નદી શહેરની બાજુમાં વ્હેતી હતી, પણ છેલ્લા પચાસ વર્ષ દરમિયાન તે ઉત્તર તરફ આશરે એક-મૈલ દૂર ખસી ગયેલી છે. ઘણી જગ્યાઓ જેવી કે ગંગૂર અથવા બેહુલા; નદીની પાસે વર્ધમાન જીલ્લામાં આવેલું ચંપાઇ અને મણુર જીલ્લામાં આવેલું ચંહનીયા અથવા ચંદમયા ચાંદસદાગરના નિવાસસ્થાન તરીકે કહેવાય છે. પણ ચંપાપુરીને નિવાસસ્થાન માનવાનાં સબળ કારણો છે, કેમકે એ ગંગાનદીના કિનારા પર આવેલી છે. આખ્યાયિકામાં ચાંદસદાગરનું ચંપાનગર ગંગા કિનારે આવવાનું કહ્યુ છે, અને એ ચંપાપુરી ગંગાના કિનારા પર છે. હિંદુ તથા બૌદ્ધ ગ્રન્થો ઉપરથી ભાગલપુરની પાસે

આવેલા ચંપાનગર શિવાય ગંગા નદીના કિનારા ઉપર બીજું કોઈ પણ ચંપાનગર હતું જ નહીં એમ જણાય છે. બુદ્ધના સમયમાં ચંપા તે વખત પ્રસિદ્ધ છ મોટી નગરિઓમાંની એક મોટી નગરી ગણાતી હતી. આનંદે બુદ્ધ ભગવાનને કુશીનાર જેવા તુચ્છ ગામોમાં નહિ, પણ આ છ નગરીઓમાંથી કોઈ એકમાં પોતાનો દેહ તજવાની વિનવણી કરી હતી. આ છ-નગરીઓ તે ચંપા, રાજગૃહ, શ્રાવસ્તી, સાંકેત, કૌશામ્બી અને બનારસ તે છે. (**મહાપરિનિબ્બાણ સુત્તનત અધ્યાય ૫**) અશોકનાં માતુશ્રી સુભદ્રાંગી ચંપામાં જન્મ્યાં હતાં, એ ગરીબ બ્રાહ્મણની પુત્રી હતી. કોઈએ એમનું એવું ભવિષ્ય ભાખ્યું હતું કે સુભદ્રાંગી મહાન રાજ્ઞીપદ પામશે એ ઉપરથી એના પિતાએ એને પાટલિપુત્ર જઈને મગધના રાજા બિંદુસાર યાને અમિત્રઘાતને ભેટ કરી હતી. (આ રાજા ઇ. સ. પૂર્વે ૩૪૭ થી ૪૧૯ માં હતો). પરંતુ બીજી રાણીઓએ અદેખાઈને લઈને એને હલકું કામ કરવામાં લગાડી દીધી. છતાં રાજાની દૃષ્ટિ એના પર પડી અને રાજાએ એને પોતાની રાણી બનાવી. એને અશોક અને વીતાશોક નામે સંતાનો થયાં. બૌદ્ધગ્રંથમાં વર્ણવેલું સુંદર તળાવ રાણી ગગ્ગરાએ ખોદાવ્યું હતું એ તળાવને કાંઠે ચંપાનાં વૃક્ષોની કુંજો હતી. બુદ્ધના સમયમાં આ કુંજોમાં પબ્બજિકા-સાધુઓ રહેતા હતા. (**રિસડેવિસનું "બુદ્ધિસ્ટ ઇન્ડિયા"; મહાવગ્ગ ૯૭૧; સનડાંકા સુત્ત, ૧ ઉપરડા૦ રિસડેવિસની ટીપણી**). જે પૂરાઈ ગએલા એક મોટા તળાવના ઉંડાણમાંથી ખોદતાં બૌદ્ધ મૂર્તિઓ પ્રાપ્ત થઈ હતી તેને 'સરોવર' કહે છે અને એ જ રાણી ગગ્ગરાએ ખોદાવેલું કૃત્રિમ સરોવર હશે. મહાભારતના સમયમાં પણ ચંપાની આજુબાજુ ચોતરફ ચમ્પાનાં વૃક્ષો આવી રહ્યાં હતાં. (**અનુશા૦ પર્વ અ૦ ૪૨**). ચંપાપુરીના રાજાને બે સુંદર મહેલો હતા. એક ગંડલના નામનો કુરુયત્તર, જેને હાલ કરપટ કહે છે ત્યાં, ભાગલપુરની પૂર્વે સાત મૈલ ઉપર ગંગા યમુનાના સંગમ આગળ ગોઘનાળા આગળ આવેલ હતો; અને બીજો ક્રીડાસ્થળી નામનો, ગંગા અને કોશી નદીના સંગમ આગળ પાથરઘારા આગળ આવેલો હતો. (**ફ્રેંકલિનનું પાલીબોથ્રાના સ્થળનો નિર્ણય પા૦ ૨૮-૨૯. પુરાતન 'અંગ' ઉપર નંદોલાલ દે પ્રભૃતિનું વિવેચન જુઓ. જ૦ એ૦ સો૦ બં૦ ૧૦. (૧૯૧૪).**

**चम्पारण्य.** મધ્ય હિંદુસ્તાનમાં રાજીમથી ઉત્તરે પાંચ મૈલ ઉપર આવેલું સ્થળ વિશેષ જૈન અને બૌદ્ધ લોકોનું એ યાત્રાસ્થળ છે. જૈમિની ભારતમાં કહેલું તે જ.

**चम्पारण्य (२).** પટણા પ્રાન્તમાં આવેલું ચંપારણ તે. (**શક્તિસંગમ તંત્ર ૭ અ ૭**).

**चम्पावती.** કયુમાઓનની પ્રાચીન રાજધાની ચંપાઊતી તે જ. એને ચંપાતીર્થ પણ કહેતા. કયુમાઓનના રાજાઓના ઈતિહાસને માટે (**જુઓ જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૪, પા૦ ૮૮૭**).

**चम्पावती (२).** એરિથ્રિયન સમુદ્રના પેરીપ્લસમાં સોમલ્લા અને આરબ લોકો જેને સૈવૂર કહેતા તે. મુંબઈથી દક્ષિણે ૨૫ મૈલ પર આવેલું હાલનું ચૌલ. હાલ એને રેવદંડ કહે છે. (**જનરલ એશિયાટિક સોસાઇટી પુ૦ ૩, પા૦ ૩૮૬ માં છપાયેલા શિલાલેખમાં જેને પ્રાચીન રત્નાવતી કહી છે તે.**) એને રેવતીક્ષેત્ર પણ કહેતા હતા. ઉત્તર કોકણના કોલાબા જીલ્લામાં એ આવેલું છે. અને પરશુરામક્ષેત્રમાં એક સ્વતંત્ર રાજ્યની રાજધાની હતું. સ્કંદપુરાણ (**બ્રહ્મોત્તર ખંડ અ૦ ૧૬**) માં કહેલું ચંપાવતી તે વખતે અહીં હોય. ચૌલ એક પ્રસિદ્ધ વ્યાપારિક નગર

Aho ! Shrutgyanam

હતું (ડાં'કુનાનો ચૌલ અને બેસિન–વસાઈનો ઇતિહાસ પા૦ ૯–૧૧).

**चर्मणवती.** રજપુતસ્થાનમાં આવેલી ચંબલ નદી તે. વિંધ્યાચલ પર્વતના ઘણા ઉચ્ચ પ્રદેશમાંથી જનપવ નામની ડુંગરીઓના સમૂહમાંથી આ નદી નિકળે છે. એ સમૂહમાં જુદા જુદા ચંબલ, ચંબેલા અને ગંભીરા નામના ત્રણ જળસ્રોત્રો નિકળે છે. રંતિદેવ નામના રાજાએ કરેલા યજ્ઞમાં બલિદાન તરીકે વધ કરેલી ગાયોના રક્તમાંથી આ નદી ઉત્પન્ન થઇ હતી. (મહાભારત. દ્રોણ-પર્વ. અ૦ ૬૭;મેઘદૂત. પૂર્વ શ્લોક ૪૬).

**चरणाद्री.** મિર્ઝાપુર જિલ્લામાં આવેલું ચુનાર તે. (શક્તિસંઘ તંત્ર ૭). ચુનારનો ડુંગરી કિલ્લો (Hill Fort) એક સમયે વિકટ અને કોઇથી પણ હુમલો કરી જીતાય નહી એવો મનાતો હતો. ઇસ્વી સનની આઠમી સદીના મધ્યકાલથી બારમી શતાબ્દી સુધી બંગાલા અને બિહાર ઉપર રાજ્ય કરનાર પાલ નરેશોએ આ કિલ્લો બાંધ્યો હતો. બુશાનનના કહેવા પ્રમાણે (માર્ટિનનું પૂર્વ હિંદુસ્થાન) કેટલા, એક પાલ નરેશો આ કિલ્લામાં રહેતા હતા. એ ઉપરથી જણાય છે કે તે સમયે આ કિલ્લો એક મહત્વપૂર્ણ સ્થળ ગણાતું હશે. કિલ્લાના જે ભાગને ભર્તૃહરિનો મહેલ કહેવામાં આવે છે તે જગ્યાએ ભર્તૃહરિ એક યોગી તરીકે રહેતા હતા. એવી આખ્યાયિકા છે કે અમરફળ ખાધા પછી ભર્તૃહરિ શહેવાન, ભરતેવર, ચુનાર, બનારસ અને એવી અનેક બીજી જગ્યાએ મુસાફરીએ નિકળી પડયા હતા. (જ૦ એ૦ સો૦ બં૦, ૧૮૩૭,પા૦ ૮૫૨). ભર્તૃહરિ એક પ્રખ્યાત ગ્રન્થ ભર્તૃહરિશાસ્ત્ર અને વૈરાગ્યશતકના કર્તા હતા. (ભર્તૃહરિના જન્મની હકીકત સારૂ પ્રબન્ધ ચિંતામણીનું ટૉનીનું ભાષાંતર પા૦૧૯૮ જુઓ) ભર્તૃહરિ સાત વાર બૌદ્ધ શ્રમણ થયા હતા. અને સાત વાર શ્રમણનો આશ્રમ તજીને સંસારી થઇ એક ઉપાસક તરીકે રહેતા હતા. એનું મૃત્યુ ઇસ્વી સન્ ૬૫૧ ૬૫૨માં થયું હતું. (તકાકુસુના ઇત્સિગનું બુદ્ધધર્મની નોંધ, પા૦ ૧૮૦ અને ઉપોદ્ઘાત).

**चरित्रपुर.** ઓરિસામાં આવેલી પુરી તે. (કન્નિગ્હામની એન્શ્યંટ જોગરાફિ પા૦ ૫૧૦, રેકર્ડ ઓફ વેસ્ટર્ન કન્ટ્રી ભાગ ૨ પા૦ ૨૦૫).

**चाया.** ગુજરાતમાં આવેલું પોરબંદર. ઇસ્વી સનના આરંભમાં આ સુપ્રસિદ્ધ બંદર હતું.

**चिताभूमि.** સંતાલ પરગણામાં આવેલું વૈદ્યનાથ યાને દેવગઢ તે. અહિં અગાડી મહાદેવનાં બાર જ્યોતિર્લિંગમાંના એક વૈદ્યનાથ નામના જ્યોતિલંગનું દેવળ આવેલું છે (શિવપુરાણ, ખં૦ ૧, અધ્યાય ૩૮ અને ૫૫). આ મહાદેવની સ્થાપના રાવણે કરી હતી એમ કહેવાય છે. વૈદ્યનાથ ભગવાનનાં સ્ત્રી, દેવી પાર્વતીનું દેવળ પણ અહિંયા આવેલું છે. એ દેવળ બાવન હાર્દપીઠમાંની એક પીઠ ગણાય છે. આ જગ્યાએ સતીનું હૃદય કપાઇ પડયું હતું. કૅંકલીને પોતાના પુરાતન પાલીઓગ્રાનું સ્થળ નામના પુસ્તકમાં ઉત્તર પુરાણને નામે. પા. ૨૧ માં કહ્યું છે કે વૈદ્યનાથને પંથાપુરી અથવા પાલુગામ કહ્યું છે. આ બે ગામો ગ્રામના વિકૃતરૂપે હોય. વૈદ્યનાથ અગર દેવગઢના દેવળોના વર્ણન માટે ( જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૮૩, પા૦ ૧૬૪ માં દેવઘરના દેવળો વિષે નામનો ડાકટર આર. એલ. મિત્રનો લેખ જુઓ). મહાલિંગેશ્વર તંત્રમાં સો નામોમાં કહ્યું છે કે વૈદ્યનાથ અને વક્રેશ્વર મહાદેવો ઝારખંડમાં, સિદ્ધનાથ અને તારકેશ્વર મહાદેવો રાધામાં, ઘંટેશ્વર મહાદેવ રત્નાકર નદીને કિનારે અને કપાલેશ્વર મહાદેવ ભાગીરથીના કિનારે આવ્યા છે. રત્નાકર નદીને હુગલી જીલ્લામાં હાલ કાના નદી કહે



Aho ! Shrutgyanam

છે. વૈદ્યનાથનું જુનું નામ હરીતકીવન હતું. રાવણ જે વખતે કૈલાસમાંથી મહાદેવને લઇને આવતો હતો તે વખતે એના પેટમાં દુઃસહ દર્દ થયું. એના પેટમાં વરૂણ દેવે પ્રવેશ કર્યો હતો. દર્દના લીધે રાવણે બ્રાહ્મણ વેશ ધારી વિષ્ણુના હાથમાં મહાદેવને આપ્યા અને પોતે હારલાજુડી નામના દેવગઢના ઇશાન-કોણમાં ગયો. હારલાજુડી એ હરીતકીવન ઉપરથી વિકૃત થયેલો શબ્દ છે. ત્યાં જઇને એણે મલોત્સર્ગ કર્યો જેમાંથી હારલાજુડીની ઉત્તરમાં વહેતું કર્મનાસા નામનું વ્હેળીયું ઉત્પન્ન થયું. દરમિયાન વિષ્ણુ મહાદેવને દેવગઢમાં ભોંય મુકી પોતે અંતર્ધાન થયા (**શિવપુ૦ વૈદ્યનાથ મહાત્મ્ય અ૦ ૪**). વૈદ્યનાથથી પૂર્વમાં છ મૈલ ઉપર આવેલી ત્રીકૂટની ડુંગરી ઉપર પાણીનો ઝરો છે. રાવણે જ્યાં તપ કર્યું હતું તે તપોવન નામની ડુંગરી પણ એટલા જ છેટા પર આવેલી છે. એ ડુંગરી ઉપર સ્વાભાવિક વિવર આવેલું છે (**શિવપુ૦ ખં૦ ૧, અ૦ ૫૬**; બૃહત્‌**શિવપુ૦ ખં૦** ૨, **અ૦ ૨૦**).

**चत्तांबलम.** મદ્રાસથી દક્ષિણે ૨૫૦ મૈલ અને દરિયા કિનારાથી ૭ મૈલ દૂર દક્ષિણ આરકટ જીલ્લામાં આવેલું ચિદાંવરમ્ તે. અહિંયા કનકસભાપતિ નામના મહાદેવનું પ્રસિદ્ધ દેવળ આવેલું છે. શ્રીમદ્ શંકરાચાર્યનો જન્મ ચિદાંવરમાં થયેલો કહેવાય છે. (**આનંદગિરિનો શંકર વિજય**) અને બત્રીસ વર્ષની ઉમરે એમનું મૃત્યુ કાશીપુરમાં થયેલું કહેવાય છે. કેટલાએકના કહેવા પ્રમાણે કાનડામાં પૂર્ણાને કાંઠે આવેલા કલતી નામના ગામમાં શ્રીમદ્ શંકરાચાર્યનો જન્મ થયો હતો અને એમનું મૃત્યુ ધરવાલમાં કેદારનાથમાં થયું હતું. રાજશેખરના શાસનકાલમાં કેરલમાં આવેલા કલડી કિંવા કલતી ગામમાં શ્રીમદ્ શંકરાચાર્યનો જન્મ થયાની હકીકત નિર્ણીત થઈ છે. (**માધવાચાર્યનો શંકરવિજય**).

**चित्रकूट.** બુંદેલખંડમાં આવેલો કાંપતાનાથગિરિ તેજ. પૈશુની (પયસ્વિની અથવા મંદાકિની)ને કાંઠે આ એકલવાઇ ટેકરી આવેલી છે. પોતાના દેશવટાના સમયમાં શ્રી રામચંદ્ર અહીં કેટલોક કાળ રહ્યા હતા. (**રામાયણ, અયોધ્યાકાંડ સર્ગ ૫૫**). જી. આઇ. પી. રેલ્વેના ચિત્રકૂટ નામના રેલ્વે-સ્ટેશનથી આ સ્થળ આશરે ૪ મૈલ દૂર આવેલું છે.

**चित्रकूटा.** પયસ્વિની તે. પૈસૂની નદી (**વામનપુરાણ અ૦ ૧૩ શ્લોક ૨૬**).

**चित्ररथा.** ઉત્તર પેન્નર-નદીને મળતી ન્હાની નદી ચિત્રરથી તે. (**મહાભારત ભીષ્મ૦ અ૦ ૯**).

**चित्रोपला.** ઓરિસામાં આવેલી મહાનદીનો પીરી-નદીને મળે છે તેની નીચાણનો ભાગ તે. (**મહાભારત ભીષ્મ૦ અ૦ ૯ અને એશિયાટિક રિસર્ચ પુ૦ ૧૫, બ્રહ્મપુરાણ અ૦ ૪૬**. મહાનદીની શાખા ચિત્તતોલા એ જ આ નદી હોય એમ જણાય છે, (**હૈમલ્ટનું ગૈઝેટિયર, મહાનદી શબ્દ જુઓ**)

**चित्रोत्पला.** ચિત્રોપલા તે જ. (**માર્કણ્ડેય-પુરાણ પા. ૫૭. આર્કિયોલોજીકલ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૭ પા. ૧૫૫ અને ૭૦ ઉપોદ્‌ઘાત અને ૭૦**) ઓરિસામાં આવેલી મહાનદી. ચૈતન્ય ચૈતન્યપુરીથી બંગાળા જતાં આ નદી ઉતર્યા હતા (**ચૈતન્યચરિતામૃત ભા૦ ૧ અ૦ ૧૬**).

**चिंतापूर्णी.** ચિંતાપૂર્ણી નામની ડુંગરમાળા ઉપર આવેલું આ ચિંતાપૂર્ણી નામનું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. આ સ્થળ પંજાબના હોશિયારપુર નામના જીલ્લામાં આવેલું છે. અહિંયા શંકુ આકારની પિંડમૂર્તિના પછવાડી છિન્નમસ્તાની છબી અથવા ચિત્ર મુકવામાં આવે છે. અને આ દેવળ છિન્નમસ્તાના દેવળના નામથી પ્રસિદ્ધ છે તથા એ દેવળ ચિંતાપૂર્ણીના ડુંગરો પર આવેલ છે.

Aho ! Shrutgyanam

**चिदांबर**. ચિત્તાંબલમ તે જ. (**દેવિભાગવત** અ૦ ૭ શ્લો૦ ૩૮). કાંચનપુરની ક્ષિતિ અથવા માટીની મૂર્ત્તિ, જંબુકેશ્વરની પાણીની મૂર્ત્તિ, અરૂણાચલની તેજની મૂર્ત્તિ, કાલહસ્તિની વાયુની મૂર્તિ અને ચિદાંબરમની આકાશની મૂર્તિ એ પ્રમાણે દક્ષિણ હિંદુસ્થાનમાં મહાદેવની પાંચ ભૌતિક મુર્તિઓ આવેલી છે. (**ડા૦ ઓપર્ટના ભારતવર્ષ યાને હિંદુસ્થાનના મૂળ વતનિયો નામના ગ્રન્થને પાને ૩૭૯–૩૮૦**) શિવનાં ૮ સ્વરૂપો છે તેમાં પાંચ ભૌત્તિક છે. (**લિંગપુરાણ, ઉત્તરખંડ અધ્યાય ૧૨**).

**चीन**. ચીન દેશ તે. મહાભારતમાં એનો ઉલ્લેખ છે (**સભાપર્વ. અ૦ ૫૧**). મનુસ્મૃતિના દશમા અધ્યાયના ૪૪ મા શ્લોકમાં પણ એનો ઉલ્લેખ છે. મધ્યકાલમાં એને મહાચીન કહેતા હતા. ચીનની મોટી દિવાલ ઈસ્વીસન પૂર્વે ૨૧૪ માં ચે–વાંગ–ટે નામની વ્યક્તિએ બંધાવી હતી. કાશ્યપ માતંગ અને ધર્મરક્ષક નામના બુદ્ધ ધર્માનુયાયી હિંદુઓ મિંગટે નામના શહેનશાહના વખતમાં ઇસ્વી સન ૬૭ માં ચીન ગયા હતા. ઇસ્વીસનના ચોથા સૈકામાં ચીનમાં બૌદ્ધ ધર્મનો પ્રસાર થયો હતો. શહેનશાહ હિયાનહુના વખતમાં ઇસ્વીસન ૩૮૧ માં નાનકીનમાં પહેલું બુદ્ધિસ્થ દેવળ બંધાયું હતું. (**એડકિનનું; ચાઈનીઝ–બુદ્ધિજમ. પ્રકરણ ૬**)

**चीन** (૨). આનામ તે (**સાહિત્ય પરિષદ પત્રિકા, ૧૩૨૧ બી૦ એસ૦ પા૦ ૬૩**)

**चेटा**. ચેટીય યાને ચેતીય–ગિરિ તે. (**વેશનતર –જાતક–" જાતકો પુ૦ ૬ પા૦ ૨૬૬ સ્પેન્સહાર્ડિનું મહાભારત પા૦ ૧૧૯ સરખાવો**)

**चेटी**. ચેડી તે, એનું મુખ્ય શહેર સૌત્થીવતી હતું (**જાતક પુ૦ ૩ પા૦ ૨૭૨**) સુક્તમતી શબ્દ જુઓ.

**चेदी**. ચેટી તે જ.

**चेतीयगिरी**. ભોપાળના રાજ્યમાં ભિલસાથી ઉત્તરે ત્રણ માઇલ ઉપર આવેલું બેસનગર તે. આ સ્થળે અશોકનું દેવી સાથે લગ્ન થયું હતું. આ લગ્નથી એને ઉજ્જેનીય અને મહીન્દ નામના જોળવાના બે પુત્ર થયા હતા. ત્યાર બાદ સંઘમિત્તા નામની છોકરી થઇ હતી. દખ્ખિનગિરી નામના પ્રદેશની બેસનગર રાજધાની હતું. (**ટર્નરનું મહાવંશ પ્રકરણ ૧૩**) દખ્ખિનગિરી વખતે દશાપૂર્ણનું વિકૃત રૂપ હોય. ડા. રિસ ડેવિડ્સ એને સાંચી અને વિદિશા તરીકે ઓળખાવે છે, પણ આ બે સ્થળ બેસનગરની બહુ જ પાસે આવેલાં, પરન્તુ જૂદાં છે. જર્નલ–મેસીના મત પ્રમાણે ચૈત્યગિરી તે સાંચી અને એમાં આવેલાં ઘણાં ચૈત્યો અને સ્તૂપો છે. આ સ્થળ ભિલસાથી નૈઋત્યમાં પાંચ–મૈલ દૂર આવેલું છે. (**"મૈસીન સાંચી અને એના અવશેષો" પા૦ ૩–૫**) એને ચૈત્યગિરિ, ચૈત્યનગર અગર ચૈત્ય કહેતા. બેટવા, બેસ (**યાને વેસાલી**) અને ગંગા એ ત્રણ નદીઓના સંગમ–ત્રિવેણી–અગાડી આવેલાં છે. ત્રણમાંની એક ગંગા નદી અહિં જમીનની નીચે ગુપ્ત રીતે વહે છે. (**કન્નિગહામનું ભિલસાના સ્તુપો. પા૦ ૩૬૪**) વેસનગર શબ્દ જુઓ.

**चेरा**. વર્તમાન સમયના મૈસૂર, કોઇમબટોર, સાલેમ, દક્ષિણ મલબાર, ત્રાવણકોર અને કોચીન મળીને થયેલો પ્રદેશ. ચેરા એ કૈરલનું વિકૃત રૂપ છે. ઇસ્વીસનની ત્રીજીથી સાતમી સદીના સમયમાં આ રાજ્યનો ઇતિહાસ ઘણો ઉજ્વલ હતો. અશોકના શિલાલેખોએ ચેરાને કેરલપુત્ર કહ્યું છે. એની પ્રાચીન રાજધાની કોયંબર જીલ્લામાં ગઝૂઝલહટી ઘાટની પશ્ચિમે થોડે છેટે આવેલું સ્કંદપુર હતું. ઇસ્વીસનની બીજી શતાબ્દીમાં થઇ ગએલા ટોલેમીના મતાનુસાર કરૌરા કિંવા કરૂર એની

Aho ! Shrutgyanam

રાજધાની હતી. કાવેરી નદીની શાખા અમરાવતીના ડાબા કિનારા ઉપર કાંગનૌરની પાસે આ સ્થળ આવેલું છે. એને વંજી પણ કહેતા. એની મોટી રાજધાની તાલકાદ હતું. (ડા૦ બર્નેલનું દક્ષિણ હિંદુસ્થાનની જૂની ભૂગોલ પા૦ ૩૩). મૈસુરથી નૈઋત્યમાં અઠાવીસ મૈલ અને શ્રીરંગપટ્ટમની પૂર્વમાં ૩૦ મૈલ ઉપર તાલકાદ અગર હેલાવનપૂર કાવેરી નદીના ડાબા કિનારા પર આવેલું છે. એના ખંડેરોને હાલ પણ તાલકાદ કહે છે. ત્રીજીથી નવમી સદી સુધીમાં ગંગાવંશના રાજાઓની એ રાજધાની હતું અને ત્યારપછી ચોલા નરેશોની રાજધાની હતું. હોયસળબલ્લાલસે તાલકાદથી ફેરવીને દ્વારાવતી યાને દોરસમુદ્રમાં રાજધાની આણી હતી. હાલ એને હેલેબીડ કહે છે. એ મૈસુરના હસન જીલ્લામાં આવેલું છે. આ ફેરફાર ઇસ્વીસનના દસમા સૈકામાં થયો હતો. મૈસુરના રાજાએ ૧૬૩૪ માં આ સ્થળ જીત્યું હતું. ચેરા રાજાના વર્ણનને માટે ઈંડિયન-ઍંટિકવેરી પુ૦ ૧, પા૦ ૩૬૦; જ૦ રો૦ એ૦ સો. ૧૮૪૬, પા૦ ૧ થી ૨૯ જુઓ.

**चेलगंगा.** કાવેરી નદી તે. (હરિવંશ અ૦ ૧૩૬)

**चैत्यगिरी.** ચેતીયગિરી તે જ.

**चोयेसपेस.** જલાલાબાદથી નીચાણમાં થોડે છેટે આવેલી કોપેન હાલની કાબુલ નદીને મળનારી ઉનર કિંવા કામા નદી તે. કોફણે તે હાલની કાબુલી નદી પરંતુ પ્રોફેસર લેસનને મતે એલ્ફિન્સટનના નકશામાં આપેલી શીશ નદી જે કાબૂલ નદીને મળે છે તે જ ચુવાસપેસ અગર યૂઆસપ્લા. (જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૯, ૧૮૪૦, પા૦ ૪૭૨)

**चोयेस.** લાસિનના મત પ્રમાણે એરિયને કહેલી ચોયેસ તે જ. કાબુલ નદીને મળનારી કામા નદી એજ આ. (જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૪૦, પા૦ ૪૭૨)

**चोरा.** ચોલા તે જ. અશોકના ગિરનારના લેખમાં ચોલાને ચોડા કહ્યું છે. (જ૦ એ૦ સો૦ બં૦ ૧૮૩૯, પા૦ ૧૭૯)

**चोल.** ઉત્તરે પેન્નાર અથવા દક્ષિણ પીનાકીની નદી અને પશ્ચિમે તંજોરના પ્રદેશ સહિત કુર્ગની વચ્ચે આવેલો નેલોરથી પુદુકોટ્ટાઇ સુધીનો કોરોમંડળ કિનારો તે. ઇસ્વીસનના બીજા સૈકામાં કાવેરી નદી ઉપર આવેલું ત્રીચીનોપાલીની પાસે યુરાઇઉર એની રાજધાની હતું. ટોલેમીએ એને કોરથૌરા યાને સોરણાગસ નામનું રાજનગર કહ્યું છે અને ૧૧ મા સૈકામાં એને કાંચીપુર, કાંબાકોલમ અને તાંજોર કહ્યું છે (એપિગ્રાફિકા ઇંડિકા પુ૦ ૩ પા૦ ૨૮૩). ચોલને દ્રાવિડ પણ કહેતા (પદ્મપુરાણ આદિખંડ અ૦ ૬) કાંચીપુરના રાજા ચોલના નામ ઉપરથી આ દેશનું નામ પડયું હોય એમ કહેવાય છે. (પદ્મ૦, ઉ૦ ખં૦ અ૦ ૪૭) પાંડયના રાજાને લગ્ન વખતે પહેરામણીમાં મળવાથી આ રાજ પાંડયના રાજ્યમાં ભળી ગયું છે અને ૫૭૦ વર્ષ સુધી પાંડય-રાજ્યમાં ગણાતું (વિલ્સનના મેકંજીના લખાણનો સંગ્રહ; ઉપોદ્‌ઘાત, પા૦ ૫૧)

**चौषष्टजोगिनी.** ભૃગુતીર્થ તે જ.

**च्यवनाश्रम.** બંગાળામાં, શાહબાદ જીલ્લામાં આવેલું ચૌર તે. અહિં ચ્યવન ઋષિનો આશ્રમ હતો. સ્કં૦ પુ૦ અવન્તિખંડ, અ૦ ૫૭)

**च्यवनाश्रम** (૨) પયોષ્ણિ યાને હાલની પૂર્ણા નદીની પાસે. સાતપુડા પર્વતની પાસે ચ્યવનઋષિનો આશ્રમ હતો તે. (પદ્મપુ૦ પાતાલખંડ અ૦ ૮)

**च्यवनाश्रम** (३) જયપુરના રાજમાં નારનૌલની દક્ષિણે ૬ મૈલ ઉપર દોસા તે. આ જગ્યાએ અનૂપદેશની રાજકુમારીએ ઋષિની આંખો ફોડી નાખી હતી એમ કહેવાય છે. એ રાજકુમારીને પાછળથી ચ્યવનઋષિ પરણ્યા હતા.

Aho ! Shrutgyanam

**च्यवनाश्रम (४).** રાયબરેલી જીલ્લામાં ગંગા નદીના તટે ચિલનલા નામનું સ્થળ તે. અશ્વિનીકુમારોએ ઋષિને યાવન અર્પ્યા પછી ચ્યવન ઋષિ આ સ્થળે રહેતા હતા.

**छत्रावती.** અહિછત્ર શબ્દ જુઓ.

**छुतुद्रि.** પંજાબમાં આવેલી ચુકકી નદી તે. આ નદી વ્યાસ નદીને મળે છે. શતદ્રુ યાને સતલજ એ આ નદી નહીં.

**जजातीपुर.** જાજપુર તે. (**યજ્ઞપુર અને યયાતિપુર શબ્દ જુઓ.**)

**जजाहुती.** જેજભુકિત તે. અગીઆરમા સૈકામાં જ્યારે અલબરૂની હિંદુસ્થાનમાં આવ્યો ત્યારે કજરા આની રાજધાની હતી. ( **અલબરૂનીનું ઇંડિઆ પુ૦ ૧, પા૦ ૨૦૨** )

**जटापर्वत.** દંડકારણ્યમાં આવેલો જટાફટકા–પર્વત તે. આ પર્વતમાં ગોદાવરી નદીનાં મૂળ છે. ગોદાવરી શબ્દ જુઓ. ( **દેવી-પુરાણ અ૦ ૪૩** ).

**जटोदूभवा.** બ્રહ્મપુત્રને મળનારી જટોલ નામની નદી તે. આ નદી કૂચબિહાર અને જલ્પૈગુરિ જીલ્લાઓમાં થઈને વહે છે. ( **કાળિકા પુ૦ અ૦ ૭૭**)

**जनस्थान.** ગોદાવરી અને કૃષ્ણાની વચ્ચે આવેલો પ્રદેશ અને ઔરંગાબાદ તે રામાયણમાં એ પ્રદેશને દંડકારણ્યનો ભાગ કહ્યો છે. (**રામાયણ૦ અરણ્યકાંડ૦ સર્ગ ૪૯** ) પંચવટી યાને નાસિક એ જનસ્થાનમાં આવી ગયાં હતાં ( **રામાયણ, ઉત્તરકાંડ સર્ગ ૮૧** ). પારગિટરના અભિપ્રાય પ્રમાણે ગોદાવરીના બન્ને કાંઠાનો મુલક. ઘણું કરીને ગોદાવરી અને પ્રાણહિતા યાને વેણગંગા મળે છે તેની આજુબાજુનો મુલક **જ૦ રૅ૦ એ૦ સો૦ ૧૮૯૪ પા૦ ૨૪૭**)

**जप्येश्वर.** લિંગપુરાણમાં ( **ભાગ ૧. અધ્યાય ૪૩** ) કહેલા જપ્યેશ્વર અને શિવપુરાણ (**ભાગ ૪. અ૦ ૪૩**) માં કહેલા જપ્યેશ્વર તે કાલિકાપુરાણ (**અધ્યાય ૭૭**)માં કહેલા જલપીશા તે જ. આ જગ્યાએ શિવના મુખ્ય હજૂરીયા નંદીએ તપ કર્યું હતું. **કલિકા–પુરાણના ૭૭ મા અધ્યાયમાં** આ સ્થળ આસામમાં આવેલા કામરૂપની વાયવ્યમાં પંચનદ નામની પાંચ નદીઓની પાસે આવેલું છે. લિંગપુરાણ, ભાગ ૧. અધ્યાય ૪૩ માં પણ એમ જ કહ્યું છે. પણ કૂર્મ-પુરાણમાં ઉત્તરખંડના ૪૩ મા અધ્યાયમાં એને સાગર યાને સમુદ્રની પાસે આવેલું કહ્યું છે. પરન્તુ સાદારણ્ય અને નંદગિરી શબ્દ જુઓ. વરાહપુરાણના ૨૧૪ મા અધ્યાયમાં જપેશ્વર શ્લેષમાતક યાને ગોકર્ણની પાસે આવ્યાનું કહ્યું છે.

**जमदग्न्याश्रम.** ગાઝીપુર જીલ્લામાં આવેલા ઝમાનીયામાં જમદગ્નિ ઋષિનો આશ્રમ હતો. ઝમાનીયા નામ જમદગ્નિય ઉપરથી વિકૃત થયેલું છે.

**जमदग्न्याश्रम.** (૨) ધાઝીપુર જીલ્લામાં ભાગલપુરની સ્હામે ખૈરાદેહ અગાડી પણ આ ઋષિનો આશ્રમ હતો.

**जमदग्न्याश्रम.** (૩) બંગાળામાં બોગરાની ઉત્તરે સાત મૈલ ઉપર મહાસ્થાનઘર આગળ પણ આ ઋષિનો આશ્રમ હતો. ( **કથાસરિત--સાગર ભાગ ૨, પા૦ ૧, સ્કંદપુરાણ, બ્રહ્મખંડ. અધ્યાય ૫, શ્લોક ૧૪૭,૧૫૦)** આ આશ્રમને પરશુરામઆશ્રમ પણ કહે છે.

**जमनोत्री.** યમુનોત્રી શબ્દ જુઓ. હિમાલયમાં વાનરપુચ્છ નામની પર્વતમાળામાં આવેલું એક પવિત્ર સ્થળ, જ્યાંથી જમુના નદી નિકળે છે એમ મનાય છે. ત્રણ નદીઓના સંગમ આગળ એ આવેલું છે. ઘણું કરીને એ સ્થળથી સહેજ નીચલે વાંસે બર્ફમાંથી પિગળીને કેટલાંક ન્હાનાં વહેળિયાં એકત્રિત થઇ પર્વત ઉપરથી મેદાનમાં પડે છે તે સ્થળ. કુરસાલીથી જમનોત્રી આઠ મૈલ દૂર છે. બનાસ અગાડી એક વ્હેણના પાત્રમાંથી નિકળીને જમુના નદીમાં પડતો ઉન્હા

Aho ! Shrutgyanam

પાણીનો ઝરો અહિંથી થોડેક છેટે આવેલો છે. હિંદુઓ આ સ્થળને ઘણું જ પવિત્ર માને છે. (**માર્ટિનનું ઈંડિયન એંપાયર૦ ઈલસ્ટ્રેટેડ પુ૦ ૩ પા૦ ૧૧-૨૦; ફ્રેજરની હિમાલય પર્વતોની મુસાફરી અ૦ ૨૬**)

**जयन्ति.** આસામમાં આવેલું જીન્તિયા તે જ. (**તંત્રચૂડામણી**).

**जयन्ति.** (૨) વૈજયન્તિ તે જ. (**જે૦ રો૦ એ૦ સ. ૧૯૧૧, પા૦ ૮૧૦**) વનવાસી શબ્દ જુઓ.

**जलपीशा.** જપેશ્વર શબ્દ જુઓ. બંગાળામાં જલ્પૈગુરી જીલ્લામાં તિસ્તા નદીની પશ્ચિમે આ સ્થળ આવેલું છે. (**કાળિકા પુ૦ અ૦ ૭૭**) જલ્પૈગુરી શબ્દ આ તીર્થના નામ ઉપરથી ઉદ્ભવ્યો છે.

**जशनौल.** અયોધ્યામાં આવેલું બારાબાંકી તે જ. ભારજાતના જશ નામના રાજાએ અગિયારમા સૈકામાં આ સ્થળ વસાવ્યું હતું (**ફ્યુહરર એમ. એ. આઇ.**)

**जन्हुआश्रम.** સુલતાનગંજ (**ઈ. આઈ. રેલ્વે**) અગાડી ભાગલપુરની પશ્ચિમે જન્હુમુનિનો આશ્રમ આવેલો છે. જન્હુમુનિના આશ્રમની જગ્યાએ આવેલું ગેબીનાથ મહાદેવનું દેવળ ગંગાનદીના પાત્રમાં સુલ્તાનગંજની સ્હામે એક ખડક ઉપર આવેલું છે. અવતરણ કાળે ગંગા નદી સમુદ્ર તરફ વ્હેતી હતી તે વખત પોતાના ધ્યાનમાં ભંગ થવાને લીધે જન્હુમુનિ જોરથી આવતા પાણીના વ્હેણનું આચમન કરી ગયા અને પછી ભગીરથ રાજાની પ્રાર્થના ઉપરથી પોતાની જાંઘમાં કાપ મુકી તે રસ્તે ગંગાને બ્હાર કાઢી હતી તેથી ગંગા જાન્હવી એટલે જન્હુઋષિની પુત્રી કહેવાય છે. માર્ટિને એને જંદેરા પણ કહી છે. (**ઇંડિયન-એંપાયર૦ પુ૦ ૩ પા૦૩૭ અને ઈસ્ટર્ન ઈંડિયા પુ૦ ૨ પા ૩૭**) એમણે ઝુહાગેરા પણ કહી છે. જન્હુગિરિનું ટૂંકું રૂપ ઝંગીરા છે એમ ડા. આર૦ એલ મિત્ર એ૦ એ૦ સો૦ બં૦ના પુ૦ ૩૩માં પાને ૩૬૦ માં કહે છે. જનરલ કનિંગ્હામના મતાનુસાર આ નામ જન્હુગૃહ ઉપરથી પડયું છે. (**આરકેયોલોજીકલ સર્વે૦ રિપોર્ટ પુ૦ ૧૫ પા૦ ૨૧**) ગૈબિનાથ મહાદેવના પંડયાઓ, પુજારીઓ દેવળથી થોડે છેટે આવેલા જહાંગીર નામના ગામમાં રહે છે. ધરવાલમાં ગંગોત્રીથી નીચલે વાસે ભાગીરથી અને જાન્હવીના સંગમ અગાડી ભૈરવઘાટીની પાસે ઋષિએ ગંગાનું પાન કર્યું હતું એમ કહેવાય છે. (**ટ્રેજરના હિમાલય પર્વતો પા૦ ૪૭૪**) જન્હુ ઋષિના આશ્રમ તરીકે બીજાં સ્થળ પણ બતાવાય છે. (**જ૦ એ૦ સો૦ બં૦ પુ૦ ૧૦. ૧૯૧૪ પા૦ ૩૪૦ ઉપર ગંગા શબ્દ ઉપર નંદલાલ દેની ટીપણી વાંચો**) સુલ્તાનગંજ અગાડી આવેલા બૌદ્ધ લોકોના મઠમાં પાંચમી સદીમાં બનાવેલી બુદ્ધની તાંબાની મ્હોટી પ્રતિમા છે.

**जबालीपुर.** જબલપુર તે. (**ભગવાનલાલ ઈંદ્રજીનો ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ૦ પા૦ ૨૦૩; ટોનીનું પ્રબંધચિંતામણીનું ભાષાન્તર પા૦ ૧૬૧**)

**जालंधर.** પંજાબમાં સતલજના પશ્ચિમ કિનારે આવેલું જાલંધર નામનું શહેર તે. ત્રિગર્ત્ત તે જ. (**હૈમકોષ**) ગંગાને સમુદ્રથી ઉત્પન્ન થયેલા અસુર પુત્ર જાલંધરે વસાવેલું હોવાથી આ નામ પડયું છે (**પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ૦ ૫૧**) જાલંધરપીઠ અગર જાલંધરદ્વાબ નામના જીલ્લાનું એ મુખ્ય શહેર હોઈ, બિયાસ અને સતલજ નદીની વચ્ચે આવેલું છે, ટોલેમીએ કૂલિન્દીન કહ્યું છે તે જ, કુલિંદ દેશ શબ્દ જુઓ.

**जह्नवी.** ગંગા તે જ. (**હરિવંશ ભાગ ૧, અ૦ ૨૭**) જન્હુઆશ્રમ શબ્દ જુઓ.

**जीर्णनगर.** પૂના જીલ્લામાં આવેલું જુન્નર તે. ડા૦ ભાંડારકરના મત પ્રમાણે રાજા નહપાન

Aho ! Shrutgyanam

ક્ષત્રપની એ રાજધાની હતી ( **હિસ્ટ્રી ઑફ દકખન૦ પ્રકરણ ૮** ) પૈંઠણના રાજા કુલમાઇએ આ વંશનો અંત આણ્યો હતો.

**जुष्कपुरा.** કાશ્મીરમાં આવેલું જુકુર તે.

**जेजभुक्ति.** ચંદ્રાત્રેય અગર ચંડેલોના રાજસ્થાન બુંદેલખંડનું જૂનું નામ. ખર્જુરા અને મોહબા એની રાજધાનીઓ હતી. ( **એપિ૦ ઇંડિ., પુ૦ ૧ પા૦ ૨૧૮** ) યશોવર્માએ ચંડેલ જીત્યા પછી એની રાજધાની કાલિંજરમાં હતી. આ નામ ઉપરથી જજાહુતિ ( **અલબરૂનીનું, હિંદુસ્થાન પુ૦ ૧, પા૦ ૨૦૨** ) અને જજહોતી ( **કનિંગ્હામની એન્શ્યન્ટ જૉગરાફી પા૦ ૪૮૧** ) એ નામો **જેજભુક્તિ**માં વિકૃત થયેલાં રૂપો છે.

**जेजनविहार.** શ્રાવસ્તિથી દક્ષિણે એક મૈલ ઉપર આવેલી 'જોગિનીભરિયા, નામની ટેકરી તે. બુદ્ધે કેટલોક કાળ અહિયા રહીને પ્રવચનો કર્યાં હતાં. શ્રાવસ્તીના ધનાઢ્ય વેપારી સુદત્તે એક બગીચામાં વિહાર બંધાવ્યો હતો. આ સુદત્ત એના દાનશીલપણાને લઇને અનાથપિંડક કહેવાતો હતો. આ વિહાર સુદત્તે બુદ્ધ અને એમના શિષ્યોને રહેવા સારૂ આપ્યો હતો. બુદ્ધને આ વિહાર ઘણો ગમતો હતો. ( **ચુલાવગ્ગા ભાગ ૬ પ્રકરણ ૪-૯** ) રાજા પ્રસેનજીતના પુત્ર જેતનો આ બગીચો હતો. એણે અનાથપિંડકને આ જમીન ઉપર પથરાઇ રહે તેટલા સોનાના સિક્કા લઇને વેચાતો આપ્યો હતો. ( **અઢાર કરોડ સિક્કા થયા હતા** ). એ બગીચામાં ગંધકુટી અને કોસંબકુટી નામનાં બે દેવાલયો હતાં, બુદ્ધની આજ્ઞાથી આનંદે એક અમરાઇ રોપાવી હતી, આ અમરાઈ ઘણી પવિત્ર ગણાતી હતી. ( **કનિંગ્હામનું ભારહુટના સ્તૂપ પા. ૮૬**) શ્રાવસ્તી શબ્દ જુઓ.

**जेतुत्तर.** ચિતૌડથી ઉત્તરે અગ્યાર મૈલ પર આવેલું નાગરિ તે. મેવાડ યાને સિવિની એ રાજધાની હતું ( જાતક ૬, પા૦ ૨૪૭; **આરકિયોલોજીકલ-સર્વે રિપોર્ટ ૬, પા૦ ૧૯૬** ). અલબરૂનીએ કહેલી મેવાડની રાજધાની જત્તારૌર એ આ જ હશે એ પ્રત્યક્ષ છે. ( **અલબરૂનીનું ઇંડિઆ પુ૦ ૧, પા૦ ૨૦૨** ) સીવી શબ્દ જુઓ.

**जौगर.** ગંજામથી વાયવ્યમાં અઢાર મૈલ દૂર આવેલો જૌગરનો કિલ્લો તે. એ કિલ્લા ઉપર એક ખડક ઉપર અશોકનો શિલાલેખ કોતરેલો છે ( **આર્કિ૦ સર્વે રિપોર્ટ પુ૦ ૧૩; કોરપસ ઇન્સ્ક્રીપશનમ્ ઇંડિકેરમ પુ૦ ૧** ). જે ખડક ઉપર અશોકનો આ ઇસ્વીસન પૂર્વે ૨૫૦ વર્ષનો લેખ આવેલો છે તે મદ્રાસ ઇલાકામાં ગંજામ જીલ્લામાં પુરૂષોત્તમપુરથી પશ્ચિમે ચાર મૈલ ઉપર ઋષિકુલ્લ્યા નદીના ઉત્તર તટે આવેલો છે. ( **ઇંડિ૦ એંટિ૦, પુ૦ ૧ પા૦ ૨૧૯**)

**जम्बुकेश्वर.** ત્રિચિનાપોલી અને શ્રીરંગમની વચ્ચે આવેલું તિરૂવનઈકાવલ તે ( **દેવીપુરાણ. પ્રકરણ ૧૦૨** ) શ્રીરંગમ્ શબ્દ જુઓ.

**जम्बुमार्ग.** કલિંજર તે. ( **પ્રોફેસર એચ. વિલ્સનના વિષ્ણુપુરાણ, ખંડ ૨ અધ્યાય ૧૩ ની ટિપ્પણી** ) પરન્તુ આ ઓળખ ખરી હોય એમ લાગતું નથી. ( **મહા૦ ભાર૦; વનપર્વ; અધ્યાય ૮૭-૮૯** ) અગ્નિપુરાણ ( અધ્યાય ૧૦૯ ) જંબુમાર્ગ પુષ્કર અને આબુ પર્વતની મધ્યે આવેલો છે આમ કહેવાય છે અને એ જ પ્રકરણમાં કાલિંજરનું નામ જુદા યાત્રાસ્થળ તરીકે ગણાયું છે. જંબુ આબૂ પર્વતમાં જ આવ્યું એમ સ્કંદપુરાણ, અર્બુદખંડ, અધ્યાય ૬૦ માં કહ્યું છે.

**जम्बुद्वीप.** હિંદુસ્થાન તે. પુરાતન કાળમાં ચીના લોકો હિંદુસ્થાનનું નામ શિનતુપ અગર સિંધુ એવું જાણતા ( **લૈગનું ફાહિયાન પા૦ ૨૬** ) સિંધુ અને ભારતવર્ષ શબ્દ જુઓ.

Aho ! Shrutgyanam

**ज्यौतिरथा.** સોન નદીને મળનારી નદી વિશેષ ( **મહાભા૦ વનપર્વ. અ૦ ૮૫** ) સોન નદીના મૂળના બે ફાંટામાંથી દક્ષિણ તરફનો જ્યોહિલા નામનો ફાંટો વિશેષ તે જ આ એવું મંતવ્ય છે. ( **પારગીટરનું માર્કણ્ડેયપુરાણ પા૦ ૨૯૬** )

**ज्यौतिर्मठ.** શ્રીમદ્ શંકરાચાર્યે સ્થાપીત કરેલા ચાર મઠોમાંનો બદરીનાથ અગાડીનો મઠ તે. (**શૃંગગિરિ શબ્દ જુઓ** ) કયૂમાયુનમાં અલકનંદાને કાંઠે આવેલા આ મઠને હાલ જોષીમઠ કહે છે.

**ज्यौतिर्लिंग.** મહાદેવના ૧૨ પવિત્ર જ્યૌતિર્લિંગો મનાય છે તે અમરેશ્વર શબ્દ જુઓ.

**ज्यौतिषा.** જ્યૌતિરથા તે,(**વિષ્ણુસંહિતા અ૦૮૫**)

**ज्वालामुखी.** કાંગડાના પેટા જીલ્લા દેહરામાં જાલંધરદાબમાં આવેલા કોહિસ્થાનમાં આવેલા નડાઉનથી વાયવ્ય દિશામાં દસ–મૈલ અને કાંગડાની દક્ષિણે ૨૨ મૈલ ઉપર આવેલું સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ વિશેષ. ( **દેવીભાગવત અ૦ ૭–૩૮** ). અહિં અગાડી સતીની જીભ કપાઇ ગએલી હોવાથી એ એક શકિત પીઠ ગણાય છે. (**તંત્રચૂડામણિ ડબલ્યૂ૦ એચ૦ પેરિસે જ૦ એ૦ સો૦ બં, પુ૦ ૧૮ માં**) એ શહેરનું આ પ્રમાણે વર્ણન કરાએલું છે. જ્વાળામુખીનું શહેર મોટું અને આબાદ હતું. આ મોટું અને આબાદ થતું શહેર જ્વાળામુખી યાને સુંગરકાધારના પશ્ચિમ તરફના ઢાળની તળેટીમાં બંધાયેલું છે. જંગલથી ભરપુર ચુંગરનો ભાગ એની પછવાડી આવેલો છે. અને એની અગાડી આવેલી ખીણ દૂરથી જોતાં બહુ રમણીય લાગે છે. " પ્રસિદ્ધ દેવળ આગ્નેય રોકમાંથી કોતરી કાઢેલું છે. આ દેવળમાં સ્થાપત્યની કશી સુંદરતા નથી અને નૈસર્ગિક બહાર નિકળતી વાયુની શગો સિવાય બીજું કશું જોવાલાયક નથી. એમાં આવી દસ શગો નીકળે છે. પાંચ શગો દેવળમાં આવેલી છે અને પાંચ શગો દેવળની ભીંતમાં આવેલી છે. દેવળમાં અંબિકા યાને માતેશ્વરીની મૂર્તિ છે. પણ જનરલ કનિંગ્હામના કથનાનુસાર દેવળમાં સળગતી જ્યૌતિઓ સિવાય બીજી કોઇ પણ મૂર્તિ નથી. ફાટોમાંથી નિકળતી અને સળગતી શગો આ દેવીનું જ્વાળામય મુખ ગણાય છે. દેવીના માથા વગરના ધડની મુર્તિ ભવનના દેવળમાં આવેલી છે, ( **આર્કિ૦ સર્વે૦ રિપોર્ટ૦ પુ૦ ૫, પા૦ ૧૭૧**) આ જ્વાલાઓ જાલંધર દૈત્યના મુખમાંથી નિકળે છે એવી જૂની આખ્યાયિકા છે. મહાભારતમાં જેને બદૂવા કહ્યું છે તે જ આ હોય (**મહા૦ ભા૦ ૧૧૦ અ૦ ૮૨**). જ્વાળામુખી પર્વત ત્રણ હજાર બસો અને ચોરાસી ફીટ ઊંચો છે. જેના ઉપર ૧૮૮૨ ફીટની ઊંચાઇએ જ્વાળામુખીનું દેવળ આવેલું છે.

**झाडखंड.** ચૂતિયા અગર છોટા નાગપુર તે. મુસલમાન ઇતિહાસકારોએ એને કોકરા કહ્યું છે. છોટા નાગપુરના રાજા માધુસિંહ ઉપર વિજય મેળવીને અકબરે ૧૮૮૫ માં આ રાજ્ય મુગલસામ્રાજ્યમાં ભેળવી દીધું હતું. ડા૦ ભૂશાનના મંત્તવ્ય પ્રમાણે વીરભૂમ અને બનારસ વચ્ચે આવેલા બધા ડુંગરાળ પ્રદેશને ઝાડખંડ કહેતા (**માર્ટિનનું ઇસ્ટર્ન ઇંડિઆ પુ૦ ૧, પા૦ ૩૨** ) વીરભૂમને પૂર્વે વીરદેશ કહેતા અને નગર એની રાજધાની હતું. સંતાલ પરગણું ઝારખંડમાં ગણાતું. (**મહાલિંગેશ્વર તંત્ર**) હાલ ચૂતિયા રાચીની પૂર્વે બે મૈલ ઉપર આવેલું એક ક્ષુદ્ર ગામડું છે. છોટા નાગપુરના નાગવંશી રાજાઓની મુળ રાજધાની અહિંયાં હતી એવી આખ્યાયિકા છે. આ રાજાઓ પુંડરિક નાગના વંશજો કહેવાય છે. ( **બ્રેડલેબર્કનું છોટા નાગપુર પ્રકરણ ૧, અને ૩.**)

Aho ! Shrutgyanam

આવૃત્તિ : પહેલી (સચિત્ર) પ્રત ૨૫૦
સંવત : ૧૯૯૨ સન ૧૯૩૬

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં મગનલાલ બકોરભાઈ પટેલે
છાપ્યો. ઠે. પાનકોરનાકા—અમદાવાદ.



Aho ! Shrutgyanam